# ઉડતી નજરે....

## ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......<br>કે જેમાંથી | ૮,૩૨૯ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ...... ૩૮૦ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ...... ૪૩ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ...... ૨૯ | |
| | (ગ) | સોનોગ્રાફી ...... ૫૯૪ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ...... ૧૪ | |
| | (ચ) | બોડી ચેક-અપ ...... ૨૫૫ | |
| | (છ) | અન્ય ...... ૭,૦૧૪ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૨,૩૬૫ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૯૫૪ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૬૩૫ |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૨,૯૭૭ |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૬,૬૩૮ |
| ૭. | | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... | ૧,૨૪૬ |
| | | ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...... | ૨૩,૧૪૪ |



## 'મંગલ મંદિર' નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


*નિષ્ફળતાથી હારી જનારો કદી સફળ થતો નથી.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૧૩-૨-૨૦૧૧<br>સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | મોતિયા નિદાન કેમ્પ. |
| ● | શનિવાર, તા. ૧૯-૨-૨૦૧૧<br>બપોરે ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત (૧) શ્રી રામજી વેલજી સાવલા મિષ્ટાન્ન વાનગી સ્પર્ધા, (૨) શ્રીમતી વિમળાબહેન શિરીષભાઈ કોરડિયા મેંદી સ્પર્ધા. |
| ● | મંગળવાર, તા. ૮-૩-૨૦૧૧<br>બપોરે ૪.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિનો કાર્યક્રમ. |
| ● | ગુરુવાર - શુક્રવાર<br>તા. ૧૭/૧૮-૩-૧૧ | પાલિતાણા યાત્રા પ્રવાસ. | સંકલ્પ આયોજિત પાલિતાણા છ ગાઉ યાત્રા.<br>(સવારના ૬.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ઉપડશે.) |
| ● | રવિવાર, તા. ૨૦-૩-૨૦૧૧<br>સવારના ૧૦ થી બપોરના ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સંકલ્પ આયોજિત ધૂળેટી કાર્યક્રમ. |
| ● | રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧<br>સવારના ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>(૧) શ્રી હરખચંદ સાવલા નિબંધ સ્પર્ધા. (૨) શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ સ્પર્ધા. |

## 'મંગલ મંદિર'ના લવાજમના દરો :

**● ૧વર્ષના : રૂા.૧૫૦/ ● ૩ વર્ષના : રૂા.૪૦૦/- ● ૫ વર્ષના : રૂા. ૬૦૦ ● આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** — શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** — લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** — હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** — અશ્વિન તલકશી શાહ,C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** — જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** — નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** — જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** — શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૩૬
- **ઘાટકોપર, મુંબઈ** — રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૩૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** — રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** — ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

*ઉધાર એ મહેમાન છે, જે એક વખત આવી જાય પછી જવાનું નામ નથી લેતો.*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : સ્વર્ણિમ ગુજરાત... મેંદી રંગ લાગ્યો ........ અશોક મહેતા ........ ૯

*લેખ વિભાગ :*

### કચ્છ

- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત (પ્રકરણ-૧૭) ઐતિહાસિક મૂલ્ય સંદર્ભે કચ્છનાં જૈન તીર્થો ........ ડૉ. નીતા ઠાકર ...... ૧૩
- પાઈપલાઈન આવી, હવે નહેર પણ આવશે ........ મુકેશ ઝવેરી ...... ૧૬

### વિચાર-મંથન

- સત્યની શોધ અને સ્વીકાર – ૩ ........ મુરજી ગડા ...... ૧૯
- ભારતમાં ભ્રષ્ટાચાર – મૂળભૂત કારણો ........ મગનલાલ સંઘવી ...... ૨૧

### વિચાર-વિમર્શ

- મન એવ મનુષ્યાણામ્ કરણમ્ બંધ મોક્ષયોહોઃ ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૨૩
- કેટલાક પવિત્ર તમાચા ........ દિનેશ પંચાલ ...... ૨૫
- એક જ જરૂરિયાત... કેવળ પ્રેમની ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૨૬

### માહિતી

- સાબરમતી : જેલ નહીં, યુનિવર્સિટી ........ કિશોર ઉપાધ્યાય ...... ૨૭
- સડકછાપ આંત્રપ્રેન્યોરશિપ ........ રાજ ગોસ્વામી ...... ૨૯
- મૂડી રોકાણ અને ફુગાવો ........ રાજેન કાંતિલાલ ગાલા ...... ૩૧
- સિનિયર સિટીઝન માટે રિવર્સ મોર્ગેજ યોજના ........ ભવાનજી શિવજી નાંગલપુરવાલા ...... ૩૨
- ભારતમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રની પ્રગતિ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૩૩
- વસિયતનામા દ્વારા કરવેરા આયોજન ........ મુકેશ પટેલ ...... ૩૫

### વ્યક્તિ વિશેષ

- દીપેશ શ્રોફ (મેનેજિંગ ડિરેક્ટર - એક્સેલ ક્રોપ કેર લિ.) ........ રાજ ભાસ્કર ...... ૩૭
- 'નૈતિક રાજકારણ'ના શીલધર્મ રાજપુરુષ અને કટોકટીકાળના સુકાની ગુજરાતના મુખ્યપ્રધાન : બાબુભાઈ જશભાઈ પટેલ ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૩૯
- જગડુશા - ભામાશા અને મોતીશાની યાદ તાજી કરાવે છે : દીપચંદભાઈ ગાર્ડી ........ ૪૧
- રચનાત્મક ચિત્રની સર્જનયાત્રા : રાધાબહેન ગરવા ........ ઉત્કંઠા ધોળકિયા ...... ૪૩

### જીવન ચરિત્ર

- કચ્છી ઈતિહાસકાર - ન્યાયમૂર્તિ : ઠાકરશી કંસારા ........ સંજય પી. ઠાકર ...... ૪૫
- સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના અનુભવો – ૧ ........ ૪૭
- વિદેશની ધરતી પર દેશ માટે ધબકતા માનવી : વિજય છેડા ........ પ્રિયંકા વિસરીયા ...... ૫૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી

● ભણતરનો તણાવ તથા ઉપાય :
માતાપિતાનો ફાળો ..................... ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૫૩

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન

● 'અવિરત શોધ'ને પગલે પગલે ઈશ્વરનો સાક્ષાત્કાર ..................... ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૫૫
● મા તે મા! ..................... ડૉ. આઈ. કે. વીજળીવાલા ...... ૫૭

## મહિલા વિશ્વ

● રેસીપી – જૈન વાનગી માટે ..................... સુરભિ નીરવ વસા ...... ૫૮

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ..................... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૦

## નિયમિત વિભાગો

● આંજો કાગર ..................... ૬૧
● અન્ય સંસ્થાઓના સમાચાર ..................... ૬૨
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ..................... સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૬૫
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ..................... ૬૬
● 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી ..................... ૬૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો
જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી ..................... ૬૯
● સાર સમાચાર ..................... સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૭૦
● જાણવા જેવું ..................... સંકલન : સૂરજલાલ મહેતા ...... ૭૧
● શબ્દ રમત-૫૭ ..................... સંકલન : સૂરજલાલ મહેતા ...... ૭૩
● સુડોકુ – ૧૦૧૪ ..................... હરખચંદ સાવલા ...... ૭૫
● વલોવતન ..................... સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ...... ૭૭
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ..................... ૭૯
● સમાજ દર્પણ ..................... ૮૫
● સંસ્થા સમાચાર ..................... ૮૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..................... ૯૪

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Print Vision,** Nr. Parimal Garden, Ambawadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સ્વર્ણિમ ગુજરાત.... મંદી રંગ લાગ્યો...

*– અશોક મહેતા*

૨૦૧૦ના વર્ષની વિદાય બાદ ક્ષિતિજ પર નવા વર્ષનો શુભ પ્રારંભ થઇ ચૂક્યો છે. ૨૦૧૦ના વર્ષનું આગમન આનંદદાયક હતું. જ્યારે તેનો અંત વિવિધ પ્રકારના કૌભાંડોની પરંપરાવાળો પસાર થયો છે. આ રીતે ૨૦૧૦નો વર્ષ દેશ માટે ઉતાર-ચડાવામય બની રહ્યું. આવી સ્થિતિમાં પણ દેશ માટે આ વર્ષમાં નાની-મોટી અનેક સિદ્ધિઓ પણ જોવા મળી. સમગ્ર વિશ્વમાં મંદીનો પવન ફૂંકાઇ રહ્યો હતો ત્યારે ભારતે મંદીની અસરને સહેલાઇથી દૂર કરી હતી. બીજી તરફ વૈશ્વિક રાજકારણમાં ભારતના વધતા વલણનો અહેસાસ થયો. અણુ-ઊર્જા કરાર એ વર્ષ-૨૦૧૦ની મહાન સિદ્ધિ છે. ચીન, ફ્રાંસ, અમેરિકા, રશિયા, બ્રિટન અને જર્મની જેવા મહાન દેશના નેતાઓ ભારત આવ્યા. જે આંતરરાષ્ટ્રીય સમાજમાં ભારતની પ્રગતિનું કીર્તિમાન કહી શકાય.

ભારત આજે ઉદ્યોગ ક્ષેત્રે વિકાસ પામી રહ્યું છે. અર્થતંત્રમાં નવી હલચલ જોવા મળે છે. આઇ.ટી. ક્ષેત્રથી માંડીને તબીબી અને એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં ભારતના ઔદ્યોગિક ક્ષેત્રના સાહસવીરો તેમજ યુવા પેઢીની હોંશિયારીની અમેરિકન રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામા જેવાને નોંધ લેવી પડી છે. આના પરિણામે વૈશ્વિક માહોલમાં ભારતે હવે વર્ષ ૨૦૧૧માં વિકાસની પ્રક્રિયા વધુ તેજદાર કરવા ચક્રો ગતિમાન કર્યા છે. વિશ્વમાં આજે સમગ્ર રીતે ભારત-ચીનની બોલબાલા છે. દેશની આવી પાર્શ્વ ભૂમિકામાં ગુજરાત રાજ્યની ઔદ્યોગિક સ્થિતિ તરફ નજર કરીએ.

સ્વર્ણિમ ગુજરાતે વાઇબ્રન્ટ સમિટની હારમાળા દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રના ઇતિહાસમાં નવાં પૃષ્ઠો ઉમેર્યાં છે. તાજેતરમાં પાંચમા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં ૯૦ દેશોના પ્રતિનિધિ મંડળો, ૩ દેશના રાજદ્વારીઓ અને ભારતના ૧૯ રાજ્યોના પ્રતિનિધિઓ, નામાંકિત ઉદ્યોગપતિઓ, રોકાણકારોની ઉપસ્થિતિ આકર્ષણરૂપ હતી. ૨૧મી સદીમાં જ્ઞાન અને ટેકનોલોજીના આદાન-પ્રદાનનું ફલક વિસ્તૃત થાય તે આ સમિટનો ખાસ ઉદ્દેશ હતો. વિકાસની દિશામાં સમગ્ર વિશ્વને ગુજરાત નવો રાહ ચીંધવા પૂરતી ક્ષમતા ધરાવે છે, તે સાબિત કર્યું છે.

આજે કેટલાંક ઉત્પાદનમાં ગુજરાતનો રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર ફાળો છે. આયર્ન, ઇલે. મોટર્સ, સ્ટીલપાઇપ, રોલર બેરિંગ સહિતના ૧૫ જેટલા ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો રાષ્ટ્રીય ઉત્પાદનના દસ ટકા કરતાં વધુ છે. તે ઉપરાંત, આગામી વર્ષોમાં ગુજરાત રાજ્યમાં રૂા. ૨૦.૮૩ લાખ કરોડનું રોકાણ કરવાની પાંચમી વાઇબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત દેશ અને વિદેશની કંપનીઓ અને રોકાણકારોએ કુલ ૭,૯૩૬ કરારો દ્વારા પોતાના યુનિટો સ્થાપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે. આના પરિણામે ગુજરાતમાં આગામી વર્ષોમાં બાવન લાખ જેટલી નવી નોકરીની તક ઊભી થશે, તેવો એક અંદાજ બાંધવામાં આવ્યો છે. આ પરિષદમાં જે જાહેરાત થઇ છે તેમાં મુખ્ય ક્ષેત્રો નીચે પ્રમાણે છે.

ખાણ અને ખનીજ, ઓટો એન્જિનિયરિંગ, પાવર, ગેસ, પેપર, બેન્કિંગ-ફાઇનાન્સિયલ સર્વિસ, અર્બન ડેવલપમેન્ટ, સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ, મિશન મંગલમ્, હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સ, ગ્રામીણ વિસ્તારોમાં મકાન, બંદર અને તેને સંલગ્ન સેવાઓ કૃષિ ઉત્પાદન, અર્બન ઇન્ફ્રા પ્રોજેક્ટ, દરિયાનું પાણી મીઠું કરવા, ઔદ્યોગિક કામદારો માટે આવાસ વગેરે. આ કારણે એક વસ્તુ ફલિત થાય છે કે ગુજરાત હવે વિકાસની સહભાગિતાનો વિશ્વમંચ બનવાની ક્ષમતા ધરાવે છે.

**સમીક્ષા : એક નજર**

૧. હકીકતમાં ગ્રામીણ લોકો માટે સૌથી પ્રથમ જરૂરિયાત સારા શિક્ષણની, બીજા ક્રમે સ્વાસ્થ્ય સુવિધા, ત્રીજી કૃષિ સંબંધી છે. એટલે તે તરફ ધ્યાન આપવું જરૂરી છે. ગ્રામીણ ગરીબોને સૌની સાથે આર્થિક પ્રવાહમાં જોડવા અને તેઓને આત્મનિર્ભર બનાવવાના હેતુસર આરંભાયેલ મિશન મંગલમ્ કાર્યક્રમ અંતર્ગત જાહેર અને ખાનગી ક્ષેત્રોની ભાગીદારીથી વિકાસની પ્રવૃત્તિઓને વધુ વેગવંતી કરવી પડશે.

૨. બીજી તરફ જોઇએ તો, અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ શહેરીકરણ ઝડપથી થઇ રહ્યું છે. આનો અર્થ એ થયો કે ભવિષ્યમાં પાણી, ડ્રેનેજ સહિતની માળખાકીય સેવાઓ વિકસાવવા અગ્રક્રમાંકે જરૂરી આયોજન રાજ્ય સરકારે કરવું

*કાયર બહુમતીમાં જ્યારે બહાદુર એકલા લડવાને ગૌરવ સમજતા હોય છે.*

પડે.

૩. બંદર અને શિપ બિલ્ડિંગ ક્ષેત્રે સંકલિત પોર્ટ સિટીઝ ફેરી સર્વિસ અને ક્લીન-સ્વચ્છ અને ગ્રીન ટેકનોલોજી આધારિત ગ્રીન પોર્ટસ જેવી નવરચનાઓ વિશેષતા બની રહેવી જોઇએ.

૪. ગુજરાતના મુખ્ય શહેરોને વિમાન માર્ગે જોડાણ આપવાની દિશામાં આગળ વધવું પડશે. તેવીજ રીતે જળમાર્ગો પણ વિકસાવવા પડશે.

૫. રોજગારીની તકો ઊભી કરવાની સાથે સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિને ખેંચી લાવવા માટે વધુ રોકાણ મહત્ત્વનું પરિબળ હોય છે. કોઇપણ રોકાણકારોને સલામતી અને શાંતિની જરૂર હોય છે. આ દિશામાં રાજ્ય સરકારે પૂરતી સવલતો ઊભી કરવી પડે અને તકેદારી રાખવી અનિવાર્ય બનશે. ગુજરાતમાં રોકાણકારોની સંખ્યામાં થઇ રહેલા વધારાએ વિશ્વભરના દેશોનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સ્વર્ણિમ ગુજરાત માટે આ ગૌરવની વાત છે.

૬. ગુજરાતના વિકાસમાં રોકાણકારોએ ઇન્ફ્રાસ્ટ્રકચર, સિમેન્ટ, બંદરોનો વિકાસ, ઊર્જા, શિક્ષણ, ટૂરિઝમ, હોસ્પિટલ, કેમિકલ જેવાં અનેક મહત્ત્વના ક્ષેત્રોને આવરી લઇને વિકાસનો વ્યાપ વધાર્યો છે. તેમાં નવાં પ્રોજેક્ટસ વધવાથી દરેક ક્ષેત્રે રોજગારીની નવી તકો ઊભી થવાની પૂરી શક્યતા છે. આના પરિણામે ગુજરાતનું યુવાધન ગુજરાતમાં જ રહેશે. તે સાથે ટેકનોલોજી નિષ્ણાતો પણ ગુજરાતમાં જ આગળ વધી શકશે, જે આવકારદાયક છે. એ એક અલગ વાત છે કે છેલ્લા ચાર વાઇબ્રન્ટ સમિટમાં થયેલા એમ.ઓ.યુ.માંથી કેટલા, કઇ સ્થિતિમાં આગળ આવ્યા છે તેની સ્પષ્ટ વિગત નથી. આ એક પ્રશ્નાર્થ છે. તેને એક તરફ રહેવા દઇએ. ભારતમાં અન્ય સ્થળે કરારના પ્રોજેક્ટ અમલીકરણની સરેરાશ ૨૦થી ૨૧ ટકા છે જ્યારે ગુજરાતમાં મોટા પ્રોજેક્ટની ટકાવારી ૫૦ ટકા જેવી અને નાના મધ્યમ કક્ષાના પ્રોજેક્ટના અમલીકરણની ટકાવારી ૭૫ ટકા જેવી છે. આ હકીકતને નજર સમક્ષ રાખીને ગુજરાતને વિશ્વ વ્યાપારના કેન્દ્ર તરીકે ઉપસાવવાના જે પ્રયત્નો થઇ રહ્યા છે, તે ખરેખર કાબિલેદાદ છે.

૭. નોંધનીય છે કે ૨૧મી સદીમાં ઔદ્યોગિક ક્ષેત્રોએ હરણફાળ ભરી છે પરંતુ જેનાથી આ સફળતા મળતી હોય છે તેવા સમાજ માટે આ ઉદ્યોગગૃહો યોગ્ય જવાબદારી નિભાવશે તો હજુ સારા પરિણામો મેળવી શકાય તેમ છે.

૮. ઉદ્યોગગૃહો માત્ર નફો રળવા માટે છે તે ખ્યાલમાં સમયાંતરે વધુ પ્રમાણમાં પરિવર્તન લાવવું પડશે. તે દિશામાં ઘણું આગળ વધવું પડશે. તે સાથે શિક્ષણ, આરોગ્ય કે અન્ય સમસ્યાઓ નિવારવા જે પ્રયાસો થઇ રહ્યા છે, તેમાં સાથ-સહકાર આપવો તે પણ સમાજ જવાબદારીનો સ્વૈચ્છિક ભાગ છે. તેને નિભાવવાથી જ લાંબા ગાળે સારા પરિણામો ઉપલબ્ધ થશે. આના અનુસંધાનમાં જણાવી શકાય કે આજે કેટલાય લોકો વીજળી વગર જીવે છે અને લાકડા કે કોલસા જેવા પરંપરાગત ઊર્જા સ્રોતોનો ઉપયોગ કરે છે ત્યારે બાયોગેસ જેવા વિકલ્પો વિચારીને ઉદ્યોગગૃહોએ પોતાની સામાજિક જવાબદારી નિભાવવી જોઇએ.

૯. રાજ્ય સરકારે વહીવટી કાર્યમાં નૂતન ટેકનોલોજી અને ઓટોમેશનનો વધુને વધુ પ્રમાણમાં ઉપયોગ કરવો પડશે. જેથી કાર્યપદ્ધતિ પારદર્શક અને ઝડપી થાય. જેના પરિણામે ઉદ્યોગગૃહો પોતાના વિકાસનો વ્યાપ મુશ્કેલી વિના વધારી શકે. ભારત એક યુવાન રાષ્ટ્ર છે જ્યારે જાપાન એક ઍજિંગ નેશન ગણાય છે. આમ છતાં, વિશ્વમાં સૌથી ઊંચા એવરેજ આઇ-ક્યુ ધરાવનાર યુવાનો પણ જાપાનમાં જ છે.

ત્યાંની ઘણી ચીજ-વસ્તુઓની જેમ કે ટોયાટો, હિટાચી, પાનાસોનિક, મિત્સુબિશી વગેરે બ્રાન્ડથી વિશ્વભરમાં અગ્રસ્થાને છે. આનું કારણ નવી ટેકનોલોજી અને ઓટોમેશન જ હોઇ શકે. આજના સમયમાં પ્રગતિનો સઘળો આધાર યુવા પેઢી પર છે. યુવાનોના હાથમાં દેશનું ભવિષ્ય છે. આજની પેઢી નૈતિક મૂલ્યોના જતન માટે જંગ છેડે એ સમયની માંગ છે.

૧૦. ઉપરની વિગતે ગુજરાતની તસવીર વધુ ઉજળી બનાવવી હશે તો રાજકારણીઓ અને અમલદારશાહી પાસે મૂલ્યો અને નીતિમત્તાના આચરણની અગર પ્રજા અપેક્ષા સેવે તો, તે અસ્થાને નહીં જણાય.

પાંચમી વાઇબ્રન્ટ સમિટમાં એમ.ઓ.યુ. કરનારા રોકાણકારો માટે કચ્છપ્રદેશ પણ આકર્ષણ રૂપ હતું. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જે મૂડીરોકાણ થઇ રહ્યું છે તે જોતાં જણાય છે કે કચ્છના ઔદ્યોગિક વિકાસનો નકશો બદલી રહ્યો છે. સમિટના એમ.ઓ.યુ. તરફ નજર કરતા જણાય છે કે બંદર, ઊર્જા, સિમેન્ટ, ખનિજ વગેરે ક્ષેત્રે કચ્છમાં વ્યાપક મૂડી રોકાણની શક્યતાઓ

*સુરાનો નશો કલાકો સુધી નુકસાન કરે પણ સંપત્તિનો નશો જિંદગી સુધી નુકસાન કરે.*

છે. બદલાતો ઔદ્યોગિક માહોલ કચ્છ અને કચ્છીઓને અનેક રીતે ફાયદાકારક છે.

ઉપસંહારમાં જઇએ તો, ભારત સરકાર પ્રતિ વર્ષ અવનવા આયોજન દ્વારા વિશ્વભરમાં વસેલા ભારતીય ઉદ્યોગ આગેવાનોને સ્વદેશમાં મૂડી રોકાણ કરવા ઈજન આપે છે. તેવા સંજોગોમાં ગુજરાતે ૨૦૦૩માં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ પરિષદનું આયોજન કર્યું અને ત્યારબાદ પ્રતિ બે વર્ષે આવી પરિષદનું આયોજન કરે છે. ૨૦૦૯માં ૪૭ દેશોએ ભાગ લીધો હતો અને રૂા. ૧૨ લાખ કરોડનાં રોકાણ કરાર થયા હતા. તે સામે, આ વર્ષે અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને ગુજરાત ગ્લોબલ બિઝનેસનું હબ બની ગયું છે. અનેક વિકાસશીલ દેશો અને કંપનીઓને મંદીમાંથી બહાર આવવાનો આત્મવિશ્વાસનો સંદેશ ગુજરાતે આવી સમિટ દ્વારા આપ્યો છે. એમ કહી શકાય કે ગુજરાતે દેશ-વિદેશની કંપનીઓને ભાગીદારી અને નૉલેજ શેરિંગ માટે એક નવું પ્લેટફોર્મ તૈયાર કરી આપ્યું છે. વાઈબ્રન્ટ સમિટ માત્ર મૂડી રોકાણના રૂપે નહીં પરંતુ તેનાથી ગુજરાતના વિકાસની નવી ઓળખ અને નવી ઊંચાઇ સ્થાપિત થઇ રહી છે. સમગ્ર ભારતના વિકાસ માટે ગુજરાતના વિકાસનો અભિગમ સારો છે. એક હકીકત છે કે વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી ગુજરાતને આંતરરાષ્ટ્રીય ફલક પર ખ્યાતિ પ્રાપ્ત થઇ છે..... સલામ!

*૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં આવનાર દર્દીઓ માટે વિજ્ઞપ્તિ

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શાહીબાગ મધ્યેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં પધારતા કોઈપણ દર્દીઓને હોસ્પિટલની કામગીરી માટે અથવા તે સંબંધી માર્ગદર્શનની આવશ્યક્તા હોય તો, તે ક્ષેત્રે સેવા પ્રદાન કરનાર શ્રી સમીરભાઈ (૯૨૨૭૮૮૭૮૧૪) અને શ્રી બચુભાઈ રાંભિયા (૯૨૨૭૨ ૧૩૩૫૧)નો સંપર્ક કરવા વિનંતી છે.***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

કચ્છ

(પ્રકરણ-૧૭)

કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

# ઐતિહાસિક મૂલ્ય સંદર્ભે કચ્છનાં જૈન તીર્થો

● ડૉ. નીતા ઠાકર ●

## કચ્છની મોટી પંચતીર્થી

કચ્છની મોટી પંચતીર્થીમાં જિન ચૈત્યો સુથરી, કોઠારા, જખૌ, નલિયા અને તેરા — એ પાંચ ગામોમાં આવેલા છે. અને આ પાંચે ગામો અબડાસા તાલુકામાં આવેલાં છે. પંચતીર્થીની શરૂઆતમાં જ આવતું સાંધણ ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું મુખ્ય દહેરાસર છે. આ દહેરાસર વિ.સં. ૧૯૧૦ (ઇ.સ. ૧૮૫૪)માં સ્થપાયેલ. જે શેઠ શ્રી માડણ તેજશી ધુલ્લાએ બંધાવેલું. ક્રમે ક્રમે નવાં નવાં દહેરાસરોનો ઉમેરો થવાના કારણે સાંધણમાં એક જ સ્થાનમાં ૯ જિનમંદિરોનાં દર્શન કરવાનો લહાવો મળે છે. આ તીર્થને 'નવટૂક' ના નામથી ઓળખવામાં આવે છે. ઉપરાંત તેને 'તિલકટૂક' પણ કહે છે. વિશેષમાં અહીં એક જૈન પુસ્તક ભંડાર પણ છે.

### ૧. સુથરી :

આ તીર્થ ધૃતકલ્લોલ પાર્શ્વનાથના તીર્થ તરીકે નામાંકિત થયેલું છે અને એની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૯૬ (ઇ.સ. ૧૮૪૦) ના વૈશાખ સુદ આઠમના રોજ કરવામાં આવી હતી. આ મંદિર વિશાળ માળવાળું અને અનેક શિખરોથી શોભાયમાન હોવાથી ખૂબ આકર્ષક લાગે છે. દહેરાસરના ઉપલે માળે શ્રી કુંથુનાથ ભગવાન ૩૧ ઈંચ જેટલા મોટા, ચો મુખજી (ચાર પ્રતિમાઓ) પધરાવવામાં આવેલ છે. આ મંદિરના શિખરની પાછળ બીજું શિખરબંધી જિનાલય બનાવવામાં આવ્યું છે. અને એમાં ભગવાન ઋષભદેવની વિ.સં. ૧૯૨૧ (ઇ.સ. ૧૮૬૫) ના લેખવાળી પ્રતિમા બિરાજમાન છે. આ મંદિરની પાસે આનંદ સાધના મંદિર નામે વ્યાખ્યાનહોલ તથા જ્ઞાનમંદિર બનાવવામાં આવેલ છે. ઉપરાંત ગામમાં શ્રી અજિતનાથ ભગવાનનું બીજું નાનું દહેરાસર પણ છે.

### ૨. કોઠારા :

ત્રણ જૈન શ્રેષ્ઠીઓ શા ઘેલજી માલુ લોડાયા, શા શિવજી નેણશી લોડાયા અને શા કેશવજી નાયક — આ ત્રણે મહાનુભાવોએ કોઠારામાં ભવ્ય જિનપ્રાસાદ બનાવ્યો છે. જેણે દેશભરનાં વિશિષ્ટ, વિરલ અને કળામય દેવાલયોમાં સ્થાન મેળવ્યું છે. આ તીર્થધામના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ છે. આ મંદિર ઇ.સ. ૧૮૬૧-૬૨માં પૂરું થયું હતું. આ મૂળ જિનાલયમાં એક ભોંયરું છે. જે સંકટના સમયે કામ લાગે એવી છૂપી ઓરડીઓ અને એની ઉપર સાત ગભારા અને વિશાળ રંગમંડપ બનાવેલ છે. આ મંદિરના ઉપલે માળે ત્રણ ચોમુખ બિરાજમાન કરેલા છે અને આખો જિનપ્રાસાદ પાંચ શિખરો, સામરણ અને ઘુમ્મટથી બનાવેલ છે.

નાના મોટા અનેક જિનાલયોથી શોભતા આ તીર્થસ્થાનની આસપાસ પાંચ કોઠાવાળો ઊંચો ગઢ રચીને એને સુરક્ષિત બનાવવામાં આવ્યું છે. આ તીર્થને 'કલ્યાણટૂક' એવું સુંદર નામ આપવામાં આવ્યું અને મુખ્ય જિનપ્રાસાદને 'મેરુપ્રભ જિનાલય'ની ઉપમા આપી છે. આ જિનાલયમાં મૂળનાયકની જમણી-ડાબી બંને બાજુ મોટા શિલાલેખો મૂકવામાં આવ્યા છે. જેમાં સંપૂર્ણ વિગત આપી છે. આ ઉપરાંત કોઠારામાં ધર્મશાળા, ઉપાશ્રય, મહાજનવાડી, પાંજરાપોળ તથા ફૂલવાડી છે અને વિશાળ ઘંટ છે. કહેવાય છે કે એનો ઘંટારવ ચાર-ચાર માઇલ સુધી સંભળાય છે.

આ જિનાલયની ઊંચાઇ બાબતે કહેવાય છે કે એ વખતે કચ્છમાં મહારાઓ શ્રી પ્રાગમલજીનું શાસન હતું અને કોઠારાના રાજવી જાડેજા શ્રી મોકાજી હતા. જ્યારે આ મંદિરનો પ્લાન બનાવીને શ્રી મોકાજીની મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો ત્યારે એમણે એની સામે વાંધો ઉઠાવ્યો કે જો મંદિર આટલું ઊંચું થાય તો પ્રભુના દર્શન કરવા એટલે ઉંચે જનાર વ્યક્તિની નજર રાજમહેલના જનાનખાના ઉપર પડે. જે મર્યાદાનો ભંગ થાય. તેના ઉકેલ માટે શ્રેષ્ઠીઓએ જનાનખાનામાં કોઇની નજર ન પડે એટલો ઊંચો ગઢ રાજમહેલ ફરતો પોતાના ખર્ચે બંધાવી આપ્યો અને મૂળ પ્લાન મુજબ મંદિરની ઊંચાઇ યથાવત રાખી.

આ જિનપ્રાસાદની રચના કરવાનું કૌશલ દર્શાવવાનું માન કચ્છના સાભરાઇ ગામના નિવાસી શિલ્પી-સોમપુરા નથુ રાઘવજીને ઘટે છે. શ્રી વ્રજલાલ ભગવાનલાલ છાયા 'સ્વદેશ' ના વિ.સં. ૧૯૮૦ (ઇ.સ. ૧૯૨૪) ના દીપોત્સવી અંકમાં છપાયેલ એમના 'કચ્છની સ્થાપત્યકળાના થોડા અવશેષો' નામે લેખમાં (પૃ. ৩૫) કોઠારાના જિનમંદિરની કલાની પ્રશંસા કરતાં કહ્યું છે કે 'કારીગરી અને કળાની દૃષ્ટિએ ઉચ્ચ કોટિમાં ગણી શકાય એવું આ જિનમંદિર છે. મનુષ્યો અને પ્રાણીઓનાં તરેહ વાર આકૃતિવાળાં નાના મોટાં પૂતળાંઓ પરનું કોતરકામ છક્ક કરી નાંખે એવું છે. કોઇ સારંગી બજાવતી તો કોઇ તાઉસથી શોભતી, કોઇ ડમરુથી તાલ દેતી તો કોઇ કરતાળથી શોભી રહેતી, એવી અનેક તરેહની સ્ત્રી-આકૃતિઓથી વિભૂષિત થયેલા વિભાગો એવા તો સરસ રીતે યોજાયેલા છે કે, એક વખત તો કચ્છી સલાટોની શિલ્પકળા માટે 'આફરીન'ના ઉદ્‌ગારો કાઢ્યા વિના રહેવાતું નથી. ત્રણ ત્રણ હાથીઓની ત્રિકડીના દંતશૂળોથી બંને બાજુ આધાર પામતા તાકોના દૃશ્યથી હાથીઓના મજબૂત બાંધકામની પ્રશંસા કરવી કે તાકો વાળવાનાં વિકટ કામની વાહ વાહ બોલાવવી એનો નિર્ણય થવો મુશ્કેલ થઇ પડે છે.

### 3. જખૌ :

જખૌ કચ્છનું બંદરીય ગામ છે અને અબડાસા તાલુકામાં આવેલી કચ્છની મોટી

*સારા હેતુ માટેનું અસત્ય પણ ક્ષમા યોગ્ય હોય છે.*

પંચતીર્થીનું એ ત્રીજું તીર્થસ્થાન છે. આ સ્થાન તીર્થસ્વરૂપ બનવા લાગ્યું તેની શરૂઆત વિ.સં. ૧૯૦૫ (ઇ.સ. ૧૮૪૯) ની સાલથી થઇ અને ધીમે ધીમે એનો વિકાસ થતાં થતાં આજે એ તીર્થ નાના મોટા નવ જિનાલયો અને વીસ શિખરોથી શોભાયમાન બની ગયું છે.

અચલગચ્છના આચાર્ય શ્રી મુક્તિ સાગરસૂરિજીના ઉપદેશથી શેઠશ્રી જીવરાજ તથા શેઠશ્રી ભીમશીની બાંધવ બેલડીએ શ્રી મહાવીર સ્વામીનું જિનાલય બંધાવીને વિ.સં. ૧૯૦૫ (ઇ.સ. ૧૮૪૯) મહાસુદ વસંતપંચમીને સોમવારે એની પ્રતિષ્ઠા કરાવી અને પોતાના પિતાની પુણ્યસ્મૃતિને કાયમ રાખવા તેને 'રત્નટૂક' એવું નામ આપ્યું. મંદિરમાં પ્રતિષ્ઠાનો મોટો શિલાલેખ ચોડેલો છે.

આચાર્યશ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી શેઠ ભીમશીના પત્ની પૂંજાબાએ પોતાના પતિના શ્રેયાર્થે શ્રી સુવિધિનાથ ભગવાનનું અને શ્રેષ્ઠી ભોજરાજની પત્ની માંકબાઇએ પોતાના પતિના કલ્યાણ માટે શ્રી આદિનાથ વગેરે ચાર તીર્થંકરોનું ચોમુખજીનું દહેરાસર બનાવડાવ્યું. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૧૭ (ઇ.સ. ૧૮૬૧)ના મહા સુદ તેરસને શુક્રવારે કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી વરસંગ ધારશીએ શ્રી મુનિસુવ્રત સ્વામીનું, શ્રી રામજીજેઠાની પત્ની ધનબાઇએ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું અને શ્રી હંસરાજ જેઠાએ શ્રી ચંદ્રપ્રભનું દહેરાસર કરાવ્યું છે.

આ રીતે જખૌની 'રત્નટૂક'માં એક જ મુહૂર્તમાં નાના-મોટાં મળીને પાંચ જિનમંદિરોની પ્રતિષ્ઠા થઇ હતી. વિ.સં. ૨૦૨૭ (ઇ.સ. ૧૯૭૧) ની સાલમાં આ શ્રી રત્નટૂક જૈન દહેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તીર્થમાં ધર્મશાળા, આયંબિલ શાળા અને પાંજરાપોળ છે.

### ૪. નલિયા :-

શ્રેષ્ઠી નરશી નાથાએ ગચ્છનાયક શ્રી મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી નલિયામાં શ્રી ચંદ્રપ્રભનું સુંદર જિનાલય બંધાવીને એની વિ.સં. ૧૮૯૭ (ઇ.સ. ૧૮૪૧) ના મહા સુદ વસંતપંચમી, બુધવારે પ્રતિષ્ઠા કરાવી હતી. જિનાલયનું નામ 'વીર વસહી' રાખવામાં આવ્યું. આ દહેરાસર ઉપરાંત અહીં બીજા પણ દહેરાસરો બન્યાં. આ તીર્થ ૧૬ શિખરો તથા ૧૪ રંગમંડપોથી શોભાયમાન બનેલું છે. આ હકીકત ઉપરથી પણ આ તીર્થ કેટલું વિશાળ અને શિલ્પ સમૃદ્ધ છે એનો ખ્યાલ આવે છે. અહીં ધર્મશાળા, ભોજનશાળા, પાઠશાળા, આયંબિલશાળા, જ્ઞાનમંદિર, બાલાશ્રમ, કન્યાશાળા, સદાવ્રત, મહાજનવાડી વગેરે અનેક સંસ્થાઓ છે.

### ૫. તેરા :

આ તીર્થમાં બે જિનમંદિરો છે. એક શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથનું અને બીજું શ્રી શામળિયા પાર્શ્વનાથનું. આમાં શ્રી શામળિયા પાર્શ્વનાથનું દહેરાસર પ્રાચીન છે અને શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથનું દહેરાસર પાછળથી બનેલું છે.

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૧૫ (ઇ.સ. ૧૮૫૯) ના મહાસુદ વસંતપંચમીને સોમવારે આચાર્યશ્રી રત્નસાગરસૂરિજીની નિશ્રામાં થઇ હતી. આ દહેરાસરને નવ શિખરો છે. રંગમંડપ કાચકામથી અને ઘુમ્મટ કોતરકામથી શોભાયમાન છે. મંદિરની પ્રતિષ્ઠાનો મોટો શિલાલેખ ત્યાં જોવા મળે છે.

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના મુખ્ય દહેરાસરના કમ્પાઉન્ડની બહાર જમણી બાજુ શ્રી શામળિયા પાર્શ્વનાથનું નાનું, જૂનું અને શિખરબંધ દહેરાસર છે. આ જિનાલય આશરે ૩૦૦ વર્ષ પહેલાં યતિશ્રી હીરાચંદજીએ બંધાવ્યું હતું અને યતિશ્રી ભક્તિ શેખરજીએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

## કચ્છની નાની પંચતીર્થી

કચ્છની નાની જૈન પંચતીર્થીનાં જિનમંદિરો આ પ્રમાણે પાંચ ગામોમાં આવેલા છે : મુન્દ્રા, ભુજપુર, મોટી ખાખર તથા નાની ખાખર, બિદડા અને માંડવી.

### ૧. મુન્દ્રા :

મુન્દ્રામાં ચાર દહેરાસર છે. (૧) શ્રી શીતલનાથનું બે માળનું આલીશાન દહેરાસર. એની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૩૩ (ઇ.સ. ૧૮૭૭) માં થઇ હતી. (૨) એની બાજુમાં ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આશરે સવાસો વર્ષ જૂનું શિખરબંધ દહેરાસર છે. (૩) ત્રીજું મહાવીર સ્વામીનું શિખરબંધ દહેરાસર છે. જે આશરે ૨૦૦ વર્ષ જેટલું જૂનું છે અને (૪) ચોથું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દહેરાસર છે. અહીં શ્રી પાર્શ્વનાથજીના દહેરાસર સાથે એક પુસ્તક ભંડાર પણ છે. આ ચાર દહેરાસરો ઉપરાંત મુન્દ્રામાં અચલગચ્છના ગુરુ હર્ષજીની પાદુકાવાળી છત્રી છે. એના ઉપર તેઓ વિ.સં. ૧૭૯૭ (ઇ.સ. ૧૭૪૧) ના માગશર વદ ૧૦ ના સ્વર્ગવાસી થયાનો લેખ કોતરેલો છે.

### ૨. ભુજપુર :

મુંદ્રા તાલુકાના ભુજપુર ગામમાં પ્રાચીન અને શિલ્પસમૃદ્ધિસભર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય છે. શ્રી મુક્તિસાગરસૂરીશ્વરજીના સદ્ઉપદેશ અને પ્રેરણાથી દોઢ સદી જૂના આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૮૯૭ના ફાગણ સુદ ત્રીજના દિવસે થઇ હતી. જ્યારે 'ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ' પુસ્તક (પૃ. ૨૨૨) માં નોંધ્યું છે કે વિ.સં. ૧૯૮૯ (ઇ.સ. ૧૮૪૨)ની નોંધ છે. દહેરાસરની બાજુમાં એક બે માળનાં નૂતન જિનાલયમાં મૂળનાયક કેશરિયા આદીશ્વર ભગવાન છે. આ જિનાલયની અર્ધશતાબ્દી પણ ભવ્યતાથી ઉજવાઇ હતી.

### ૩. મોટી ખાખર અને નાની ખાખર:

મોટી ખાખરમાં શ્રી શત્રુંજ્યાવતાર નામે શ્રી ઋષભદેવ ભગવાનનું વિશાળ જિનાલય છે. એની પ્રતિષ્ઠા શ્રી વિવેકહર્ષગણિએ વિ.સં. ૧૬૫૯ (ઇ.સ. ૧૬૦૩)માં કરી હતી. આ

પ્રતિષ્ઠા-મહોત્સવ સંબંધી એક મોટો શિલાલેખ આ દહેરાસરમાં લગાડવામાં આવ્યો છે. તેમાં કચ્છનાં રાજવી શ્રી ભારમલજીએ ભુજ નગરમાં શ્રી રાયવિહાર નામે શ્રી ઋષભદેવ ભગવાનનું જિનાલય બંધાવ્યાની નોંધ છે.

નાની ખાખરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું સુંદર દહેરાસર છે. તેમનું ખાતમુહૂર્ત શ્રી લધાબાપાના હાથે થયું હતું. કચ્છી સંવત ૧૯૪૪ માં આ દહેરાસરનું કામ પૂર્ણ થયું હતું. આ દહેરાસર બાંધવા માટે આરસપહાણ મુંબઈથી આવ્યા હતાં. શિખર માટે શિલાઓ પોરબંદરથી છ વહાણ ભરાઈને માંડવી આવ્યા. અને ત્યાંથી નાની ખાખર લાવવામાં આવ્યા હતાં. આ દહેરાસર બનાવતા પહેલાં અન્ય દહેરાસરો અને તીર્થોના પ્લાનનો અભ્યાસ કરી, પછી નિર્માણ કરવામાં આવ્યું છે. આ દહેરાસરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ અને સાથે શ્રી પદ્મપ્રભસ્વામી અને ચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ બિરાજમાન છે. પાછળથી તેનો ૧૯૮૫ની સાલમાં જીર્ણોદ્ધાર થયેલ. અહીં એક જ્ઞાનમંદિરનું નિર્માણ ઉપા. શ્રી ભુવનચંદ્રજી મહારાજની પ્રેરણાથી તાજેતરમાં થયું છે.

### ૪. બિદડા :

સંવત ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧) માં નિર્માણ પામેલું દહેરાસર કે જે જગ્યામાં ગોરજીની પોશાળ હતી, એ જગ્યાએ આસંબિયા ગામના નથુશા તથા સખી ગૃહસ્થોએ એક નાની દહેરી બંધાવી જે હાલના દહેરાસરની અંદર દાખલ થતાં જ જમણી તરફ આવેલી છે. તે પાર્શ્વનાથ પ્રભુની દહેરી તરીકે ઓળખાય છે. જેમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી, પાર્શ્વનાથપ્રભુ તથા શ્રી શાંતિનાથપ્રભુ બિરાજમાન છે.

ત્યારબાદ જૈન ભાઈઓએ હાલનું જિનાલય બનાવ્યું જેમાં શિખર ઉપરની દહેરીમાં શ્રી ચંદ્રપ્રભ પ્રભુની પાંચ પ્રતિમાઓની સ્થાપના કરેલ છે. મુખ્ય જિનાલયમાં મૂળનાયક આદિનાથ પ્રભુ બિરાજે છે. જિનાલયની દક્ષિણ દિશામાં શ્રી નેમિનાથ પ્રભુની દહેરી છે. જેમાં શ્રી અજિતનાથ પ્રભુ, શ્રી નેમનાથ પ્રભુ તથા શ્રી વાસુપૂજ્યપ્રભુ બિરાજમાન છે.

શ્રી જૈનસંઘે પંચતીર્થીનો વિકાસ કર્યો છે. અહીં શ્રી ચૌમુખજી મહાવીર સ્વામીની મૂર્તિ બિરાજમાન છે. તદુપરાંત શ્રી સંઘના દર્શનાર્થે આરસ પથ્થરમાંથી શ્રી સમેત શિખરજી મહાતીર્થ, શ્રી શેત્રુંજયજી મહાતીર્થ, શ્રી અષ્ટાપદજી મહાતીર્થ, શ્રી ગિરનારજી મહાતીર્થ, શ્રી આબુજી મહાતીર્થ કંડારેલાં છે. આ ઉપરાંત આરસના ત્રગડાગઢમાં શ્રી મહાવીર પ્રભુના જીવનના જુદા જુદા પ્રસંગો કલાત્મક રીતે કંડારેલા છે. નવા જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૨૦૧૬ ફાગણ સુદ-૩ સોમવાર તા. ૨૯-૨-૧૯૬૦ના રોજ વિધિપૂર્વક કરવામાં આવી હતી.

### ૫. માંડવી :

જૈનધર્મનું આ મોટું કેન્દ્ર છે. અહીં સાત દહેરાસરો છે. એમાં શહેર અંદર શ્રી મહાવીર સ્વામીનું, શ્રી ધર્મનાથજીનું, શ્રી શીતલનાથજીનું અને શ્રી શાંતિનાથજીનું — એમ ચાર દહેરાસરો આવેલાં છે. આમાં તપગચ્છ, અચલગચ્છ અને ખરતરગચ્છ એ ત્રણે ગચ્છનાં દહેરા છે. બંદર ઉપર શ્રી અજિતનાથનું દહેરાસર છે. પુલના શહેર તરફના છેડે દાદાવાડી છે અને એમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. પુલ પાર કરીને થોડે દૂર શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ આવેલ છે. એમાં શ્રી શાંતિનાથ ભગવાનનું સુંદર અને વિશાળ જિનમંદિર છે. આ ઉપરાંત ધર્મશાળા, ભોજનશાળા, જૈનવાડી, પાઠશાળા, ઉપાશ્રયો અને કેટલાંક જૈન હસ્તલિખિત ભંડારો પણ છે.

આ ઉપરાંત સમગ્ર કચ્છમાં કેટલાંય જૈનમંદિરો આવેલા છે. કોડાય, સામખિયાળી, રાપર, નાના ભાડિયા, લુણી, વાંકી, મંજલ, રતાડિયા, પત્રી, ભચાઉ, ફત્તેહગઢ, અધોઈ, વોંધ, ખારોઈ, લાકડિયા, ચીરઈ, અંજાર, પદ્ધર, ડગારા, લોડાઈ, જવાહરનગર, દૂધઈ, ધમડકા, ચોબારી, ભીમાસર વગેરે અને કચ્છનાં પાટનગર ભુજમાં પણ જિનમંદિરો, સ્થાનકો આવેલાં છે.

### • બોંતેર જિનાલય :-

અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી કચ્છના માંડવી તાલુકાના કોડાય-તલવાણા ગામોની પાસે ભુજ-માંડવી ધોરીમાર્ગ પર 'ગુણનગર' ના વિશાળ પટાંગણમાં શત્રુંજયાવતાર શ્રી આદીશ્વર બોંતેર જિનાલય મહાતીર્થનું નિર્માણ એ કચ્છની ભૂમિનાં યાત્રાભાગ્યની ભવ્ય નિશાનીરૂપ છે. માંડવીથી ૯ કિ.મી. દૂર ૯૫ એકર (કચ્છ તારી અસ્મિતા - પૃ. ૧૮૬ માં ૮૦ એકરની નોંધ છે.) ની વિશાળ ભૂમિ પર અષ્ટકોણીય ૭૨ જિનાલય દશ્યમાન છે. આ તીર્થમાં મૂળનાયક તરીકે શ્રી આદીશ્વર ભગવાનની ૭૩ ઇંચની પ્રતિમા બિરાજમાન છે. તે ઉપરાંત ૭૨ જિન પ્રતિમાઓની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ૧લી મે, ૧૯૮૭ના રોજ અહીં ભોજનાલયના ઉદ્ઘાટન પ્રસંગે તે સમયના રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંહ કચ્છ આવ્યા હતાં. ત્યારે આચાર્ય શ્રી ગુણસાગર સૂરીશ્વરજીને સાતમા વીરસીતપના પારણા કરાવ્યા હતા. આચાર્યશ્રી ગુણસાગર સૂરીશ્વરજીની સમાધિ સ્થળે ગુરુમંદિર પણ આવેલું છે.

*(સંપૂર્ણ)*

***તમારા સ્નાયુઓને મજબૂત બનાવો. આપણને જરૂર છે લોખંડી માંસપેશીઓની અને પોલાદી સ્નાયુઓની. આપણે બહુકાળ સુધી કેવળ રોતા રહ્યા છીએ, હવે વધુ રડવાની જરૂર નથી. પોતાના પગ પર ઊભા રહો. મર્દ બનો.***

***- સ્વામી વિવેકાનંદ***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# પાઇપલાઇન આવી, હવે નહેર પણ આવશે

• મુકેશ ઝવેરી •

**કચ્છના ઐતિહાસિક દાયકામાં ઔદ્યોગિક વિકાસની શરૂઆત થઇ ચૂકી છે પણ આ સરહદી પ્રદેશના લોકો જેની ચાતક નજરે રાહ જોઇ રહ્યા છે એ નર્મદાના સિંચાઇના નીર બે-ત્રણ વરસ બાદ પહોંચતાં નવી ક્રાંતિના મંડાણ થશે. ખેતી માટેનો એ સુવર્ણ ગાળો હશે. ૬૦૦ કિ.મી. દૂર પાઇપલાઇન વાટે નર્મદાના પેયજળ કચ્છ ખેંચી લાવવાનું કાર્ય ઉલ્લેખનીય ઘટના છે.**

નર્મદાનાં નીર કચ્છ માટે અત્યાર સુધી સપનાંની વાત લેખાતી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સંકલ્પબદ્ધ થયા અને છેક ૬૦૦ કિ.મી. દૂરથી પાઇપલાઇન મારફત પીવાનું પાણી લાવીને સૂકા પ્રદેશના કચ્છ પ્રદેશની તરસ છીપાવી ત્યારથી લોકોને ખાતરી થઇ ચૂકી છે કે નર્મદા હવે વાસ્તવિકતા છે અને આવનાર બેથી ત્રણ વર્ષમાં આ સંભાવના હવે નક્કર હકીકતમાં પલટાવાની છે.

૨૦૦૧ના ધરતીકંપમાં કચ્છ તારાજ થયા પછી ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું થયું. વિકાસના ધોરીમાર્ગે દોડ લગાવવાની શરૂ કરી છે એ વિકાસ ભવિષ્યમાં વધુ સંગીન બનાવવા માટે નર્મદા યોજના ચાવીરૂપ પુરવાર થશે. રાજ્ય સરકાર અને નર્મદા નિગમ અત્યારે એ દિશામાં આગળ વધી રહ્યા છે. લક્ષ્ય એક જ છે. ૨૦૧૦ના આખર સુધી કચ્છની ધરતી પર નહેર વાટે નર્મદાનાં પાણી વહેવડાવાનું.

એક વાત હું જવાબદારીપૂર્વક કહી દઉં કે આ માત્ર વાતો નથી, પોકળ વચન નથી. કેમ કે કચ્છ શાખા નહેર અને નર્મદાના જુદા જુદા કામો માટે ૪૪૦૦ કરોડના ટેન્ડર જાહેર થઇ ગયા છે. ૨૨૦૦ કરોડના ટેન્ડર ખુલી ગયા છે અને મોટાભાગના કામ અપાઇ ગયા છે.

કચ્છના લોકોને એ જાણીને આનંદ થશે કે અત્યારે કચ્છ ઔદ્યોગિક રીતે વિકસી રહ્યું છે. આગામી બે વર્ષ બાદ નર્મદાની નહેર કૃષિ વિકાસની વાહક બનીને આવશે. કચ્છના ૧૦ તાલુકામાંથી ૭ તાલુકાને ચોમાસા દરમ્યાન મળનારા વધારાના પાણી સહિત નર્મદાનાં નીર સિંચાઇ માટે આપવાનું આયોજન છે. એ જોતાં મોટી ક્રાંતિનું નિર્માણ થઇ રહ્યું છે એની ખાતરી રાખજો.

વિકાસના છેલ્લા દાયકા પર દૃષ્ટિપાત કરીએ તો નર્મદા પેયજળનું અવતરણ ઐતિહાસિક ઘટના હતી. ૧૮મી મે, ૨૦૦૩ના દિવસે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ સામખિયાળી હેડવર્કસ ખાતે પાઇપલાઇનથી આવેલાં નર્મદાના પેયજળના વધામણાં કર્યા. એ રીતે પીવા માટે ફક્ત વરસાદ પર આધારિત કચ્છ માટે એક નવો વિકલ્પ ખૂલ્યો. કચ્છ માટે આ બહુ મોટી વાત કહી શકાય. કેમકે અહીં અપૂરતા વરસાદને લીધે જમીનના પાણી સતત નીચે ઉતરતાં રહ્યાં છે. નર્મદાનાં નીરને લીધે એકતરફ ઉદ્યોગોની આંશિક જરૂરિયાત સંતોષાણી, બીજી તરફ લોકોને પીવાનાં પાણીની ચિંતા હળવી થઇ. આજે બન્ની પંથક અને ખાવડા સુધી નર્મદાની પાઇપલાઇનના પાણી પહોંચી ચૂક્યાં છે અને દેશના છેવાડાના સરહદી લખપત તાલુકા સુધી પહોંચવાની તૈયારીમાં છે.

કચ્છ માટે નર્મદાના વર્તમાન આયોજનની વિગતો જોઇએ એ પહેલાં એક-બે મહત્ત્વની વાત. એક વાત છે જમીન સંપાદનની. કેનાલો બાંધવા માટે જમીન સંપાદનના કાર્યમાં લોકોએ સ્વયંભૂ સહકાર આપ્યો છે. જંત્રી ભાવથી જમીન ખરીદવાના સરકારના હકારાત્મક નિર્ણયે પણ ભાગ ભજવ્યો છે. લોકોની નર્મદા માટેની ઇંતેઝારીનો ખ્યાલ એક વાત પરથી આવશે કે સુવઇના દલિત ભાઇઓએ વળતર લીધા વિના પોતાની જમીન નર્મદાના યજ્ઞમાં આપી દીધી છે.

મુખ્યમંત્રી કચ્છની કેટલી કાળજી રાખે છે એ વાત હવે કહેવાની જરૂર નથી. કચ્છના લોકોને તેનો અહેસાસ થઇ ચૂક્યો છે.

નર્મદાનું સપનું પરિપૂર્ણ કરવા માટે મહેસૂલમંત્રી આનંદીબહેન પટેલ અને શહેરી વિકાસમંત્રી નીતિનભાઇ પટેલની ઉચ્ચ કક્ષાની સમિતિ જમીન સંપાદનથી લઇને કેનાલોના કામ ઝડપથી આગળ ધપાવવાની કામગીરી પર દેખરેખ રાખી રહી છે. તેવી જ રીતે નર્મદા નિગમના અધ્યક્ષ રાજગોપાલન, એમ.ડી. જગદીશન તથા કચ્છ શાખા નહેરનો હવાલો સંભાળતા જોઇન્ટ એમ.ડી. શ્રીનિવાસન વચ્ચે ઉમદા સંકલન છે. સૌનો આશય એક જ છે કચ્છ સુધી વહેલી તકે નર્મદાનાં નીર પહોંચાડવા.

કચ્છ શાખા નહેર નર્મદા યોજના મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી. પરથી નીકળે છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૭૫ કિ.મી. છે. કચ્છ શાખા નહેર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ કચ્છના રણને ઓળંગીને કચ્છ જિલ્લામાં પ્રવેશ કરે છે. કચ્છ શાખા નહેરની શરૂઆતની લંબાઇમાં આવતા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ કચ્છ શાખા નહેરની સાંકળ ૨૦.૬૭ કિ.મી. (બનાસકાંઠા જિલ્લાના ભાભર ગામે), ૪૦.૩૦ કિ.મી. (પાટણ જિલ્લાના કિલાણા ગામે) અને ૮૨.૩૦

*જે દેશ ચારિત્ર્યશીલ નથી તે દેશમાં કોઈ યોજના કામ નહીં કરે. – વિનોબા ભાવે*

કિ.મી. (પાટણ જિલ્લાના મહુત્રા ગામે) પર અનુક્રમે ૧૧.૨૫ મી. ૭.૮૦ મી. અને ૮.૮૨૫ મી. ઉંચાઇના ફૉલ બાંધવાનું આયોજન કર્યું છે. કચ્છ જિલ્લામાં સાંકળ ૧૦૦.૭૯ કિ.મી. (રાપર તાલુકાના માંજુવાસ ગામે) અને ૧૧૧.૭૫૦ કિ.મી. (રાપર તાલુકાના હમીરપુરા ગામે) ઉપર પમ્પિંગ સ્ટેશન મૂકી બંને જગ્યાએ ૧.૨૧ મી. ઊંચાઈમાં તથા ભચાઉ પાસે સાંકળ ૧૮૯.૯૭ કિ.મી. પાસે ત્રીજું પમ્પિંગ સ્ટેશન મૂકી ૧૮.૭૨ મીટર ઊંચાઈમાં પાણી ઉદવહન કરવાનું આયોજન છે.

- **કચ્છ શાખા નહેરના પિયત વિસ્તારની વિગત :**

મૂળ આયોજન મુજબ કચ્છ જિલ્લાના ૪૨,૮૦૦ હેક્ટર પિયત વિસ્તારનો સમાવેશ હતો. નર્મદા આયોજન જૂથ દ્વારા વિગતવાર સર્વેક્ષણ આધારે કચ્છ જિલ્લાનો પિયત વિસ્તાર ૫૭,૩૦૦ હેક્ટર નક્કી કરવામાં આવેલો. કચ્છ જિલ્લાને વધુ પાણી ફાળવવા જિલ્લાના પ્રતિનિધિઓની અવાર-નવારની રજૂઆતોને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લાનો પિયત વિસ્તાર ૫૭,૩૦૦ હેક્ટરથી વધારી ૧,૧૨,૭૭૮ હેક્ટર કરવામાં આવેલો છે. જે બાબતે પાણીની ફાળવણી ૦.૨૦૩ મી.એ. ફૂટથી વધારીને ૦.૪૯૬ મી.એ. ફૂટ કરવામાં આવેલી અને તે મુજબ કચ્છ શાખા નહેરની વહનક્ષમતા વધારીને ૧૨૦ ઘ.મી./સેકન્ડ કરવામાં આવેલી છે. વધુમાં ચોમાસા દરમ્યાન પુરના ઉપલબ્ધ વધારાનાં પાણીમાંથી ૧.૦ મિલિયન એકર ફૂટ પાણી કચ્છ જિલ્લાને આપવાનું આયોજન સિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તે માટે કચ્છ શાખા નહેરની વહનક્ષમતા પણ વધારવામાં આવી છે.

- **બાંધકામના ચાલુ કામોની સ્થિતિઃ**

કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦ થી ૩૨.૯૭ કિ.મી. ના કામો પૂર્ણ થઇ ગયેલા છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૩૨.૯૭ થી ૪૫ કિ.મી.ની લંબાઇમાં બાકી રહેલા કામ મૂળ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે અને નવેમ્બર-૨૦૧૧ માં પૂર્ણ કરવાનું આયોજન છે. ક.શા.ન.ની સાં ૪૫ થી ૫૫ કિ.મી.ના કામો (૨૯૭.૯૭ કરોડ) ઇપીસી ટેન્ડર ધોરણ બહાર પાડવામાં આવેલ છે અને જે મંજૂરી હેઠળ છે. કચ્છ શાખા નહેરની લંબાઇમાં સાંકળ ૫૫ થી ૬૫ કિ.મી.ની લંબાઇમાં બાકી રહેલા કામો (૨૧.૧૮ કરોડ) પણ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૬૫ થી ૮૨.૩૦ કિ.મી.ના કામો તથા સાંકળ ૩૦.૦ થી ૮૨.૩૦ કિ.મી. ના નેટવર્કના કામોનું (૨૨૩.૪૯ કરોડ) ઇપીસી ધોરણે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે, જે મંજૂરી અર્થે ચકાસણી હેઠળ છે. કચ્છ શાખા નહેરની સાંકળ ૦.૦ થી ૩૦.૦ કિ.મી.ની લંબાઇમાંથી નીકળી ડિસ્ટ્રીબ્યુટરીના કામો પ્રગતિમાં છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૧૧૨.૫૦૦ થી ૧૩૩.૫૧૯ કિ.મી.(કુલ ૨૧ કિ.મી.)ની લંબાઇમાં બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેર સાંકળ ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ કિ.મી. (પેકેજ કે-૨) નું કામ મૂળ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. જે જાન્યુઆરી-૨૦૧૨ માં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે કચ્છ શાખાના નહેર સાંકળ ૧૧૨.૫૦૦ થી ૧૨૨.૨૧૯ કિ.મી. (પેકેજ કે-૧)નું કામ પ્રગતિમાં છે અને જૂન-૨૦૧૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

- **પમ્પિંગ સ્ટેશન :**

કચ્છ શાખા નહેર પર આવતા ત્રણ

**કચ્છ શાખા નહેર હેઠળના આયોજન મુજબ પિયત વિસ્તારની જિલ્લાવાર, તાલુકાવાર અને ગામની સંખ્યાવાર વિગતો નીચે મુજબ છે.**

| *અનુ નં.* | *જિલ્લો* | *તાલુકો* | *લાભિત ગામોની સંખ્યા* | *પિયત વિસ્તાર હેક્ટરમાં* |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બનાસકાંઠા | કાંકરેજ | ૨ | ૨૦૯૮ |
| | | દિયોદર | ૨૬ | ૧૮૪૯૪ |
| | | ભાભર | ૧ | ૨૨૫ |
| | | વાવ | ૯ | ૭૫૦૧ |
| | | **કુલ** | **૩૮** | **૨૮૩૧૮** |
| ૨ | પાટણ | રાધનપુર | ૨ | ૮૫૦ |
| | | સાંતલપુર | ૩૯ | ૩૩૯૪૩ |
| | | **કુલ** | **૪૧** | **૩૪૭૯૩** |
| ૩ | કચ્છ | રાપર | ૪૭ | ૩૮૫૬૧ |
| | | ભચાઉ | ૩૩ | ૨૫૯૩૫ |
| | | ગાંધીધામ | ૮ | ૪૧૩૪ |
| | | અંજાર | ૨૪ | ૧૩૩૬૭ |
| | | મુંદરા | ૩૪ | ૧૮૨૪૦ |
| | | માંડવી | ૩૦ | ૧૧૧૯૮ |
| | | ભુજ | ૬ | ૧૩૪૩ |
| | | **કુલ** | **૧૮૨** | **૧,૧૨,૭૭૮** |
| | | **કુલ સરવાળો** | **૨૬૧** | **૧,૭૫,૮૮૯** |

*દુનિયાથી અંજાયેલી આંખોને પરમાત્મા દેખાતા નથી.*

પમ્પિંગ સ્ટેશનના કામો માટેના ટેન્ડરો મંગાવવામાં આવેલા, જે ચકાસણી હેઠળ છે અને ઈજારદાર નક્કી થયા બાદ ટોચ અગ્રતાના ધોરણે કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

● **નવાં કામોની વિગત :**

કચ્છ શાખા નહેર સાંકળ ૮૨ થી ૧૧૨.૫ કિ.મી.ના કામ ઈપીસી કરારના ધોરણે રૂા. ૪૩૪.૭૧ કરોડ, કચ્છ શાખા નહેર સાંકળ ૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭૭ કિ.મી. ના કામ ઈપીસી કરારના ધોરણના રૂા. ૩૭૫.૭૪ કરોડ માટે ટેન્ડરો મંગાવવામાં આવેલ છે, જે મંજૂરીના આખરી તબક્કામાં છે. સદર બંને કામો ઈજારદાર નક્કી થયા બાદ આગામી ૨૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેર સાંકળ ૧૮૯.૯૭૭ થી ૨૭૩.૨૯૫ કિ.મી.ના કામ ઈપીસી કરારના ધોરણના કુલ રૂા. ૫૮૧.૩૬ કરોડના ટેન્ડર બે ભાગમાં ફરીથી માંગવામાં આવનાર છે. કચ્છ શાખા નહેર સાંકળ ૨૭૩ થી ૩૫૭ કિ.મી.ના કામોમાં બાંધકામ પૂર્વેની કામગીરી અંતિમ તબક્કામાં છે અને તેના ટેન્ડરો પણ અગ્રતાના ધોરણે બહાર પાડવાનું આયોજન છે.

કચ્છ શાખા નહેરની પેટા શાખા નહેર જેવી કે ગાગોદર અને વાંઢિયા પેટા શાખા નહેરો તથા તેના પિયત વિસ્તારના કામોના બાંધકામ પૂર્વેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરેલી છે જે પૂર્ણ કરી ટેન્ડરો મંગાવવામાં આવનારા છે.

*તા. ૨૦-૧-૨૦૧૧ના 'કચ્છ મિત્ર'માંથી સાભાર*

## પર્યાવરણ પૂજક, લઘુ ઉદ્યોગકાર શ્રી મહેશ વિનોદભાઇ પટેલ સાથે સંકલન શ્રેણીના તંત્રીની મુલાકાતના અંશ

શ્રી મહેશભાઈએ ઈલેક્ટ્રો-ટેલિકોમ્યુનિકેશનનો અભ્યાસ કર્યો છે.

તેમને એક વખત વિચાર આવ્યો કે, માંડ માંડ પૂરું કરી ખેતી કરતો કિસાન વાતાવરણમાં થતા ફેરફારોને કારણે વધુ દબાતો જાય છે. તેથી તેમણે લિગ્નાઈટ કોલસો-ઓઈલ બળતણના ખર્ચને ઘટાડી પર્યાવરણને અસર ન કરે તેવું બળતણ બનાવવાની શોધ કરી, જેને સફેદ કોલસો નામ આપ્યું. આમાં ખેતીમાં વધેલા કચરાને બળતણમાં ફેરવવાનું અને કચરાને કોલસો બનાવવવાનું સીધું ને સરળ કામ હાથમાં લીધું છે. આ કોલસો બનાવવા માટે કપાસના છીલકા, મગફળીના સૂકા પાંદડા, ડાળખાં જેવો અનેક કચરો ભેગો કરી તેમાં કેટલાક પ્રમાણમાં લાકડાનો છોલ ભેગો કરી તે મિશ્રણને આને માટેના મશીનમાં નાખી સૂકવવું અને પછી તેને નિશ્ચિત શેપમાં ઢાળવું. કોલસા કરતાં આ સફેદ કોલસો વધુ સારું કામ આપે છે. આ આખી પ્રોસેસમાં કોઈ રસાયણ વપરાતા નથી. જ્યાં ૧ ટન કોલસો વપરાય ત્યાં ૬૦૦ કિલોગ્રામ વપરાય છે. અને ઍર મેચ્યોર માત્ર ૭ ટકા હોય છે. પેટ્રોલમાં ૧૪૦૦૦ કેલરી સામે સફેદ કોલસો માત્ર ૪૦૦૦ થી ૪૨૦૦ કેલરી હોય છે. આમ પર્યાવરણનો મિત્ર આ સફેદ કોલસો છે. આ સફેદ કોલસો બોઈલ, ફાઉન્ડ્રી વગેરેમાં વપરાય છે. ■

વિચાર મંથન

# સત્યની શોધ અને સ્વીકાર – ૩

• મુરજી ગડા •

## ઉત્ક્રાંતિ

સર્વવ્યાપી, સર્વસ્વીકૃત એવી એક પુરાણી માન્યતાને ચારસો વરસ પહેલાં જોરદાર ફટકો લાગ્યો, જ્યારે પૃથ્વીના સાચા આકાર અને સ્થાન જાહેર થયા. આ બાબતે હવે બધું સ્વીકારાઇ ગયું હોવાથી વિવાદ શાંત થઇ ગયો છે.

એજ રીતે આપણા મૂળ વિશેની બીજી સર્વવ્યાપી, સર્વસ્વીકૃત પુરાણી માન્યતાને દોઢસો વરસ પહેલાં જોરદાર ફટકો લાગ્યો, જ્યારે ઉત્ક્રાંતિવાદની વાત જાહેર થઇ. એનો વિવાદ હજી ચાલુ છે.

કોઇ નવી વાતનો અહેવાલ આપતાં પહેલાં એને સારી રીતે સમજવાની કે ચકાસવાની ધીરજ અને વૃત્તિ પ્રસાર માધ્યમોમાં હોતી નથી. પરિણામે કોઇ ઉતાવળિયા પત્રકારે “વાંદરામાંથી માણસ થયો” એવું છાપી માર્યું. મોટાભાગના લોકોની ઉત્ક્રાંતિ વિશેની સમજ આટલા પૂરતી મર્યાદિત છે. આ એક અર્ધસત્યે ઉત્ક્રાંતિવાદ સમજવામાં જેટલી અડચણો ઊભી કરી છે એટલી કદાચ એના અઠંગ વિરોધીઓએ પણ નહીં કરી હોય. આ ગેરસમજને દૂર કરવી જરૂરી છે.

સજીવોના નૈસર્ગિક રીતે તબક્કાવાર થયેલા વિકાસને ઉત્ક્રાંતિ કહે છે. નિર્જીવોમાં દેખાતી વિવિધતા અને જટિલતા પણ તબક્કાવાર થઇ છે, છતાં એ ઉત્ક્રાંતિ નથી ગણાતી. જો એને પણ ઉત્ક્રાંતિ ગણવામાં આવે તો ઉત્ક્રાંતિની શરૂઆત શૂન્ય સમયથી એટલે કે “બીગ બૅંગ”થી થઇ એમ કહી શકાય.

જીવ વિજ્ઞાનને રસાયણ શાસ્ત્ર સાથે ખૂબ નજીકનો નાતો છે. એટલે ઉત્ક્રાંતિની વાત આગળ વધારતાં પહેલાં શુષ્ક ગણાતા રસાયણશાસ્ત્રને થોડું સમજવું જરૂરી બને છે. આપણી આસપાસ જે પણ દેખાય છે તે બધું અણુ અને પરમાણુઓનું બનેલું છે. ઘણા આ જાણે છે. એને થોડા ઊંડાણમાં જાણીએ.

પૃથ્વી પર ૯૪ પ્રકારના મૂળતત્ત્વો (ઍલીમેન્ટસ) નૈસર્ગિક રૂપમાં જોવા મળ્યા છે. (આમાંથી મોટાભાગના તત્ત્વો તારાઓના ગર્ભમાં બનેલા હોય છે.) આ ઉપરાંત બીજા ૨૪ મૂળતત્ત્વોને વૈજ્ઞાનિકો અણુભઠ્ઠીમાં બનાવી શક્યા છે. આ બધા જ તત્ત્વોના પરમાણુ (એટમ) માત્ર ત્રણ ઘટકોના બનેલા છે, પ્રોટોન, ન્યૂટ્રોન અને ઇલેક્ટ્રોન. ફરક માત્ર એમનામાં સમાયેલા ઘટકોની સંખ્યાનો છે. સૌથી પહેલાં અને સહેલા હાઇડ્રોજનના પરમાણુમાં માત્ર એક પ્રોટોન અને એક ઇલેક્ટ્રોન છે. સૌને ગમતા સોનામાં ૭૯ પ્રોટોન છે જ્યારે પારામાં ૮૦ અને સીસામાં ૮૨ પ્રોટોન છે. માત્ર આટલા નજીવા ફરકને કારણે આ તત્ત્વોના ગુણધર્મ, ઉપયોગ, કિંમતમાં કેટલો ફરક પડે છે એ બતાવવાનો મુખ્ય હેતુ આ વિગત આપવાનો હતો.

(એક આડ વાત. જો પારાના પરમાણુમાંથી માત્ર એક પ્રોટોન દૂર કરવામાં આવે અથવા સીસાના પરમાણુમાંથી ત્રણ પ્રોટોન દૂર કરવામાં આવે તો તે સોનું બની શકે છે. આવી કોશિશ સદીઓથી ઘણા લોકો કરતા આવ્યા છે પણ કોઇને સફળતા મળી નથી. આ લોકો અલકેમિસ્ટ કહેવાય છે, જેનો ગુજરાતીમાં અપભ્રંશ કરાયો છે, કીમિયાગર.)

આ માત્ર મૂળ તત્ત્વોની વાત થઇ. આ તત્ત્વોનું એકબીજા સાથે સંયોજન થવાથી એક નવોજ પદાર્થ બને છે (કમ્પાઉન્ડ). જેના ગુણધર્મો મૂળ તત્ત્વો કરતાં સાવ અલગ હોય છે. પૃથ્વી પર કુદરતી તેમજ માનવસર્જિત સંયોજનો એક કરોડ કરતાં પણ વધારે છે. આ બધા મૂળતત્ત્વો અને સંયોજનોના પોતાના વિશિષ્ટ ગુણધર્મ છે. દાખલા તરીકે, માત્ર ઓક્સિજનની હાજરીમાં જ વસ્તુઓ બળી શકે છે, માત્ર લોખંડ જ ચુંબકત્વ ધરી શકે છે, વગેરે...અગણિત દાખલા આપી શકાય.

કાર્બન એક એવું તત્ત્વ છે જે સાવ સહેલાઇથી કેટલાયે અલગ મૂળતત્ત્વો સાથે સંયોજિત થઇ અતિ જટિલ અણુઓ બનાવી શકે છે. આ કાર્બન અને હાઇડ્રોજનના સંયોજનથી એક એવો અણુ બન્યો જેણે વાતાવરણમાંથી બીજા કાર્બન અને હાઇડ્રોજનના પરમાણુઓને આકર્ષી, પોતાના જેવા બીજા અણુઓ બનાવી એક સાંકળ રચી. પોતાની પ્રતિકૃતિ બનાવતા આ અણુઓ ઓર્ગેનિક મોલેક્યૂબ કહેવાય છે જે જૈવિક ઉત્ક્રાંતિની શરૂઆત છે. કોઇને આમાં દૈવી હસ્તક્ષેપ દેખાતો હોય તે એમનો દૃષ્ટિકોણ છે. બાકી જે રીતે ભેજમાં લોખંડ કટાય એના જેવી આ એક રાસાયણિક ક્રિયા માત્ર છે જે યોગ્ય વાતાવરણમાં સ્વયંભૂ થઇ છે, થાય છે. (ઓર્ગેનિક મોલેક્યૂબની શરૂઆત સમજાવવા આટલા ઊંડાણમાં જવાનું જરૂરી લાગ્યું છે.)

આ ઓર્ગેનિક મોલેક્યૂબ નિર્જીવ અને સજીવની બોર્ડર પર ગણાય છે. એમનાથી જ stromatolites બન્યા છે. (પરવારા, સામાન્ય શરદીથી લઇ એઇડ્સ સુધીની બીમારીઓ ફેલાવતા વાઇરસ આ મૂળ ઓર્ગેનિક મોલેક્યૂબની સુધરેલી આવૃત્તિ જેવા છે. વાઇરસ પરોપજીવી છે. એ શ્વાસ લેતા નથી, હલનચલન કરતા નથી પણ પોતાના જેવા બીજા બનાવી શકે છે.

એક કોષીય બેક્ટેરિયમ (બેક્ટેરિયા બહુવચન છે) પ્રમાણમાં ઘણા જટિલ અને વિકસિત છે. એમને અસ્તિત્વમાં આવતાં કરોડો વરસ લાગ્યા. વધારે વિક્સિત જીવો બનતાં બીજા કરોડો વરસ લાગ્યા. ઉત્ક્રાંતિની તબક્કાવાર વાત કરવા માટે એક લેખ પૂરતો નથી, આખું પુસ્તક જોઇએ. એટલે સીધા વાંદરા-માણસની વાત પર આવીએ.

*કલ્યાણની પ્રાપ્તિ ઘણી સરળ છે પણ કલ્યાણની ઈચ્છા જ ન હોય તો તે સરળતા શું કામની?*

પૂંછડીવાળા વાનર ઉત્ક્રાંતિમાં આપણાથી ઘણા પછાત છે. એમની પૂંછડી વગરની વિક્સિત પ્રજાતિ ઍપ (APE) કહેવાય છે. ભારતમાં એમનો વાસ નથી એટલે આપણી ભાષાઓમાં એમના માટે યોગ્ય શબ્દ પણ નથી. અન્યત્ર વસતા આ ઍપની ચાર જાતો છે : ગોરીલા, ચિપાન્ઝી, ઉરાંગઉટાંગ અને બોનોબો.

આ ઍપ પણ આપણા પૂર્વજ નથી. બલકે એમના અને આપણા પૂર્વજ એક હતા. એમની અને આપણી ઉત્ક્રાંતિની શાખા ૬૫ લાખ વરસ પહેલાં છૂટી પડી છે. આ સમય દરમિયાન આપણા પૂર્વજોની કેટલીયે પ્રજાતિઓ થઇ અને નાશ પામી છે. ટૂંકમાં વાનરમાંથી રાતોરાત માણસ નથી થયો, ન થઇ શકે. ઉત્ક્રાંતિને લીધે થતા ફેરફારોને હજારો, લાખો વરસ લાગે છે. ઍપ આપણા પૂર્વજ નહીં પણ દૂરના પિતરાઇ છે. એમના જનીન આપણા જનીન સાથે ૯૮% મળતા આવે છે એટલે "લોહીના સંબંધ છે" એવું જરૂર કહી શકાય.

આજે કાળા, ધોળા, ઘઉંવર્ણા કે પીળાશ પડતા, જેટલા પણ રંગના માણસો છે, એ બધાના પૂર્વજ પૂર્વ આફ્રિકામાંથી આવેલા છે. આધુનિક માણસ આશરે દોઢ-બે લાખ વર્ષો પહેલાં જ અસ્તિત્વમાં આવ્યો છે અને માત્ર ૬૦,૦૦૦ વરસ પહેલાં આફ્રિકાની બહાર નીકળી અન્યત્ર ફેલાયો છે. વાતાવરણ, રહેણીકરણી અને ખોરાક જેવી વિવિધતાને લીધે આપણામાં કેટલો ફરક થયો તે જોઇ શકાય છે. ઉત્ક્રાંતિનું આ એક ઉદાહરણ છે.

ઉત્ક્રાંતિવાદ "હાઇપોથીસિસ" નથી, અનુમાન કે માન્યતા માત્ર નથી, એ વાસ્તવિક્તા છે. એના પુરાવા છે. જમીનમાંથી મળી આવતા પ્રાણીઓ અને વનસ્પતિના અશ્મીઓ; એક જ પ્રજાતિના પ્રાણીઓ વચ્ચે સ્થળ અને કાળને લીધે દેખાતો તફાવત; અને હવે DNA પરીક્ષણના પરિણામો. આ બધું વિસ્તારથી સમજાવતા થોકબંધ પુસ્તકો લાઇબ્રેરીમાં ઉપલબ્ધ છે. આપણે વાંચવાની તસ્દી લેવી પડે.

હવે માત્ર કુદરતી નહિં પણ માનવસર્જિત ઘટનાઓ અને પ્રયત્નોથી આ ઉત્ક્રાંતિની પ્રક્રિયા ઝડપી બની છે જેના પરિણામો હજારો વરસમાં નહિ પણ ટૂંક સમયમાં જોઇ શકાય છે. છેલ્લા થોડા દાયકાઓમાં તબીબી ક્ષેત્રે થયેલ સંશોધનોથી સરેરાશ આયુમર્યાદા વધી છે. ખોરાકમાં થયેલ ફેરફારને લીધે સરેરાશ ઊંચાઇ વધી છે. યૌવન વહેલું શરૂ થઇ લાંબો સમય જળવાઇ રહે છે, વગેરે. આ ઉત્ક્રાંતિ છે.

કૂતરા, ગાય, ઘોડા જેવા પાલતું પ્રાણીઓની ઊંચી નસલ મેળવવા કરવામાં આવતું "ક્રોસ બ્રીડિંગ" ઉત્ક્રાંતિની ક્રિયા ઝડપી બનાવે છે. અનાજ, શાકભાજી વગેરેમાં હાઇબ્રીડથી કરવામાં આવતું વાવેતર પણ ઉત્ક્રાંતિ લાવે છે. આંતરજાતીય લગ્નો દ્વારા (આંતરજ્ઞાતીય નહીં) થતા બાળકો પણ આવું જ ઉદાહરણ છે.

આંખો અને મન ખુલ્લું રાખીએ તો ઉત્ક્રાંતિ ચારે બાજુએ દેખાય છે. કોઇએ લખેલા એક અર્ધસત્ય વાક્ય પરથી ઉત્ક્રાંતિવાદને વખોડાય નહિ. સત્ય સામે આવીને ઊભું છે. દુનિયાની સાથે ચાલવું હોય તો એને સ્વીકાર્યા વગર છૂટકો નથી.

ઉત્ક્રાંતિનો અંત આવ્યો નથી કે આવવાનો નથી. આજે માણસ પોતે કુદરતનું કામ કરી પોતાના લાભ માટે પૃથ્વીની કાયાપલટ કરી રહ્યો છે. એનું પરિણામ સર્વનાશ કહી શકાય એટલું નકારાત્મક આવે તો કુદરત પોતાની રીતે અને પોતાની ઝડપે ઉત્ક્રાંતિ ચાલુ રાખશે. ટેકનોલોજીમાં માનવ જો ધારી પ્રગતિ કરતો રહ્યો તો...? બન્ને શક્યતાઓ પર ઘણાં પુસ્તકો લખાયાં છે.

ઉત્ક્રાંતિવાદની શોધનું શ્રેય ચાર્લ્સ ડાર્વિન અને આલફ્રેડ વૉલસને મળે છે. ખરી રીતે તો એ એમણે કરેલ વિસ્તૃત અભ્યાસ માટે ગણાય. એમનાથી સદીઓ પહેલાં પણ કેટલાક લોકોને ઉત્ક્રાંતિનો ખ્યાલ હતો. પણ તેઓ જાહેરમાં એવું કહેતાં ડરતા હતા, એટલે એમણે ઊંડાણમાં સંશોધન પણ કર્યું નહિ. તાલીબાની વૃત્તિવાળા લોકો ત્યારે પણ હતા અને આજે પણ છે, જે પોતાની માન્યતાથી ભિન્ન વિચારને દબાવી દેવા સદા તત્પર હોય છે. પોતાનું હિત જાળવી રાખવા, પ્રગતિને રોકવાનો કે સત્યને દબાવી દેવાનો આ જૂનો અને જાણીતો માર્ગ ભૂતકાળમાં કામયાબ થયો છે. હવે વર્તમાનમાં એની અસરકારકતા ઓછી થતી જાય છે. પુરવાર થયેલાં સત્યો હવે પ્રમાણમાં સહેલાઇથી સ્વીકારાઇ જાય છે, થોડાક અપવાદ બાદ કરતા.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## સચ્ચિદાનંદ વાત્સ્યાયન 'અજ્ઞેય'

હિંદી સાહિત્ય જગતમાં સચ્ચિદાનંદ વાત્સ્યાયન 'અજ્ઞેય' (૧૯૧૧-૧૯૮૭)નું નામ અત્યંત સન્માનનીય છે. સાહિત્યના લગભગ તમામ સ્વરૂપ જેવાં કે કવિતા, નાટક, નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ, વિવેચન, પ્રવાસ, સંસ્મરણો, સંપાદનો તથા પત્રકારિત્વ વગેરે બધામાં તેઓ મહારથી ગણાય છે.

પણ થોભો, હજુ ઘણું બાકી છે.

મૂર્તિકલા, શિલ્પ, ચિત્રકલા, સુથારીકામ, ચર્મ શિલ્પ, સીવણ કળા, વણાટ, બાગાયતી, ઘોડેસવારી, પર્વતારોહણ, ફોટોગ્રાફી, ઘર સજાવટ, પાવડા - કોદાળી વડે જમીનકાર્ય, પિસ્તોલ વડે નિશાનબાજી વગેરેમાં પણ નિષ્ણાત - મહારથી.

પણ થોભો, હજુ થોડું બાકી છે.

સ્વરાજની લડતમાં ચંદ્રશેખર આઝાદના સાથીદાર ભગતસિંહને જેલમાંથી છોડાવવાની યોજના ઘડનાર, બોમ્બ બનાવવામાં પણ સાથીદાર, રાજદ્રોહના આરોપસર ૧૯૩૦માં ગિરફ્તાર. પગમાં બેડી. છેલ્લે છૂટ્યા પછી લશ્કરમાં જોડાયા. કેપ્ટનના પદ સુધી પહોંચ્યા. લશ્કર છોડીને મેરઠ કિસાન આંદોલનમાં સક્રિય. પછી બિહારમાં દુષ્કાળ રાહતકાર્યમાં સક્રિય.

ધર્મ દર્શન, લોક કલા, વિવિધ સંસ્કૃતિઓનો અભ્યાસ એમાં પણ મહારથી.

કોઈપણ 'વાદ'માં ફીટ નહીં.

બહુ જ અઘરું લાગે છે ને?

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*દરેક સારી વાત પહેલાં મજાક બને છે, પછી તેનો વિરોધ થાય અને છેલ્લે તેનો સ્વીકાર થાય છે. — વિવેકાનંદ*

# ભારતમાં ભ્રષ્ટાચાર – મૂળભૂત કારણો

• મગનલાલ સંઘવી •

આપણા દેશમાં વ્યાપેલ ભ્રષ્ટાચાર માટે અનેક જાતના જુદા જુદા અભિપ્રાયો વાંચવામાં - સાંભળવામાં આવે છે. તંત્રીશ્રીએ પણ તેમનું એક વિધાન "ભ્રષ્ટાચાર પેદા કરતી પ્રથાને તોડવાની જરૂર છે" એ બાબત વિચારણીય છે, પણ આ પ્રથાની ડાળીઓ પકડવાથી કામ નહીં ચાલે. પ્રથાના મૂળ સુધી જવું પડશે.

આઝાદી બાદ જ્યારે આપણી સમક્ષ રાજ વહીવટ માટેની પદ્ધતિ પસંદ કરવાનો સમય આવ્યો ત્યારે લગભગ બધી જ બાબતો માટે બ્રિટિશ પદ્ધતિ સ્વીકારી લીધી. સંસદ, ચૂંટણી, ન્યાયતંત્ર બધું બ્રિટિશ પદ્ધતિ મુજબ સ્વીકાર્યું. અત્યાર સુધીના અનુભવે એમ લાગે છે કે આ પદ્ધતિ આપણા દેશને માફક આવી નથી અને ઉચ્ચ કક્ષાએ ભ્રષ્ટાચારને જન્મ આપે છે.

આજથી ૧૦૦ વર્ષ પહેલાં ગાંધીજીએ તેમના પુસ્તક "હિંદ સ્વરાજ"માં લખ્યું હતું કે "ભારત જો ઇંગ્લેન્ડની નકલ કરવા જશે તો પાયમાલ થઈ જશે." આ ઉક્તિ સાચી પડતી હોય એમ લાગે છે.

સૌ પ્રથમ ચૂંટણીને લઈએ તો આ પ્રથા ખૂબ જ ખર્ચાળ છે. ભંડોળ માટે ઉદ્યોગપતિઓને લાભ આપવો પડે છે. બ્રિટનમાં ૨-૩ પક્ષની જગ્યાએ આપણે ત્યાં ૨૦-૩૦ કે તેથી પણ વધારે પક્ષો છે. અભણ વર્ગમાં અને મહદ્ અંશે ભણેલા વર્ગમાં પણ જ્ઞાતિ, પ્રાંત કે નાણાના જોરે જ મત મળે છે અને અયોગ્ય વ્યક્તિઓ, ગુનેગારો અને બાહુબલીઓ જ ચૂંટાઈ આવે છે, જેઓ ચૂંટાયા બાદ કુટુંબનો ઉદ્ધાર કરવા તથા બીજી ચૂંટણીઓ લડવા માટે નાણા એકત્ર કરવા અને એ માટે બધા જ ભ્રષ્ટચારી પદ્ધતિઓ અપનાવવા સિવાય બીજું કંઈ કરતા નથી. આમાં અપવાદ હોઈ શકે છે.

પ્રધાન મંત્રી ગમે તેવા સારા હોય છતાં તેઓને પોતાના પ્રધાન મંડળની રચના આ જ સાંસદોમાંથી કરવાની હોય છે. આપણે અપનાવેલી બ્રિટિશ સંસદીય પદ્ધતિમાં જો શાસક પક્ષની પૂર્ણ બહુમતી ન હોય તો અન્ય ફુટકળિયા પક્ષોની દાદાગીરી અને ભ્રષ્ટાચાર સહન કરવા પડે છે અને ક્યારેક આયા રામ ગયા રામ કે સાંસદોના ખરીદ વેચાણ પણ થાય છે. આવી જ પરિસ્થિતિ રાજ્ય વિધાનસભાઓમાં પણ સર્જાય છે.

ત્યારબાદ આપણે અપનાવેલું ન્યાયતંત્ર અતિશય ખર્ચાળ, અને લપસીંદર ન્યાય પદ્ધતિ બાબત વધારે વિવરણ કરવાની જરૂર ખરી? ૧૦-૧૫ વર્ષ સુધી કેસ ચાલે, કોર્ટમાં કરોડો કેસનો ભરાવો થતો રહે. કાયદાઓનું જાળું એવું જટિલ કે સામાન્ય માણસને સમજાય જ નહીં. રાજકીય કક્ષાએ વગદાર વ્યક્તિઓ ઉપર કેસ ચલાવવામાં પણ માયાવતી અને લાલુ સાથે સોદાબાજી થાય. આ પદ્ધતિ ધરમૂળથી સુધારણા માંગે છે. હાલ તો એક પણ ભ્રષ્ટાચારી રાજકારણીને યોગ્ય સજા થાય એ માટે રાહ જોવી રહી.

આ પદ્ધતિની સામે અમેરિકન પ્રમુખશાહી પદ્ધતિ સરખાવી શકાય.

સૌપ્રથમ જે તે રાજકીય પક્ષના સભ્યો જ આંતરિક ચૂંટણી દ્વારા ઉમેદવારો નક્કી કરે છે. પછી તે સંસદના હોય કે પ્રાંતીય ગવર્નર કે પ્રમુખ હોય. કોઈ પક્ષના વડા પોતાની મરજી મુજબ ઉમેદવાર નક્કી ન કરી શકે.

એક વખત ચૂંટાયા બાદ પ્રમુખને સંસદની બહુમતીની સાડીબારી રહેતી નથી. પ્રધાન મંડળના સભ્યો પ્રમુખ સંસદ બહારથી યોગ્યતા મુજબ લઈ શકે છે, જેને સંસદની મંજૂરીની જરૂરત રહે છે. આમ પ્રમુખ અને સંસદની સત્તા વચ્ચે બેલેન્સ જળવાય છે અને કોઈ સોદાબાજીને અવકાશ રહેતો નથી.

અમેરિકન ન્યાય પદ્ધતિમાં પણ કેસનો ફેંસલો ૧થી ૨ વર્ષમાં જ આવી જતો હોય છે.

દરેક પદ્ધતિની પોતાની ખૂબીઓ અને ખામીઓ હોય છે. છેવટે તો દરેક દેશે પોતાની પ્રજાને અને સંસ્કૃતિને અનુકૂળ આવે એવી રાજ્ય પદ્ધતિ અને ન્યાય પદ્ધતિ અપનાવવી જોઈએ. વિદેશોની આંધળી નકલ કરાય નહિ. આ બાબતમાં ચાણક્ય નીતિ જેવા આપણા પ્રાચીન ગ્રંથોમાંથી પણ માર્ગદર્શન મળી શકે.

આર્થિક બાબતોને લઈએ. આ ક્ષેત્રની ખોટી નીતિઓના કારણે રાષ્ટ્રને મોટું નુકસાન આર્થિક ઉપરાંત સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ સહન કરવું પડ્યું છે. પશ્ચિમનું અર્થશાસ્ત્ર માત્ર શોષણ આધારિત છે, જેમાં માનવીય મૂલ્યોને કોઈ સ્થાન નથી. આ આર્થિક પદ્ધતિ આપણી સંસ્કૃતિને જરા પણ અનુકૂળ નથી. માત્ર જી.ડી.પી. અને જી.એન.પી. વધે એની સાથે મોંઘવારી પણ વધતી જ જાય એવું અર્થશાસ્ત્ર શું કામનું?

ઉદ્યોગનીતિમાં પણ શરૂના રાજકર્તા પક્ષે રશિયાની નકલ કરી સમાજવાદી અભિગમ અપનાવ્યો. આ કારણે બધું સરકાર કરે અથવા સરકારની મંજૂરીથી જ થાય. ક્વોટા - પરમિટ અને લાઈસન્સ રાજમાં પુષ્કળ ભ્રષ્ટાચાર થયો. સમાજવાદના નામે ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓને શોષણખોર ચીતર્યા. વિવિધ પ્રકારના ઊંચા કરવેરાથી સંપત્તિનું સર્જન બંધ થયું અને કાળાબજાર તથા ભ્રષ્ટાચારને ઉત્તેજન મળ્યું. આવકવેરાનો મહત્તમ દર ૯૫% ઉપર લઈ જવાયો. ઉપરાંત સંપત્તિવેરો, બક્ષિસ વેરો, વારસા વેરો વગેરે ભરતાં આવક કરતાં વેરા વધી જાય એવા સંયોગોમાં કરચોરી અને ભ્રષ્ટાચાર ન વધે તો જ નવાઈ!

ભ્રષ્ટાચાર નાબૂદ તો થાય નહિ, પણ ઉચ્ચ કક્ષાએ ભ્રષ્ટાચાર રોકવા માટે નીચેના

*મહેનત અને ઉદ્યોગ ચુંબક જેવા હોય છે જે શ્રેષ્ઠ પદાર્થોને પોતાની પાસે ખેંચે છે.*

ઉપાયો યોજવા જોઈએ એમ લાગે છે. (તંત્રીશ્રીએ સૂચવેલા અમુક ઉપાયો ઉપરાંત)

૧. રાજકીય માન્ય પક્ષોના સભ્યો બાકાયદા નોંધાયેલા હોવા જોઈએ અને સંસદ કે વિધાનસભાના ઉમેદવારો એ સભ્યો જ મતદાનથી નક્કી કરે.

૨. પ્રથમદર્શી પુરાવા હોય એવા ગુનેગારો ચૂંટણી ન લડી શકે.

૩. વહીવટી તંત્રે કોઈપણ બાબતનો – ફાઈલનો નિકાલ સમય મર્યાદાની અંદર કરવો જ પડે. ના કરવા માટે પ્રતીતિજનક કારણો આપવા પડે. અન્યથા જવાબદાર અફસરને સજા થાય.

૪. આઈ.એ.એસ. ઓફિસર મિનિસ્ટરોના ગેરકાયદેસરના કામ કરવાનો ઈનકાર કરે તો તેને બદલી કરી ગમે ત્યાં ફેંકી દેવાની સત્તા મિનિસ્ટરોને ન હોવી જોઈએ. સામે ઓફિસર મિનિસ્ટરને નહિ પણ બંધારણ અને પ્રજાને વફાદાર હોય. તે જો ગેરકાયદે કામ કરે તો બરતરફી સુધીની સજા કરાય.

૫. લોકપાલની નિમણૂક અને તેને આપવાની સત્તા માટે લાંબા વખતથી મધ્યસ્થ અને રાજ્ય સરકારોમાં વિવાદ ચાલે છે. ઉચ્ચ કક્ષાએ બેઠેલા કોઈની દાનત લોકપાલને પૂરતી સત્તા આપવાની નથી. જેથી જ્યાં લોકપાલની નિમણૂક થઈ છે ત્યાં પણ તેમને ભલામણ કરવા સિવાય કોઈ સત્તા અપાતી નથી. લોકપાલ તેમજ સી.બી.આઈ. જેવી સંસ્થાઓને સરકારથી સ્વતંત્ર રાખીને કોઈપણ જવાબ માંગી શકે એટલી સત્તા અપાવી જોઈએ.

આ યાદી હજુ લંબાવી શકાય, પણ આટલું કરવાની પણ કોઈપણ રાજકીય પક્ષની દાનત નથી દેખાતી. આમ કરવામાં બધાનું સ્થાપિત હિત જોખમમાં આવી પડે છે!

તંત્રીશ્રીએ પ્રજા જાગૃતિ માટે શિક્ષણ સુધારણાની હિમાયત કરી છે. અહીં પણ આપણે પાયામાંથી જ ભૂલ કરી છે. અંગ્રેજ રાજ્યકર્તાઓએ પોતાના વહીવટ માટે કારકૂનો પેદા કરતી મેકોલેશાહી પદ્ધતિ આપણે પણ અપનાવી. પરિણામે ગુલામી ચાલુ જ રહી. ધર્મનિરપેક્ષતાના નામે સાંસ્કૃતિક અને નૈતિક શિક્ષણની પણ બાદબાકી થઈ ગઈ. શિક્ષણ વધારેને વધારે ભૌતિક સમૃદ્ધિ જ મેળવવાનું સાધન બની ગયું છે. એવા ફેરફાર થવા જોઈએ કે જ્યાં કેરિયર સાથે કેરેક્ટરનો પણ વિકાસ થાય. આવી શરૂઆત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણથી શરૂ થવી જોઈએ. નવા અખતરાઓ થવા જોઈએ. દરેક શિક્ષણ સંસ્થા અને દરેક પાઠ્યપુસ્તક રાજ્ય દ્વારા પ્રમાણિત હોય એ જરૂરી નથી. રાજ્ય નાણા આપે (જે પ્રજાના જ હોય છે) એ સિવાય વધારે પડતી દખલગીરી ન કરે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વાત કાગળ ઉપર જ રહી ગઈ છે કારણ સરકારી શાળાઓનું કંગાળ ધોરણ. આમાં ધરમૂળથી સુધારા થવા જોઈએ.

છેલ્લે મોટો સવાલ એ આવે છે કે આ બધું કોણ અને ક્યારે કરશે? રાજકારણીઓ તો કરવાના નથી. પ્રજાની જાગૃતિથી જ લાંબાગાળે થાય એવી આશા રાખીએ.

*ત્રિવેણી બંગ્લોઝ,*
*એચ.પી. પેટ્રોલ પંપ પાસે,*
*સત્યમાર્ગ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૮૭૧૯૨૫*

**વિચાર વિમર્શ**

# મન એવ મનુષ્યાણામ્ કરણમ્ બંધ મોક્ષયોહોઃ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

મન અજીબ ચીજ છે. એ છે ને નથી. મનને કોણે જોયું છે? એના કોઈ આકાર, રૂપ, રસ, ગંધની માહિતી છે આપણને? છતાં મન છે એ હકીકત છે. બધા કબૂલ પણ કરે છે. એટલું જ નહિ, કબૂલ એવું પણ કરે છે કે મનને કાબૂમાં રાખવું મુશ્કેલ. બધું સમુસુતરું ચાલતું હોય, એકાએક કંઈ થઈ જાય. વ્યક્તિનો વિચાર પલટો થઈ જાય. જે થવાનું ધાર્યું હતું તેનાથી કંઈક વિપરીત થતું દેખાય. મનનો - વિચારધારાનો સહેજે મગજ સાથે સીધો સંબંધ. મગજમાં અમુક એવી જગ્યા છે જેના પર માણસની વિચારધારા અવલંબે છે. એ જગ્યાને કોણ પ્રજ્વલિત કરે છે? યા કોણ બંધ કરે છે? અત્યાર સુધીની ખોજ બહુ સીમિત છે. છતાં માણસ સ્વયંભૂ - સ્વતંત્ર રીતે વિચાર કરી શકે છે તે હકીકત છે. અહીં માણસની જ વાત સુભાષિતકારે કરી છે. એ કોઈ ડાહ્યો, સમજુ, શાણો વિદ્વાન હશે. કારણકે મનુષ્ય સિવાયના જીવ જગતની એણે વાત કરી નથી. ઉત્ક્રાંતિવાદ પ્રમાણે માણસ સૌથી વિક્સિત છે. છતાં અન્ય જીવો સાવ નિમ્ન કક્ષાના છે એવું પ્રતિપાદિત થઈ શકે?

માણસનો પોતાના મન પર કાબૂ નથી. મન સ્વૈરવિહારી છે. એને જ્યાં ભમવું હોય ત્યાં સ્વચ્છંદતાથી ભમવા સ્વતંત્ર છે. હજારો વ્યક્તિઓ કોઈ ધાર્મિક કે આધ્યાત્મિક પ્રવચન સાંભળતી લીન થઈ બેઠી હોય, ધારી લઈએ કે મોટાભાગની વ્યક્તિઓનું મન પ્રવચનમાં પરોવાયેલું હશે, છતાં જેમ કેમેરો ફરતો રહે, તેમ નજર ફેરવતા રહીએ તો વ્યક્તિઓના મુખારવિંદ એમના મનમાં ચાલતી વિવિધ વિચારધારાની ચાડી ખાઈ જાય છે. મનને કાબૂમાં રાખવાના પ્રયત્નો અનાદિકાળથી શાણા પુરુષો કરતા આવ્યા છે. એને કાબૂમાં રાખવાની વિધવિધ વિધિઓ ને નિયમો ઊભા થયાં છે. જેમના મોટાભાગનામાં કંઈક તથ્ય જરૂર છે. વ્યક્તિ પોતાની વિચારધારા પર સંપૂર્ણ કબજો જમાવી શકે યા વિચારધારાના તાળું મારી શકે એવી સંપૂર્ણ સ્થિતિ હાંસિલ કરી શક્યા નથી. હકીકતમાં મનને સંપૂર્ણ કાબૂમાં લાવી શક્યો તે મનુષ્યમાંથી મહામાનવ થઈ શક્યો એવી શક્યતા છે.

મનનો વિહાર કેવો થશે, ક્યાં ભટકશે યા ક્યાં અટકશે એને માટે કોઈ સર્વસામાન્ય નિયમ નથી. જે વાત વ્યક્તિના હાથની નથી એને બાંધી કેમ શકાય? છતાં થોડુંક પ્રમાણ આપી શકાય કે વ્યક્તિની મનોઃસ્થિતિનો આધાર બહૂધા એના જન્મજાત સંસ્કાર, ઉછેર, પરિવેશ, કેળવણી ને ઉંમર પર આધાર રાખે છે, ડાહ્યો, શાણો, ઠરેલ, સમજુ માણસ ખરાબ વિચારતા જરાક વિચાર કરશે કે પોતે કેવું વિચારી રહ્યો છે. એની વ્યવહાર બુદ્ધિ વહારે ધાસે ને બનતા લગી કોઈ કુવિચાર કરવા મનને રોકી રાખવા પ્રયત્ન કરશે. છતાં એની જરા પણ ખાતરી નથી. જબરજસ્ત સંસ્કારી, ઠરેલ, ઠાવકા વિધાનમાં પણ થોડીશી બેવફાઈના ગુણ સુષુપ્ત અવસ્થામાં કોઈક ખૂણામાં પડ્યા રહે છે. બહુધા મુડદાલ સાપની જેમ ગુંચળું વાળી પડેલ એ (અવ)ગુણ કંઈ કરતા નથી છતાં સુતેલા સાપ પર અચાનક પગ પડે તો? વિશ્વામિત્ર તો મહાન ઋષિ હતા. બધી ઈન્દ્રિયો વશ કરી લીધી હતી છતાં ઘડીના છઠ્ઠા ભાગમાં મેનકાએ એ બધી સિદ્ધિઓ પર પાણી ફેરવી દીધું.

ઈન્દ્રિયોથી પણ ઉપર એવી સ્થિતિ છે જેને આપણે Instinct Impulse પ્રેરણા કહી શકીએ. એ એક Trigger Bone છે. વ્યક્તિ કંઈક જોતી રહે ને સહજભાવે એનું પૃથક્કરણ મનમાં થતું રહે. એ પ્રમાણે એ પોતાના પ્રત્યાઘાત કે પ્રતિક્રિયા આપતી રહે. કોઈક અવનવી ઘટના બને જે આકસ્મિક ને અણધારી તો હોય જ, સાથે સાથે અવનવી પણ હોય. આવી ઘટના જ્યારે બને છે ત્યારે ભલભલી ઠરેલ, ઠાવકી ને કહેવાતી બુદ્ધિશાળી વ્યક્તિઓ પોતાની એ મૂડી જેના પર મુસ્તાક હોય છે તેને ભૂલી જઈ કુદરતના પરિબળોને પોતાની જાતને સ્વાધીન કરી દે છે. ભલભલા વિચારકો ને વિદ્વાનો ઓચિંતી કોઈ કુદરતી આફત આવે ત્યારે એનો સામનો ન કરતા શિયાવિયા થઈ પોતાની જાતને એવા પરિબળોને હવાલે કરી દે છે. માણસ બહુ જ લુચ્ચું પ્રાણી છે. બહુધા એને હૈયે તેવું હોઠે નથી હોતું. એટલે સ્વસ્થ દશાના જે નીતિનિયમો ને ધારાધોરણોની બાંગ પોકારતા રહે છે તે તક મળ્યે, લાગ આવ્યે, એ બધાને અભેરાઈ પર ચડાવી દેતા જોવાય છે. હકીકતમાં સામાન્ય માણસથી ઉચ્ચત્તમ સાધુસંત કોટિના મનુષ્યની મનઃસ્થિતિ અસલમાં કેવી છે તે જાણવું હોય તો એને એવી અજાણી જગ્યાએ છોડી દેવા જ્યાં એને કોઈ ઓળખતું ન હોય, એની પેલા સંતને ખબર પણ હોય. અવનવા પ્રલોભનો ને સરકણી રેતી વચ્ચે વિચરતા આવા સંતો કે સામાન્યો જેઓ પ્રગટ રીતે નીતિ નિયમોનું જોરશોરથી પ્રતિપાદન કરતા હોય, એમાંને કેટલા આ કસોટીમાંથી ઉત્તીર્ણ થાય છે તે જાણવું બહુ જ રસપ્રદ થઈ રહેશે. હકીકતમાં જાહેરમાં કોઈ વ્યક્તિ, જે સંતકોટિએ પહોંચેલી હોય, હકીકતમાં એવી છે કે નહીં તેની ખાતરી એના સંસર્ગમાં આવવાથી થોડા જ સમયમાં થઈ શકે છે. જે નિર્મળ હશે, જેનું હૈયે તેવું હોઠે હશે, બનતા લગી એ મૌનમાં જ રહેશે. એની વાણી વિસામો લેતી હશે. જે બહુ બોલે તે નકામો. આવા સંતોની ભાષા, હલનચલન (Body Language) કે દાખલા દલીલમાં ક્યાં ને ક્યાં સુષુપ્ત મન, જે રૂગ્ણ છે તે માથું ઊંચકતું દેખાશે. જે નિર્મળ છે તેનું બધું, વાણી, વર્તન,

*સત્ય જરૂર બોલો પણ અપ્રિય ન લાગે તેવું બોલો.*

વિચાર, હાવભાવ ને હલનચલન સહજ હશે. આંખ મગજને જોવાની બારી છે. નિર્મળ આંખ નોખી જ તરી રહેશે. એની અસર તરત હૈયા સુધી પહોંચશે. હજારો પ્રયત્ન કરવા છતાં, ભાતભાતના ને જાતજાતના ગોગલ્સ પહેરવા છતાં લુચ્ચાઈ નાગી થઈ છડી પોકારશે જ.

નિર્મળ હૃદયના સંતોની પરીક્ષા ડગલે ને પગલે થતી રહે છે. એમને એ બધું સહજ છે. એમને એવી પરીક્ષાની પડી પણ નથી. જે સાચો નથી તે તરત ખુલ્લો થશે. ઘણીવાર એમના અનુયાયીઓ એમને છાવરવા મરણિયા પ્રયત્ન કરશે. હકીકતમાં સંતોને બગાડનાર સંસારીઓ જ છે. એક છૂપો દ્વેષભાવ — 'બેટો આત્માનું કલ્યાણ કરવા નીકળ્યો છે. જોઉં તો ખરો કેટલાકમાં છે!' એવો ભાવ કુદરતે મનુષ્યમાં મૂક્યો જ છે. ખાસ કરીને વિજાતીય વ્યક્તિને આવો ભાવ વધુ આવે છે, ને ભલભલા સંતોને માટીપગા બનાવી દે છે.

આવા ચંચળ ચલિત, કૂદાકૂદ કરવાની ટેવવાળા મનને કાબૂમાં રાખવા પ્રયત્નો અનાદિકાળથી થતા જ રહ્યા છે. શાણા લોકોને એ સમજાઈ ગયું હતું કે મન જ એવી ચીજ છે જે આપણને તારે યા મારે. એને કાબૂમાં રાખવા વિવિધ પ્રયત્નો થયા ને વિધવિધ રીતો વિક્સી. એ બધી રીતોમાં કેન્દ્રીય વાત એક જ હતી. વ્યક્તિએ પોતાનું ધ્યાન ક્યાંક કોઈ વસ્તુ યા ઘટના પર કેન્દ્રિત કરવું. એ કરવું ઉપર ટપકે તો સાવ સહેલું લાગે છે પણ એટલું સહેલું નથી. જ્યારે શિખાઉ વ્યક્તિ પોતાના કોઈ અંગઉપાંગ પર યા સામે રાખેલ કોઈ ચીજ પર ધ્યાન કેન્દ્રિત કરે છે ત્યારે શરૂઆતમાં તો થોડીક પળ મન ત્યાં જ ચોંટે છે. એકાએક એ ચીજમાંથી બારી ખૂલે છે ને એ બારી દ્વારા મન ગગનમાં વિહરતું થાય છે. ગગનમાં વિહારીપણું આવે ત્યારે કહેવાતા ધ્યાનમાં બેઠેલી વ્યક્તિ ચમકી જાય છે ને ફરી મંડી પડે છે ધ્યાન કેન્દ્રિત કરવા. અહીં પેલી વ્યક્તિને મનોમન દિલાસો મળે છે કે પોતાનું મન ગગનવિહાર કરી આવ્યું એ એના સિવાય બીજા કોઈને ખબર નથી. હકીકતમાં આવા ધ્યાનમાં બેઠેલ ટોળામાંથી દરેક વ્યક્તિનું આવું થતું હોય છે. બધા મનમાં સમજતા હોવા છતાં કોઈ કબૂલ કરતું નથી ને આધ્યાત્મિક સાધના કર્યાનો ઓડકાર ખાતા રહે છે. કદાચ કોઈને આ વધુ પડતું યા ખોટી ટીકારૂપ ભાસશે. સત્ય હંમેશાં કડવું હોય છે. આવા સાધકો છેવટે દમન પર ઉતરી જાય છે. તપશ્ચર્યાથી જેમ દેહ દમન થતું રહે છે તેમ સાધના કરનાર પોતાની વિચારધારા પર દમન કરતો રહે છે. દમન કરવાથી તે વસ્તુ થોડો સમય છૂપાઈ જશે યા શાંત થઈ જશે પણ થોડા જ સમયમાં સ્પ્રિંગની જેમ ઉછળી, રૂગ્ણરૂપે બહાર આવશે.

મનને કાબૂમાં રાખવાનો માર્ગ એટલો વિકટ નથી. વિકટ છે પણ અશક્ય નથી. પહેલાં તો વ્યક્તિએ સાક્ષીભાવ કેળવવો જોઈએ. જે કંઈ મનમાં ચાલી રહ્યું હોય, તેનું સાક્ષીભાવે પોતાની જાતથી અળગા થઈ તટસ્થતાથી વિશ્લેષણ કરવું જોઈએ. એમ કરવાથી આસ્તે આસ્તે વ્યક્તિ પોતે જ પોતાની ખરી મનઃસ્થિતિ સમજી શકશે. સહજભાવે આવું કરતા રહેવાથી એ એક ટેવ બની રહેશે. વ્યક્તિ જે કંઈ કામ કરતી હોય — નોકરી, વ્યવસાય, ધંધો કે ઘરકામ એમાં ચિત્ત પરોવી, દિલ દઈ પ્રેમથી કરવું. હૈયે તેવું હોઠે. યાને કે સાચું બોલવું. આપણે જે કામ કરતા હોઈએ તે પ્રેમથી ને દિલ દઈ કરીએ તો તે યોગ જ થયો. 'યોગઃ કર્મસુ કૌશલમ્.' આવી બધી ક્રિયાઓ જેટલી આપણા જીવનની હરપળ થતી ગતિવિધિઓમાં જ વણી લઈએ તો એ બધી સહજભાવે થતી રહેશે. એનો કોઈ બોજ નહિ રહે ને એક અજીબ પ્રકારની સ્વસ્થતા શરીરમાં દેખા દેતી થશે. આપણે કોઈપણ કામ — શાક સમારવું, ટાઈપ કરવું, ડ્રાઇવિંગ કરવું, ઍરોપ્લેન ચલાવવું કે ઑપરેશન કરવું ઓતપ્રોત થઈ પ્રેમથી કરીએ તો એમાંથી અનેરો આનંદ આવશે. સ્વસ્થતા વર્તાશે ને વિચારો હકારાત્મક થશે. એ બધું સ્વભાવગત થઈ જશે તો આપણને પોતાને નવાઈ લાગશે કે મન પર આપણે કેટલો કાબૂ લાવી શક્યા છીએ. આપણે આપણી જાત પર કાબૂ લાવી શક્યા એ મોટી સિદ્ધિ છે. આત્મામાંથી પરમાત્માને સ્વર્ગ વગેરેની મોટી વાતોની ચિંતા યા વિચાર કરવાની જરૂર નથી. એ એટલું સહેલું નથી. બધાને માટે શક્ય નથી. હથેળીમાં ચાંદ જોવાની ચેષ્ટા ન કરીએ તો જ સુખી થવાય.

કોઈપણ જાતના દમન વગર, રોજિંદી ક્રિયાઓમાં જ આ ક્રિયાને વણી લેનાર વ્યક્તિ મન પર કેટલો કાબૂ લઈ શકશે કહેવું મુશ્કેલ છે. છતાં એ એટલી સ્વસ્થ બની રહેશે કે એને સમજાશે પોતાની હેસિયત, કક્ષા કે સ્થિતિ. એનામાં સ્વત્વ આવશે. અહીંતહીં નકામાં ફાંફાં નહીં મારે. પોતાનું કામ પ્રેમથી કરનારનો ઉદય હંમેશાં થાય જ છે.

*૫૦/૪, રામ સદન,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા,*
*મુંબઈ-૪૦૦ ૦૧૯.*

## ગૌચર જમીન પરનાં દબાણ કાયદેસર કરવા હલચલ

ગુજરાત રાજય સરકાર આગામી દિવસોમાં પશુઓ માટેના ગૌચરની ફાળવાયેલી જમીન પર ગેરકાયદેસર રીતે થયેલા બાંધકામોનાં દબાણોને દૂર કરવાં વિચારણા કરી રહી છે. કચ્છમાં ૭.૩૦ લાખ પશુધનની સામે હાલમાં માત્ર ૯૨.૯૭ હેક્ટર જમીન જ ગૌચર અર્થે ઉપલબ્ધ છે.

બીજી તરફ રાજ્યમાં પશુધનની સંખ્યાના પ્રમાણમાં ગૌચરની જમીન ઓછી છે ને તેના ઉપર પણ રહેણાંક કે અન્ય હેતુ માટેના ગેરકાયદેસરના બાંધકામ થઇ ગયા છે. આવા દબાણો તોડવા અને રહેણાંકના મકાનો દૂર કરવા સરકાર દ્વારા પગલાં ભરાય તો મોટા સામાજિક પ્રશ્નો ઊભા થવાની શક્યતા છે. આવી સ્થિતિમાં સરકાર માટે અતિ મહત્ત્વની ન હોય તેવી ગૌચરની જમીન ઉપર બંધાઈ ગયેલાં વર્ષો જૂના ગેરકાયદેસર બાંધકામ તોડવાનાં બદલે તેને નિયમિત કરવા અંગે વિચારણા શરૂ થઇ છે.

રાજ્યમાં ધારાધોરણ મુજબ ગૌચરની જરૂરિયાત ૩૯,૫૬,૪૮૦ હેક્ટર જમીનની છે જ્યારે રાજ્યમાં હાલ ૨,૪૭,૨૮૦૦૦ પશુધન માટે માત્ર ૮,૫૦,૩૦૦ હેકટર જમીન ગૌચર માટે ઉપલબ્ધ છે. ■

*અહંકારથી કામ તો કોઈ પણ કરી લેશે પણ પોતાના કલ્યાણનું કામ પોતે જ કરવું પડશે.*

# કેટલાક પવિત્ર તમાચા

• દિનેશ પંચાલ •

બહુધા દીકરાઓની નજર બાપની તિજોરી પર હોય છે- લાઈબ્રેરી પર નથી હોતી. વિનોદ ભટ્ટે કહેલું : 'સોના ચાંદીની દુકાન લુંટાઇ છે. કદી પુસ્તકોની દુકાન લુંટાતી નથી!' આપણે એવાં સમાજમાં જીવીએ છીએ જ્યાં લાઇબ્રેરી કરતાં લૉકરનું મહત્ત્વ વધારે અંકાય છે. બાપની મિલકત માટે લડતાં દીકરાઓ ગલી ગલીએ મળી આવશે. બાપના પુસ્તકો માટે લડતા દીકરાઓ કરોડે એકાદ પણ નહીં હોય. બાપના સારા સંસ્કાર અને ઉજ્જવળ જિંદગીના વારસાનો દીકરાને ખાસ આનંદ હોતો નથી. બદલાતા જનજીવન સાથે મૂલ્યો બદલાઇ રહ્યાં છે. વિચારોમાં વરવા પરિવર્તન આવી રહ્યાં છે. ઇમાનદારીને લોકો નાદારી ગણવા લાગ્યા છે. સરકારી ઓફિસમાં કામ કરતો પિતા પ્રામાણિક હોય તેનું દીકરાને ગૌરવ નથી. પિતાની પવિત્ર ગરીબી દીકરાઓને કોબ્રાના ડંખ જેવી લાગે છે. માણસ કૉલગર્લની ગ્લેમર જોઇને અંજાઇ જાય છે તેમ દાણચોરોના દીકરાઓને 'હોન્ડાસિટી' કારમાં ફરતાં જોઇને ગરીબના દીકરાઓ અંજાઇ જાય છે. ગાંધીજીને ત્યાં કદી ઇન્કમટેક્ષની રેડ પડી હતી? જયલલિતાની જેમ એમના ઘરમાંથી સોનાની પાટો જડી આવે એવા સમાચારની કલ્પના થઇ શકે ખરી? સારું ચરિત્ર કે સારા સંસ્કાર હવે મ્યુઝિયમમાં સાચવી રાખવા જેવી વસ્તુ બની ગયા છે. પિતાની જગવ્યાપક પ્રતિષ્ઠાનું દીકરાને ગૌરવ હોત તો મોહનદાસ કરમચંદ ગાંધીનો દીકરો કદી દારૂ પીતો હોત ખરો?

એક પ્રશ્ન એવા પિતાને પૂછવાનું મન થાય છે જે પોતે જજ છે. તેમનો દીકરો મોટી કંપનીનો મેનેજર છે. સમજો કે એ જજ તમે પોતે છો. તમારો દીકરો ક્લાયન્ટ સાથે મળીને લાખોની લાંચનો સોદો કરે છે. તમે તે કુકર્મના સાક્ષી છો. તમારી પાસે એ કેસ આવે છે. તમે શો ચુકાદો આપશો? દીકરાને સજા કરશો કે નિર્દોષ જાહેર કરશો?

બાળપણમાં સાંભળેલી એક વાર્તાનું સ્મરણ થાય છે. એક ચોરને ફાંસીની સજા આપતાં પહેલાં તેની અંતિમ ઇચ્છા પૂછવામાં આવી. ચોરે તેની માતાને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. મા અશ્રુભરી આંખે હાજર થઇ. સૌના આશ્ચર્ય વચ્ચે દીકરાએ માના ગાલ પર એક તમાચો લગાવી દીધો, અને કહ્યું : "મા, મેં ઇંડું ચોર્યું, સ્કૂલમાંથી ચોપડાં, પેન્સિલ, કંપાસબોક્સ, પૈસા વગેરેની ચોરી કરી. તેં હંમેશાં પ્રોત્સાહન આપીને મને રીઢો ચોર બનાવ્યો. જયારે મેં પહેલું ઇંડું ચોરેલું ત્યારે જ તેં મને તમાચો માર્યો હોત તો આજે મારે મરવાનો અને તારે રડવાનો વારો ન આવ્યો હોત!'

આ બોધકથા આજના માવતરે ગાંઠે બાંધવા જેવી છે. લોકોની વિચારધારામાં નકારાત્મક પરિવર્તનો આવી રહ્યાં છે. આજના પ્રદૂષિત માહોલમાં બાળકોને પ્રામાણિકતાના પાઠ ભણાવવા એ વહેણની વિરુદ્ધ તરવા જેવી વાત છે. હવે માબાપ દીકરાઓને એવી શિખામણ આપે છે, કોઇનો માર ખાઇને ન આવશો, મારીને આવજો. જુઠું બોલવાની જરૂર પડે તો બોલી નાંખવું. જે પાણીથી મગ ચડે તે પાણીએ ચેડવી લેવા. ફાયદો થતો હોય તો પ્રામાણિકતાનું પૂંછડું ન પકડી રાખવું. ગાંધીજી પોતડી પહેરીને જીવી ગયેલા...આપણાથી પોતડી ના પહેરાય!' બાળકોને કેવા વિચારો, કેવા સંસ્કારો આપવા એ આખો મુદ્દો જ આજે દાંપત્યના એજન્ડા પરથી નીકળી ગયો છે. બાળકોને સંસ્કાર અને સારા ચારિત્ર્યનું ટ્યૂશન આપવાનો સમય આજે કોની પાસે છે? કેટલા માવતર પાસે બાળકો માટે ઊંડાણથી વિચારીને તૈયાર કરેલો પ્લાન હોય છે? આજે માબાપો કહે છેઃ 'સંતાનોની બહુ ચિંતા ના કરવી. સમયની રફતારમાં મોટા થતાં બાળકો એની મેળે બધું શીખી જાય છે. આપણા ઇચ્છવાથી કશું થતું નથી!' ખલિલ જિબ્રાને કંઇક એ મતલબનું કહ્યું છે : 'તમારા સંતાનો તમારા થકી જન્મે છે, પણ એ તમારી પ્રતિમૂર્તિ નથી, એ ભલે તમારી સાથે જીવે છે પણ તમે તેને તમારો પ્રેમ આપી શકો, વિચારો નહીં. એ તમારા ઘરમાં રહે છે પણ એનો સ્થાયી વિસામો છે ભવિષ્યકાળ! તમે તેને તમારી ઇચ્છાથી કાંઇ બનાવી શકશો નહીં. તેઓ તેમની મેળે જે કાંઇ બનવાના હશે તે બનશે!'

બચુભાઇ ખલિલ જિબ્રાનને સમર્થન આપતાં કહે છેઃ 'વાત ખોટી નથી. દશરથે શા માટે એવી ખેવના રાખવી જોઇએ કે રામ મારા જેવો બને..? દુનિયા દશરથની નહીં રામની પૂજા કરે છે!' ખેર, જિબ્રાન સાહેબનું ચિંતન ખોટું નથી. છતાં બાળકોને ગળથૂથીમાંથી સારા સંસ્કાર કે સારા વિચારો આપવા એ ખોટું નથી. શ્રી મોરારિબાપુએ કહ્યું છેઃ 'સંતાનોને ડોક્ટર, વકીલ કે એન્જિનિયર બનાવવાના સ્વપ્નો ના જુઓ. તેમના ભાગ્યમાં જે લખ્યું હશે તે બનશે. પણ તેને સારી પરવરિશ દ્વારા એક સારો માણસ બનાવવાનું ચૂકશો નહીં. સારો માણસ જરૂર સારો વકીલ, સારો ડૉક્ટર કે સારો એન્જિનિયર બની શકશે!' આજે કેટલા માવતરો દીકરો ચોરી કરીને પાસ થયો હોય તેનાથી દુઃખ અનુભવે છે? માતાને ઇશ્વરે ગાઢ મમતા આપી છે. પરંતુ સંતાનોને બગાડવાની ઘણી જવાબદારી માતા સ્વેચ્છાએ નિભાવે છે.

બહુ ઓછી માતાઓ એવી ચતુર હોય છે જે જરૂર પડ્યે મમતાનો મુખોટો ઉતારીને બાળકની ભૂલ સામે માથું ઊંચકે છે. આંખે મમતાના ચશ્માં લાગ્યા પછી માતાને અર્જુનની જેમ માત્ર પક્ષીની ડાબી આંખ દેખાય છે. માતાને સંતાનોના દુર્ગુણો દેખાતાં નથી. દીકરો સંપૂર્ણ રાવણ બની ચૂક્યો હોય તો પણ માતાને તેમાં રામના દર્શન થાય છે. દીકરાના દુર્ગુણો પણ વહાલા લાગવા માંડે ત્યારે જાણવું કે વાત્સલ્યનું કેન્સર છેલ્લા સ્ટેજમાં પ્રવેશી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)**

*સફળતા હંમેશાં પ્રયત્નશીલનાં જ કદમ ચૂમે છે.*

# એક જ જરૂરિયાત..... કેવળ પ્રેમની

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

સમય કાયમ સરતો જ રહે છે. મિનિટો જોતજોતામાં કલાકોમાં ફેરવાઇ જાય છે. કલાકો દિવસોમાં ફેરવાઇ જાય છે. દિવસો મહિનામાં ફેરવાઇ જાય છે અને મહિના વર્ષોમાં બદલાઇ જાય છે એની ખબર પડતી નથી. અને અચાનક એક દિવસ યમરાજાનું તેડું આવી જાય છે. શરીર ખાલી કરો ત્યારે જ માણસને ખ્યાલ આવે છે કે પોતે માનવજીવનનો સોનેરી અવસર ખોઇ નાખ્યો.

જો આપણે કાંઇ કરવા માટે વધુ યોગ્ય સમયની રાહ જોઇએ તો શક્ય છે કે અનંત સમય સુધી રાહ જોવી પડે. તમે માત્ર પળો-ક્ષણોનું ધ્યાન રાખો. વર્ષ તો પોતાની મેળે પોતાનું ધ્યાન રાખશે. આપણે સૌએ પોતાનું એક લક્ષ્ય નિશ્ચિત કરવું જોઇએ. એ કેટલા મોટા આશ્ચર્યની પળ છે કે આપણામાંના ઘણાં બધા લોકો માત્ર બસ ચાલતા જ જાય છે. એમને એ પણ ખબર હોતી નથી કે પોતે ક્યાં જઇ રહ્યા છે. સમય નિરપેક્ષ છે અને તેનો ઉપયોગ સકારાત્મક રૂપે પણ કરી શકાય છે અને નકારાત્મક રૂપે પણ. સમયે અને જુદા જુદા સંત મહાત્માઓની કૃપાથી એટલું તો જાણવા મળ્યું છે કે જિંદગી અને એની સાથે આવતી તમામ ચીજો આપણને ઉધાર મળી છે.

જુદા જુદા વાંચન-સ્વાધ્યાય-વ્યાખ્યાન ઉપદેશમાંથી જે કાંઇ વાતો પ્રાપ્ત થઇ છે તે અહીં તમારી સાથે પ્રસાદરૂપે વહેંચવાની ઇચ્છા છે.

અસ્તિત્વના અનંત દુસ્સાહસોમાં ઇશ્વર અને મનુષ્ય સાથી છે. ઇશ્વર આપણાથી કદી વિફળ ન થતા સહયાત્રી છે. તેઓ આપણને ક્યારેય નહીં તિરસ્કારે. આપણે ભાગવાની કોશિશ કરીએ છીએ પણ એ પડછાયો બનીને આપણો પીછો જ કરતા રહેશે.

આપણી સાથે જે કાંઇ થઇ રહ્યું છે એમાં દયાનો ભાવ છુપાયેલો છે કેમ કે ઇશ્વર સંપૂર્ણ પ્રેમ છે, એ સંપૂર્ણ જ્ઞાન છે. એ એવો પ્રેમી છે જે કદી સજા ન આપી શકે. એ એટલો કાબેલ છે કે એ કદી ભૂલ પણ ન કરી શકે.

માણસ જો પોતાની જાત ઇશ્વરને હવાલે કરી દે છે તે પછી આપણી બધી જવાબદારીઓ, એ લઇ લે છે. આપણને ખબર હોવી જોઇએ કે આપણી જરૂરિયાતો અગાઉથી જ પૂરી કરી દેવામાં આવી છે. જોકે આપણને એ વાતની જાણ ઘણી મોડી થાય છે.

કોઇપણ વ્યક્તિ માટે વિચાર પ્રક્રિયા મોટી તાકાત હોય છે. વિચારો થકી આપણી પ્રવૃત્તિ સંભવે છે. પ્રવૃત્તિથી આપણાં ચરિત્રનું નિર્માણ થાય છે. ચરિત્ર આપણી જિંદગીને પ્રભાવિત કરે છે. વિચારક્રિયા, વિચાર પ્રક્રિયા બદલીને આપણે આપણી જિંદગી બદલી શકીએ છીએ.

સમસ્યાઓ માત્ર એક વળાંક છે, રસ્તાના અવરોધો નથી. હકીકતમાં એ વધુ સમૃદ્ધ અને ઉજજવળ જિંદગી સુધી પહોંચવાની સીડીના પગથિયાં છે. સમસ્યા આપણે માટે મોટેભાગે એ દરવાજો બની જતી હોય છે જેમાં થઇને ઇશ્વર આપણી જિંદગીમાં પ્રવેશ કરતા હોય છે. આપણે વિશ્વની સ્થિતિ સુધારવા માટે ન તો ધાર્મિક રિવાજો ક્રિયાકાંડોની જરૂર છે કે ન તો ઉત્સવોની, જરૂર છે કેવળ પ્રેમની.

આપણે ઇશ્વરની જેટલા નજીક જઇએ છીએ એટલા જ દયાળુ બનીએ છીએ

હૃદયને સ્વસ્થ રાખવા માટેનું એક આસન છે અને તે છે નીચા નમો અને ત્યાંથી શક્ય હોય એટલા લોકોને પોતાની સાથે ઉપર ઉઠાવો.

દુર્ભાગ્યને સાચી રીતે જોઇએ તો એ આપણે માટે આશીર્વાદ બની જાય છે. એ એક ધારદાર ચાકુ જેવું છે. ધાર પરથી પકડવાથી આપણી આંગળી કાપે છે પણ હાથા પરથી પકડવાથી આપણે કરવું હોય તે કામ કરે છે.

જિંદગી એટલી નાનકડી છે કે એમાં ભૂલો શોધવાનો સમય જ ક્યાં છે. માફ કરી દો અને ભૂલી જાઓ.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

## કેટલાક પવિત્ર તમાચા

(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)

ચૂક્યું છે. સાંભળો એક માના આ શબ્દો : 'હજી ક્યાં એની ઉંમર થઇ ગઇ છે...મોટો થશે એટલે સુધરી જશે. આપણે ય નાના હતા ત્યારે આવા જ હતાં ને? છોકરાઓ તો બધાં એવાં જ હોય...!' સંતાનો પ્રત્યેનું આવું દુર્લક્ષ વહાણમાં પડેલા કાણાં જેવું ભયંકર હોય છે. માતાની આવી વિચારધારા ભવિષ્યમાં અશ્રુધારામાં પરિવર્તિત થઇ જાય છે.

એક વાત ગળે ઉતારવી મુશ્કેલ છે પણ ૯૦ ટકા સાચી છે. એકવીસમી સદીના બહુધા બાળકો હોંશિયાર બનીને જ અવતરતાં હોય છે. જન્મ્યા પછી તેમને હોંશિયાર બનાવવા કરતાં દુન્યવી દૂષણોથી દૂર રાખવા એજ આજના માબાપની સાચી જવાબદારી બની રહે છે. હોંશિયાર દીકરાઓને ખુંખાર બનતા વાર નથી લાગતી. ઘરે મા 'ભઇલુ' કહીને બોલાવતી હોય એવો દીકરો કોલેજમાં ગયા પછી ભઇલું મટીને 'ભાઇ' બની જાય છે. બાળકો માબાપની નિગરાનીના કવરેજ એરિયાની બહાર નીકળી જાય પછી ન બગડે તે માટે તેમની સંસ્કારમય પરવરિશ કરવી પડે છે. કાચના ગ્લાસ વેચતો માણસ ગ્લાસને લાકડા પર અફાળીને તેની મજબૂતાઇની સાબિતી ગ્રાહકોને આપે છે. આજે માબાપ દીકરાઓ માટે એવી 'અનબ્રેકેબલ'ની ગેરન્ટી આપી શકતાં નથી. કારણ શું...? કારણ કે પેલા ચોરની માતાની જેમ આપણે સંતાનોને યોગ્ય સમયે તમાચા મારવાનું ચૂકી જઇએ છીએ. યાદ રહે, કેટલાક સંજોગોમાં ચુંબન કરતાં તમાચો વધુ પવિત્ર બની રહે છે. માવતરના વધુ પડતા લાડ દીકરાઓને લબાડ બનાવી દે છે. લબાડ દીકરાને માવતર ઘરખૂણે તમાચો નહીં મારશે તો તે તાડની જેમ વિકસશે અને વખત જતાં દીકરો સમાજમાં એક 'ગાળ' બની જશે. અને પોલીસ એને જાહેરમાં તમાચા મારશે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*

માહિતી

# સાબરમતી : જેલ નહીં, યુનિવર્સિટી

• કિશોર ઉપાધ્યાય •

મુંબઇથી ટ્રેનમાં બેસી અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન ઊતરીને રિક્ષાવાળાને સાબરમતી જવું છે તેમ કહો એટલે તે સડસડાટ રિક્ષા હંકારી મૂકશે અને દિલ્હી દરવાજા પસાર કરી ગાંધી બ્રિજના એક છેડે લઇ જઇ ઓટો ઊભી કરી ટહુકો કરશે 'સાબ, સાબરમતી આ ગઇ.' નીચે નદીનાં વહેણ જોઇ તમે કહો કે 'યે સાબરમતી નહીં' એટલે તે ફરી પાછો રિક્ષા હંકારી મૂકી ઇન્કમ ટેક્સ ચાર રસ્તાથી જમણી બાજુ વાળી દોઢેક કિ.મી.ની સફર બાદ સાબરમતી આશ્રમ સામે ઊભી કરી રણકો કરશે 'સાબ, યે બાપુ કા સાબરમતી આશ્રમ આ ગયા.' તમે અહીં પણ અગાઉના જવાબનું પુનરાવર્તન કરશો એટલે રિક્ષાવાળો શહેરના સાબરમતી વિસ્તાર અને સાબરમતી રેલવે સ્ટેશનનું ચકકર કપાવશે. તમે આ દરેક જગ્યાએ નનૈયો ભણો એટલે છેલ્લે છણકો કરતાં બોલશે, 'સાબજી, પહેલે બોલના ચાહિયે ના કી આપ કો સાબરમતી જેલ જાના હૈ.' આજે આપણે આ ઐતિહાસિક જેલની લટાર મારવાની છે.

અમદાવાદમાં સાબરમતી નામધારી લગભગ પાંચ ઐતિહાસિક સ્થળો છે. જેમાંથી ઉપર જણાવેલાં પ્રથમ ચાર સ્થળો પ્રખ્યાત છે, જ્યારે છેલ્લું કુખ્યાત છે. જેલનો ઉલ્લેખ થતાં જ નજર સામે ખૂનખાર કેદીઓ અને તેમની ભયાનક પ્રવૃત્તિઓ તરવરવા માંડે. જેલમાંથી મોબાઇલ, સિમકાર્ડ, ડીવીડી, દારૂ વગેરે પ્રતિબંધિત વસ્તુઓ મળી આવવાના અખબારોમાં વાંચેલા સમાચાર મગજમાં રમવા માંડે, પરંતુ અહીં જેલના તોતિંગ દરવાજા પાછળ ચાલતી કેદીઓના ઉત્કર્ષની, તેમાંય વિશેષ કરીને શિક્ષણની નોંધનીય પ્રવૃત્તિ પર પ્રકાશ પાડ્યો છે.

ગુજરાતમાં બે મધ્યસ્થ જેલ, બે ખાસ જેલ, આઠ જિલ્લા જેલ અને ૧૧ સબ કેદખાનાં મળી કુલ ૨૪ કારાવાસમાં અંદાજે ૧૧,૭૫૫ કેદીને રાખવામાં આવ્યા છે. આ તમામને સાક્ષર બનાવવાનું બીડું જેલોના વડા (ઇન્ચાર્જ) એસ.એસ. ત્રિવેદી અને સાબરમતી જેલના સુપરિન્ટેન્ડન્ટ આર. જે. પારઘીએ ઝડપ્યું છે. આ માટે જેલમાં પ્રવેશેલા દરેક કેદીને પ્રથમ દિવસથી જ તેની ઇચ્છા મુજબનું શિક્ષણ આપવામાં આવે છે. તદ્દન અભણ વ્યક્તિને પણ એકડે એકથી ભણાવાય છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે પોસ્ટ ગ્રેજ્યુએટ કે તેનાથી વધુ શિક્ષણ મેળવવા માગતા ૧૩૧ કેદીઓની એક અલગ બેચ બનાવી અન્ના મલાઇ યુનિવર્સિટી કે બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અથવા ઇન્દિરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટીના માધ્યમથી જેલમાં જ તેમને વધુ અભ્યાસ કરવાની સગવડ પૂરી પડાઇ છે તેમાં ડૉ. ભાનુભાઇ પટેલનો દાખલો કંઇક જુદા પ્રકારનો છે. તેઓ એમબીબીએસ હોવા છતાં બીજી બે ડઝન ડિગ્રી જેલમાં રહીને મેળવી છે. એ સિવાય અન્ય ત્રણ વ્યવસાયી તબીબ કેદીઓ ધીરજ

## જેલ : શિક્ષાની સાથે શિક્ષણ પણ

*ગુજરાતની ૨૪ જેલમાં ૧૧૭૦૦ થી વધુ કેદીઓને ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા છે. એમાંથી કેટલાક ડૉક્ટર છે તો કેટલાક પોલીસ અધિકારી, કોઇક વૈજ્ઞાનિક તો કોઇક વકીલ છે. આ બધાની વચ્ચે ૧૩૧ કેદી અળગા તરી આવે છે. જેમણે અનુસ્નાતક કે તેથી ઉપરનું શિક્ષણ મેળવવા પરિશ્રમ આદર્યો છે. તેમાંય સાબરમતી જેલના કેદી નં. ૯૧૩૮ ડૉ. ભાનુભાઇ પટેલની વાત કંઇક અલગ જ છે. ૨૦૦૩ માં તેઓ કેદી તરીકે જેલમાં આવ્યાં તે પહેલાં તેમણે બે-ચાર ડિગ્રી મેળવી હશે, પરંતુ સાત વર્ષના કારાવાસ દરમિયાન તેમણે બે ડઝન ઉપાધિઓ તો મેળવી છે અને હજુ આ અભિયાન અટક્યો નથી.*

*વર્ષ ૨૦૦૩માં અશ્લીલ સાહિત્યની આયાત કરવાના કેસમાં અમદાવાદ પોલીસ દ્વારા પકડાયેલા ડૉ. ભાનુભાઇ પટેલને ૧૦ વર્ષની સજા થઇ છે. જેલની બહાર હતા ત્યારે તેઓ આંતરે મહિને અમેરિકા જતા, પરંતુ જલદી પૈસા બનાવવાની લાલચ તેમને અહીં સુધી લઇ આવી. શરૂઆતનું દોઢ વર્ષ તો તેમણે અન્ય સામાન્ય કેદીઓની જેમ જ પસાર કર્યું હતું. પણ પછી તેમને ભણવાની ચાનક ચડી. અત્યાર સુધીના કારાવાસમાં તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ઇન્ટરનેશનલ બિઝનેસ ઑપરેશન, કમ્પ્યુટર એપ્લિકેશન, ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ, ઑપરેશન રિસર્ચ, એડવાન્સ કોસ્ટ એકાઉન્ટિંગ, કમ્પ્યુટર સોફ્ટવેર, ફૂડ એન્ડ ન્યુટ્રીશિયન, યોગ, જનરલ ઇલેક્ટ્રોનિક રિપેરિંગ સહિત ૨૪ ડિગ્રી મેળવી છે અને એમબીએ, એમકોમ, સર્ટિફિકેટ ઇન આંટ્રપ્રનરશિપ સહિત ચાર ઉપાધિ પાઇપ લાઇનમાં છે. કદાચ સમગ્ર વિશ્વમાં જેલવાસ દરમિયાન આટલી બધી ડિગ્રી મેળવનારા તેઓ એકમાત્ર કેદી છે.*

*વ્યવસાયે તબીબ, ભાનુ પટેલના કહેવા પ્રમાણે અભ્યાસને અને કેદવાસને કંઇ લાગતું વળગતું નથી. મન હોય તો માળવે જવાય તેમ ઇચ્છા અને ધગશ હોય તો કોઇપણ કાર્ય કઠિન નથી. ડૉ. ભાનુ પટેલની સજા પૂરી થવામાં હવે બહુ સમય બાકી નથી. જેલમાંથી બહાર નીકળીને તેઓ આયાત-નિકાસનો વ્યવસાય કરવા માંગતા હોવાથી તેમણે જેલસત્તાવાળાઓ સમક્ષ આ વ્યવસાયને લગતા અભ્યાસક્રમો ભણવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જેલમાં જરૂર પડે ત્યારે તેમને ઑપન યુનિવર્સિટીના તજજ્ઞોની મદદ મળી રહે છે. એ ઉપરાંત અભ્યાસક્રમને લગતાં જરૂરી પુસ્તકો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. ડૉ. ભાનુ પટેલે મોટા ભાગનો અભ્યાસ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને જ્યાં રાખવામાં આવ્યા હતા તે ગાંધી બેરેકમાં રહીને જ કર્યો છે. આજે તેઓ ડૉક્ટરના ઉપનામથી જ સમગ્ર જેલમાં જાણીતા બની ગયા છે. જાણીને આશ્ચર્ય થશે કે ડૉ. ભાનુ પટેલની સાથે ઉચ્ચ અભ્યાસ કરી રહેલા ૧૩૧ કેદીમાં અમદાવાદમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બવિસ્ફોટ પ્રકરણના ૩૮ જેટલા ખૂનખાર કેદીઓનો સમાવેશ પણ થાય છે.*

*મુશ્કેલીથી ડરી જઈ પ્રયત્નો છોડી દેવા કાયરતાની નિશાની છે.*

પટેલ, પરેશ વેદપ્રકાશ, રમેશ લાભશંકર, હર્ષદ મફતલાલ (એલએલએમ), ભાનુભાઇ ઝાલા (એમએબીએડ) સહિત ૧૩૧ કેદીઓ અનુસ્નાતક હોવા છતાં તેઓ આગળ અભ્યાસ કરી રહ્યા છે. આ તમામ કેદીઓને રાજ્યની જુદી જુદી જેલોમાં રખાયા છે, પરંતુ તેમની એક બેચ બનાવી જે તે જેલમાં પૂરતી સગવડ અપાય છે અને મુખ્ય સેન્ટર અમદાવાદ રખાયું છે.

ગુજરાતની અમદાવાદ સ્થિત સૌથી મોટી સાબરમતી જેલના વડા આર. જે. પારઘી શિક્ષણયજ્ઞને સૌથી મોટું સમાજ સેવાનું કાર્ય લેખાવતાં 'મુંબઇ સમાચાર' સાથેની વાતચીતમાં કહે છે કે 'જીવનની કોઇ નાજુક પળે ભાન ભૂલીને ગુનો કરી બેઠેલા આ લોકોને કેદખાનાના સળિયા પાછળ ધકેલાઇને ખૂબ પસ્તાવો થતો હોય છે. શિક્ષણનો મૂળભૂત અધિકાર તેમને પ્રાપ્ત થાય તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવે છે. એટલું જ નહીં, તેઓ છૂટીને બહાર જાય ત્યારે અભ્યાસ થકી તેમનો જીવનનિર્વાહ ચાલે અને સમાજમાં પુનર્વસન થાય તે માટે શિક્ષણની વ્યવસ્થા કરાઇ છે. ખાસ કરીને ડેરી ઉદ્યોગ, બેકરી, સુથારીકામ સહિતના પરંપરાગત અભ્યાસક્રમો તો ચાલે જ છે. એ ઉપરાંત બ્રહ્માકુમારી જેવી સંસ્થાઓના સહયોગથી એન્જિનિયરિંગ, એમબીએ ઇન્ટરનેશનલ બિઝનેસ ઑપરેશન જેવા ઉચ્ચ અભ્યાસક્રમો દાખલ કરી તેના અભ્યાસની પણ વ્યવસ્થા કરાઇ છે.'

રાજ્યભરની જેલોમાં શિક્ષણને જેલ વિભાગની ફરજિયાત ફરજોમાંની એક ગણી સેવાકાર્ય આગળ ધપાવાઇ રહ્યું છે. નિરક્ષર કેદીઓને શિક્ષિત કરવાની ઝુંબેશ સ્વરૂપે તમામ જેલોના અધિક્ષેત્રને લક્ષ્યાંક આપવામાં આવ્યા છે. લક્ષ્યાંકની સાથે સાથે શિક્ષણવાંછુ અપરાધીઓને જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનું જણાવતાં જેલોના વડા પી.સી. ઠાકુર કહે છે કે 'સપ્ટેમ્બર મહિના સુધી જેલોમાં ૩૬૬૨૮ પુસ્તક હતાં. એમાં છેલ્લા ત્રણ મહિનામાં જ બીજાં ત્રણ હજાર નવા પુસ્તક ખરીદવામાં આવ્યાં છે.'

જેલની તોતિંગ દીવાલો વચ્ચે કેદીઓ કેવી રીતે અભ્યાસ કરતા હશે? તેમને કોણ ભણાવતું હશે? કેવા પ્રકારની સગવડ મળતી હશે? એવા સવાલ મનમાં થાય તે સ્વાભાવિક છે. પરંતુ ભણવા માગતા કેદીઓ માટે જેલ અને શાળા વચ્ચે ઝાઝો તફાવત નથી. ગુનો કરતાં તો કરી બેઠા, પરંતુ પછીથી તેમને ખૂબ પશ્ચાતાપ થતો હોય છે જેને તેઓ શિક્ષણના માર્ગે વાળી એક હકારાત્મક વાતાવરણ અને વિચારોનું સર્જન કરે છે. જે કેદીઓ અભ્યાસ નથી કરતા તેઓ પણ સારા વાંચન દ્વારા મનને સર્જનાત્મક દિશામાં વાળવાનું કામ કરે છે. સાબરમતી જેલમાં રખાયેલા આરોપી પોલીસ અધિકારીઓ વણઝારા એન્ડ કંપની હોય કે તાજેતરમાં જામીન પર છૂટેલા ભૂતપૂર્વ ગૃહ રાજ્યપ્રધાન અમિત શાહ હોય, લગભગ તમામ લોકો, એ કપરો કાળ વાંચનની પ્રવૃત્તિ દ્વારા જ પસાર કરતા હોય છે.

જેમ બહારની દુનિયામાં એક સામાન્ય જીવન હોય છે તે રીતે જ જેલની વિશાળકાય દીવાલો અને તોતિંગ દરવાજાઓની પાછળ પણ એક ધબકતી સૃષ્ટિ વસેલી હોય છે. જેમાં કુદરતના ખેલનો શિકાર બની ચૂકેલા સેંકડો કેદીઓ પશ્ચાત્તાપરૂપી પરીક્ષામાંથી પાસ થઇ સમાજની ઘટમાળમાં પુનઃ પરોવાઇ જતા હોય છે.

*તા. ૨૬-૧૨-૨૦૧૦ના*
*'મુંબઇ સમાચાર'ના અંકમાંથી સાભાર*
*પ્રેષક : મણિલાલ છેડા*

## ડૉ. માર્ટિન લ્યૂથર કિંગ

ડૉ. માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) જેની અમેરિકામાં હત્યા થઇ હતી તેઓ પોતાની પત્ની કોરેટા સાથે ૧૯૫૯માં ભારતની મુલાકાતે આવેલા. તે વખતે દિલ્હીમાં રહ્યા ત્યારે ગાંધી ટોપી પહેરી હતી. ઉપરાંત ઉપવાસ, ધ્યાન, અપરિગ્રહ વગેરે વિશે જાણીને તેના પ્રયોગો કરેલા. તેમણે સાબરમતી ગાંધી આશ્રમની પણ મુલાકાત લીધેલી. તેમણે તે વખતે જણાવેલું :

*અન્ય દેશોમાં હું પ્રવાસી*
*પણ ભારતમાં તો યાત્રાળુ*
*એનું કારણ એટલું જ કે*
*ભારત એટલે મહાત્મા ગાંધી*

*– ગુણવંત શાહ*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## સ્વામી વિવેકાનંદની પત્ર-પ્રસાદી

*ગુરુભાઇ શશીને, તા. ૧૯-૩-૧૮૯૪ શિકાગોથી*

'અહીંના લોકો કલા અને સાધન સામગ્રીમાં સૌથી આગળ છે. આનંદ પ્રમોદ અને મોજશોખમાં પણ આગળ પડતા છે. પૈસા કમાવામાં અને ખર્ચવામાં પણ આગળ પડતા છે.

બીજાનું ખરાબ બોલવું તથા બીજાની મહાનતા જોઇને હૃદયમાં બળવું એ આપણું રાષ્ટ્રીય પાપ છે. જાણે 'મહાનતા તો મારામાં જ છે' એમ બતાવવામાં આવે છે. આ દેશની સ્ત્રીઓ સ્વતંત્ર અને આત્મશ્રદ્ધાવાળી છે. તેઓ બધી વિદ્યામાં ચડિયાતી છે.

જ્યારે આપણે બૂમો પાડીએ છીએ કે 'માયારૂપી આ નારી નરકની ખાણ છે' મારાભાઇ! દક્ષિણ ભારતમાં ઉચ્ચ વર્ણના લોકો નીચલા વર્ણના લોકોને જે રીતે પજવે છે તેના ભયંકર અનુભવો મને થયા છે. મંદિરોમાં જ કેવા હીન પ્રકારના વ્યભિચાર ચાલે છે. જે દેશમાં લાખો લોકો મહુડાના ફૂલ ખાઇને જીવે છે, અને જ્યાં માત્ર દસ-વીસ લાખ સાધુ સંન્યાસીઓ તથા એકાદ કરોડ બ્રાહ્મણો આ ગરીબ લોકોનું લોહી ચૂસે છે, તેને દેશ કહેવો કે નરક? આ તે ધર્મ કહેવાય કે પિશાચનું નૃત્ય? ભાઇ! એક વાત પૂરી સમજી લેશો કે મેં આખા હિન્દની મુસાફરી કરી છે અને અમેરિકા-યુરોપ પણ જોયાં છે. આપણા જેવી 'કૂપમંડૂકતા' જગતમાં બીજે ક્યાંય મેં જોઇ નથી. કોઇપણ નવું આવશે કે પ્રથમ જ અમેરિકા તે સ્વીકારશે. જ્યારે આપણે માનીએ છીએ કે આપણી આર્યપ્રજા જેવા માણસો જગતમાં છે જ ક્યાં? મને તો આ 'આર્યત્વ' ક્યાંય દેખાતું નથી. આપણી છોકરીઓ રખેને ભ્રષ્ટ અને અનીતિમય થઇ જશે એ ભયથી આપણે તેમને ૧૨-૧૩ વર્ષની ઉંમરે પરણાવી દઇએ છીએ. જરૂર આધ્યાત્મિકતાની બાબતમાં અમેરિકનો આપણા કરતાં ઘણે દરજ્જે ઊતરતા છે પણ સામાજિક વ્યવસ્થામાં તેમનો સમાજ આપણા કરતાં અનેક દરજ્જે ચડિયાતો છે.

હું તમને કહી રાખું છું કે પૂર્વના લોકો કરતાં પશ્ચિમના લોકો વધુ ઝડપથી ભવિષ્યમાં આત્મસાક્ષાત્કાર કરશે.

*– વિવેકાનંદ*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*અનુભવ એ સારામાં સારો શિક્ષક છે, પણ એની ટ્યૂશન ફી બહુ ભારે છે. – થોમસ કાર્લાઈલ*

# સડકછાપ આંત્રપ્રેન્યોરશિપ

• રાજ ગોસ્વામી •

એક અંગ્રેજી સમાચારપત્રમાં હમણાં રાજકોટ જિલ્લા ઔદ્યોગિક વિસ્તારનો સુંદર લેખ હતો. જ્યાં ફોર્ચ્યુન ૫૦૦માં ગણાતી કંપનીઓ એમનાં ઉત્પાદનો માટે આધાર રાખે છે. આ ઔદ્યોગિક વિસ્તારમાં મશીન ટૂલ્સથી લઈ સબમર્સિબલ પંપ, ઓટોમોબાઈલ પાર્ટસ અને સીરામિક્સ સુધીનું બધું જ ઉત્પાદન થાય છે. અહીં ૪૦,૪૩૬ નાનકડાં યુનિટ છે. જેના માલિક સામાન્ય ગ્રેજ્યુએટ છે અને એને ચલાવવાનું કામ આઈ.ટી.આઈ.ના 'ટ્રીનિયો' અથવા અર્ધશિક્ષિત યુવાનના હાથમાં છે. કુલ ટર્નઓવર કરોડો રૂપિયામાં છે અને એમના 'ગ્રાહકો' માટે ફોર્ડ કંપની, જનરલ મોટર્સ, સિમેન્સ, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ, જહોન ડીરે, જગુઆર, તાતા, અશોક લેલેન્ડ અને જાપાનથી લઈ જર્મની અને ઉત્તરથી લઈ દક્ષિણ અમેરિકાની ઘણી જાણી-અજાણી કંપનીઓ છે.

ગત એપ્રિલમાં અવસાન પામેલા મેનેજમેન્ટ સલાહકાર સી.કે. પ્રહ્લદે એમની કિતાબ 'ધ ફોર્ચ્યુન એટ ધ બોટમ ઑફ ધ પીરામિડ'માં લખ્યું હતું કે ઉદ્યોગપતિએ અને સરકારે ગરીબ લોકોને ગરીબીના શિકાર તરીકે જોવાને બદલે સર્જનાત્મક આંત્રપ્રેન્યોર્સ અને ગુણવત્તાના આગ્રહી ગ્રાહક તરીકે જોવા જોઈએ. પહાડ તળેનો આ નીચલો (બોટમ ઑફ ધ પીરામિડ) વર્ગ અર્થતંત્ર માટે જબ્બર ફાયદાકારક છે. આખરે આજનો આ ગરીબ આવતીકાલનો મધ્યમવર્ગ છે.

જાણીતા ફિલ્મ સર્જક શેખર કપૂરને આ સડકછાપ આંત્રપ્રેન્યોરશિપનો રસપ્રદ અનુભવ થયો હતો. એમનો બ્લેક બેરી ફોન લગભગ નકામો થઈ ગયો હતો. એ નવો ફોન ખરીદવા નીકળ્યા ત્યારે મુંબઈના જુહુ ઇલાકાના ભીડભાડવાળા બજારમાં એમણે છ બાય છ ની એક દુકાન જોઈ. એમને થયું, એમના જ શબ્દોમાં "ચાલો સાહસ (મૂર્ખામી) કરી જોઈએ." એમણે રિપેરિંગની પૂછતાછ કરી ત્યારે એક દસ વર્ષનો છોકરો આવ્યો એ બગડી ગયેલા બ્લેક બેરી ફોનને જોઈને કહ્યું, 'તમારે હાથ ધોતા રહેવું જોઈએ. ઘણાં કસ્ટમરોને આ જ પ્રોબ્લેમ હોય છે. રોલર બોલ ચીકણો થઈ જાય છે, પછી કચરો ભરાઈ જાય અને બંધ પડી જાય.'

રસ્તા પરનો એક છોકરો શેખર કપૂરને હાથની સ્વચ્છતા રાખવાનું કહી રહ્યો હતો. એ પોતે કદાચ ૧૦ દિવસથી નહાયો નહીં હોય. શેખરને થયું એના હાથમાંથી બ્લેકબેરી પાછો લઈ લઉં.

ત્યાંજ એનો મોટો ભાઈ અંદરથી આવ્યો. 'શું પ્રોબ્લેમ છે?' એણે એના ચીકણા હાથમાં બ્લેકબેરી પકડીને પૂછ્યું 'નોર્મલ બ્લેકબેરી પ્રોબ્લેમ. ઓરિજિનલ પાર્ટ બદલી આપું. ફોન વાપરતા પહેલાં તમારે હાથ સાફ કરવો જોઈએ.' આ 'હાથ ધોવા'ની શી રામાયણ છે! શેખરને ચીડ આવતી હતી.

'કેટલી વાર લાગશે?'

'છ મિનિટ.'

બ્લેક બેરીના ટેક્નિકલ માણસો સાથે આખી સવાર માથાફોડ કર્યા પછી શેખર હવે સ્કૂલમાંથી અડધેથી ઊઠી ગયેલા એક છોકરા સાથે સોદાબાજી કરતા હતા અને બરાબર છ મિનિટમાં જ છોકરાએ એને બ્લેકબેરી પાછો આપી દીધો. આજુબાજુ ઊભેલા લોકો હસતા હતા. આ છ મિનિટનો શૉ હતો.

'કેટલા રૂપિયા?'

'૫૦૦ રૂપિયા' છોકરાએ કહ્યું. આજુબાજુમાં ઊભેલા લોકોને એમ કે હવે ભાવતાલની રકઝક શરૂ થશે. બ્લેકબેરીના ૫૦૦ ડૉલર (રૂા. ૩૦,૦૦૦)ની સામે આ ૧૦ ડોલર થયા અને શેખર મહાશય તો નવો ફોન ખરીદવા જ નીકળ્યા હતા.

પેલો છોકરો હવે વણમાંગી સેવા ઑફર કરતો હતો 'તમારી પાસે આઈ-ફોન છે?' નવો ફોર? 'હું તમને એનો કોડ બ્રેક કરીને કોઈ પણ એપ્લિકેશન અથવા તમે ઈચ્છો એ ફિલ્મ લોડ કરી આપું. મેમરી સ્ટોકમાં હું તમને ૧૦ ફિલ્મ આપું અને દર અઠવાડિયે મામૂલી ફી લઈ બદલી પણ આપું.'

શેખર કહે છે, 'તમે આને દાણચોરી (પાયરસી) કહી શકો, અને એ પાયરસી જ છે પણ સવાલ એ છે કે બે અભણ અને તાલીમ વગરના છોકરાં એક નાનકડી ખોલીમાં દુનિયાના મહાન ટેક્નોલોજિસ્ટોએ સર્જેલી ટેક્નોલોજીને પલકવારમાં રિપેર કરી બતાવે, એને તમે શું કહેશો?'

શેખર સાથે જુહુના રોડ પર ફરીથી આવું જ થયું. આ વખતે એ બ્લેકબેરીનું ચાર્જર ઘરે ભૂલીને લંડન જવા નીકળી પડ્યા હતા. કારની બારીમાંથી એક છોકરો 'ઓરિજિનલ' ચાર્જર બતાવી રહ્યો હતો.

'૨૫૦ રૂપિયા' છોકરાએ ઑફર કરી.

'મારી પાસે કેશ નથી' શેખરે કહ્યું. પાછળ ઊભેલી મોટરકારો જોરશોરથી હોર્ન બજાવી રહી હતી. ટ્રાફિક લાઈટ બદલાવાની તૈયારીમાં હતી.

'વાંધો નહીં. તમે આ લઈ જાવ અને પૈસા પછી આપજો' છોકરો બોલતો હતો. 'મારું નામ લટ્ટુ છે. કોઈને પણ પૂછજો.' એક છોકરો માલ વેચવા પ્રયાસ કરતો હતો અને શેખર અવઢવમાં હતા.

'લો, મારો આ નંબર તમારા બ્લેકબેરીમાં નાખી દો' છોકરાએ શેખરને ચાર્જર હાથમાં થમાવતા કહ્યું.

આખા સોદામાં એક મિનિટનો સમય લાગ્યો અને એ એક મિનિટમાં પેલા છોકરાએ પૈસા નહીં મળવાની સંભાવના સામે પૈસા મળવાની સંભાવનાની અત્યંત ઝડપી તુલના કરી. શેખર કહે છે, 'ના, એ મને ઓળખતો ન હતો. એણે મને ૨૫૦ રૂપિયા કહ્યા હતા.' મેં કહ્યું, 'સાચો ભાવ બોલ.' એણે કહ્યું, '૨૩૦ રૂપિયા.'

આગલા દિવસે અને રાતે મેં મારા વકીલો સાથે એક્ઝિક્યુટિવોના લાંબાલચક કોન્ટ્રાક્ટમાં એક સોદાની તમામ સંભાવનાઓની માથાફોડ કરી હતી. શેખર કહે છે, 'ત્યારે અહીં એક સડકછાપ છોકરાએ મારામાં જે વિશ્વાસ મૂક્યો એનાથી હું દંગ રહી ગયો.'

શેખરે જાતને જ ખાતરી આપી, 'હું પાછો આવીશ ત્યારે હું એને રૂા. ૫૦૦૦ આપીને એણે મૂકેલા વિશ્વાસ બદલ હું પણ એનામાં વિશ્વાસ મૂકીશ. સાચી સડકછાપ આંત્રપ્રેન્યોરશિપ શું કહેવાય એ એણે મને શીખવાડ્યું હતું.'

અને હા, ચાર્જર બરોબર કામ કરતું હતું.

સી.કે. પ્રહ્લદે કહેલું આ 'બોટમ ઑફ ધ પીરામિડ' મુંબઈની સડક પર ખુલ્લેઆમ દેખાતું હતું. તમને પણ બજારમાં આવા ઘણા અનુભવ થયા હશે. આમાંથી જ આંત્રપ્રેન્યોરશિપ જન્મતી હોય છે.

ચીનની અર્થવ્યવસ્થા અમેરિકા કરતાંય ખમતીધર બની રહી છે. તેનું કારણ એ છે કે ઉદ્યમશીલતા અને સર્જનશીલતા નીચેના વર્ગમાંથી આવે છે. આના માટે એમ.બી.એ.ની ડિગ્રીની જરૂર નથી.

ગુજરાતીઓ માટે કહેવાય છે કે કશુંક નવું કરવું (અને એમાંથી પૈસા ય કમાવા) એ એમના ખૂનમાં છે. ગુજરાતીઓની કોઠાસૂઝ જાણીતી છે.

દેવજીભાઇ નામના એક વયોવૃદ્ધ લંડનના ગુજરાતી સમાજમાં જાણીતા છે. દીકરા અને દીકરાવહુ સાથે એ નિવૃત્ત જીવન વિતાવે છે. શરીરે એકદમ ચુસ્ત. સિનિયર સિટીઝન હોવાથી એમને મફત ટ્રાવેલ પાસ મળે છે અને એ આખા લંડનમાં બસ કે ટ્યૂબ ટ્રેન દ્વાર ફરી શકે છે. લંડનમાં ભારતીય હાઇ કમિશન ઓનલાઇન વિઝા ફોર્મ આપે છે. સવારે એ ફોર્મ હાઇ કમિશનને સુપરત કરવાનું અને બપોરે વિઝા મેળવી લેવાના. પ્રક્રિયા સરળ છે. પણ સવાલ માત્ર સવારે અને બપોરે સમય કાઢવાનો છે. દેવજીભાઇને એક દિવસ વિચાર આવ્યો કે હું તો નવરો છું અને બધા વતી આ કામ કરું તો? ટૂરિસ્ટ વિઝા માટે ઉમેદવારે જાતે જ હાજર થવું જરૂરી નથી. એટલે સાત-આઠ લોકો વતી વિઝા ફોર્મ ભરે છે અને વિઝા લઇને પહોંચાડી પણ દે છે. એક વિઝાની એ ૧૦ પાઉન્ડ 'ફી' લે છે-એટલે ૭૦૦ થી ૮૦૦ રૂપિયા. ૬૦ વર્ષની ઉંમરે દિવસના ૮૦ પાઉન્ડની આવક એક ગુજરાતી જ ઊભી કરી શકે.

વ્યાપાર પત્રિકા 'ફોર્બ્સ' દ્વારા હમણાં ભારતના શક્તિશાળી ગ્રામીણ આંત્રપ્રેન્યોરની યાદી જારી કરવામાં આવી છે. એમાં ગુજરાતના ત્રણ 'મનસુખ' નો સમાવેશ છે. મનસુખભાઇ જાગાણી, મનસુખભાઇ પટેલ અને મનસુખભાઇ પ્રજાપતિ. આ ત્રણેએ પાયાની જરૂરિયાત માટે એવું 'ઇનોવેશન' કર્યું છે જે ગુજરાતની ગ્રામીણ ખેતી-વેપારીની અર્થવ્યવસ્થા માટે ક્રાંતિકારક બની રહ્યું છે. આઇઆઇએમ જેવી શિક્ષણ સંસ્થામાં એ અભ્યાસનો વિષય બની રહ્યું છે.

અમરેલી જિલ્લાના મોટા દેવળિયાના અર્ધશિક્ષિત જાગાણીએ એમની જૂની રાજદૂત મોટર સાઇકલમાંથી એક નાનકડું ટ્રેક્ટર બનાવ્યું છે જે નાના ખેડૂતો માટે આશીર્વાદ સાબિત થયું છે. મોટા ટ્રેક્ટરની સરખામણીમાં આ 'સાંતી' નામનું 'મોટર-ટ્રેક્ટર' ૧૪ થી ૧૮ હજારમાં પડે છે. અને જિલ્લામાં આવાં કુલ ૫૦ ટ્રેક્ટર ફરે છે. સૌરાષ્ટ્રમાં છકડો રીક્ષા બહુ લોકપ્રિય છે. જાગાણીને એના પરથી 'બુલેટ સાંતી'નો વિચાર આવ્યો હતો. ૧૦ હેક્ટર જમીન માટે આ ટ્રેક્ટર એકદમ યોગ્ય છે. અમદાવાદના નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનની મદદથી જાગાણીએ ભારત અને અમેરિકામાં ટ્રેક્ટરની પેટન્ટ પણ કરાવી છે.

હાંસલપુર વિરગામના મનસુખ પટેલે 'ચેતક સુપર ફિલ્ડ' નામનું કપાસ કાંતવાનું મશીન વિકસાવ્યું છે. વરસાદી કપાસને કાંતવાનું કામ મજદૂરી ભર્યું છે જે આ મશીનથી આસાન થઇ ગયું છે. એક કિલો કપાસ કાંતવાનો ખર્ચ અગાઉ એક રૂપિયો આવતો હતો. હવે આ મશીન એક રૂપિયાના ખર્ચે ૨૦ કિલો કપાસ કાંતી શકે છે.

મોરબીના નીચીમંડળ ગામના મનસુખ પ્રજાપતિ વ્યવસાયે કુંભાર છે અને એમણે માટીમાંથી એક એવું ફ્રીજ બનાવ્યું છે જે વીજળી વગર પાણીથી લઇને શાકભાજી સુધીની ચીજો ઠંડી રાખે છે. ૨૦ લીટરની ક્ષમતા અને રૂા. ૩૦૦૦ ની કિંમતના આ ફ્રીજે પ્રજાપતિને દુનિયાભરમાં મશહૂર કરી દીધા છે. ૧૦મું ધોરણ પણ પાસ નહીં કરી શકનાર પ્રજાપતિ આજે પોતાની 'મીટ્ટી કૂલ' વેબસાઇટ પણ ચલાવે છે.

એક કહેવત છે કે 'જહાજ બંદર પર સૌથી સલામત હોય છે પણ જહાજનું તો કામ જ મધદરિયામાં હોય છે.' આંત્રપ્રેન્યોરશિપ અથવા ઉદ્યમશીલતા અથવા સર્જનાત્મકતાનું પણ એવું જ છે. હાથ-પગ મારો તો જ નવો ચીલો ઊભો થાય છે.

***'સંદેશ'માંથી સાભાર***

***પ્રેષક : પ્રેમજી ભાનુશાલી - હૈદ્રાબાદ***

# મૂડી રોકાણ અને ફુગાવો (INFLATION)

• રાજેન કાંતિલાલ ગાલા •

ફુગાવો એટલે જીવન જરૂરિયાત વસ્તુઓ અને સેવાઓનો ભાવ વધારો. આનું માપદંડ જથ્થાબંધ બજારના ભાવો પરથી મળે. ઘણીવાર ગ્રાહકો સુધી પહોંચતા તે ભાવો હજી વધી જાય છે, અને તે ખરો અંદાજ આપે છે. ફુગાવાનો વધારો એટલે આપણા રૂપિયાનું અવમૂલ્યન.

જ્યારે જનતા પાસે પૈસા વધે ત્યારે પણ ફુગાવો થાય. બીજું કારણ સરકાર જ્યારે ચલણમાં વધારે નોટો છાપી નાખે છે. જ્યારે સરકારી ખર્ચ, આવક કરતાં વધે ત્યારે નોટો છાપવી પડે અને ફુગાવાને વેગ મળે. લોકો પાસે પૈસા વધે એટલે ચીજ-વસ્તુઓની માંગ વધે, પણ જો ઉત્પાદન ન વધે તો ઉત્પાદકો-વેપારીઓ ભાવ વધારે.

થોડો ફુગાવો, ઉત્પાદન વધારવા પ્રોત્સાહન આપે. પણ લોકોની ખર્ચ શક્તિ કરતાં ભાવો વધે તો ઉત્પાદનમાં મંદી આવે. ફુગાવાને અંકુશિત કરવા રિઝર્વ બેન્ક વ્યાજ દરોમાં સુધારા કરે છે. દેશનું અર્થતંત્ર સરખું ચલાવવા સરકારનું બજેટ બેલેન્સ હોવું જરૂરી છે.

મૂડી રોકાણ કરતા નાગરિકોએ સાવચેત રહેવું જરૂરી છે, કારણ ફુગાવાથી મૂડી ધોવાણ (અવમૂલ્યન) થાય છે. ખાસ કરીને નિવૃત્ત નાગરિકોએ પોતાનું મૂડી રોકાણ એવી રીતે કરવું કે, ફુગાવાથી રક્ષણ મળે. ફક્ત વ્યાજની આવક પર આધાર રાખવું ઉચિત નથી, વ્યાજ કરતાં ફુગાવો વધે તો મૂડી ઓછી થતી જાય.

*ઉદાહરણ તરીકે :*

દીવાસળીની પેટીની કિંમત ૫૦ વર્ષ પહેલાં ૨ પૈસા હતી, આજે જો ૫૦ પૈસા હોય તો ફુગાવાનો દર વર્ષે ૬.૬૫ ટકા થાય.

*બીજુ વાસ્તવિક ઉદાહરણ :*

જો અત્યારના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા. ૩ લાખ હોય અને આવક મેળવનાર વ્યક્તિ ૨૫ વર્ષ પછી નિવૃત્ત થવાની હોય, અને નિવૃત્તિ પછી ૨૦ વર્ષની જોગવાઇ કરવી હોય તો નિવૃત્તિ પછી કુટુંબ ખર્ચમાં ૧૫ ટકા કાપ મૂકવો પડે અને વ્યાજની આવક ૮ ટકાના દરે હોય તો, મૂડી જરૂરિયાત નીચે પ્રમાણે થાય

| **ફુગાવાનો દર** | **મૂડી જરૂરિયાત ૨૫ વર્ષ બાદ** |
|---|---|
| ૫ ટકા | ૧૩૪ લાખ |
| ૬ ટકા | ૧૮૪ લાખ |
| ૭ ટકા | ૨૫૪ લાખ |

એટલે જો ફુગાવાનો દર ૫% ધાર્યું હોય અને ફુગાવો ૫% થી વધી ૭% થાય તો નિવૃત્તિ પછીના ૨૦ વર્ષ જીવન-નિર્વાહ માટે મુશ્કેલ થાય. એટલે મૂડી રોકાણ ફુગાવાના દર પ્રમાણે બદલવું જોઇએ. જો મૂડી ફક્ત બેંકમાં વ્યાજે મૂકીએ તો ઇન્કમટેક્ષ બાદ કરતાં ફુગાવાના દર કરતાં પણ ઓછું વળતર મળે.

| **૨૫ વર્ષ બાદ જરૂરિયાત મૂડી** | **૧૨% વાર્ષિક આવક દર મહિને SIPમાં રોકાણ** |
|---|---|
| ૧૩૪ લાખ | રૂા. ૭૮૬૬/- |
| ૧૮૪ લાખ | રૂા. ૧૦૮૨૯/- |
| ૨૫૪ લાખ | રૂા. ૧૪૯૦૭/- |

***આનું તારણ :*** SIP (Systematic Investment Plan)માં મૂડી રોકાણ બને તેટલું વહેલું શરૂ કરવું જોઇએ અને નિયમિત કરવું. જેથી ફુગાવા સામે રક્ષણ મળે અને ચિંતામુક્ત નિવૃત્ત જીવન ગાળી શકાય. ■

## આત્મશ્રદ્ધા ક્યારેય ન ગુમાવવી

મોટી ઉંમરે માણસ જ્યારે પછાડ ખાય છે ત્યારે સૌથી વધારે ઇજા એની આત્મશ્રદ્ધાને થાય છે. ધંધામાં, પ્રેમમાં કે અકસ્માતમાં લાગેલી પછાડથી એને બાહ્ય રીતે જે નુકસાન થાય છે એ કરતાં અનેકગણું નુકસાન એની આત્મશ્રદ્ધાને થાય છે. એના મનમાં ડર પેસી જાય છે કે, હવે હું ફરીથી એ કામ નહિ જ કરી શકું.

પરંતુ હકીકત એ છે કે, લાગેલી પછાડનાં કારણોનો અભ્યાસ કરીને માણસ જો એ કારણો દૂર કરે તો ફરીથી એ કામ વધુ સારી રીતે કરી શકે. કોઇ વિજ્ઞાની, પ્રયોગમાં મળેલી નિષ્ફળતાને કારણે પ્રયોગ કરવાનું છોડી દેતા નથી. કારણકે એની આત્મશ્રદ્ધા અકબંધ હોય છે. બાળક પણ ચાલતા ચાલતા પડી જવાથી ફરી ચાલવાનો પ્રયત્ન છોડી દેતું નથી.

આપણા જીવનની એક વિચિત્રતા એ છે કે, આપણે જે કામ કરવાનો પ્રયત્ન કરીએ એ બધામાં કાંઇ આપણને સફળતા મળતી નથી, પરંતુ જે કામ કરવાની આત્મશ્રદ્ધા જ આપણે ગુમાવી દીધી હોય એમાં તો ક્યારેય સફળતા મળતી નથી.

બાળક, ક્યારેય આત્મશ્રદ્ધા ગુમાવતું નથી. એટલે જ તે નવાં નવાં અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી શકે છે. બોલતાં શીખતું બાળક કેટલાય સમય સુધી ગોટા વાળે છે, અનેકવાર ખોટા શબ્દો બોલે છે, ઉચ્ચારો ખોટા કરે છે, છતાં બોલવાનું ચાલુ જ રાખે છે. હવે મને નહિ આવડે એમ માની કોઇ કામ તે છોડી દેતું નથી. આત્મશ્રદ્ધા એ આપણી મૂડી છે- માણસ તરીકે આપણને મળેલી મૂડી છે તેને આપણા હાથે આપણે ગુમાવી દેવી ન જોઇએ.

*સાભાર : 'માનવ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*જેને પોતાનામાં વિશ્વાસ છે તેજ બીજાઓનો વિશ્વસનીય બની શકે છે. – આઈરીશ કહેવત.*

# સિનિયર સિટીઝન માટે રિવર્સ મોર્ગેજ યોજના

• ભવાનજી શિવજી નાંગલપુરવાલા •

જે છોકરાઓ પોતાના વડીલ મા-બાપને સાચવતા નથી અથવા એમની સંભાળ લેવા તૈયાર નથી એવા સિનિયર સિટીઝન જેવા મા-બાપ એ હવે આ યોજનાનો લાભ અવશ્ય લેવો જોઇએ; ફક્ત જગ્યા તમારા પોતાના નામની હોવી જોઇએ.

સમાજમાં વડીલ મા-બાપને કાઢી મૂકવાના, આશ્રમમાં મોકલી આપવાના કિસ્સાઓ દરેક સમાજમાં વધી રહ્યા છે. એક જમાનામાં મા-બાપ પોતાના સંતાનોને વૃદ્ધાવસ્થાનો ટેકો કે લાકડી માનતા હતા પણ એ જમાનો બદલાયો છે. લગભગ સંતાનો પોતાના મા-બાપનો ખ્યાલ રાખવા તૈયાર નથી. આ વિષમ પરિસ્થિતિમાં વડીલ મા-બાપ મુસીબતમાં આવી જાય છે. પરંતુ સમજદાર મા-બાપ અથવા જેમને સમજ છે તે મા-બાપ રિવર્સ મોર્ગેજ યોજનાનો લાભ લઇ શાંતિથી અને સુખી રીતે જીવી શકે છે. ભારત સરકાર તરફથી થોડા સમય પહેલાં શરૂ થયેલ આ યોજના પ્રમાણે, બેન્કોમાં રિવર્સ મોર્ગેજ યોજના શરૂ થયેલ છે. આજના અનેક મા-બાપ પોતાનો બોજો અન્ય કોઇ પર નાખવાને બદલે બેન્કોનો સરળતાથી સહારો લઇ રહ્યા છે.

## • ફાયદો લેવો જરૂરી છે :

હર્ષ રૂંગટાના જણાવ્યા મુજબ અને નેશનલ હાઉસિંગ બેન્કની સૂચના અનુસાર દેશની રાષ્ટ્રીય બેન્કો અને અમુક ખાનગી નાણાંકીય સંસ્થાઓએ રિવર્સ મોર્ગેજ હાઉસિંગ લોનની યોજના શરૂ કરેલ છે. આ યોજનામાં જેમના પોતાના નામનું મકાન, બ્લોક/ફ્લેટ, દુકાન હોય એવા વડીલ મા-બાપ સરળતાથી આ યોજનાનો લાભ લઇ શકે છે. સામાન્ય રીતે દેવું (રકમ) લીધા બાદ લેણદાર દેવાદારને એક સામટી રકમ આપે છે અને દર મહિને વ્યાજ વસૂલ કરે છે તેવી જ રીતે બેન્કો વડીલોને ૧૫ (પંદર) વરસ માટે રકમ ઉછીની આપે છે.

## • વડીલોને લોન કેવી રીતે મળી શકે?

હર્ષ રૂંગટાના અભિપ્રાય મુજબ જે વડીલ પુરુષની વય ૬૦ વરસ અથવા તેથી વધારે હોય અને વડીલ માતુશ્રીની વય ૫૮ વરસ કે તેથી વધારે હોય એમને જ લોન મળી શકે છે. ઘર મોર્ગેજ મૂકવાનું છે અને તે ૨૦ વરસ સુધી સુરક્ષિત રહેવું જોઇએ અને એ ઘર પર અન્ય કોઇનું પણ દેવું ન હોવું જોઇએ અને મિલકત પોતાના નામની હોવી જોઇએ.

## • રિવર્સ મોર્ગેજની રીત શું?

રોકાણ તેમજ નાણાંકીય સલાહકાર નવનીત ધવનના અભિપ્રાય મુજબ સૌથી પ્રથમ ઘરની વેલ્યુએશન નક્કી કરે છે. તેની વેલ્યુએશનમાંથી થોડીક રકમ કાપી, એ રકમ એસ.બી.આઇ.માં ૧૦ ટકા અને પીએનબી માં ૨૦ ટકા રકમ જમા થાય છે બાકીની રકમ વ્યાજના દર સાથે ૧૫ (પંદર) વરસ માટે આપે છે. લોન લેનાર પોતાની ઇચ્છા મુજબ માસિક, ત્રિમાસિક, છ માસિક અથવા વાર્ષિક હપ્તાથી બેન્ક પાસેથી રકમ મેળવી શકે છે. આ સમય દરમિયાન લોન લેનાર વ્યક્તિનું મૃત્યુ થાય તો અને જો આ સંપત્તિ તેમના બાળકો લેવા ઇચ્છતા હોય તો અથવા લેણદાર વચમાંથી આ યોજનામાંથી ખસી જવા માગતો હોય તો તેને મળેલી રકમ વ્યાજ સહિત ચૂકવીને આ સંપત્તિને મોર્ગેજ મુક્ત કરાવી શકે છે.

## • બેન્કની ફી પણ લાગે છે :

હર્ષ રૂંગટાના અભિપ્રાય મુજબ બેન્ક દ્વારા આ કામ માટે અપફ્રન્ટ ફી - માર્જિનના રૂપે મળનારી માસિક રકમનો અડધો ભાગ ફક્ત પહેલી વખત, જે વધુમાં વધુ રૂા. ૧૫૦૦૦/-ની આસપાસ થાય છે, લેવામાં આવે છે. આ ઉપરાંત સર્વિસ ટેક્સ, પ્રોપર્ટી વેલ્યુએશન ફી લગભગ રૂા. ૩૨૦૦/- થાય છે. એપ્રાઇમ્ડલ તેમજ ઇન્સ્પેક્શન ફી, લીગલ ચાર્જિસ, સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ચાર્જ વગેરે પણ લેવામાં આવે છે.

## • જરૂરી દસ્તાવેજો બનાવવા માટે :

રિવર્સ મોર્ગેજ લોન માટે દેવામુક્ત સંપત્તિનું પ્રમાણપત્ર જે કાયદાકીય સલાહકાર દ્વારા મળી શકે છે, તે અત્યંત જરૂરી છે. મોર્ગેજ રાખનાર મિલકતનો વીમો, આપણું પોતાનું ઓળખપત્ર, જે બેન્કમાં ખાતું હોય એ બેન્કનું છેલ્લા છ મહિનાનું સ્ટેટમેન્ટ, પ્રોપર્ટીની જવાબદારીનું વર્ણન, જરૂરી દસ્તાવેજો, બે ફોટા વગેરેની જરૂરત પડે છે. ખેતીવાડીની જમીન મોર્ગેજ થઇ શકતી નથી.

ઉપરોક્ત લખાણને ધ્યાનમાં રાખીને તમને રિવર્સ મોર્ગેજ યોજનાનો લાભ બેન્ક મારફત મળી શકશે. તમને જરાપણ જીવન જીવવાનો ત્રાસ પડશે નહીં અને સ્વાભાવિક રીતે છોકરાઓ પણ તમને સારી રીતે રાખવા પ્રયત્ન કરશે. આ લખાણ) આપ કાપીને સાચવી રાખશો. કદાચ તમને ઉપયોગી બને.

# ભારતમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રની પ્રગતિ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

વર્તમાન પરિસ્થિતિમાં કોઈપણ દેશના ઉદ્યોગ, વ્યાપાર વાણિજ્ય, શિક્ષણ તથા સામાજિક સેવાના ક્ષેત્રે સંદેશા વ્યવહારનું ક્ષેત્ર કરોડરજ્જુ સમાન છે. ભારતમાં સંદેશાવ્યવહાર ક્ષેત્રે છેલ્લા સાંઇઠ વર્ષથી થતી રહેલી પ્રગતિ આર્થિક સામાજિક વિકાસ તરફ ગતિમાન થતાં આવતીકાલની અનેક ક્ષેત્રે ઉજળી આશા પ્રગટી છે. મોબાઇલ અને ઈન્ટરનેટ સેવાઓએ વિશ્વને Global Villageમાં પરિવર્તિત કર્યું છે.

- **દૂરસંચારનો ઇતિહાસ :**

ભારતનો દૂરસંચારનો ઇતિહાસ ઇ.સ. ૧૮૮૧થી શરૂ થાય છે. ભારતમાં કલકત્તા નજીકના સ્થળે પ્રથમ લેન્ડલાઇન સેવા ૧૮૮૩થી શરૂ કરવામાં આવી. ઇ.સ. ૧૯૨૩માં રેડિયો ટેલિગ્રાફ કંપની સ્થપાઇ. ઇ.સ. ૧૯૪૭માં સ્વતંત્રતા બાદ ટેલિફોન સેવા આપતી વિદેશી કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરી તેને ટપાલ સેવા સાથે જોડવામાં આવી. ઇ.સ. ૧૯૮૫માં ભારત સરકાર દ્વારા એક નવો વિભાગ 'ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન' (ડૉટ)ની રચના કરવામાં આવી. ઇ.સ. ૧૯૮૬માં ભારત સરકારે બે સાહસો સ્થાપ્યા. (૧) વિદેશ સંચાર નિગમ લિમિટેડ (વી.એસ.એન.એલ.) તેમજ (૨) મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (એમ.એસ.એન.એલ.). ઇ.સ. ૧૯૯૪માં ટેલિફોન નીતિમાં ખાનગી ક્ષેત્રને પ્રવેશવા છૂટ અપાઇ. આ ખાનગી કંપનીઓ પર દેખરેખ રાખવા ભારતમાં દૂરસંચાર ક્ષેત્રે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI)ની સ્થાપના કરવામાં આવી. ઇ.સ. ૧૯૯૯માં નવી નેશનલ ટેલિકોમ્યુનિકેશન્સ પોલિસી મુજબ સેલ્યુલર સેવાઓની કામગીરીને છૂટો દોર અપાયો. સેલ્યુલર સેવાઓના બે વિભાગ પાડવામાં આવ્યા. (૧) ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઇલ કોમ્યુનિકેશન (જીએસએમ) તથા (૨) કોડ ડિવિઝન મલ્ટીપલ એક્સેસ (સીડીએમએ). ભારતમાં જીએસએમ સેવા ઍરટેલ, વૉડાફોન, આઇડિયા સેલ્યુલર દ્વારા અપાય છે. જ્યારે સીડીએમ સેવા રિલાયન્સ, ટાટા ઇન્ડીકોમ દ્વારા અપાય છે. ભારતમાં દૂર સંચાર સેવાનો ઇતિહાસ ૧૩૦ વર્ષ જૂનો છે.

ભારતમાં આજે ૯૬ ટકા ગ્રામ્ય વિસ્તારોમાં દૂર સંચાર સેવા મળી રહી છે. ભારતમાં શહેરી વિકાસમાં ૯૦ ટકા તથા ગ્રામ્ય વિસ્તારોમાં ૩૦ ટકા પરિવારો મોબાઇલ ધારક છે. ભારતમાં ઇ.સ. ૧૯૮૫માં દિલ્હીમાં સૌપ્રથમ મોબાઇલ સેવાનો પ્રારંભ થયો.

| વર્ષ | ભારતમાં બ્રોડબેન્ડ ગ્રાહકોની સંખ્યા (મિલિયનમાં) | ટેલિફોન ધારકોની સંખ્યા (મિલિયનમાં) | વાયરલેસ ટેલિફોન ધારકોની સંખ્યા (મિલિયનમાં) |
|---|---|---|---|
| ઇ.સ. ૨૦૦૩ | ૦.૧૮ | ૫૪.૬૩ | ૧૩.૩૦ |
| ઇ.સ. ૨૦૧૦ | ૮.૭૬ | ૬૨૧.૨૮ | ૫૮૪.૩૩ |

**દેશવિદેશમાં મોબાઇલ ધારકોની સંખ્યા**

| | *(વર્ષ : ૨૦૦૯)* |
|---|---|
| ભારતમાં | ૪૪૧.૬૬ મિલિયન |
| ચીન | ૭.૭ મિલિયન |
| અમેરિકા | ૨૭૧ મિલિયન |

- **ટેલિકોમ્યુનિકેશન :**

દૂર સંદેશા વ્યવહાર, અંગ્રેજીમાં જેને Tele Communication કહે છે, દૂરથી વાતચીત કરવાના સાધનને ટેલિફોન, દૂરના દૃશ્યો જોઇ અને સાંભળી શકાય તે સાધન ટેલિવિઝન, સંદેશા ટાઇપ કરી દૂર મોકલવાનું સાધન ટેલિપ્રિન્ટર છે.

- **ટેકનોલોજીના પ્રકાર :**

ભારતમાં માત્ર બે પ્રકારની મોબાઇલ સેવાઓ ઉપલબ્ધ છે. GSM ગ્લોબલ સીસ્ટમ ફોર મોબાઇલ કોમ્યુનિકેશન અને CDMA કોડ વિઝન મલ્ટીપલ એક્સેસ.

1-G ટેકનોલોજી મોબાઇલ ટેકનોલોજીમાં રેડિયો સિગ્નલ 'ઓન લોગ' સિસ્ટમથી ચાલતા. જ્યારે 2-G મોબાઇલમાં રેડિયો સિગ્નલ ડિજિટલ ટેકનોલોજીથી ચાલે છે. 3-G અથવા થર્ડ જનરેશન એવી ટેક્નિક છે જેનાથી આપણે જૂના 2-G GSM મોબાઇલની સરખામણીએ વધુ સ્પીડનો લાભ લઇ શકીએ છીએ. વધુ સ્પીડનું વાયરલેસ કનેક્શન તેને મળે છે. આ ટેક્નિકમાં સ્પેક્ટ્રમ ક્ષમતા બદલાવીને હાઇસ્પીડ ઇન્ટરનેટ એક્સેસ, ડેટા વીડિયો, સીડી

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)

# વસિયતનામા દ્વારા કરવેરા આયોજન

• મુકેશ પટેલ •

## વીલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટની રચના દ્વારા કરવેરા આયોજન

ઉપર જણાવ્યા મુજબ વસિયતકારે પોતાની મિલકતની વહેંચણીનું આયોજન એ રીતે ગોઠવવું લાભદાયી બની રહે, જે દ્વારા તેની મિલકત તેના કુટુંબના એવા સભ્યો વચ્ચે વહેંચવામાં આવે, જેમને કોઇ કરવેરાની જવાબદારી ન હોય અથવા પ્રમાણમાં નીચી હોય. પરંતુ જો કુટુંબના તમામ સભ્યોની આવકવેરા-સંપત્તિવેરાની જવાબદારી પ્રમાણમાં ઊંચી હોય તો? આવા સંજોગોમાં વસિયતકાર પોતાના વીલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટની રચના કરવાનું આયોજન કરી શકે. આવકવેરાના કાયદા હેઠળ સામાન્યતઃ 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ'ના કેસમાં તેની કરપાત્ર આવક ઉપર આવકવેરાના ૩૦ ટકા (સરચાર્જ હોય તો તે ઉમેરીને)ના મહત્તમ દરે આવકવેરો વસૂલ કરવાની જોગવાઇ છે. પરંતુ આ સંદર્ભમાં રાખવામાં આવેલા કેટલાક વિશિષ્ટ અપવાદો પૈકી એક મહત્ત્વનો અપવાદ એ વીલ હેઠળ રચાયેલા ડિસ્ક્રીશનરી ટ્રસ્ટને લગતો છે. આમ વીલ હેઠળ રચાયેલા ડિસ્ક્રીશનરી ટ્રસ્ટને આકારણીના એક અલગ એકમ તરીકે ગણવામાં આવે છે અને તેની આવક ઉપર આવકવેરાના સામાન્ય દરો લાગુ પાડવામાં આવે છે.

જે ટ્રસ્ટમાં તેના બેનિફિશ્યરીઓ નક્કી ન હોય અથવા બેનિફિશ્યરીઓ નક્કી હોય તો ટ્રસ્ટની આવક તથા મિલકતમાં તેમનો હિસ્સો નક્કી ન હોય, તેવા ટ્રસ્ટને 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' કહેવામાં આવે છે. આ પ્રકારના ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓને ટ્રસ્ટની આવક તથા એની મિલકત બેનિફિશ્યરીઓ વચ્ચે પોતાની મરજી મુજબ વહેંચવા માટે પૂરી છૂટ આપવામાં આવે છે.

પોતાનું વીલ બનાવતી વખતે વ્યક્તિ વીલના જ ભાગરૂપે આ પ્રકારનું ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ રચવાનું ઠરાવીને, તેને લગતી સંબંધિત જોગવાઇઓ કરી શકે. આવા ટ્રસ્ટનું અસ્તિત્વ વ્યક્તિનું મૃત્યુ થયા બાદ અમલમાં આવે અને વ્યક્તિએ વીલમાં નિર્દિષ્ટ કરેલી મિલકત આવા ટ્રસ્ટનું ટ્રસ્ટફંડ બને. આવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓને તેના બેનિફિશ્યરીઓ વચ્ચે આવક તેમ જ મિલકત વહેંચવાની સંપૂર્ણ અને વિશાળ સત્તા હોઇ, યોગ્ય ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવે તે ઇચ્છનીય છે. વસિયતકારે એ વાતનો ખાસ ખ્યાલ રાખવો રહ્યો કે, તેના વીલ હેઠળ માત્ર એક જ ટ્રસ્ટની રચના કરવામાં આવે, કારણ આવકવેરાના સામાન્ય દરો લાગુ પાડવા સંબંધી ઉપરોક્ત રાહતકારક જોગવાઇનો લાભ તો જ મળી શકે, જો વીલ હેઠળ રચવામાં આવેલ સંબંધિત ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ એ વસિયતકારે તેના વીલ હેઠળ જાહેર કરેલું એકમાત્ર ટ્રસ્ટ હોય.

### વસિયતકાર પોતાના વારસદારોને કરવેરાનો લાભ કરાવી શકે

*વસિયતકાર પોતાની મિલકતની વહેંચણી પોતાના સભ્યો વચ્ચે કરે તે સ્વાભાવિક છે. પિતા પોતાનું વસિયત બનાવે ત્યારે પોતાની મિલકત સામાન્યતઃ તેના પુત્રો વચ્ચે વહેંચવાની ઇચ્છા ધરાવે. આવે સમયે પિતાએ પોતાના પુત્રોની કરપાત્ર આવક તથા સંપત્તિનો ખ્યાલ રાખવો જોઈએ. જો પુત્રોની કરપાત્ર આવક તથા સંપત્તિ ઊંચી હોય અને તેમાં પિતાએ તેમના વસિયત હેઠળ આપેલી મિલકતનો ઉમેરો થાય, તો આવી મિલકતમાંથી ઉદ્‌ભવતી આવક અને તે સંપત્તિ ઉપર આવકવેરા તેમ જ સંપત્તિવેરાની ઘણી ઊંચી જવાબદારી આવે. આવા સંજોગોમાં પોતાના પુત્રને વહેંચવાની મિલકત તેને વ્યક્તિગત સ્વરૂપે આપવાને બદલે જો પિતા પોતાની પુત્રવધૂ, પુત્રનાં બાળકો કે પુત્રના હિંદુ અવિભક્ત કુટુંબ-જેની પણ કરપાત્ર આવક અને સંપત્તિ પ્રમાણમાં નીચી હોય તેમને આપવાનું ઠરાવે, તો તે કરવેરા આયોજનની દૃષ્ટિએ લાભદાયી બની રહે. આ સંદર્ભમાં પોતાના પિતા કે માતા અથવા નજીકના કોઈ સગાં-સંબંધીના વસિયતનામા હેઠળ જે વ્યક્તિને કોઈ મિલકત મળનાર હોય, તો તેવી મિલકત વ્યક્તિના કુટુંબમાંના એવા સભ્યો વચ્ચે વહેંચવાનું આયોજન કરાવી શકાય, જેથી ભવિષ્યની દૃષ્ટિએ તેના ઉપરની આવકવેરા તેમજ સંપત્તિવેરા જવાબદારીનું પ્રમાણ શક્ય એટલું નીચું રાખીને કરવેરામાં બચતના મહત્તમ લાભો મેળવી શકાય. આવકવેરાના કાયદાની કલમ-૬૪ તથા સંપત્તિ વેરાના કાયદાની કલમ-૪ હેઠળ સગીરની આવક તેમજ સંપત્તિ તેના પિતા કે માતાની સાથે ઉમેરવાની નવી જોગવાઈઓને પણ આ સંદર્ભમાં લક્ષમાં રાખીને મિલકતની વહેંચણીનું યોગ્ય આયોજન કરવું જોઈએ.*

### • વ્યવહારુ સંદર્ભમાં પણ આવા ટ્રસ્ટની ઉપયોગિતા :

વસિયતકાર સંપત્તિવાન હોય અને તેના મૃત્યુ બાદ તેની મિલકત તેનાં બાળકો જે હજુ સગીર અને કાચી સમજનાં હોય તેમને મળવાની હોય, તેવા સંજોગોમાં વસિયતકારને એ સ્વાભાવિક ચિંતા રહે કે, તેનાં બાળકોના હાથમાં સીધી રીતે આવી જનાર મોટી મિલકતનું યોગ્ય સંરક્ષણ તેઓ કરી શકશે કે કેમ? આવા સંજોગોમાં વસિયતકાર પોતાના વીલ હેઠળ ઉપર

*કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો. આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે. – હરીન્દ્ર દવે*

જણાવ્યા મુજબનું 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' અથવા યોગ્ય કેસમાં 'સ્પેશિફિક ટ્રસ્ટ'ની રચના કરી પોતાની ચિંતા ટાળી શકે. આ વ્યવસ્થાનો વ્યવહારુ લાભ એ રહે કે, વસિયતકારની મિલકતના વાસ્તવિક માલિક ટ્રસ્ટના બેનિફિશ્યરીઓ તરીકે તેનાં સગીર બાળકો હોવા છતાં, તેનો વહીવટ અને વ્યવસ્થા વસિયતકારે નીમેલા પુખ્ત વયના તથા સમજદાર તેમજ વિશ્વાસુ ટ્રસ્ટીઓના હાથમાં રહે અને તેથી વસિયતકારની મિલકત અયોગ્ય રીતે વેડફાઇ જવાનો કે તેનો દુર્વ્યય થવાનો કોઇ ભય ન રહે. આમ, ચોક્કસ સંજોગોમાં કરવેરા આયોજન ઉપરાંત વ્યવહારુ સંદર્ભમાં પણ આવા ટ્રસ્ટની ઘણી ઉપયોગિતા બની રહે!

- **કરવેરા આયોજનના અનેકવિધ લાભો!**

જો કુશળતાપૂર્વક આયોજન કરવામાં આવે, તો વીલ હેઠળ રચાયેલા ડિસ્ક્રીશનરી ટ્રસ્ટના એકમ દ્વારા આવકવેરા-સંપત્તિવેરા-બક્ષિસવેરામાં ઘણી જ ઉપયોગી બચત થઇ શકે. ટ્રસ્ટના બેનિફિશ્યરીઓ (જેમાં ભાવિ પેઢીના બેનિફિશ્યરીઓનો પણ સમાવેશ થઇ શકે) વચ્ચે સમયાનુસાર ટ્રસ્ટ ફંડ તેમ જ એકત્રિત કરાયેલી આવકમાંથી યોગ્ય પ્રમાણમાં વહેંચણી કરીને, 'ક્લબિંગ પ્રોવિઝન્સ' લાગુ પડ્યાની તેમ જ બક્ષિસવેરાની જવાબદારી આકર્ષવાની કોઇ પણ ચિંતા વગર, તેમની આવક તેમજ મૂડીનું આયોજિત નિર્માણ કરવાના લાભો મળી શકે.

૧૯૯૨ના નાણાકીય ધારા અન્વયે આકારણી વર્ષ ૧૯૯૩-૯૪થી ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ ઉપર સંપત્તિવેરાની જવાબદારી લાદતી કલમ ૨૧ની જોગવાઇઓને સંપૂર્ણપણે પડતી મૂકવામાં આવી છે. આ ઉપરાંત આકારણીના અલગ એકમ તરીકે આવકવેરાના સામાન્ય દરો લાગુ પડવાની વિશિષ્ટ સવલતને કારણે, આવા ટ્રસ્ટના ઉપયોગ દ્વારા આવકવેરામાં બચતના કેવા લાભ મળી શકે તેનો સ્પષ્ટ ખ્યાલ નીચે આપેલા દૃષ્ટાંતમાંથી આવી શકશે :

***દૃષ્ટાંત :*** એક વ્યક્તિ 'અ' તેના વીલ હેઠળ પોતાના કુટુંબના સભ્યોને બેનિફિશ્યરીઝ બનાવીને પોતાની તમામ મિલકતનું એક ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ બનાવે છે. 'અ' તેના મૃત્યુ સમયે રૂા.૫,૦૦,૦૦૦ ની સંપત્તિ મૂકીને જાય છે. જેમાંથી વાર્ષિક રૂા. ૫,૦૦,૦૦૦ ની કરપાત્ર આવક ઉદ્‌ભવે છે. 'અ' ના મૃત્યુ સમયે તેના કુટુંબના તમામ સભ્યો આવકવેરાના ૩૦ ટકાના સ્લેબમાં આવકવેરો ભરે છે. સામાન્ય સંજોગોમાં જો વીલ હેઠળ 'અ' ના કુટુંબના કોઇપણ એક અથવા વધુ સભ્યને આ મિલકત મળી હોત તો તે સંબંધી તેમણે રૂા. ૧,૫૦,૦૦૦નો આવકવેરો ભરવાનો થાત, પરંતુ વીલ હેઠળનું ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ આકારણીનું અલગ એકમ ગણાતું હોઇ અને તેના ઉપર આવકવેરાની સામાન્ય દરોએ ગણતરી કરતાં, આ કેસમાં રૂા. ૩૪,૦૦૦નો આવકવેરો ભરવાનો થાય. આમ ઉપરોક્ત સંજોગોમાં વીલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટની રચનાને કારણે 'અ' ના કુટુંબીજનો રૂ. ૧,૧૬,૦૦૦ (૧,૫૦,૦૦૦-૩૪,૦૦૦)ના આવકવેરાની રકમ પ્રતિવર્ષ ઉત્તરોત્તર વધતી જતી માત્રામાં બચાવી શકશે.

- **વીલ હેઠળના ટ્રસ્ટ સંબંધી શું ખ્યાલમાં રાખશો?**

'વીલ' હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ'ના સંદર્ભમાં આવકવેરાના સામાન્ય દરોએ આકારણીનો લાભ મળી શકે, તે હેતુસર એ ખ્યાલમાં રાખવું જોઇએ કે, આવા ટ્રસ્ટ દ્વારા કોઇ ધંધાકીય આવક મેળવવામાં ન આવે. આનું કારણ એ છે કે, આવકવેરાના કાયદા હેઠળ પ્રાઇવેટ ટ્રસ્ટને ધંધાની કોઇપણ આવક ઉદ્‌ભવે, તો આવા કેસમાં આવા ટ્રસ્ટની સંપૂર્ણ આવક (ધંધાકીય તેમ જ બિનધંધાકીય) ઉપર આવકવેરાનો ૩૦% (સરચાર્જ હોય તો તે ઉમેરીને) નો મહત્તમ દર લાગુ પડશે. તેથી આવા ટ્રસ્ટના કેસમાં ભાડાની આવક, વ્યાજ, ડિવિડન્ડ કે મૂડી-નફા જેવી બિનધંધાકીય આવકનું આયોજન કરવું જોઇએ.

આ ઉપરાંત આવા ડિસ્ક્રીશનરી ટ્રસ્ટનું સ્ટેટસ આવકવેરાના કાયદાના હેતુસર વ્યક્તિ ગણાતું હોઇ, કલમ ૮૦-સી તેમ જ કલમ ૮૦-સીસીએફ હેઠળના નિયત રૂા. ૧,૨૦,૦૦૦ સુધીનાં રોકાણોનું આયોજન કરીને ટ્રસ્ટ દ્વારા તેના ભરવાપાત્ર આવકવેરામાં ઉપયોગી બચત કરી શકાય.

***સાભાર : 'સંદેશ', તા. ૨૯-૧૧-૨૦૧૦***

---

### ભારતમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રની પ્રગતિ

**(અનુસંધાન : પાના નં.-33 ઉપરથી ચાલુ)**

ક્વોલિટીની મ્યુઝિક સીસ્ટમની સાથે ન્યુઝચેનલ પણ જોઇ શકાય છે. 3-G મોબાઇલ પર વાતચીત વખતે સામેથી બોલતી વ્યક્તિનો ચહેરો જોઇ શકાય છે.

- **દૂરવર્તી શિક્ષણ સુવિધા :**

શિક્ષકના પ્રત્યક્ષ સામીપ્ય સાનિધ્ય સિવાય પણ વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. આ દૂરવર્તી શિક્ષણમાં સિન્ક્રોનિયસ ટેકનોલોજી તથા બીજી અનસિન્ક્રોનિયસ ટેકનોલોજી મુખ્ય છે. સિન્ક્રોનિયસ ટેકનોલોજીમાં અભ્યાસક્રમ અલગ અલગ જગ્યાએ શીખવવામાં આવતા પરંતુ ટાઇમ એકજ હતો. જ્યારે અનસિન્ક્રોનિયસમાં અલગ અલગ જગ્યાએ શીખવવામાં આવતા અભ્યાસક્રમોનો ટાઇમ પણ અલગ અલગ હોય. દા.ત. વોઇસમેઇલ, ફેકસ, વિડીયો કેસેટ, ઇ-મેઇલ, પ્રિન્ટ મટીરિયલ ઓનલાઇન એજ્યુકેશનનો લાભ વિદ્યાર્થીઓને મળે છે.

- **કેટલાક ભયસ્થાનો :**

ટેલીકોમની વિવિધ સેવાઓ દ્વારા અબજો ડોલરની ગેરકાયદેસર હેરફેર શક્ય બની છે. દેશદ્રોહી પ્રવૃત્તિઓ કરનાર આતંકવાદીઓ આ સેવાઓનો ઉપયોગ નિરંતર કરે છે. પરિણામે આપણી સુરક્ષા જોખમાય છે. આતંકવાદીઓના મોબાઇલમાંથી બેનામી સીમકાર્ડ ઝડપાયા છે. આ ભયસ્થાનો નાથવા પ્રયત્નો થઇ રહ્યા છે.

*સહજાનંદ, ૬/એ, લીમડા લેન, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*જોસેફ સ્ટાલિન. રશિયનાનો સરમુખત્યાર. એક ડિનર પાર્ટીમાં સ્ટાલિનની પત્નીએ શરાબ લેવાનો ઈન્કાર કર્યો. સ્ટાલિને દબાણ કરીને તેણીને શરાબ પીવડાવ્યો. બીજે દિવસે સ્ટાલિનની પત્નીએ આત્મહત્યા કરી.* ***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*કેળવણી એટલે સુખમાં ઘરેણું અને દુઃખમાં દિલાસો. - એરિસ્ટોટલ*

**વ્યક્તિ વિશેષ**

# દીપેશ શ્રોફ (મેનેજિંગ ડિરેક્ટર – એક્સેલ ક્રોપ કેર લિ.)

• રાજ ભાસ્કર •

**ભારતનાં સાંસ્કૃતિક મૂલ્યો અને સામાન્યમાં સામાન્ય માણસના વિકાસની વાતનું ધ્યેય લઇને ચાલતી 'એક્સેલ' કંપનીના સરળ અને નિખાલસ મેનેજિંગ ડિરેક્ટર શ્રી દીપેશભાઇ શ્રોફની એક વિશેષ મુલાકાત....**

*અત્યાર સુધી અનેક મોટી ઇન્ડસ્ટ્રીઝના 'મોટા' અને 'ખોટા' એમ બધા પ્રકારના માલિકોને મળવાનું થયું છે અને મોટા ભાગે કંપનીના ગેઇટ પરથી જ મુશ્કેલીઓની હારમાળા ગળામાં આવી પડી છે. પહેલા કોળિયે જ માંખ જેમ ગેઇટ પર ઊભેલો સિક્યુરિટી 'ચા કરતા વધારે ગરમ કિટલી' જેમ ધખી ઊઠે. 'કિસકો મિલના હૈ... કયા કામ હૈ.. ઊસ બાંકડે પે બૈઠ જાઓ..' જેવાં નખરાં કરીને મારા જેવા ઇન્ટરવ્યૂ લેવા આવનારનો જ ઇન્ટરવ્યૂ લઇ નાંખે.*

*આપણે એપોઇન્ટમેન્ટ લઇને બધુ પાકું કરીને ગયા હોઇએ તો પણ હાથમાં શકોરું લઇ મુલાકાતની માધુકરી માગવી પડે. માંડ માંડ માલિકની કેબિન બહાર પહોંચીએ પછી મોટા સાહેબ 'બેથી ચાર' કલાક (એમણે આપેલા સમય પછી) રાહ જોવરાવે, પછી અંદર બોલાવે. સૂટબૂટ અને આડંબરથી સજ્જ મોટાસાહેબ આપણી સામેય જોયા વગર કહી દે, 'જલદી પૂછો જે પૂછવું હોય તે મારી પાસે ફક્ત પાંચ મિનિટ જ છે.' હું ભાવનગરમાં આવેલા 'એકસલ ક્રોપ કેર લિ. ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દીપેશભાઇ શ્રોફની મુલાકાત લેવા ગયો ત્યારે હું મારા ગળાને આવી મુશ્કેલીઓની માળા માટે તૈયાર કરીને જ ગયો હતો.*

*પણ..પણ મારા આજ સુધીના તમામ અનુભવો અને મારી તમામ ધારણાઓ એ દિવસે હવામાં ઊડી ગઇ. કંપની પર હું પહોંચવામાં હતો એ પહેલાં જ ત્રણ ચાર ફોન આવી ગયા. કંપનીના ગેઇટ પર સિક્યુરિટીને કહ્યું, 'અંદર ઓફિસમાં જવું છે. દીપેશભાઇને મળવાનું છે. એપાઇન્ટમેન્ટ લઇને આવ્યો છું.' મને અપેક્ષા હતી કે કિટલી વરાળ છોડશે. પણ મારા આશ્ચર્ય વચ્ચે સિક્યુરિટીએ કિટલી ન બનતા કેડબરી બની ઠંડા અને મીઠા અવાજમાં કહ્યું, 'પધારો સાહેબ!' બીજી જ ક્ષણે મારા માટે એક ગાડી ફાળવાઇ ગઇ અને મને દીપેશભાઇની ઓફિસે લઇ જવામાં આવ્યો. આ એક આંચકો હજુ પચ્યો નહોતો ત્યાં બીજો આંચકો તૈયાર જ હતો. મને એક પણ ક્ષણની રાહ જોવડાવ્યા વગર દીપેશભાઇ સાથે મારી મુલાકાત ગોઠવી દેવામાં આવી. ત્રીજો આંચકો તો ત્યારે લાગ્યો જ્યારે નરેશભાઇએ મને દીપેશભાઇની ઓળખ આપી. દીપેશભાઇ સાદા, સ્વચ્છ અને સુઘડ શર્ટ અને લેધર ચપ્પલમાં સજ્જ હતા. આટલી મોટી કંપનીના માલિક હોવાના સહેજ પણ આડંબર વગર એમણે મારી સાથે હસ્તતધૂનન કર્યું. મને આવકાર્યા અને મુલાકાત શરૂ થઇ.*

- ***આપની કંપની એક્સેલ ક્રોપ કેર લિમિટેડ વિશે કાંઇક જણાવો? એની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી?***

એક્સેલની સ્થાપના સ્વ. ચાંપરાજભાઇ શ્રોફ તથા તેમના બે બાંધવો શ્રી કાંતિસેનભાઇ શ્રોફ તથા ગોવિંદભાઇ શ્રોફ દ્વારા કરવામાં આવી. કાંતિસેનભાઇ શ્રોફ મારા પિતાજી છે.

- ***કંપનીની શરૂઆત ક્યાંથી થઇ?***

સૌપ્રથમ ઇ.સ. ૧૯૪૧માં માત્ર ૧૦૦૦૦ રૂપિયાની મૂડી લઇને પૂજ્ય ચાંપરાજભાઇ શ્રોફ દ્વારા મુંબઇના જોગેશ્વરી ખાતે એક્સેલની શરૂઆત થઇ.

- ***ત્યારબાદ ભાવનગર યુનિટ ક્યારે શરૂ થયું?***

ભાવનગર સાઇટની શરૂઆત ૨૦મી નવેમ્બર, ૧૯૬૯ ના રોજ થઇ. શારદાગ્રામના સંસ્થાપક આદરણીય મુરબ્બી મનસુખરામભાઇ જોબનપુત્રાના હસ્તે આ સાઇટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી ભાવનગરમાં જ ૧૯૭૧ માં ફોસ્ફરસ પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી.

- ***કંપનીની વિકાસયાત્રા વિશે થોડું જણાવશો?***

એક્સેલની વિકાસ કથા એટલે એના સંસ્થાપક સ્વ. ચાંપરાજભાઇ શ્રોફ તથા તેમના બંને ભાઇઓ શ્રી કાંતિસેનભાઇ શ્રોફ તથા ગોવિંદભાઇ શ્રોફથી માંડીને અદના કર્મચારી સુધીના સૌના સહપુરુષાર્થથી હાંસલ થયેલી સિદ્ધિની ગાથા. સાદી સરળ રાસાયણિક બનાવટોથી માંડીને પરદેશ પર જ જેના માટે આધાર રાખવો પડતો હોય તેવા મોંઘા અનેક રસાયણો ટાંચા સાધનો વડે પણ ભારતમાં જ બનાવવાની શક્યતાઓ ઊભી કરી છે.

ભાવનગરના ફોસ્ફરસ પ્લાન્ટ બાદ ખેતી વિષયક અનેક રસાયણોની બનાવટોનો પ્રારંભ એક્સેલ દ્વારા કરવામાં આવ્યો અને ૧ સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ એક્સેલ કંપનીએ ઑસ્ટ્રેલિયાની અગ્રગણ્ય કંપની 'નુફાર્મ' સાથે જોડાઇને એક્સેલ ક્રોપ કેપ નામથી વિકાસ યાત્રાનો દોર ચાલુ રાખ્યો છે.

- ***આપની કંપનીની વિશેષતા કઇ છે, જે અન્ય કંપનીઓ કરતાં અલગ પડે છે?***

અમારી કંપની દેશપ્રેમ, સ્વાવલંબન, અણીશુદ્ધ પ્રામાણિકતા, સહિયારા પુરુષાર્થ તથા પરિવાર ભાવના સાથે પોતાની આગવી શૈલીથી ધરાથી ગગન સુધી પહોંચવાની નેમ ધરાવતું અનોખું ઔદ્યોગિક સાહસ છે. અમારી વિશેષતા એ છે કે માત્ર ધંધો જ નહીં પણ સામાજિક, શૈક્ષણિક, તબીબી જવાબદારી કે પછી કુદરતી કે કૃત્રિમ આફતો વખતે પણ અમારી કંપની સમાજની મદદ માટે અડીખમ ઊભી રહે છે. કંપનીના સ્થાપના કાળથી જ માનવીય મૂલ્યોને કેન્દ્રમાં રાખી, ટ્રસ્ટીશિપના

*કાચ અને કીર્તિ બરડ છે. એમાં તરડ પડી જાય તો એ સાંધી શકાતી નથી. - બેન્જામિન ફ્રેન્કલીન.*

ભાવથી, માત્ર આર્થિક માપદંડોને કેન્દ્રમાં ન રાખતાં આત્મીયતાનો ભાવ અને પરિવાર ભાવનાને મહત્ત્વ એ એક્સેલની વિશેષતા છે.

- ***કંપનીના કર્મચારીઓના લાભાર્થે કોઈ વિશેષ યોજનાઓ ખરી?***

અનેક છે. અમારા માટે ધંધો કે નફો મહત્ત્વનો નથી, કંપનીના કર્મચારીનો સંતોષ જ મહત્ત્વનો છે. અમે અહીં જે કેન્ટીન ચલાવીએ છીએ એમાં માત્ર એક જ રૂપિયામાં કર્મચારીને સારામાં સારું ભોજન આપીએ છીએ. ભોજનની ગુણવત્તામાં પણ કોઈ બાંધછોડ કરતા નથી. ભોજનમાં છાશ પણ આવી જાય. એમાંય પાછું કર્મચારીઓ અને ઑફિસરો બધા માટે એક જ ભોજન. અધિકારીઓ માટે અલગ એવું નહીં. ઉપરાંત ઑફીસરોનાં ટોઇલેટ પણ અલગ નહીં. અમારા માટે બધા જ સરખા છે. ઉપરાંત અમે કર્મચારીઓને દિવાળી બોનસ પણ સરખું જ આપીએ છીએ. અધિકારી હોય, મેનેજર હોય કે પ્યુન. અમારા નફાનો અમુક ભાગ દરેકને સરખે ભાગે બોનસ તરીકે મળે. દા.ત. ૨૦૦૦૦ બોનસ નક્કી થાય તો મેનેજરને પણ ૨૦૦૦૦ અને પ્યુનને પણ ૨૦૦૦૦ મળે.

- ***કંપનીનાં કાર્યો સિવાય પણ કર્મચારીના વિકાસને લગતી કોઈ પ્રવૃત્તિઓ થાય છે ખરી?***

હા, એ પણ ઘણા પ્રકારે થાય છે. જેમકે રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, કંપનીના કર્મચારીના પરિવાર માટે વિહારધામ યોજના, તેજસ્વી વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ, નોટબુક-ફુલસ્કેપ વિતરણ કાર્યક્રમ, ગૃહિણીઓ તથા દીકરીઓ માટે વિવિધ કાર્યક્રમો, કર્મચારી જન્મદિન ભેટ, મીઠાઇ વિતરણ, દીર્ઘસેવા સન્માન, વેલફેર ટ્રો, લાઇબ્રેરી, બાળકો માટે અભ્યાસ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ વગેરે પ્રકારે કર્મચારીના ઉત્થાન અને ઉત્સાહ માટે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

- ***વર્તમાન સમયમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી (સી.એસ.આર.)નો વિચાર ચાલે છે. ઈન્ડસ્ટ્રીઝનું એક સામાજિક કર્તવ્ય પણ છે. આપના દ્વારા આ દિશામાં કોઈ પગલાં ભરાય છે?***

સામાજિક કર્તવ્યની શરૂઆત અમે અમારી કંપનીથી જ કરીએ છીએ. પહેલેથી જ અમે અમારો હેતુ કમાવાનો નથી રાખ્યો. બીજું કે અમે એ બાબતનું ધ્યાન રાખ્યું છે કે ખેડૂત જોડે ખોટું કરીને નથી કમાવું. ધંધામાં ખોટું કરીને કમાઇએ પછી દાન આપીએ એનો કોઇ અર્થ નથી રહેતો.

- ***એ તો બરાબર પણ સામાજિક સેવાનાં કોઈ કાર્યો આપની કંપની દ્વારા થયા હોય તો એ કહો.***

ભૂકંપ વખતે અમે માતબર દાન તો આપ્યું જ હતું, પણ બીજી અનેક સંસ્થાઓનું દાન પણ અમારી પાસે આવ્યું હતું જે અમારા દ્વારા વાપરવાનું હતું. એ માટે હું પોતે ત્રણ વર્ષ કચ્છમાં રહ્યો હતો અને સેવા કાર્યો કર્યા હતાં. તમારે જો આંકડો જ જોઇતો હોય તો વર્ષે પાંચ-સાત કરોડ તો મિનિમમ ડોનેશન આપીએ છીએ. આ ઉપરાંત શાળાનાં બાળકોની સ્પર્ધાઓ યોજીએ છીએ. તેઓને ટેલેન્ટ પ્લેટફોર્મ પૂરું પાડીએ છીએ. ૧૫૦૦ થી ૧૬૦૦ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે છે. આ ઉપરાંત ધોરણ દસ, અગિયાર અને બારના વિદ્યાર્થીઓ માટે તરુણ વિકાસ શિબિરનું પણ આયોજન કરીએ છીએ. રામકૃષ્ણ મિશન માટે તથા વિવેકાનંદ રિસર્ચ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા તથા એના જેવી આવી અનેક યોજનાઓ છે.

- ***આટલાં વર્ષો દરમિયાનની કોઈ યાદગાર ઘટના?***

હા, આપણે સૌ જાણીએ જ છીએ કે લેપ્રસી પ્રત્યે સમાજમાં કેવી સુગ છે અને હતી. રક્તપિત્તનો દર્દી સાજો થઇ ગયો હોય તો પણ એના ઘરના લોકો એને રાખવા તૈયાર નથી થતા. ઇ.સ. ૧૯૬૯માં ભાવનગર યુનિટની સ્થાપના થઇ ત્યારે એક લેપ્રસીનો દર્દી હોસ્પિટલમાંથી સારવાર લઇને બહાર આવેલો. એનું નામ કાળુસિંગ દરબાર. એ વખતે આપણે એને એક્સેલમાં નોકરીએ રાખેલો. અમુક કર્મચારીઓએ સુગથી કહેલું કે એને રાખશો તો અમે કામ નહીં કરીએ. પણ આપણે માનવતાને પ્રાધાન્ય આપીને કાળુસિંગને નોકરીએ રાખેલો. એણે વર્ષો સુધી નોકરી કરેલી. બીજી એક ઘટના છે અહીંના આડોડિયા વાસની. આડોડિયા જ્ઞાતિનો ધંધો મૂળે દારૂ વેચવાનો પણ આપણે એ જ્ઞાતિના લોકોને પણ નોકરીએ રાખેલા અને એમનું જીવન બદલાઇ ગયું. આજે તેઓ ઉત્તમ નોકરી કરે છે. સમાજમાં તેમનો ઊંચો મોભો છે. (એક નોંધવા જેવી વાત એ છે કે દીપેશભાઇ 'હું' નહિ પણ 'આપણે' શબ્દ વાપરે છે.)

- ***હમણાં વિશ્વના ચાલીસ જેટલા ધનપતિઓએ પોતાની મિલકતનો ૫૦ ટકા જેટલો હિસ્સો દાનમાં આપવાનો નિર્ણય કર્યો આ બાબતે આપનું શું કહેવું છે?***

સ્વાભાવિક રીતે બહુ સારી બાબત કહેવાય. જો સમાજ સુધારવો હશે તો આ રીતે જ સુધરશે. દરેક મોટો બિઝનેસમેન જો ફક્ત એક એક જિલ્લો લઇ લે તો કોઇ તકલીફ જ ના રહે. ચારે બાજુ વિકાસ જ વિકાસ થઇ જાય.

- ***આ બાબતે આપનો કોઈ વિચાર ખરો?***

મારા પિતાજી શ્રી કાંતિસેનભાઇ શ્રોફે એક ટ્રસ્ટ બનાવ્યું છે. અને એમાં એ પોતે ટ્રસ્ટી પણ નથી. આમ જોવા જાવ તો મારા પિતાજીએ તો એમની સો એ સો ટકા રકમ સમાજ માટે મૂકી દીધી છે એમ કહું તો પણ ખોટું નથી. અનેક સંસ્થાઓને વિવિધ રીતે અમારી કંપની દ્વારા દાન અપાતાં જ રહે છે.

- ***આપની કંપનીની વર્તમાન પ્રગતિથી આપ સંતુષ્ટ છો? સંતોષ હોય તો કઈ બાબતનો અને અસંતોષ હોય તો કઈ બાબતનો?***

કોઇ પણ બિઝનેસમેન પૂરેપૂરો સંતુષ્ટ થઇ જાય તો એનો વિકાસ અટકી જાય. થોડાક અસંતોષ છે પણ તે મીઠા છે. મજા આવે તેવા છે.

- ***આપનું લક્ષ્ય?***

વધારેમાં વધારે લોકોને સુખી કરવાનું. આપણે જેટલા વધારે લોકોને સુખી કરીશું એટલાં જ આપણાં બાળકો સુખી થશે. લોકો માટે સામાજિક કાર્યો કરીને આપણે કોઇ ઉપકાર નથી કરતા. ખરેખર તો એ આપણી આવનારી પેઢીના સુખ માટે જ હોય છે. એક્સેલ પરિવારના સૌ સભ્યો ભારતનાં જીવન મૂલ્યો અને સિદ્ધાંતોના આધારે નિસર્ગ અને પર્યાવરણનું સંરક્ષણ અને સંવાદિતા દૃઢ કરવાનું ધ્યેય લઇને ચાલે છે.

***'સાધના' સાપ્તાહિકમાંથી સાભાર***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

***યુવાનીમાં આપણે દુનિયા બદલવા ઈચ્છીએ છીએ અને ઘડપણમાં યુવાનીને બદલવા ઈચ્છીએ છીએ.***

જન્મ શતાબ્દી અવસર (૧૯૧૧-૨૦૧૧)

'નૈતિક રાજકારણ'ના શીલધર્મ રાજપુરુષ અને કટોકટીકાળના સુકાની

# ગુજરાતના મુખ્યપ્રધાન : બાબુભાઈ જશભાઈ પટેલ

● ભરત'કુમાર' પ્રા. ઠાકર ●

**જન્મ : ૯મી ફેબ્રુઆરી, ૧૯૧૧ ● નિધન : ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨**

ખાસ કરીને ગુજરાતના જાહેરજીવન, સમાજસેવા, રચનાત્મક કાર્યો અને રાજકારણ ક્ષેત્રની એક વિશિષ્ટ પ્રતિભા તથા બે વખત ગુજરાતના મુખ્યપ્રધાન બનનાર બાબુભાઇ જશભાઇ પટેલના ચાલુ મહિને જન્મ શતાબ્દી પ્રસંગે અત્રે બિંદુમાં સિંધુ અને ગાગરમાં સાગર સમાવવા સમાન એક નાનકડા લેખમાં જાજરમાન વ્યક્તિત્વને ઉપસાવવાનો પ્રયત્ન કરાયો છે. સાદગીસભર અને પારદર્શક વ્યક્તિત્વ ધરાવતા બાબુભાઇની ગણના વહીવટી દષ્ટિએ એક કાર્યદક્ષ અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા મુખ્યપ્રધાન તરીકે થઇ છે. આશા છે કે વાચકોને આ શતાબ્દી-લેખ પસંદ પડશે.

● **સંસદીય કારકિર્દીનો આરંભ :**

ગુજરાતના ચરોતર પ્રદેશ (આજના ખેડા-આણંદ જિલ્લા)ની અનેક દેદીપ્યમાન પ્રતિભાઓમાં એક ગૌરવવંતુ નામ એટલે કર્મઠ ગાંધીવાદી બાબુભાઇ પટેલ! માતા ચંચળબહેન અને પિતા જશભાઇ મકનદાસ પટેલને ત્યાં બાબુભાઇનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૯મી ફેબ્રુઆરી, ૧૯૧૧ના નડિયાદ મુકામે થયેલો. ખેડા જિલ્લાના ઘણા પાટીદાર પરિવારોની જેમ એમને પણ (પિતૃપક્ષે સ્વામિનારાયણ અને માતૃપક્ષે વૈષ્ણવ એમ) બે સાંપ્રદાયિક ધારાઓનું સંસ્કાર-સિંચન મળેલું. ફર્ગ્યુસન કૉલેજ (પૂના) અને વિલ્સન કૉલેજ (મુંબઇ)માં ભણી બોમ્બે યુનિવર્સિટીમાંથી બી.એ., એલએલ.બી. ની પદવીઓ મેળવી હતી.

ગાંધીજીની સલાહ અનુસાર 'અભ્યાસ સાથે આંદોલનો'માં સંકળાતા રહ્યા હતા. ૧૯૩૦-૪૨ દરમ્યાન વિવિધ લડતોમાં ભાગ લઇ આઠેક વખત જેલમાં ગયેલા અને પાંચેક વર્ષનો કારાવાસ વેઠેલો. ત્યારે તેમના બે અંતરંગ મિત્રો પ્રગતિશીલ લેખક-કવિ ભોગીલાલ ચુનીલાલ ગાંધી (૧૯૧૧-૨૦૦૧) અને આજીવન ગાંધીસેવક ધીરુભાઇ મણિભાઇ દેસાઇ (૧૯૧૧-?) યરવડા જેલમાં એમના સહવાસી હતા. આ જેલવાસ દરમ્યાન જ એમને સાહિત્યરસ પામવાની તક અને સમય મળેલાં. મુંબઇમાં 'અધ્યયન સાથે આજીવિકા' અર્થે સંસ્કારી પરિવારોમાં ટ્યુશન આપવાનું કામ કરતા.

સરદાર પટેલ (૧૮૭૫-૧૯૫૦) તો 'માનવપારખુ ઝવેરી' તરીકે જાણીતા હતા. ૧૯૨૭માં બાબુભાઇને પહેલી મુલાકાતમાં જ ઓળખી લીધા હતા અને ૧૯૩૭માં તેઓ નડિયાદ બેઠક પરથી મુંબઇ પ્રાંતીય ધારાસભામાં સૌથી નાની ઉંમરના ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા! આમ, માત્ર ૨૬ વર્ષની નવયુવાન વયે તેઓ સંસદીય ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. લગભગ છ દાયકા લાંબી સંસદીય કારકિર્દીમાં તેઓ નવ વખત વિધાનસભા ચૂંટણી લડ્યા. તેમાં ૧૯૩૭, ૧૯૪૬, ૧૯૫૨, ૧૯૬૭ (નડિયાદ), ૧૯૭૫ (સાબરમતી) અને ૧૯૯૦ (મોરબી) એમ છ વખત ચૂંટાઇ આવેલા. જ્યારે ૧૯૫૭ (નડિયાદ), ૧૯૬૨ (ખંભાત) અને ૧૯૭૨ની ત્રણ ચૂંટણીઓમાં પરાજિત થયેલા.

● **મુંબઇ-ગુજરાત ધારાસભાઓમાં :**

૧૯૪૬માં બીજી વાર મુંબઇ ધારાસભામાં ચૂંટાઇ આવ્યા ત્યારે બાળાસાહેબ ખેર (૧૮૮૮-૧૯૫૭)ના મંત્રીમંડળમાં સંસદીય સચિવ (૧૯૪૯) નિમાયા. તે વખતે દેશી રાજ્યોના વિલીનીકરણ અને એસ.ટી. બસોના રાષ્ટ્રીયકરણની કામગીરી પાર પાડેલી. ૧૯૫૨માં ત્રીજી વખત ચૂંટાઇ આવ્યા ત્યારે ખેર સરકારમાં બાંધકામ, સિંચાઇ, વીજળી અને વાહનવ્યવહાર ખાતાના નાયબ પ્રધાન થયા હતા. ગુજરાતમાં મેશ્વો, ઉકાઇ અને મહી આ ત્રણ મહત્ત્વની સિંચાઇ યોજનાઓ એમના પુરુષાર્થથી સાકાર થઇ. ૧૯૫૫થી કેબિનેટ પ્રધાન બનતાં વધારામાં આયોજન, વિકાસ અને ગૃહનિર્માણ ખાતાં પણ સંભાળેલા.

તે પછીની બે ચૂંટણીઓમાં પરાજય પશ્ચાત્ સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભવિદ્યાનગર) ના ઉપકુલપતિ (૧૯૫૮), ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ મંડળના પ્રમુખ (૧૯૬૩) અને ગુજરાત રાજ્ય ખનિજ વિકાસ નિગમના અધ્યક્ષ (૧૯૬૪) તરીકે કામગીરી દીપાવી. ૧૯૬૭ની ચૂંટણીથી તેઓ ગુજરાત વિધાનસભામાં પ્રવેશ્યા અને હિતેન્દ્ર દેસાઇ (૧૯૧૫-૯૩)ના મંત્રીમંડળમાં બાંધકામ, વીજળી, સિંચાઇ, નાગરિક પુરવઠા અને પાટનગર વિકાસ યોજના ખાતાના કેબિનેટ પ્રધાન બન્યા. ૧૯૭૧માં નાણાપ્રધાન તરીકે પણ સેવાઓ આપેલી. ૧૯૭૨માં ત્રીજી વખત હારી ગયા, પણ અમુલ ડેરીના અધ્યક્ષપદે (૧૯૭૩-૭૫) રહીને ડેરીવિકાસ અને આનુષંગિક ક્ષેત્રોનાં વિસ્તરણમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.

● **ગુજરાતના સારથિ : પૂર્વાર્ધ**

૧૯૭૪માં ગુજરાતમાં 'નવનિર્માણ આંદોલન' આવ્યું અને ઇતિહાસે જાણે કરવટ બદલી. ચીમનભાઇ પટેલ (૧૯૨૯-૯૪) ની સરકારે રાજીનામું આપવું પડ્યું અને રાષ્ટ્રપતિ શાસન લદાયું. દરમ્યાન ગુજરાતના રાજકીય ફલક પર બાબુભાઇના નેતૃત્વ નીચે સંસ્થા કોંગ્રેસ, જનસંઘ, ભારતીય લોકદળ, સમાજવાદી પક્ષ અને રિપબ્લિકન પક્ષ એમ પાંચ પક્ષોનો 'જનતા મોરચો' રચાયો. બીજી બાજુ ચીમનભાઇએ 'કિમલોપ' (કિસાન મજદૂર લોક પક્ષ) સ્થાપ્યો. તે પછી મોરારજીભાઇ દેસાઇ (૧૮૯૬-૧૯૯૫) ના ઉપવાસ પછી ૧૯૭૫માં વિધાનસભા ચૂંટણી યોજાઇ.

*દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહીં, પણ દિલમાં શું હતું એ જોવાનું છે. - ફાધર વાલેસ*

આ ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે મોરચાએ કિમલોપના ટેકાથી ગુજરાતની 'પ્રથમ બિનકોંગ્રેસી સરકાર' રચી અને 'સરદાર પટેલ જન્મ શતાબ્દી વર્ષ'માં બાબુભાઇ પટેલે શાસનધુરા સંભાળી. તેમણે પોતાની સરકારમાં પ્રથમ વખત બધા પ્રધાનોને એકસરખી કક્ષાના કેબિનેટ પ્રધાનો તરીકે નીમવાનો નવો ચીલો પાડ્યો હતો. ૧૮મી જૂન, ૧૯૭૫ ના બાબુભાઇની મુખ્યપ્રધાન તરીકે સોગંદવિધિ થઇ. તેના બરાબર એક અઠવાડિયે અર્થાત્ ૨૫મી જૂન, ૧૯૭૫ ના દેશમાં કટોકટી જાહેર થઇ. પરંતુ ગુજરાતની પ્રજાએ બાબુભાઇના શાસનમાં મુક્ત હવા માણી.

મુખ્યપ્રધાન તરીકે બાબુભાઇનો આ પ્રથમ કાર્યકાળ ૧૮મી જૂન, ૧૯૭૫ થી ૧૨ મી માર્ચ, ૧૯૭૬ (પોણા નવ માસ) નો રહ્યો હતો. ગુજરાતમાં મોરચાના પ્રયોગવાળી તેમજ મિશ્ર અને લઘુમતી પ્રકારની એ પ્રથમ સરકાર હતી. પરંતુ કિમલોપે ટેકો પાછો ખેંચતાં બજેટસત્રમાં એક મતથી હાર થઇ અને બાબુભાઇ સરકારનું અકાળે પતન થયું. તેમના આ ટૂંકા પૂર્વાર્ધ ભાગમાં ભાવનગર યુનિવર્સિટીની રચના, ગ્રામીણ બેંકોની સ્થાપના, અભિનવ ગ્રામનિર્માણ, સસ્તું તેલ-સસ્તું અનાજ વગેરે મુખ્ય પગલાં ગણી શકાય. કટોકટીકાળ વખતે ગુજરાતના અનેક નેતાઓ સાથે એમને પણ જેલવાસ થયેલો.

**• ગુજરાતના સુકાની : ઉત્તરાર્ધ**

વચ્ચે થોડો સમય માધવસિંહ સોલંકી (જ. ૧૯૨૭) ની કોંગી સરકાર આવી; પણ ૧૯૭૭માં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની હારના પગલે સોલંકી સરકારની પણ બહુમતી ઘટતાં તેમણે રાજીનામું આપ્યું. કેન્દ્રમાં જનતા પક્ષની સરકાર રચાઇ તેમ ગુજરાતમાં પણ જનતા મોરચાનું જનતા પક્ષમાં રૂપાંતર થયું અને પુનઃ બાબુભાઇએ સુકાન સંભાળ્યું. તે પછી કેન્દ્રમાં ફરી સત્તાપલટો થતાં ઇન્દિરાજી (૧૯૧૭-૮૪) એ ૧૯૮૦ માં ગુજરાત વિધાનસભા બરખાસ્ત કરી પ્રધાનમંડળ બરતરફ કર્યું હતું.

૧૧મી એપ્રિલ, ૧૯૭૭ થી ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૦ (પોણા ત્રણ વર્ષ) લગી સત્તા પર રહ્યા. મુખ્યમંત્રીપદના તેમના આ ઉત્તરાર્ધ ભાગમાં નર્મદા જળવિવાદનો ચુકાદો, બક્ષીપંચની ભલામણોનો અમલ, સિંચાઇ-વીજળીમાં હરણફાળ, શિક્ષણની નવી તરાહ, મોરબી અતિવૃષ્ટિ, પોલીસ આંદોલન વગેરે મુખ્ય બનાવો ગણી શકાય. પરંતુ નર્મદા યોજના વિકાસ, ગાંધીનગરના મંડાણ અને મોરબી પૂરરાહત ક્ષેત્રે એમની કામગીરી આજેય અવિસ્મૃત રહી છે.

આમ, બંને કાર્યકાળ મળી બાબુભાઇએ લગભગ સાડા ત્રણ વર્ષ ઉપરાંત સમયનું શાસન ભોગવ્યું હતું. મુખ્યપ્રધાન તરીકેની તેમની કારકિર્દી પરાકાષ્ઠાએ પહોંચેલા રાજકારણ દરમ્યાનની હતી. શ્રી પટેલે રાજ્યનું નેતાપદ અનેક આરોહ-અવરોહ વચ્ચે પણ કુશળતા અને મક્કમતાપૂર્વક સંભાળ્યું હતું. આજે પણ લોકો એમના નેતૃત્વવાળી સ્વચ્છ, કાર્યદક્ષ અને નમૂનેદાર સરકારને યાદ કરે છે.

**• નર્મદા યોજનાના સ્વપ્નદૃષ્ટા :**

છેલ્લે ૧૯૯૦માં મોરબીમાંથી ચૂંટાઇ આવ્યા બાદ ચીમનભાઇ પટેલની સરકારમાં તેઓએ નર્મદા વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી તરીકે કામગીરી સંભાળી હતી. ગુજરાતની જીવાદોરી સમી નર્મદા યોજના સત્વરે પૂરી થાય તેના ખૂબ આગ્રહી હતા. કદાચ તેથી જ બબ્બે વખત મુખ્યપ્રધાન જેવા ટોચના પદે રહ્યા છતાં ચીમનભાઇ સરકારમાં નર્મદા વિકાસ ખાતાનો હવાલો સંભાળીને નર્મદા બંધનું બાંધકામ તથા અસરગ્રસ્તોનો પુનર્વસવાટ ઝડપથી થાય તેવા પ્રયાસો કર્યા હતા.

૧૯૩૭માં સૌથી નાની વયના ધારાસભ્ય તરીકે શરૂઆત કરી બાબુભાઇ ૧૯૯૫માં સૌથી મોટી વયના ધારાસભ્ય તરીકે નિવૃત્ત થયા હતા! પોતાની સંસદીય કારકિર્દી એમણે વિધાનસભા પૂરતી સીમિત રાખી હતી. ક્યારેય લોકસભા ચૂંટણી લડ્યા ન હતા. વચ્ચેના નિવૃત્તિકાળ વખતે ૧૯૯૦માં વડાપ્રધાન વી.પી. સિંહ (૧૯૩૧-૨૦૦૮) દ્વારા કરાયેલ રાજ્યપાલ પદની ઑફર પણ સ્વીકારી ન હતી. ગુજરાત જ તેમની જન્મભૂમિ, કર્મભૂમિ અને સેવાભૂમિ રહી.

સૌરાષ્ટ્ર રાજયના મુખ્યપ્રધાન ઉછરંગરાય ઢેબર (૧૯૦૫-૭૭) 'સાધુચરિત રાજપુરુષ'ની ઉપમા પામ્યા છે તેમ ગુજરાતના મુખ્યપ્રધાન બાબુભાઇ પટેલ 'શીલધર્મી કે સૌજન્યશીલ રાજપુરુષ' તરીકે ઓળખ પામ્યા છે. માજી સ્પીકર કુંદનલાલભાઇ ધોળકિયા (જ. ૧૯૨૦)એ એમને બ્રિટનના વડાપ્રધાન ક્લીમેન્ટ એટલી (૧૮૮૩-૧૯૬૭) સાથે સરખાવ્યા છે. રાજકારણી હોવા સાથે તેઓ એક અચ્છા અભ્યાસી, સાહિત્યપ્રેમી અને સમીક્ષક પણ હતા.

**• સાદગી અને ફરજનિષ્ઠા :**

ગાંધી વિચારમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા બાબુભાઇએ 'નૈતિક રાજકારણ'ને ખરા અર્થમાં જીવી જાણ્યું હતું! તેમની સાદાઇ, કર્તવ્યપરાયણતા, પ્રામાણિકતા અને સિદ્ધાંતપ્રિયતાને આજે પણ સૌ કોઇ સંભારે છે. બ્રિટનના વડાપ્રધાન હેરલ્ડ મેકમિલન (૧૮૯૪-૧૮૯૬) ની જેમ બાબુભાઇ પણ ૧૯૭૬માં મુખ્યમંત્રી પદેથી ઉતરી ગયા પછી સામાન્ય પ્રવાસીની માફક ગાંધીનગર-અમદાવાદની શહેરી લાલ બસમાં મુસાફરી કરતા જોયાનું ઘણાને સ્મરણમાં છે.

એમ કહી શકાય કે વીસમી સદીના પૂરા ઉત્તરાર્ધ ભાગથી વધુ સમય (સાડા છ દાયકા પ્રલંબ જાહેરજીવન) ઉપર પોતાની મુદ્રા આંકી જવાનો અવસર એમને મળ્યો હતો. રાજકીય ક્ષેત્ર ઉપરાંત સરદાર વલ્લભભાઇ પટેલ સમાજસેવા ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી, નડિયાદ એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ તેમજ અનેક સામાજિક-રચનાત્મક સંસ્થાઓમાં સેવાઓ આપી હતી. મુંબઇ-ગુજરાતના ધારાસભ્ય તરીકેનાં અને સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનાં નિવૃત્તિ વેતન કે તામ્રપત્ર સ્વીકારેલ નહિ.

એમને કાકાસાહેબ ગાડગીલ ઍવૉર્ડ (૧૯૯૪), ઇન્ટરનેશનલ ફ્રેન્ડશિપ સોસાયટી ઓફ ઇન્ડિયાનો વિજયશ્રી ઍવૉર્ડ અને વિદાયના વર્ષમાં વિશ્વ ગુજરાતી સમાજ (અમદાવાદ) દ્વારા 'સરદાર પટેલ વિશ્વ પ્રતિભા ઍવૉર્ડ' (૨૦૦૨) પ્રદાન થયેલા. આવા એક સિદ્ધાંતનિષ્ઠ રાજપુરુષ અને ગુજરાતના આદર્શ મુખ્યપ્રધાન બાબુભાઇ પટેલનું ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૨ના અવસાન થયું. જન્મશતી પ્રસંગે આપણી ભાવવંદના.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*લાઈફ સૌથી મોટું મોટિવેશન - પ્રેરકબળ છે. – અનુપમ ખેર*

જગડુશા-ભામાશા અને મોતીશાની યાદ તાજી કરાવે છે :

# દીપચંદભાઇ ગાર્ડી

દીપચંદ સ્વરાજભાઇ ગાર્ડીની એક-બે શબ્દોમાં ઓળખ આપવી હોય તો કહી શકાય : માનવતાની મહેક. ૯૬ વર્ષની લાંબી જિંદગીમાં એમણે અગરબત્તી જેવું ઉમદા અને ઉત્તમ જીવન પોતાને માટે નહિ પણ બીજાને માટે જીવી લીધું છે. ૮ રાજ્યોમાં ૫૦૦ કરતાં વધુ સંસ્થાઓ, હજારો લોકો અને સેંકડો ગામડાંઓ સુધી એમની લાખો નહિ કરોડોના દાનની સખાવત પહોંચી છે. છેલ્લા ૩૭-૩૭ વર્ષોથી પોતાનું તન-મન અને ધન માત્ર અને માત્ર માનવતાવાદી કાર્યો પાછળ ખર્ચી નાખનાર નખશિખ જૈન શ્રેષ્ઠી ગાર્ડીજી આપણને જૈન ઇતિહાસના અમર પાત્ર શેઠ જગડુશા, ભામાશા, શેઠ મોતીશા વગેરેનું સ્મરણ કરાવે છે.

રોજનું પાંચ લાખ રૂપિયા કરતાં વધુ દાન કરતા આ મહાનુભાવ જ્યારે પોતાના પૌત્ર પાસે વચન માંગે કે મારા મૃત્યુ પછી તારે દરરોજ રૂપિયા એક કરોડનું દાન કરવું અને એ રીતે મારો વારસો જાળવવો ત્યારે એમની સખાવતના વર્ણનમાં એક જ શબ્દ સૂઝે છે, પરોપકારની પરાકાષ્ઠા! નામ-દામ, પદ, પ્રતિષ્ઠા, સત્તા કે અન્ય કોઇ પણ દુન્યવી સ્વાર્થ કે કીર્તિલાલસા વિના માત્ર ને માત્ર માનવતાવાદી ભાવનાથી પ્રેરાઇને શિક્ષણ, તબીબી સેવા, ગ્રામ વિકાસ, સ્વરોજગારી, અનાથાશ્રમ, જીવદયા જેવાં અનેક કાર્યો પાછળ પ્રતિદિન ૧૭-૧૮ કલાક સમય આપનાર ગાર્ડીજી પોતાની હયાતીમાં જ જૈન ઇતિહાસનું સોનેરી પૃષ્ઠ બની ચૂક્યા છે.

- **વર્ષ : ૧૯૨૬, સ્થળ : મૂળી, ઝાલાવાડ (સૌરાષ્ટ્ર)**

આજના સુરેન્દ્રનગર જિલ્લાના વાંકાનેર ગામથી ૧૧ વર્ષનો એક બાળક કૂળદેવતા માંડવરાયજીના દર્શન કરવા મૂળી જાય છે. મુસાફરી માટે ટિકિટ ભાડાના જરૂરી ચાર આના પણ તેના ખિસ્સામાં નથી. મંદિરે બે હાથ જોડી આ બાળક પ્રાર્થના કરે છેઃ “હે ભગવાન મને મન, વચન અને કર્મથી એવી સદ્‌બુદ્ધિ આપજે કે હું દરરોજ રૂપિયા એક હજારનું દાન કરી શકું એટલો ધનવાન બનું.”

- **વર્ષ : ૧૯૫૫, સ્થળ : મુંબઇ**

કાળના પ્રવાહમાં ઘણી ઊથલપાથલ સાથે ૪૦ વર્ષ વીતી ગયા છે. હવે પેલો બાળક ૪૦ વર્ષનો મધ્યવયસ્ક સફળ યુવાન વકીલ બની ચૂક્યો છે. મુંબઇથી ટ્રેન દ્વારા વતનના ગામ પહોંચી કૂળદેવતાને માથું નમાવી બે હાથ જોડીને તે પ્રાર્થના કરે છે, “હે પરમાત્મા, મેં માંગ્યું અને તેં આપ્યું. હવે હું રોજ રૂા. ૧૦૦૦ નું દાન કરું એટલો સક્ષમ બન્યો છું. પણ હવે મને એટલો સક્ષમ બનાવ કે હું દરરોજ રૂા. ૧ લાખનું દાન કરી શકું.”

- **વર્ષ : ૧૯૭૧, સ્થળ : મુંબઇ**

હવે એ સદ્‌ગૃહસ્થની ઉંમર ૬૬ વર્ષને આંબવા આવી છે. વ્યવસાયિક જીવનમાંથી તેણે ક્યારનીયે નિવૃત્તિ લઇ લીધી છે. હવે તે રોજ રૂા. એક લાખ કરતાં વધારે રકમનું દાન કરે છે. પણ અંદરથી એવી ઇચ્છા ખરી કે હજુ વધારે રકમનું દાન કરું!

- **વર્ષ : ૨૦૧૦, સ્થળ : મુંબઇ**

ઉનાળાની ગરમીમાં પણ વગર એ.સી.એ ફાઇલોના ઢગલા વચ્ચે કામમાં ગળાડૂબ ૯૬ વર્ષના સજ્જન રોજ રૂા. પાંચ લાખ કરતાં વધુ રકમનું દાન કરીને જ મોંમા અન્નનો કોળિયો મૂકે છે. પણ ભીતર એવી તમન્ના ઉછાળા મારે છે કે રોજનું રૂપિયા એક કરોડનું દાન કરી શકું તો હાશ થાય...

જી, હા. આપણે આ કવર સ્ટોરીના યશસ્વી પાત્ર દીપચંદ સ્વરાજજી ગાર્ડીની વાત કરી રહ્યા છીએ. જીવનના સાડા નવ દાયકાની તડકી છાંયડી જોઇ ચૂકેલા દીપચંદ ગાર્ડીજી વાણી, વર્તનમાં અત્યંત શાલીન અને નમ્ર છે. જીવન અત્યંત સાદગીભર્યું. જિંદગીમાં ઇચ્છિત કામ, નામ, દામ, કમાઇ લીધા પછી છેલ્લા ૩૭ વર્ષોથી તેઓ તન, મન, ધનથી જિંદગીના એક જ મિશનને ફુલટાઇમ પૂર્ણ નિષ્ઠાથી સમર્પિત રહ્યા છે : જીવો, પણ બીજાને માટે. તેઓ દિલથી માને છે કે લોકોના દુઃખી જીવનમાં શીતળ લહેર બનીએ તો સમજવું કે જીવન સાર્થક થયું!

દીપચંદ ગાર્ડીજીના વ્યક્તિત્વ અને કર્તૃત્વની ઉજળી બાજુ છે એમના ગુણો અને ખાસિયતો. જન્મે અને કર્મે ચુસ્ત જૈન. નીતિમત્તાના નખશીખ આગ્રહી. ધાર્મિક અને કરુણાસભર સ્વભાવ. કઠોર પરિશ્રમી. પોતાની જરૂરિયાતો ઘણી મર્યાદિત. દેશના ટોચના રાજનેતાઓ, બુદ્ધિજીવીઓ, વિદ્વાનો, ધર્મગુરુઓ વગેરેમાં તેમનું નામ વર્ષોથી અત્યંત માન-આદરથી લેવાય છે. જૈન સમાજના ગૌરવ શિખર પરના એ જ્યોતિ કળશ છે. કરોડો કમાવા છતાં, તેઓ લક્ષ્મીપ્રાપ્તિમાં સાધન શુદ્ધિના આગ્રહી રહ્યા છે. ખોટા રસ્તેથી આવેલી લક્ષ્મી જીવનના ચેન-શાંતિને હણી નાખે છે એવું તેઓ દ્રઢપણે માને છે.

આજના વરવા સમયમાં આવા ગરવા નરવા માણસ આપણી વચ્ચે હજુ જીવંત દંતકથારૂપે સદેહે હયાત છે એ જ આશ્ચર્ય સાથે આનંદની વાત છે. ભારતમાં એમના જેવો પરોપકારી આજે દીવો લઇને શોધવાથીયે ભાગ્યે જ જોવા મળશે. મોદીના ગુજરાતને આજે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચન કરતાં વધુ તો દીપચંદ ગાર્ડીજી જેવા ઉજળા વ્યક્તિત્વની જરૂર છે. ગુજરાતના ધનપતિઓ માટે તેઓ રોલ મોડેલ બની શકે છે.

દીપચંદ ગાર્ડી ૭૦૦ વર્ષો પહેલાં કચ્છમાં થઇ ગયેલા દાનવીર શેઠ જગડુશાહની યાદ

*જીવનમાં મૌલિકતાનો રંગ લાવવા બાળક જેવા બનો.*

તાજી કરાવે છે. ઘણા એમને આધુનિક ભામાશાનું બિરુદ આપે છે. ગાર્ડીજીના દાન પ્રવાહથી ૫૦૦ કરતાં વધુ શાળા, કૉલેજો, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટસ, છાત્રાલયો, ધરમશાળાઓ, પાંજરાપોળો, જીવદયા સંસ્થાઓ, હોસ્પિટલો, અનાથાશ્રમો વગેરેનું નિર્માણ થયું છે.

એક જમાનામાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ એમના સેવા મિશનથી પ્રભાવિત થઇ ઉપરાષ્ટ્રપતિ બનવા આમંત્રણ આપ્યું હતું. પણ ગાર્ડીજીને લાગ્યું કે એવો હોદ્દો સ્વીકારીશ તો આમ જનતાથી સંબંધ તૂટી જશે અને લોકોને મદદરૂપ જ થવું હોય તો સત્તા અને પદ પ્રતિષ્ઠાથી દૂર રહેવું જ સારું.

ગાર્ડીજીના કરોડોના દાનનો મોટો પ્રવાહ શિક્ષણ અને આરોગ્ય તરફ વળેલો છે. પોતાના શિક્ષણપ્રેમ વિશે તેઓ સાવ સરળતાથી કહે છે : "સમાજની પાયાની જરૂરિયાત શિક્ષણ અને આરોગ્ય છે. દૂર દૂર છેવાડાના ગામમાં કોઇ એકાદ શાળા ખૂલે છે ત્યારે અનેક બાળકોની ભાવિ પ્રગતિનો રસ્તો પણ ખૂલી જાય છે."

ગાર્ડીજીની મહાનતા એમની બિનસાંપ્રદાયિક્તામાં છે. જૈન સિદ્ધાંત અનેકાંતવાદને અનુસરી તેઓ દાન કરવામાં ક્યારેય નાત-જાત, ધર્મ પ્રદેશની સંકુચિત દિવાલોના આધારે કોઇ ભેદભાવ કરતા નથી. અરે, ઘણા મુસ્લિમો હજયાત્રાએ જતાં પહેલાં એમના આશીર્વાદ લેવા આવે છે.

ગાર્ડીજીના મોટા પુત્ર ડૉ. રશ્મિકાંત ગાર્ડી શિકાગો-અમેરિકામાં ગાયનેકોલોજિસ્ટ છે. બીજા દીકરા હસમુખ ગાર્ડી લંડનમાં સોલીસીટર છે. બંને પિતાના માનવ સેવા મિશનને અંતરથી (ધન સાથે) ટેકો આપે છે. ગાર્ડીજીએ પોતાના વિલમાં લખ્યું છે : "મારા મૃત્યુ પછી પુત્રો-પૌત્રોએ દરરોજ રૂપિયા એક કરોડનું દાન કરવું." એકવાર તેમણે પોતાના આ સંકલ્પને પૌત્રો હિતેન અને બિનોય આગળ સમજાવતા કહ્યું હતું, : "મારા મર્યા પછી મારી અપેક્ષા પ્રમાણે દાન કરો છો કે નહીં એ ચેક કરવા ફરી જનમ લઇને આવીશ."

જો કે પૌત્રો પણ દીપચંદજીથી કંઇ કમ નથી. પૌત્રોએ દાદાને કહ્યું હતું : 'તમે ચોક્કસ ફરી જનમ લઇને આવજો અને જોજો કે તમારી અપેક્ષા કરતા ડબલ જેટલું દાન દરરોજ કરીએ છીએ કે નહીં."

બાળપણમાં પાંચ વર્ષની ઉંમરે દીપચંદજીએ પિતાની છત્રછાયા ગુમાવી પણ સ્વબળે ધન અર્જિત કર્યા પછી સમાજના છત્ર બની રહ્યા. સ્ટ્રીટ લાઇટના પ્રકાશમાં અભ્યાસ કરેલી વ્યક્તિ સમાજ માટે પ્રકાશ પાથરનારી બની શકે છે એનું તેજસ્વી ઉદાહરણ તેમનું જીવન અને કાર્ય છે.

૧૦૦ કરોડના ખર્ચે ઉજ્જૈનમાં તેમણે મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ બંધાવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જુદા-જુદા ૨૦ જેટલા ડિપાર્ટમેન્ટ કે વિભાગોને તેમણે કરોડોનું દાન કર્યું છે. સોમનાથ યુનિવર્સિટી (ગુજરાત) ને પણ તેમના તરફથી માતબર અનુદાન પ્રાપ્ત થયું છે. ૧૦૦ કરતા વધુ પાંજરાપોળો અને જીવદયાની પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને તેમણે માતબર સહાય કરી છે. ૫૦ કરતાં વધુ છાત્રાલયોનું નિર્માણ એમની પ્રત્યક્ષ સહાયથી શક્ય બન્યું છે. જેમાં અડધાથી વધુ તો પછાત વર્ગના કે આદિવાસી - વનવાસી બાળકો માટે છે. શારીરિક, માનસિક વિકલાંગો માટેની અનેક શાળાઓને તેમણે છૂટા હાથે મદદ કરી છે. અનેક વિદ્યાર્થીઓને પણ આર્થિક સહાય કરી પોતાના નૂતન અભિગમનો પરિચય કરાવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું જૈન એકેડેમિક રિસર્ચ સેન્ટર, ચેન્નાઇનું અહિંસા રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદની ઇન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી જેવી જૈન સંશોધન સંસ્થાઓમાં તેમણે વિશેષ રસ લઇ સખાવત કરી છે. દેશ-વિદેશમાં સેમિનાર આયોજનમાં પણ તેઓ મદદરૂપ થતા રહ્યા છે. શિક્ષણ જેટલું જ એમનું તોતીંગ અનુદાન આરોગ્ય ક્ષેત્રે પણ પહેલેથી જ રહ્યું છે. મહારાષ્ટ્રનું યુસુફ મહેરઅલી હેલ્થ સેન્ટર, બિહારમાં પેહરબરની આંખની હોસ્પિટલ, મુંબઇની હરકિશનદાસ હોસ્પિટલ, પાટણની જનતા હોસ્પિટલ, નડિયાદની કિડની હોસ્પિટલ, રાજકોટની કેન્સર હોસ્પિટલ, અમરગઢની ટીબી હોસ્પિટલ, ગુજરાતની આદિવાસી પટ્ટીની મુક્તિ રંજન હોસ્પિટલ વગેરે દોઢસો કરતાં વધુ હોસ્પિટલો અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં ગાર્ડીજીએ અધધ કહી શકાય એવું ગંજાવર અનુદાન કર્યું છે. હૃદયરોગ, થેલેસેમિયા, કેન્સર વગેરે અસાધ્ય રોગોના ૨૫,૦૦૦ જેટલા દર્દીઓને તેઓ રેગ્યુલર સહાય કરે છે.

કુદરતી આફતો અને કટોકટીમાં પણ તેમનો હાથ મદદ કરવામાં હંમેશાં છૂટો રહ્યો છે. સન ૧૯૮૭માં ગુજરાતમાં સતત ૩ વર્ષ દુકાળ જેવી સ્થિતિ હતી. આ કટોકટીમાં તેમણે એક લાખ જેટલા ગાય-ભેંસ, બળદ, ઊંટ, ઘેટાં-બકરાં જેવા પ્રાણીઓને કરોડોની સહાય કરી બચાવ્યા અને નિભાવ્યા. આટલી મોટી સંખ્યામાં ઢોરોને સાચવવા ગામડે-ગામડે ચારો, પાણી વગેરેના આયોજનમાં ક્યાંય કોઇ તકલીફ ન પડે અને મદદ માટે સંચાલકોએ દોડધામ ન કરવી પડે એવું જડબેસલાક વ્યવસ્થાતંત્ર તેમણે ગોઠવ્યું. તેમણે ઊભા કરેલા ઢોર વાડામાં જ પશુ પાલકોને યોગ્ય મદદ મળી રહે એ માટે ૩-૩ વર્ષ તેઓએ ખડા પગે સેવા આપી હતી. આટલેથી જ તેઓ અટક્યા ન હતા. તેમણે પંખીઓ માટે ચણ, ચબૂતરાઓ, પશુઓ માટે પરબ (હવાડાઓ/અવેડાઓ) વગેરેની વ્યવસ્થા પણ કરી હતી. સર્વ જીવો પ્રત્યે દયા રાખવી એવું જિન વચન માત્ર પોથીમાં જ નહિ રહેવા દેતા એમણે સ્વયંના જીવનમાં આચરણ કરી સમાજને પ્રેરક બળ પૂરું પાડ્યું.

પૂર, વાવાઝોડું, ભૂકંપ જેવી કુદરતી આફતોમાં ગાર્ડીજીની મદદ હંમેશાં મોખરે રહી છે. મોરબીની મચ્છુડેમ હોનારત તેમજ કચ્છ, લાતુર અને ઓરિસ્સામાં ભૂકંપ પછીના પુનર્વસન અને પુનઃનિર્માણમાં તેમણે અન્ય મદદ ઉપરાંત ૪૦૦ જેટલી શાળાઓ બાંધી આપી હતી જે પણ એક રાષ્ટ્રીય રેકોર્ડ કહી શકાય.

૫૦ કરતા વધુ જૈન-અજૈન સંસ્થાઓમાં (મહાવીર જૈન વિદ્યાલય, ગૌશાળા ફેડરેશન, શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, ગુજરાતી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૪ ઉપર)**

*જે વેઠે છે એ સહુની વ્યથા-કથા અલગ અલગ છે.*

વ્યક્તિ વિશેષ

# રાધાબહેન ગરવા

• ઉત્કંઠા ધોળકિયા •

## રચનાત્મક સર્જકની ચિત્રયાત્રા

પચાસ આસપાસની ઉંમરે કોઇ પણ વ્યક્તિ મોટાભાગે નિવૃત્ત થવાનો જ વિચાર કરે. પણ કલાકાર જીવની વાત થોડી અલગ હોય. એવી જ અલગ વાત છે રાધાબહેન ગરવાની. મુન્દ્રા તાલુકાનાં બરાયા ગામનાં વતની રાધાબહેન પચાસ વર્ષે પણ ખૂબ જ રચનાત્મક અને સર્જનાત્મક ચિત્રકાર છે.

રાધાબહેન પોતાની યાત્રા વિશે વાત કરે છે ત્યારે તેમની બીજી ખાસિયત અનુભવાય છે. એ છે શબ્દચિત્ર દોરવાની. એ માત્ર રંગ જ નહીં, શબ્દો પણ વાપરી જાણે છે. એ એટલી સરસ શૈલીમાં વાતો કરે છે કે જાણે સાંભળ્યા જ કરીએ. એમણે કહેલી દરેક વાત આપણી સામે ખડી થઇ જાય, જીવંત થઇ જાય. ગંભીર વાતોને પણ તેઓ એવી હળવાશથી રજૂ કરે કે સાંભળનારી વ્યક્તિને જીવન વિશે એક અલગ જ દૃષ્ટિકોણ મળે.

તેમની ચિત્રકાર 'બનવા'ની વાત ખરેખર રસપ્રદ અને થોડી રમૂજી પણ છે. પહેલાં રાધાબહેન દિવાળીનાં લીંપણમાં પોતાની કલા વ્યક્ત કરતાં સફેદ માટી ઉપર છાણ કે ગેરૂથી ચિત્ર બનાવતાં. ત્યારે બ્રશ તો ક્યાંથી હોય? દાતણને કૂટીને તેનું બ્રશ બનાવીને રાધાબહેન વાપરતાં. એક વખત તેમને ત્યાં કચ્છ મહિલા વિકાસ સંગઠનના કાર્યકર્તા બહેનો આવ્યાં. તેમણે રાધાબહેનની કળા જોઇ અને ખૂબ ગમી. રાધાબહેનને આઠ દિવસ માટે ભુજ બોલાવ્યાં. થોડાં ચિત્રો દોરવાં આપ્યાં. પોતાના નાનાં બાળકોને માતા પાસે માધાપર મૂકીને તેઓ ઓફિસે ગયાં તો ખરાં, પણ મનમાં શંકા. બસ, એક જ રટણ 'નહીં થાય.' કાર્યકર્તાઓએ કહ્યું કે પ્રયત્ન તો કરો. એટલે ફરજિયાત દોરવા બેઠાં.

ચિત્રોને દોરવા માટે રાધાબહેનનાં બહાનાં અજબગજબનાં હતાં. 'કાગળ બગડશે' આ હતું પહેલું બહાનું. તો તેમને ભૂંસવા માટે રબર મળી ગઇ! 'મેં ત્યારે પહેલી વાર રબર જોઇ. પછીથી ઘરે ચિત્ર બનાવવાનું શરૂ કર્યું ત્યારે એ જ રબર મને ભેટ મળી' રાધાબહેન કહે છે. એ બહાનું તો છીનવાઇ ગયું એટલે આવ્યું બીજુ બહાનું. 'ચિત્રોમાં બેઠેલા વ્યક્તિઓ દોરતાં નહીં આવડે. ઊભેલા જ આવડશે.' ભલે. હવે ?' 'આ રૂમમાં લોકોની અવરજવર બહુ થાય છે. મારું ધ્યાન તૂટી જાય છે' તરત જ અંદરના રૂમમાં ટેબલ- ખુરશી ખસેડીને રાધાબહેન માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી 'બહુ અવાજ આવે છે' કાર્યકર્તાઓએ ધીમે વાતો કરવાનું શરૂ કર્યું! ગુસ્સામાં પેન્સિલ છોલીછોલીને નાનો ટુકડો કરી નાખી. બીજી આપી, સંચો બગાડીને કહ્યું' આ છોલવાનું 'મશીન' બગડી ગયું, કામ નથી કરતું 'સંચો નવો આવી ગયો' મેં ચિત્રની વાત ભૂલાવવા કેટલુંય કર્યું. વાતો કર્યા કરું, ચાય પીવામાં ટાઇમપાસ કરું. રખે મને છોડે! પણ વાત ફરીફરીને ચિત્ર ઉપર જ આવે!' રાધાબહેન શરમાળ મલકાઇ ઊઠે છે.

'છેવટે મારી પાસે કોઇ બહાનું ન રહ્યું અને મેં દોરવાનું શરૂ કર્યું' 'રાધાબહેન પોતાની યાત્રાની વાત પૂરી કરતાં કહે છે 'પછી તો પાંચમે દિવસે ચિત્ર ઊંધેથી શરૂ કર્યું. પગ પહેલાં દોર્યા. પછી છેલ્લે ચિત્રમાં માથું દોર્યું ત્યારે મારું માથુ ઉતર્યું' ત્યારે ચિત્ર દોરતાં માથું દુઃખી આવતું એવા રાધાબહેન હવે ચાલુ મિટિંગમાં ખોળામાં ડાયરી સંતાડીને ચિત્ર દોર્યા કરે છે. જો કે 'ચોરી' પકડાઇ જાય છે અને વઢ પણ પડે છે!

રાધાબહેનનું નિરીક્ષણ ખૂબ સતેજ અને સચોટ છે. મકાન, ખેતર, વાહન, લોકોનાં કપડાં, ઘરેણાં તો ઠીક, તેઓ લોકોની વ્યક્તિગત ખાસિયતો અને ટેવો પણ કાગળ ઉપર બખૂબી ઉતારી શકે છે. વિવિધ વિસ્તારોમાં જઇને તે વિસ્તારની અને ત્યાંના લોકોની ખાસિયતો જુએ છે. તેના ઉપરથી ઘણુબધું સંસ્થાકીય મટીરિયલ બનાવ્યું છે. ઘરે મહેમાન આવે તોય 'ઇમરજન્સી'માં ચિત્રો બનાવે છે. પહેલાં ઘરે ચીમનીના પ્રકાશમાં પણ ચિત્રો બનાવતાં રાધાબહેન કહે છે 'બીજા લોકો ઓફિસ પૂરી કરીને ઘરે જાય તો ઓફિસનું કંઇ કામ ન હોય. પણ મને તો ચિત્રો બનાવવાના હોય.'

અનુભવથી રાધાબહેન ઘણું શીખ્યા છે. તેઓ કહે છે કે પહેલાં તો હું પૈસા વિના ચિત્ર બનાવતી. હવે એવું નથી કરતી. એવું પણ થતું કે હું ચિત્ર તૈયાર કરી લઉં પછી લોકો 'સજેશન' આપે કે આમ કર્યું હોત તો વધારે સારું લાગત કે આમ નહોતું કરવું જોઇતું. પણ પછી તો હું પાકી થઇ ગઇ. બધી બાબતો લેખિતમાં લેતી થઇ ગઇ. પછી કંઇક કહે તો કહેવા થાય કે 'તમે કીધું 'તું?' રાધાબહેનને એ અફસોસ છે કે તેમના ચિત્રોનો વ્યવસ્થિત સંગ્રહ નથી થયો. ધરતીકંપમાં તેમનું ઘર પડી ગયું એમાં પણ ઘણાં ચિત્રો નાશ પામ્યાં. 'પણ હવે તો સરસ ફોટા પાડીને કમ્પ્યુટરમાં ઉતારીને સાચવીએ છીએ'

'ઉજાસ મહિલા સંગઠન'નાં કાર્યકર્તા એવાં રાધાબહેનની તેમનાં ગામમાં ચિત્રકાર કરતાં સંગઠનની વ્યક્તિ તરીકેની છાપ છે. લોકો તેમને 'રેશનકાર્ડ કેમ નથી બનતું?' 'ટેશન (બસસ્ટેન્ડ) તમારે બનાવવું જોઇએ' 'માણસો દારૂ કેમ વધારે પીએ છે?' 'બાઇઓ કેમ મરે છે?' 'તમે પગાર શેના ખાવ છો?' એવા એવા સવાલો કરે છે. રાધાબહેન જો કે બીજાનાં કામ પણ ખૂબ કરી આપે છે. દવા લેવી હોય કે કોઇ અગત્યના કાગળ મંગાવવા હોય, રાધાબહેન જરૂર લઇ આવે 'અરે, મારા વર પણ એટલા જ પરગજુ છે. તેની પાસે લોકો ભુજથી મરચાંથી માંડીને મોબાઇલ સહિત મંગાવે. અને કદાચ લઇ ના આવી શકે તો લોકો પાછા ધમકાવે પણ ખરા કે લઇ કેમ

*તમે યુનિવર્સિટીના સ્નાતક નહીં બનો તો ચાલશે પણ જીવનની સમજણ યુનિવર્સિટીના ડિપ્લમો હોલ્ડર બની શકો તો ભયો ભયો.*

ન આવ્યા?'

'ઉજાસ' પત્રિકામાં ચિત્રો બનાવતાં રાધાબહેન માને છે કે ઘણી બહેનોમાં આ કલા હોય જ છે પણ તેઓ મહેનત નથી કરતી. રાધાબહેન આવી કલાકાર બહેનોને તાલીમ આપવા પણ તૈયાર છે. તેમને પોતાને પણ ચિત્રકાર તરીકે જ આગળ વધવાની હોંશ છે. એમનું સપનું છે કે મારો એક અલગ રૂમ હોય, અલગ ટેબલ હોય ને બસ, હું ચિત્રો બનાવ્યા જ કરું, બનાવ્યા જ કરું.

જરૂર રાધાબહેન, તમારી ટીમને તમારા ઉપર ગૌરવ છે અને તેઓ તમારું સપનું જરૂર પૂરું કરશે.

*'કચ્છમિત્ર'માંથી સાભાર*

*પ્રેષક : ઘનશ્યામભાઈ ઠક્કર*

## ગુણાનુરાગ શ્રાવક જીવનને દીપાવતો ગુણ

ગુણ મેળવવા માટે તીવ્ર અભિલાષા હોવી, અન્ય કોઈમાં કોઈપણ ગુણ દેખાય ત્યારે તે ગુણ મેળવવાનું મન થવું, પોતાના જીવનમાં ગુણો ન દેખાય તો તેનો ખાલીપો અનુભવવો. ગુણવાનને જોઈને એના ઉપર આદર બહુમાન થવું, તેના જેવા ગુણો મેળવવા તત્પર થવું. આવી મનોવૃત્તિને ગુણાનુરાગ કહેવાય. ગુણના અનુરાગવાળા અગર આજે ગુણ નહીં હોય તો કાલે પણ આવશે પરંતુ ગુણનો અનુરાગ જેનામાં નહીં હોય તેનામાં ગુણ ક્યારેય નહીં આવે અને થોડા ઘણા ગુણ પ્રગટ્યા હશે તો પણ તેને નામશેષ થતા વાર નહીં લાગે...

*પ્રેષક : પ્રભુલાલ સંઘવી*

## દીપચંદભાઈ ગાર્ડી

(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)

વિશ્વકોશ ટ્રસ્ટ વગેરે) તેઓ ટ્રસ્ટી કે ચાવીરૂપ હોદ્દા પર છે. આ પદનો ઉપયોગ તેઓ માત્ર જે તે સંસ્થાને અવારનવાર મદદ કરવા માટે કરે છે. ઇ.સ. ૨૦૦૧માં ભગવાન મહાવીર ૨૬૦૦માં જન્મ કલ્યાણક મહોત્સવમાં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી બાજપેયી સાથે રહીને તેમણે અવસર વિશેષને સફળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

પુત્રો-પુત્રવધૂઓ, પૌત્રો-પૌત્રીઓનું કુટુંબવૃક્ષ દીપચંદભાઇની પરોપકારી પ્રવૃત્તિઓમાં હંમેશાં પડખે રહ્યું છે. સાચા અર્થમાં દીપચંદભાઇનો વારસો તેમના વંશજોએ અત્યારથી જ દીપાવ્યો છે.

દીપચંદભાઇ પોતાની પ્રવૃત્તિઓમાં દાનની પ્રસિદ્ધિ કે કીર્તિથી હંમેશાં દૂર રહ્યા છે. માન-સન્માન, ઍવૉર્ડ વગેરેથી પણ અલિપ્ત રહ્યા છે. ભારત સરકારે એમને રાષ્ટ્રીય અતિથિનો દરજ્જો આપ્યો છે. શંકરાચાર્ય, પ્રમુખસ્વામી, મોરારિબાપુ, રમેશભાઇ ઓઝા, પાંડુરંગ આઠવલેજી, કેથોલિક ખ્રિસ્તી ધર્મના વડા પોપ જહોન પોલ, ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથ દ્વિતીય વગેરેએ તેમની પ્રવૃત્તિઓની નોંધ લઇ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. ભારતીય જૈન મહાજન પરંપરાના શિખરો વસ્તુપાળ-તેજપાળ, મોતીશા, શેઠ શાંતિદાસ, કસ્તુરભાઇ લાલભાઇ, પ્રેમચંદ રાયચંદ વગેરેની તેજસ્વી પરંપરાના વર્તમાન સવાયા વારસ તરીકે આપણે ગાર્ડીજીનું નામ જ ટોચ પર મૂકવું પડે. તેઓ ખરા અર્થમાં ભારતના સાંસ્કૃતિક રાજદૂત છે. આ મહાન હસ્તી આપણી સમકાલીન હતી એવું ભવિષ્યમાં ગૌરવભેર કહી શકીશું. ■

જીવન ચરિત્ર

# કચ્છી ઇતિહાસકાર - ન્યાયમૂર્તિ : ઠાકરશી કંસારા

• સંજય પી. ઠાકર •

**જીવનયાત્રા : તા. ૨૦-૨-૧૯૦૮થી તા. ૨૦-૧-૧૯૯૬**

કચ્છના અચ્છા ઇતિહાસજ્ઞ, નવલકથાકાર અને ન્યાયવિદ ઠાકરશી પુરુષોત્તમ કંસારાનો જન્મ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૦૮ના રોજ મુંદ્રા ખાતે થયો હતો. કચ્છની મારૂ કંસારા સોની જ્ઞાતિના તેઓ એવા પ્રથમ વ્યક્તિ-વિશેષ હતા કે જેમણે આર્થિક સંકડામણ વચ્ચે ૧૯૩૨માં ભાવનગરમાં બી.એ. થયા પછી એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. વિદ્યાર્થીજીવન દરમ્યાન મહાત્મા ગાંધીથી પ્રભાવિત થઇ તેમણે વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરી સ્વદેશી વિચારધારાનો અમલ કર્યો હતો. તેઓ કચ્છના અભ્યાસુ સંશોધક-સર્જક, સંનિષ્ઠ અને ઇમાનદાર ન્યાયાધીશ અને લૉ કૉલેજ-ભુજના વિદ્વાન અધ્યાપક તરીકે જાણીતા છે.

કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ૧૯૩૩થી ૧૯૩૮ સુધી એમણે કચ્છમાં વકીલાત કરી હતી. ત્યારબાદ ૧૯૩૮માં તેઓ કચ્છ રાજ્યના ન્યાયમૂર્તિ તરીકે જોડાયા. પૂરા ૨૫ વર્ષ કચ્છના ભચાઉ-મુંદ્રા વગેરે સ્થળે અને છેલ્લે લાઠી (જિ. અમરેલી) ખાતે ન્યાયાધીશ તરીકે સેવા આપી. તેમના ન્યાયમૂર્તિ તરીકેના સેવાકાળ દરમ્યાન એક સત્યનિષ્ઠ અને પ્રામાણિક જજ તરીકે પંકાયા હતા. એક આદર્શ ન્યાયાધીશ તરીકેની કાર્યરીતિ માટે તેમના વારસાગત સંસ્કાર કારણભૂત હતા. ૧૯૬૩માં સેવાનિવૃત્તિ પછી તેઓ અમરગઢ (જીંથરી)ની ટી.બી. હોસ્પિટલમાં વહીવટકર્તા તરીકે જોડાયા. ત્યાં પણ એમણે એક કર્મશીલ વ્યવસ્થાપક તરીકે પોતાની શક્તિઓનો પરિચય આપ્યો હતો. ૧૯૭૫-૭૬ ના અરસામાં તેઓએ ભુજની શેઠ ડી.એલ. લૉ કૉલેજમાં પોતાના વ્યાખ્યાનો આપી કાયદાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. છેલ્લા વર્ષો તેમણે અંજાર અને દિલ્હીમાં ગાળ્યા હતા.

ન્યાયમૂર્તિ ઠાકરશીભાઇ અવ્વલ દરજ્જાના ઇતિહાસલેખક સંશોધક અને વાર્તાકાર પણ હતા. ભાવનગરમાં સહાધ્યાયી રહેલા ચારણી લોકસાહિત્યકાર પીંગળશીભાઇ પાયકના સહવાસે એમને સાહિત્ય-સર્જન તરફ વાળ્યા હતા. લેખનનો પ્રારંભ તેમણે ૧૯૨૫થી કર્યો હતો. 'સ્વદેશ' સાપ્તાહિક અને 'શારદા' માસિક જેવા તે સમયના પ્રતિષ્ઠિત સામાયિકોમાં એમના લેખોને સ્થાન મળતું. ત્યારબાદ 'અખંડ આનંદ', 'પથિક', 'રંગતરંગ', 'કચ્છ શક્તિ' અને ગુજરાતના બીજા જાણીતા સામયિકોને એમની કલમનો લાભ મળતો હતો. 'કચ્છમિત્ર'ના દીપોત્સવી અંકો તથા અષાઢી બીજના ખાસ અંકોમાં તેમના અભ્યાસલેખો પ્રગટ થતા રહેતા. ખાસ કરીને ઐતિહાસિક પશ્ચાદભૂવાળી વાર્તાઓ ધ્યાન ખેંચી જતી હતી. તેમના લેખો 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા', 'નેશનલ હેરલ્ડ' જેવા માતબર અંગ્રેજી અખબારોમાં પણ સ્થાન પામતા હતા. એમના પુસ્તકોમાં 'ક્રાન્તિની જ્યોતિ' વિશેષ નોંધપાત્ર છે. એમાં કચ્છની જનતાનું લોકશાહી ખમીર અનોખી રીતે પેશ થયું છે. એ પુસ્તકને ઇતિહાસકારોનો આવકાર મળ્યો હતો. 'ક્રાન્તિની જ્યોત' કચ્છના ઇતિહાસ પર આધારિત અને સને ૧૮૩૯થી ૧૮૪૨ના સમયગાળાને આવરી લેતું ત્રિઅંકી ઐતિહાસિક નાટક છે. આ પુસ્તક તેઓ જ્યારે લાઠીમાં સિવિલ જજ તરીકે હતા ત્યારે પ્રસિદ્ધ થયેલું. તેમની બીજી નવલકથાઓમાં 'સંધ્યાના રંગ', 'તારાનો સંગમ' અને 'ગુજરાતને સીમાડે' મુખ્ય છે. કે.કા. શાસ્ત્રીજીની પ્રેરણા અને એમના પ્રોત્સાહનથી ઠાકરશીભાઇનો નિબંધરૂપનો અભ્યાસગ્રંથ 'કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ' ૧૯૯૦માં પ્રગટ થયો છે. બે ખંડમાં વિભાજિત અને તેર પ્રકરણોવાળું આ પુસ્તક સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ (અમદાવાદ) દ્વારા પ્રકાશિત થયું છે. કચ્છની સંસ્કૃતિ અને ઇતિહાસ વિશેનું આ પુસ્તક તેમની અભ્યાસ-નિષ્ઠા અને અનુભવોના નિચોડ સમું છે. એમાંની અભ્યાસ-સામગ્રી, અગાઉ ઇતિહાસ-પુરાતત્વના માસિક 'પથિક'માં હપ્તાવાર પ્રગટ થઇ હતી. કે.કા. શાસ્ત્રીજી સાથે તેમનો નાતો ગાઢ રહ્યો હતો.

૧૯૮૭માં તેમણે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા, તત્વજ્ઞાન-સારના મોતી' નામક ગીતાના અઢારે-અઢાર અધ્યાયનો મર્મ સમજાવતી પુસ્તિકા પ્રગટ કરી હતી. આ લખનાર સાથે ઠાકરશીભાઇનો નાતો આત્મીય રહ્યો હતો. ૧૯૯૩થી ૧૯૯૫ દરમ્યાન 'ભ્રમણ ભૂમિ કચ્છ' કટાર 'કચ્છમિત્ર' ની રવિ પૂર્તિમાં પ્રગટ થતી ત્યારે તેમનું માર્ગદર્શન મળતું હતું. અને અંજારના ગંગાબજારમાં આવેલા તેમના નિવાસસ્થાને ચર્ચા-બેઠકો થતી રહેતી. તેઓ નિયમિત પત્રસંપર્ક જાળવી રાખતા અને 'પથિક' ના લેખોની પ્રેસ-કોપી મોકલતા રહેતા. એક વડીલ સર્જક-ઇતિહાસપ્રેમી સાથેનું એ મીઠું સંભારણું બની રહ્યું છે.

આ કચ્છી કર્મઠ લેખક ઇતિહાસકાર અને કાનૂનવિદ્નું ૨૦મી જાન્યુઆરી ૧૯૯૬ના ૮૮ વર્ષની જૈફ વયે નિધન થયું હતું.

***લેખકના પુસ્તક 'કચ્છની શતાબ્દી પ્રતિભાઓ'માંથી સાભાર***

*ફોકસ નક્કી કરી તેને પ્રાપ્ત કરવા મહેનત કરો.*

# સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના અનુભવો – ૧

## અતિથિદેવો ભવ

મને બરાબર યાદ નથી. કદાચ ક્રમમાં અવળા-સવળાપણું થઇ ગયું હોય. પણ એટલું યાદ છે કે તે દિવસે હું બહુ ચાલેલો. થાકીને લોથ થઇ ગયેલો. સૂરજ આથમવાને હજી થોડીક વાર હતી ને મેં બારડોલી ગામમાં પગ મૂક્યો. મારી સામે બે જ પ્રશ્ન રહેતા : એક તો બપોરે એક વાર સાદું ભોજન જમવાનો અને બીજો રાત્રે કોઇ જગ્યાએ સૂઇ જવાનો. ત્રીજી કોઇ જરૂરિયાત ન હતી. ઈશ્વરસ્મરણ કરતાં કરતાં હું આખો દિવસ લગભગ ચાલ્યા કરતો. પદ્માસન વાળીને નામસ્મરણ કે ધ્યાન કરવા કરતાં એકાંતમાં એકલા ચાલવાથી ઈશ્વરમાં વધુ મન લાગે છે, આજુબાજુની વનરાજી તમારી સાથે 'રીધમ' (લય-સંવાદ) મેળવે છે. પ્રત્યેક છોડમાંથી જાણે કે પ્રભુ ઝાંખી રહ્યો છે, હસી રહ્યો છે, અરે 'શાબાશ...શાબાશ..' બોલીને પીઠ થાબડી રહ્યો છે, તેવો ભાસ થયા કરે. એક જગ્યાએ ન રહેતાં ભ્રમણ કરતા રહેવા ઉપર સંતોએ ભાર મૂક્યો છે તેનાં કેટલાંય કારણો છે. કબીરે ઠીક જ કહ્યું છે કે "બહતા પાની નિર્મલા, બંધા સો ગંદા હોય." જોકે કબીર સ્વયં કાશીમાં વધુ સમય સ્થિર થઇને રહ્યા હતા, પણ ભ્રમણ કરનારો વર્ગ માત્ર ઉઘરાણાં કરવા કે સ્વાર્થ માટે ભમતો રહે અને લોકોને પજવતો રહે તો તેવું ભ્રમણ પીંઢારા પણ કરતા. સંતોનું ભ્રમણ પરમાર્થ માટે હોય.

બારડોલીના ધૂળવાળા માર્ગ ઉપર હું ચાલ્યો જતો હતો. 'ભૂતનું ઠેકાણું આંબલી' એમ અમારા જેવા માટેનું ઠેકાણું કોઇ મંદિર-મહાદેવ. કોઇ મંદિરની ધૂનમાં હું જઇ રહ્યો હતો, ત્યાં કાને અવાજ આવ્યો :

"મહારાજ...ઓ મહારાજ...અહીં આવો. આવો..અહીં આવો..."

જમણા હાથ તરફથી અવાજ આવતો હતો ત્યાં મારી દૃષ્ટિ ગઇ. એક દેશી નળિયાંની પડાળીમાં એક વૃદ્ધ પુરુષ હોટલ માંડીને ઊભા છે ને મને હાથ વતી બોલાવી રહ્યા છે. હું ગયો. "આવો...આવો... બાપજી... ચા પીતા જાઓ." કશી ઓળખાણ-પિછાણ વિના પણ તેની આંખોમાંથી ભાવનાનું અમી વરસી રહ્યું હતું. મેં કહ્યું, "હું ચા નથી પીતો." એક સમય હતો જ્યારે હું ચા પીતો, પાન ખાતો, સિગારેટ પણ પીતો, પણ એ બધું તો એક જ દિવસે છોડી દીધું હતું. આજે તે વાતને બે વર્ષ વીતી ગયાં હતાં. વ્યસનોને છોડવાં બહુ કઠિન હોય છે. વ્યસન તો બેધારી તલવાર છે. એક તરફ એ તમારાં આરોગ્ય તથા લક્ષ્મીને કાપે છે, તો બીજી તરફ તમારા મનોબળને પણ કાપે છે. આ ત્રણે વ્યસનો મેં કેવી રીતે છોડ્યાં તેનો મારી પાસે માત્ર એક જ જવાબ છે, "ઈશ્વરકૃપાથી." પાનનો ચસકો તો એટલો બધો કે જેટલો કાથો તેટલો જ ચૂનો અને તમાકુ તો ખરી જ. જમ્યા પછી, ચા પીધા પછી પાન તો જોઇએ જ. આ બધું એક જ દિવસે, એક જ ઝટકે છૂટી ગયું હતું. મારા કરતાંય લોકોને વધુ નવાઇ લાગતી હતી. મેં કદી ઈશ્વરનાં દર્શન નથી કર્યાં, પણ તેની કૃપાના દર્શન અસંખ્ય વાર કર્યાં છે. તેની જ કૃપાનું આ બધું પરિણામ છે, નહિ તો મારી રાખ પણ અત્યારે ના હોત.

"ચા નહીં તો દૂધ પીઓ" પેલા વૃદ્ધ બોલ્યા. મેં કહ્યું કે "ના...ના... દૂધ પણ નહિ.." પણ પેલા વૃદ્ધ માન્યા નહિ. તેમણે ચા બનાવવા માટે રાખેલા દૂધમાંથી એક કપ દૂધનો મને પીવડાવી જ દીધો. મને આ વૃદ્ધની ભાવુકતા પ્રત્યે માન થયું. ભારતમાં ધનની દરિદ્રતા તો છે, પણ ભાવની દરિદ્રતા નથી. તે વૃદ્ધે મને બતાવ્યું કે આ જ માર્ગ ઉપર એક સ્વામીજીનો આશ્રમ છે. ત્યાં રાત રોકાજો. મને શાંતિ થઇ. ચાલો, રાત રોકાવાનો હવે કોઇ પ્રશ્ન નહિ રહે. વૃદ્ધની વિદાય લઇને હું પહોંચ્યો પેલા આશ્રમે. મને જોતાં જ એક ભગવાં વસ્ત્રધારી મહારાજે કહ્યું, "ઈધર નહીં... ઈધર નહીં..." હું સમજી ગયો, અહીં રાત રોકાવાનું શક્ય નથી લાગતું. મેં કહ્યું કે "મારે સ્નાન કરવું છે, સંધ્યા કરવી છે. પછી કોઇ સ્થળે ચાલ્યો જઇશ." તેમણે અનિચ્છાએ કૂવો બતાવ્યો. બે-ચાર ગૃહસ્થો પણ હતા. કૂવા ઉપર જઇને પાણી ખેંચીને મેં સ્નાન કર્યું, સંધ્યા કરી. વાતો ઉપરથી જાણવા મળ્યું કે આ આશ્રમના મહારાજ માંદા પડ્યા હોવાથી હોસ્પિટલમાં ભરતી થયા છે. આ કોઇ અખાડાના સાધુને આશ્રમ સંભાળવા રાખ્યો છે.

મેં જોયું કે વહેલામાં વહેલો સંધ્યા કરી વિદાય થાઉં તેની તેમને ઉતાવળ હતી, કારણ કે તે જમવા બેસવા માંગતા હતા. તેમને ખબર ન હતી કે હું સાંજે જમતો નથી. મેં મારો થેલો ઉપાડ્યો અને ગૃહસ્થોને પૂછ્યું કે રાત રોકાઇ શકાય તેવી બીજી કોઇ જગ્યા છે? તેમણે કહ્યું, "હા... ગામના છેવાડે એક રામજી મંદિર છે.. પણ.. પણ.. ત્રણ-ચાર દિવસ પહેલાં સાધુના વેશમાં ચોર આવેલા અને રાત રોકાયેલા, પછી ચોરી કરીને ચાલતા થયા.. એટલે... તમારે જવું હોય તો જાઓ... પણ મહંતજી હવે કોઇ અજાણ્યાનો વિશ્વાસ કરતા નથી." પેલા ભાઇ બોલ્યા.

સાધુના વેશમાં કેટલું કેટલું છુપાયેલું છે! એક તરફ આમાં ઉત્તમમાં ઉત્તમ સંતો પડ્યા છે, તો બીજી તરફ અધમમાં અધમ નરાધમો પણ આમાં ભળ્યા છે. કોનું પ્રમાણ વધારે છે તે કહેવાની જરૂર નથી.

અંધારું થઇ ચૂક્યું હતું. રામજી મંદિર જવાનો કોઇ અર્થ નથી. મહંતજી મને પેલા ચોરોનો ભાઇ જ સમજશે. ત્યારે હવે રાત

*વિજયથી બળ વધે છે એમ અહંકાર અને અંધાપો પણ વધે છે.*

ક્યાં વિતાવવી? મેં નક્કી કર્યું કે ગામ બહાર જઇને કોઇ વૃક્ષ નીચે સૂઇ જવું. ભિખારીઓની સાથે સૂવાનો અનુભવ તો મળ્યો છે, પણ હજી આખી રાત અજાણ્યા વૃક્ષ નીચે સૂઇ જવાનો અનુભવ મળ્યો નથી. ચાલો, આજે ઇશ્વરની એ અનુભવ કરાવવાની ઇચ્છા લાગે છે.

હું આશ્રમની બહાર નીકળ્યો. પેલા મહારાજે ઝટ દઇને દરવાજા બંધ કર્યા. જે રસ્તે આવ્યો હતો તે જ રસ્તે પાછો ફરવા હું મુખ્ય માર્ગ ઉપર આવ્યો. બરાબર મોઢું પણ સૂઝે નહિ તેવો અંધકાર હતો. માર્ગ ઉપર આવીને હું ચાલતો જ હતો, ત્યાં પાછળથી અવાજ આવ્યો : “મહારાજ!” મેં પાછળ જોયું. અરે, આ તો પેલા વૃદ્ધ, હોટલવાળા! દૂધ લઇને આવી રહ્યા હતા. તેમણે જ મને પૂછ્યું, “કેમ આશ્રમમાં ના ઊતર્યા?” મેં કહ્યું, “ના... ત્યાં ઊતરવા નથી દેતા.” તેમણે તેમની સુરતી ભાષાનો નમૂનો પેશ કરતાં આક્રોશપૂર્વક કહ્યું, “...મને ખબર જ હતી... મરવા દો સા...ને” મેં ગામબહાર જઇને કોઇ વૃક્ષ નીચે રાત રહેવાની ઇચ્છા બતાવી. તો તેમણે કહ્યું, “ના...ના... ચાલો આપણે ત્યાં.” અને એ વૃદ્ધ ડોસા ફરી પણ મને એ જ પડાળીએ લઇ ગયા. ચા પીનારા ગ્રાહકોને બેસવા માટેના બાંકડા ઉપર હું બેઠો. મેં જોયું કે તેમને ખાસ ઘરાકી ન હતી. કોઇ રડ્યું ખડ્યું માણસ ચા પીવા આવતું. વૃદ્ધ પંખાવાળી કોલસાની સગડી ઉપર ચા કરી આપતા. થોડી ખાંડ, થોડી ચા અને થોડા દૂધથી તે ધંધો ચલાવી રહ્યા હતા, કારણ કે આવેલા પૈસાથી શેર-અડધો શેર ખાંડ લેવા જતા મેં તેમને જોયા. પડાળીને અડીને જ એક ઓરડી હતી. જેમાં આ વૃદ્ધ તથા તેમનાં વૃદ્ધ પત્ની રહેતાં હતાં. ત્રીજું કોઇ ન હતું. ઓરડી માટીના લીંપણવાળી અને કાંઇ પણ રાચરચીલા વિનાની હતી. પ્રથમ દૃષ્ટિએ જ, સર્વત્ર અનાવૃત ગરીબાઇ ડોકિયું કરી દેતી હતી.

મારી અનિચ્છા છતાં પેલા વૃદ્ધે મને બીજી વાર દૂધ પીવડાવ્યું. થોડો સત્સંગ કરી, રાતના દસ વાગે અમે સૂઇ ગયા. હું એ જ પડાળીમાં બાંકડા ઉપર સૂઇ ગયો અને વૃદ્ધ દંપતી ઓરડીમાં સૂઇ ગયાં. નાના સરખા ઝૂંપડા જેવા મકાનમાં કેટલી દિલાવરી હતી! સૂતાં સૂતાં મેં નક્કી કર્યું કે વહેલી સવારે ઊઠીને કહ્યા વિના જ વિદાય થઇ જવું છે. જો આ વૃદ્ધ જાગી જશે તો જવા નહિ દે, તથા ફરી પાછો દૂધ પીવડાવશે. આવા ગરીબ માણસને હવે વધુ નુકસાન પહોંચાડવું બરાબર નહિ. વૃદ્ધ પ્રત્યેના અહોભાવથી અભિભૂત થઇને હું ઘસઘસાટ સૂઇ ગયો. પરોઢિયાના ચાર વાગ્યે ઊઠ્યો, જરાય શબ્દ ના થાય તેવી રીતે થેલો તૈયાર કર્યો અને ખભે ભેરવીને જેવો ચાલવા જાઉં છું ત્યાં તો “કિચૂડ...” કરીને બારણું ખૂલ્યું. એ જ વૃદ્ધ. તેમને જોઇને હું ચમક્યો. પકડાઇ ગયો હોઉં તેવો ભાવ થયો.

મને તૈયાર થયેલો જોઇને તે બોલ્યા, “બાપજી... એમ જવાતું હશે, આ ગરમ પાણી અને આ દાતણ લ્યો. દાતણ તો કરો.” રકઝક કરવાનો કોઇ અર્થ ન હતો. મેં થેલો પાછો પેલા બાંકડા ઉપર મૂક્યો, દાતણ લીધું અને ચાવવા લાગ્યો. દાતણ પૂરું થયું કે તરત જ નાહવાનું ગરમ પાણી હાજર થઇ ગયું. હું શું કરું? મારે જવું છે પણ આ વૃદ્ધ જવા દે તો ને! પેલા આશ્રમમાં રહેવું હતું પણ કોઇ રહેવા દે તો ને! કેટલો મોટો વિરોધાભાસ! જે સાધુઓને રહેવા માટે સર્જાયું છે તે રહેવા નથી દેતું અને જ્યાં સાધુઓને રહેવાનું ના હોય ત્યાંથી જવા નથી દેતું! માણસ બદલાઇ ગયો લાગે છે. આ વૃદ્ધને પેલા આશ્રમમાં અને પેલા બાવાજીને આ ઘરમાં ગોઠવવાની જરૂર હતી! પણ આવી ખોટી ગોઠવણીનું નામ તો સંસાર છે.

મેં સ્નાન કર્યું અને સંધ્યા કરવા બેઠો. સંધ્યા કરીને લગભગ આઠેક વાગ્યે વિદાય થવાની પ્રબળ ઇચ્છા બતાવી તો ગળગળા કંઠે વૃદ્ધ બોલ્યા, “બાપજી, મેં શું પાપ કર્યા છે કે તમે મારા આંગણેથી ભૂખ્યા જાઓ છો? જમાડ્યા વિના નહિ જવા દઉં બાપજી.. દયા કરો...” મારી આંખો પણ પલળી ગઇ. મારે શું કરવું? આ વૃદ્ધ કોઇ હિસાબે માને તેવો નથી લાગતો. હું રોકાઇ ગયો.

હું જે બાંકડે બેઠો હતો તેની એવી સ્થિતિ હતી કે ઓરડીનું આખું દૃશ્ય જોઇ શકાતું હતું. મેં જોયું કે પેલાં વૃદ્ધ ડોશીમા એક-બે ઘરમાં આંટા-ફેરા કરીને ક્યાંકથી લોટ લઇ આવ્યાં. રીંગણાનું શાક કર્યું. સારું થયું કે મારે સાદું ભોજન જમવાનો નિયમ હતો, નહિ તો આ વૃદ્ધ લાડુ જ બનાવડાવત. સાડા દસ વાગે રીંગણાનું શાક અને રોટલા તૈયાર થયા. મેં ત્રાંસી આંખે જોયું કે ત્રણ રોટલા તૈયાર થયા હતા. મનોમન નક્કી કર્યું કે અમે ત્રણ જણાં છીએ. એટલે મારે એક જ રોટલો ખાવો. બાકીના બે આ વૃદ્ધ દંપતી માટે પડ્યા મૂકવા.

હાથપગ ધોઇને મને જમવા બેસાડ્યો. પિત્તળની ગોબાવાળી થાળીમાં એક રોટલો અને શાક મૂક્યું. જેણે સંપત્તિના તો ઢગલા જોયા છે, પણ ભાવના ઢગલા નથી જોયા તેણે કશું જ નથી જોયું. જીવન હૃદયમાં અંકુરે છે, અને હૃદયમાં જ ભાવના અમૃતથી ફળે-ફૂલે છે. જે સંપત્તિમાં કે માત્ર મસ્તિષ્કમાં જ જીવન શોધવા ભટકે છે, તે ભટકતા જ રહી જાય છે. જીવનની જગ્યાએ તેમના હાથમાં માત્ર મૃગજળ આવે છે. વ્યક્તિને જ્યારે ભાન થાય છે કે જીવન તો હૃદયની ઊંડી ગુફામાં ધબકારા લેતું હોય છે, બુદ્ધિની કર્કશતા કે સંપત્તિના અહંકારથી ઊગરવા જે ઊંડાણમાં તે સરી ગયું છે ત્યાં જ પરમાત્મા છે. તેને પામવાનું સાધન નિર્મળ ભાવના છે. અહંકાર અને બૌદ્ધિક કર્કશતા દૂર થાય એટલે તે આપોઆપ સપાટી ઉપર આવે છે. તેના સપાટી ઉપર આવતાં જ પરમાત્મા પણ સપાટી ઉપર આવે છે. બસ, આનું નામ જ ઇશ્વરદર્શન છે.

પેલા વૃદ્ધ અને વૃદ્ધામાં હું ઇશ્વરદર્શન કરી રહ્યો હતો, કારણ કે તેમનું નિર્મળ હૃદય સપાટી ઉપર વિલસી રહ્યું હતું. પરમાત્મા પણ એ જ હૃદયને મહેલ બનાવીને સુખપૂર્વક હસી રહ્યો હતો.

હજી હું રોટલો પૂરો કરું ત્યાં તો પેલા વૃદ્ધ બીજો રોટલો લઇ આવ્યા. માનસિક નિશ્ચય પ્રમાણે હવે મારે વધુ રોટલો લેવાનો ન હતો. મારી ના... ના... છતાં વૃદ્ધે આંખ મીંચીને આખો રોટલો મારી થાળીમાં પધરાવી દીધો. હવે શું કરવું? હવે તો માત્ર એક જ રોટલો આ બન્ને માટે રહી ગયો.

બીજો રોટલો પણ હું જમી ગયો. ચોવીસ કલાકમાં એક જ વાર જમવાનું, જુવાન સશક્ત શરીર, આખો દિવસ ચાલવાનું એટલે ભૂખ તો લાગે જ ને? છેલ્લે ગ્રાસ પૂરો કરીને ઝટ દઇને હું હાથ ધોઇ નાખવા માગતો હતો, ત્યાં તો ફરી પાછા પેલા વૃદ્ધ આવી પહોંચ્યા.

*કોઇના ગુણોની પ્રશંસા કરવામાં પોતાનો સમય બરબાદ ન કરો. તેમના ગુણ અપનાવવા પ્રયાસ કરો. - કાર્લ માર્ક્સ*

મેં થાળી આડા હાથ કરીને તેમને રોક્યા. વૃદ્ધે જે શબ્દો કહ્યા તે હૃદયમાં જડાઇ ગયા :

"બાપુ, તમે હજી ભૂખ્યા છો, તમારો ચહેરો કહે છે કે હજી તમે તૃપ્ત નથી થયા. ભાણા ઉપર બેસાડીને કોઇને ભૂખ્યો ઉઠાડવો એ મહાપાપ છે, બાપુ... મને પાપમાં ના નાખશો."

તેની વાત સાચી હતી, હું હજી થોડું જમી શકું તેમ હતો, પણ મારે પાછળનાં બે માણસોનો પણ વિચાર કરવાનો હતો, એટલે ના...ના... કહેતો હતો. જે માણસો પાછળના માણસોનો ખ્યાલ કરતા રહે છે તેઓ પાછળના માણસોના પ્રિય થઇ જાય છે. શેઠ નોકરનો, પતિ પત્ની-બાળકોનો અને પત્ની કામવાળીનો ખ્યાલ રાખે તો તેને આપોઆપ પ્રિયતા પ્રાપ્ત થાય. સ્વાર્થી અને એકલપેટું માણસ કદાચ સિકંદર જેવું રાજ્ય તો મેળવી શકે પણ પ્રેમ નહિ મેળવી શકે.

અને આ માણસ તો ચહેરો વાંચે છે! મારા ચહેરા ઉપરથી તેને ખબર પડી ગઇ કે હું હજી ભૂખ્યો છું! પોથાં વાંચનારા તો ઘણા હોય છે, પણ ચહેરો વાંચનારા અને તેથી પણ વધુ હૃદય વાંચનારા તો બહુ જ થોડા હોય છે. જેને હૃદય વાંચનારો સાથી મળ્યો હોય તેણે જીભને બહુ શ્રમ આપવો નહિ પડે. જેને હૃદયના અક્ષરો વંચાતા નથી તે જ અભણ છે. તે ડોબું છે ડોબું. ભલે ને કોઇ વિશ્વ-વિદ્યાલયની ઉપાધિ લઇને ફરતું હોય. જો આવું ડોબું માથે પડી ગયું તો જન્મારો ધૂળ થઇ ગયો સમજવો. હા, બન્ને ડોબાં હોય તો વાંધો નહિ.

તેમણે ફરી અડધો રોટલો મૂકી જ દીધો. આતિથ્યની હવે હદ થઇ ગઇ હતી. આટલી ગરીબાઇમાં આટલો ત્યાગ સહસ્ત્ર સૂર્યોની માફક ચમકી રહ્યો હતો. રોટલો અને શાકમાં જે સ્વાદ આવ્યો તે આજે પણ ભૂલાતો નથી.

મને યાદ છે, એક વાર કલકત્તામાં એક મારવાડી શેઠને ત્યાં એકસો ને આઠ પ્રકારની રસોઇ મને જમાડી હતી. બે મોટાં પતરાળામાં પીરસેલી અસંખ્ય વસ્તુઓમાંથી કેટલીયનાં નામ પણ હું જાણતો ન હતો. મને જમવામાં મજા ના આવી. અસંખ્ય વાનગીઓ જોઇને હું ગભરાઇ ગયો હતો, જેમ કોઇ આદિવાસી માણસ પ્રથમ વાર જ ફાઇવસ્ટાર હોટલમાં ઊતરે ને ગભરાઇ જાય તેમ. પણ આ શાક અને રોટલામાં એટલો આનંદ આવ્યો કે હજી સ્વાદ રહી ગયો છે. એટલા જ માટે ભગવાનને વિદુરની ભાજી, કરમાબાઇનો ખીચડો અને શબરીનાં બોરાં ભાવ્યાં હશે. ભાવતાં ભોજન અને ભાવનાં ભોજન-આ બેમાં આકાશ-પાતાળ જેટલો ભેદ છે. અહીં તો ભાવતાં અને ભાવનાં એમ બન્ને તત્ત્વો ભોજનમાં ભળ્યાં હતાં. બસ આનું નામ તો અમૃત.

હું જમ્યો તો ખરો પણ મનમાં થયા કરતું હતું કે હવે માત્ર અડધો જ રોટલો બાકી રહી ગયો છે. આ વૃદ્ધ દંપતી શું ખાશે? દરિદ્રનો ત્યાગ (દાન) દીપી ઊઠતો હોય છે. મારા અંતરમાં આ બન્ને પ્રત્યે ભાવની સરિતા વહી રહી હતી. મને થયું, જો મારી પાસે લાખ રૂપિયા હોત તો લાખે અત્યારે આમને આપી દેત- પણ પાછો વિચાર આવ્યો, ખરેખર આ સ્વીકારત ખરાં? કદાચ લીધા પછી આવાં ને આવાં ભાવવાળાં રહી શકત ખરાં? કદાચ એ જ ભયથી ભગવાને એમને દરિદ્ર બનાવ્યાં હશે. ઐશ્વર્યની સાથે ભાવહીનતા પણ આવતી હોય તો ભાવસભર દરિદ્રતા શું ખોટી?

હવે હું શીઘ્રાતિશીઘ્ર અહીંથી વિદાય લેવા માગતો હતો કારણ કે વૃદ્ધ મારા નિમિત્તે પાછો કોઇ ખર્ચ ના કરી બેસે. મેં જ્યારે મારો થેલો ખભા ઉપર મૂક્યો ત્યારે હાથમાં દક્ષિણાના રૂપમાં બે આનાનો સિક્કો લઇને તે આવ્યા. મેં કહ્યું કે લક્ષ્મીનો સ્પર્શ નહિ કરવાનો મારો નિયમ છે, એટલે પૈસા તો હું નહિ લઉં.

વિદાય તો હું થયો પણ કેટલાય દિવસો સુધી આ વૃદ્ધ દંપતી મારા મસ્તિષ્કમાં છવાયેલું રહ્યું. વારંવાર મારા મનમાં ઉદ્ગાર નીકળતા, "હે પ્રભો! આ વૃદ્ધ ને વૃદ્ધાવસ્થામાં તો દરિદ્રતાથી મુક્ત કર. વધારે નહિ તો તેમનો ઘર-સંસાર સ્વમાનપૂર્વક ચાલે તેટલું તો આપજે જ."

*કબીર માંગૂં માંગનો જામેં કુટુંબ સમાય,*
*મૈં ભી ભૂખા ના રહું સાધુ ભૂખા ના જાય.*

*લેખકના પુસ્તક*
*"મારા અનુભવો"માંથી સાભાર.*

## શિશુની કલમે

'ઇશ્વર પાસે માગવાનું આવે તો તમે શું માંગો?" આ પ્રશ્નના ઉત્તરરૂપે એક નિબંધ લખવાનું વર્ગકામના ભાગરૂપે એક પ્રાથમિક શાળાનાં શિક્ષિકાએ પોતાના વિદ્યાર્થીઓને કહ્યું. આ લખાયેલા નિબંધો શાળાને અંતે તે બહેન પોતાની સાથે ઘેર લઈ ગયાં અને સાંજના સુમારે તેઓ તે વાંચવા માંડ્યાં. એક નિબંધ વાંચીને તેઓ લાગણીમય બની ગયાં અને રોવા લાગ્યાં. એમના પતિદેવ જેઓ હમણાં ઓફિસેથી ઘેર પધાર્યા હતા તેમણે પત્નીને રડતાં જોઇને પૂછ્યું, 'શું થયું?'

પત્નીએ કહ્યું, 'આ મારા વિદ્યાર્થીએ લખેલો નિબંધ છે.'

પતિદેવ પેલો નિબંધ વાંચવા લાગ્યા, 'હે ભગવાન, આજે રાત્રે હું તમારી પાસે ખાસ વસ્તુ માગું છું. તમે મને ટેલિવિઝન બનાવી દો. મારા ઘરમાં મારે ટીવીની જગ્યાએ ટીવીની જેમ રહેવું છે. મારી ખાસ જગ્યા હોય અને મારા ઘરના માણસો આજુબાજુ હોય. હું જ્યારે બોલવા લાગું ત્યારે તેઓ મારી વાત ખરેખર જ સાંભળતા હોય. હું હંમેશાં ધ્યાનનું કેન્દ્ર બની રહું. મને બોલતાં કોઇ અટકાવે નહીં કે સામા પ્રશ્નો પૂછે નહીં. ટીવી જેવી જ સંભાળ સૌ મારી રાખે. ટીવી બગડી ગયું હોય ત્યારે પણ તેઓ તેને કંઇ કહે નહીં. મારા પાપા ઓફિસેથી આવે અને થાકેલા હોય તોપણ તેમની કંપની મને મળી રહે અને મારી મમ્મીને મારી જરૂર પડે. જ્યારે ઉદાસ હોય અને વિચારમાં પડી હોય ત્યારે મારું સાંભળે નહીં એવું ન કરે. મારા ભાઇઓ મારે માટે મારી સાથે ઝઘડો કરે તો મને ગમે. મને એવું લાગવું જોઇએ કે મારા ઘરના બધા માણસોને મારી ખૂબ જ જરૂર છે. તેઓ બધા પોતપોતાનું કામ પડતું મૂકીને મારી સામે બેસે અને મારી વાત સાંભળે! જ્યારે ને ત્યારે તેમને મારી કંપનીની જરૂર પડે અને છેલ્લે એ જ વિનંતી કે હું તેમને બધાને ખુશ રાખું. તેઓ હંમેશાં હસતા રહે. હે ભગવાન, હું તમારી પાસે ખાસ કંઇ બહુ માગતો નથી. બસ, મારે આ ઘરમાં ટીવીની જેમ રહેવું છે.'

આટલું વાંચીને પતિદેવ ઉચ્ચર્યા, 'હે ભગવાન, આ બાળક બિચારું કેવું લાચાર છે! એનાં માબાપ કેવા ભયાનક હોવાં જોઇએ!'

પત્નીએ ઊંચું માથું કરીને પતિદેવ તરફ જોયું અને તેમની આંખ સાથે આંખ મિલાવીને કહ્યું, 'આ નિબંધ આપણા દીકરાએ લખ્યો છે!'

*સાભાર : 'જન્મભૂમિ પ્રવાસી'*
*પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ*

*સંયમ થકી મોટાં અનેક લક્ષ્યો સિદ્ધ થઈ શકે છે.*

# વિદેશની ધરતી પર દેશ માટે ધબકતા માનવી : વિજય છેડા

• પ્રિયંકા વિસરીયા •

ઉચ્ચ શિક્ષણ મેળવનારી આજની પેઢીની નજર તરત જ વિદેશ તરફ વળી જતી હોય છે. જોકે અમારી મુલાકાત થઇ એક એવી હસ્તી સાથે કે જેઓ વિદેશની ધરતી પર રહેતા હોવા છતાં દેશપ્રેમ, સમાજસેવા, સંસ્કારો-સંસ્કૃતિથી છલોછલ ભરેલા છે. મેડિકલ ક્ષેત્રે અદ્‌ભુત સેવા કરીને જેમણે કચ્છના 'બિદડા' જેવા નાનકડા ગામને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાન અપાવ્યું એવા વિજય છેડા સાથે થયેલી ગપ્પાગોષ્ઠિના કેટલાક અંશ તમારા માટે...

માત્ર પાંચ વર્ષનો એ દીકરો હતો. બિદડા સર્વોદય ટ્રસ્ટના અમારા વાર્ષિક કેમ્પમાં તેના માતા-પિતા તેને લઇ આવ્યા હતા. જોતાવેંત જ ગમી જાય એવો એ દીકરો ખૂબ જ બીમાર રહેતો હતો. જેની ચિંતા માતા-પિતાના ચહેરા પર પણ વાંચી શકાતી હતી. જ્યારે ડોક્ટરોએ ચેક-અપ કર્યું ત્યારે ખબર પડી કે એના વાલ્વમાં કાણું છે. પરિવારજનોમાં તો સોપો જ પડી ગયો. ઑપરેશનનો ખર્ચ આશરે રૂા. એક લાખ અંદાજવામાં આવ્યો. પરિવારની માસિક આવક જ માંડ ચાર-છ હજાર રૂપિયા હોય ત્યાં રૂા. એક લાખ કેવી રીતે ભેગા કરવા? મેં પરિવારના લોકો સાથે વાત કરી અને એના વડીલોને રૂા. ૩૦,૦૦૦ ભેગા કરવાનું કહ્યું. બીજો ખર્ચ ટ્રસ્ટ દ્વારા કરાશે એવી ખાતરી આપી. એ લોકો તો જતા રહ્યા અને ફરી ક્યારેય પાછા દેખાયા જ નહીં. હું પણ લગભગ એ વાત ભૂલી ગયો હતો. છેક બીજે વર્ષે ફરી વાર્ષિક કેમ્પમાં એ દીકરાને લઇને મજબૂરી સાથે તેના માતા-પિતા ખડા હતા અને રૂા. ૩૦,૦૦૦ ની પણ વ્યવસ્થા થઇ શકે એમ નથી એવી લાચારી વ્યક્ત કરી. ડોક્ટરોએ દીકરાનું ચેક-અપ કર્યું ત્યારે ખબર પડી કે તેના વાલ્વની સ્થિતિ હવે ખૂબ જ કથળી ગઇ હતી. જો અમે એ સમયે રૂા. ૩૦,૦૦૦ ની શરત ના રાખી હોત તો એક વર્ષમાં તો એ દીકરો હસતો-રમતો થઇ ગયો હોત. બસ, એ ક્ષણ મારા મનમાં કોરાઇ ગઇ છે. મને ખૂબ વેદના થઇ. પશ્ચાતાપનો તો પાર જ નહોતો. તરત અમેરિકા રહેતા અંજારના જ મારા એક ડોક્ટર મિત્રને ફોન કર્યો અને સર્જરીની વાત કરી. કશું વિચાર્યા વિના માત્ર એક જ મિનિટમાં એણે તમામ ખર્ચ ઉપાડી લેવાની મંજૂરી આપી. પ્રભુની કૃપાથી બધું જ સમુંસૂતરું પાર પડી ગયું. તાજેતરમાં એ દીકરો અમને મળવા માટે આવ્યો હતો. એને જોઇને એટલો આનંદ થયો કે એવું લાગે કે જીવન અહીં જ છે. કહે છે અમેરિકાના લોસ એન્જલસમાં રહેતા અને ૩૦ વર્ષથી સતત બિદડા સર્વોદય ટ્રસ્ટ (બીએસટી) સાથે સંકળાયેલા વિજયભાઇ છેડા. આવા તો હજારો અનુભવો વિજયભાઇની સ્મૃતિમાં સચવાયેલા છે. ભોળાભાવે અને માત્ર સમર્પણની ભાવનાથી સમાજના કલ્યાણ માટે અવિરત કાર્યરત રહેતા વિજયભાઇ સાથે વાતચીત કરીએ ત્યારે સૌપ્રથમ તો તેમનો નમ્ર સ્વભાવ હૃદયને સ્પર્શી જાય.

૬ મહિના અમેરિકા અને ૬ મહિના ભારતમાં રહેતા વિજયભાઇની વ્યવસાયિક-સામાજિક તમામ પ્રવૃત્તિઓનું હાર્દ એટલે સમાજની નિઃસ્વાર્થ સેવા. અત્યાર સુધી એમના નેતૃત્વ હેઠળ આશરે ૩૦,૦૦,૦૦૦ દર્દીની સારવાર અને ૬૧,૫૫૫ દર્દીના ઑપરેશન કરવામાં આવ્યા છે. વિદેશની ધરતી પર વસતા ભારતીયોના હૈયા ઢંઢોળીને ગરીબ-અભણ પ્રજાના કલ્યાણ માટે તેઓ દર વર્ષે લાખો ડોલરનું દાન મેળવે છે અને એનો એકેએક રૂપિયો યોગ્ય માર્ગે વપરાય છે કે નહીં એનું ચીવટપૂર્વક ધ્યાન પણ રાખે છે. સમાજસેવા માટે ભારતમાં તેમણે કોઇ વ્યવસાય વિકસાવ્યો જ નથી. પરિણામે ભારત આવે ત્યારે સંપૂર્ણ ધ્યાન સમાજસેવામાં જ રહે. વિદેશમાં વસતા ભારતીય ડોક્ટરોના ખમીર-ખુમારીને જગાવીને ગામડાની અબુધ પ્રજાની નિઃશુલ્ક સારવાર માટે તેઓ કચ્છના એક નાનકડા ગામ 'બિદડા' સુધી લઇ આવે છે. દર વર્ષે જાન્યુઆરી મહિનામાં બિદડામાં ૩ અઠવાડિયા માટે જાણે માનવતાનો યજ્ઞ તેઓ પ્રગટાવે છે. અત્યારે પણ દરરોજ હજારો લોકો આ કેમ્પમાં આવે છે અને જીવનને એક નવી-સ્વસ્થ દિશા મળી જતાં આંખમાં આનંદના અશ્રુ સાથે પાછા વળે છે.

દર્દીઓના બિલકુલ નિઃશુલ્ક સારવાર-ઑપરેશન બીએસટીમાં કરવામાં આવે છે. હવે તો આ કેમ્પની ખ્યાતિ એટલી બધી પ્રસરી છે કે માત્ર કચ્છ નહીં, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશથી પણ દર્દીઓ સારવાર માટે અહીં આવે છે. કોઇપણ પ્રકારના નાતજાતના ભેદભાવ વિના દર વર્ષે ૨૧ દિવસમાં સરેરાશ ૩૦,૦૦૦ દર્દીની સારવાર બીએસટીમાં કરવામાં આવે છે. 'તમને એક જ ક્ષેત્રના મેડિકલ કેમ્પ ઠેરઠેર જોવા મળશે. દા.ત. નેત્રશિબિર કે દંતચિકિત્સાની શિબિર વગેરે. પણ બિદડામાં અમે આંખ, કાન, નાક, દાંત, કાર્ડિયાક, ન્યુરોલોજી, યુરોલોજી, ઑર્થોપેડિક, ગાઇનેક, પીડિયાટ્રીક વગેરે ૩૦ વિવિધ ક્ષેત્રના મેડિકલ કેમ્પનું આયોજન કરીએ છીએ. કચ્છના ગામડાગામમાં મોટા પાયે વેલ ઓર્ગેનાઇઝડ કેમ્પનું આયોજન કરવા માટે અમારે આખું વર્ષ મહેનત કરવી પડે છે. જોકે ડોક્ટર્સ, વોલિન્ટિયર્સ અને સમાજનો ખૂબ સહકાર મળતો રહે છે.' કેમ્પ વિશે માહિતી આપે છે વિજયભાઇ. કેમ્પ દરમિયાન વિજયભાઇ સવારે ૫.૦૦ વાગ્યાથી રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી બિલકુલ થાક્યા વિના, હસતા ચહેરે લોકોની સેવામાં તત્પર રહે છે.

૨૬મી માર્ચ, ૧૯૩૯ના રોજ જન્મેલા

*સ્વચ્છતા અને પરિશ્રમ મનુષ્યના બે સર્વોત્તમ વૈદ્ય છે.*

વિજયભાઇ ૧૦ વર્ષના હતા ત્યારે જ પિતાજીનું મૃત્યુ થયું. જોકે તેમના બંને મોટા ભાઇઓએ તેમને ક્યારેય પિતાજીની ખોટ સાલવા ન દીધી. હથેળીના છાંયડામાં ઉછરેલા વિજયભાઇએ નાગપુર યુનિવર્સિટીથી ફાર્મસીની ડિગ્રી મેળવી અને માસ્ટર્સ કરવા માટે યુએસએ તરફ પ્રયાણ કર્યું વર્ષ ૧૯૬૪માં. મધુબહેન સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા. અહીં દેશમાં રહીને પણ લોકો સંયુક્ત પરિવારની સંસ્કૃતિને નથી સાચવી શકતા. પરંતુ વિજયભાઇએ દીકરીઓને સંયુક્ત પરિવારના જે સંસ્કારો આપ્યા છે તે વિદેશની ધરતી પર પણ અકબંધ જળવાયેલા છે. એટલું જ નહીં, સામાન્ય રીતે સંતાન દત્તક લેવાની વાત આવે તો લોકો દીકરો દત્તક લેતા હોય છે. પરંતુ વિજયભાઇના પરિવારમાં ત્રણ દીકરી અને એક દીકરો દત્તક લેવાયેલો છે. ૧૨ દોહિત્ર-દોહિત્રી પૈકી ૪ સંતાન દત્તક લેવાયા હોવાનો તેમને ભારોભાર ગર્વ છે. દીકરીઓને દત્તક લેવાની પ્રેરણા આપતા વિજયભાઇએ શરૂઆત તો પોતાના પરિવારથી જ કરી છે. ખૂબ જ સાલસ અને ઋજુ હૃદયના વિજયભાઇ અમેરિકાની જૈના, કો-જૈના, ભારતની સ્થાનકવાસી જૈન મહાજન, કચ્છી જૈન ફાઉન્ડેશન, ઋણાનુબંધ ટ્રસ્ટ વગેરે અનેક જાણીતી સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર નિમાયેલા છે. તેમની દૂરંદેશિતા, નિખાલસતા, મૃદુતા, નમ્રતા, માનવતાએ તમામ સંસ્થાઓને સદા પ્રગતિનો રાહ ચીંધ્યો છે. અમેરિકાના કાઉન્સિલ જનરલ, અમેરિકન રાજદૂત, વર્લ્ડ બેન્કના ડિરેક્ટર, મેનકા ગાંધી વગેરે અનેક હસ્તીઓને તેઓ કચ્છની ધરતી પર લાવવામાં સફળ રહ્યા છે.

વિજયભાઇને નરગીસ દત્ત મેમોરિયલ ફાઉન્ડેશન (અમેરિકા) દ્વારા વર્ષ ૨૦૦૪માં કોમ્યુનિટી સર્વિસ ઍવૉર્ડ અને એએપીઆઇ (અમેરિકા) દ્વારા હ્યુમેનિટી સર્વિસ ઍવૉર્ડ વર્ષ ૨૦૦૪માં એનાયત કરવામાં આવ્યો હતો. જૈન સોશિયલ ગ્રૂપ ઇન્ટરનેશનલ ફેડરેશન દ્વારા ''જૈન વિભૂષણ ઍવૉર્ડ' અને વિશ્વ કચ્છી અષાઢી બીજ દ્વારા 'કચ્છ ગૌરવ ઍવૉર્ડ' થી તેમને નવાજવામાં આવ્યા છે. વિદેશની ધરતી પર રહેતા, કરોડો રૂપિયામાં રમતા વિજયભાઇની સાદગી, સરળતા, પરગજુ સ્વભાવ જોઇને ઇશ્વરને ધન્યવાદ કહેવાનું મન થઇ જાય. પ્રભુએ ધનવૈભવ તો અનેકોને આપ્યો હોય છે પરંતુ પૈસાનો સદ્‌ઉપયોગ કરીને તેને 'લક્ષ્મી' બનાવી જાણવાનું કોક વીરલા જ જાણતા હોય છે. આવા જ એક હસ્તાક્ષર એટલે વિજયભાઇ. તેઓ જ્યાં જાય ત્યાં ખુશીઓ જ ખુશીઓ છવાઇ જાય. મુસીબતો-મુશ્કેલીઓનો 'ધી એન્ડ' આવી જાય... તેમની મુલાકાત પૂરી કરી ત્યાં પૂછવાનું મન થઇ ગયું કે

***તમે સાચું કહેજો, સ્વર્ગ તો સાથે નથી લાવ્યા ને?***
***અમને લાગી રહ્યું છે, આજ ધરતી પર ગગન જેવું.***

***'મુંબઇ સમાચાર'માંથી સાભાર***
***પ્રેષક : મણિભાઇ છેડા***

***જરૂરિયાતો ઘટાડો. ઈચ્છાઓને પૂરી કરતાં પહેલાં વિચારો કે એના વિના ચાલી શકશે કે નહિ. ઈચ્છાઓને પૂરી કરવાનો માર્ગ દુઃખનો છે અને ઈચ્છાઓને અંકુશમાં રાખવાનો માર્ગ સુખનો છે.***

તંદુરસ્તી

# ભણતરનો તણાવ તથા ઉપાય : માતાપિતાનો ફાળો

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

થોડા સમયમાં પરીક્ષાઓ આવશે. પરીક્ષાની મોસમ, લગ્નની મોસમ પ્રમાણે શરૂ થશે. સૌ વિદ્યાર્થીઓને સારા (૯૦% થી વધારે) ગુણાંક મેળવવા છે. આ માટે આંધળી દોટ તથા સ્પર્ધા (Rat race) થતી હોય છે. એક ગુણાંક ઓછો પણ મળે તો જાણે જિંદગી હારી ગયા છે એવી અનુભૂતિ વિદ્યાર્થી તથા માતાપિતા વડીલોને બંનેને થાય છે. વિદ્યાર્થી તથા માતાપિતા/વડીલો માટે આ કપરો સમય છે, તણાવનો સમય છે. અપેક્ષિત પરિણામ ન મળે તો માનસિક હતાશાના શિકાર વિદ્યાર્થીઓ તથા માતાપિતા થતા હોય છે.

અત્યારના સમયમાં શિક્ષણ પુસ્તકિયા જ્ઞાન મેળવવાનું સાધન થઇ ગયું છે. યેનકેન પ્રકારે ડિગ્રી મેળવી પૈસા કમાવવાનું સાધન થઇ ગયું છે. વ્યક્તિત્વના ઘડતર કે વિકાસ પર ધ્યાન અપાતું નથી. આથી આ બાળકો જ્યારે યુવાનીમાં આવે છે ત્યારે જીવનમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કરવાની ક્ષમતા ધરાવતા નથી. માતાપિતા/વડીલોનું યોગ્ય હૂંફવાળું અભિગમ બાળકમાં યોગ્ય વ્યક્તિત્વના ઘડતરનું નિર્માણ કરે છે. જેથી આત્મવિશ્વાસનું સિંચન થાય છે અને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા આવે છે તથા વધે છે.

સદીઓ પહેલાંના સમયમાં શિક્ષણ એ વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસનું મહત્ત્વનું પગલું હતું. રાજાના દીકરાને પણ ઋષિમુનિના આશ્રમમાં ભણવા જવું પડતું હતું. ત્યાં ગરીબ કે તવંગર વિદ્યાર્થીઓમાં કોઇ ભેદભાવ ન હતો. સુદામા-શ્રીકૃષ્ણના કિસ્સા આનું જવલંત ઉદાહરણ છે. રાજા કે તવંગરના દીકરાને પણ આશ્રમમાં સામાન્ય વિદ્યાર્થી તરીકે રહેવું પડતું હતું તથા કામ કરવું પડતું હતું. શિક્ષણની આ પદ્ધતિથી વ્યક્તિત્વનું ઘડતર તથા વિકાસ થતો હતો. ભવિષ્યમાં જો કોઇ મુશ્કેલી આવે તો એનો સામનો કરવાની શક્તિનો સંચાર આથી થતો હતો. ઋષિમુનિઓ શિક્ષક તથા માતાપિતાનો ભાગ ભજવતાં હતાં.

શિક્ષણ પદ્ધતિમાં થયેલા ફેરફારોને લીધે વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ માટે માતાપિતાની જવાબદારી વધી છે.

- **માતાપિતા / વડીલોનો અભિગમ:**

બધી જ રીતે સરખા હોય એવા બે રોપવા લઇ આવીએ. એક રોપવાને ખાતર આપીએ. હવા તથા સૂર્યપ્રકાશમાં રાખીએ. નિયમિત રીતે પાણી આપીએ. બીજા રોપવાને અંધારા ઓરડામાં મૂકીએ જ્યાં સૂર્યપ્રકાશ, પાણી, હવા અને ખાતર ન મળે. થોડા સમય પછી શું પરિણામ જોવા મળશે?

પ્રથમ રોપવા જેને ખાતર, હવા, પાણી, સૂર્યપ્રકાશ મળતું હતું એમાં સુંદર વૃદ્ધિ થશે. સુંદર છોડ બનશે. બીજો રોપવો કરમાઇ જશે, મુરઝાઇ જશે. જોકે સુંદર છોડ બનવાની પૂરેપૂરી યોગ્યતા એ રોપવામાં છે. યોગ્ય વાતાવરણ તથા યોગ્ય માવજત એક જ પ્રકારના રોપવા માટે અલગ પરિણામ લાવે છે તેમ બાળકની યોગ્ય માવજત, યોગ્ય વાતાવરણ તથા માતાપિતા/વડીલોના યોગ્ય અભિગમથી કરવામાં આવે તો બાળકમાં રહેલી શક્તિઓ પૂરેપૂરી ખીલી ઊઠે છે તથા બાળકમાં ભણવાની ક્ષમતામાં યોગ્ય અપેક્ષિત પરિણામ (બાળકની ક્ષમતા પ્રમાણે) મળી શકે છે.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્નાની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


દરેક બાળક અલગ હોય છે. જેમ આપણા હાથની પાંચ આંગળીઓ એક સરખી નથી હોતી તેમ દરેક બાળક અલગ હોય છે. સગાં ભાઇ-ભાઇ, ભાઇ-બહેન, બહેન-બહેન એક જ વાતાવરણમાં ઉછર્યા હોય છે છતાં તેમનું વ્યક્તિત્વ અલગ હોય છે, ગમા-અણગમા અલગ અલગ હોય છે, ભણવાની ક્ષમતા પણ અલગ હોય છે. પાંડવો પાંચ ભાઇઓ હતા. ગુરુ દ્રોણાચાર્યના આશ્રમમાં શિક્ષણ લીધું હતું. પરંતુ પાંડવોની નિપુણતા અલગ અલગ ક્ષેત્રમાં હતી. અર્જુન બાણ વિદ્યામાં નિપુણ હતા, ભીમ ગદા વિદ્યામાં નિપુણ હતા. માતાપિતા/વડીલોએ આ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

બધા સંતાનો પ્રત્યે એક જ પ્રકારનો અભિગમ ન અપનાવતા, સંતાનના વ્યક્તિત્વને સમજી, તેની જરૂરિયાતોનું પૃથક્કરણ કરી પોતાનો અભિગમ માતાપિતા/વડીલોએ અપનાવવો જરૂરી છે. તથા સમય અને સંજોગો પ્રમાણે અભિગમમાં જરૂરી ફેરફાર કરવા જરૂરી છે.

- **સંતાનના ભણતરમાં માતાપિતાનો અભિગમ :**

પોતાના સંતાનના ભણતરમાં માતા-પિતા/વડીલો મદદરૂપ થાય, બાધારૂપ ન બને માટે નીચે આપેલા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક, મનન કરવું અગત્યનું છે. યોગ્યતા તથા જરૂરત પ્રમાણે પોતાના અભિગમમાં યોગ્ય ફેરફારો કરવા જરૂરી છે. જેથી સંતાનની ભણવાની ક્ષમતામાં વધારો થાય તથા સંતાનની શક્તિ સંપૂર્ણપણે ખીલી ઊઠે.

*મૌનની ઊર્જા વડે મહેનતને આનંદદાયક બનાવો.*

**૧. આત્મનિરીક્ષણ (સ્વનિરીક્ષણ) :**

માતાપિતાએ પોતાનું સ્વનિરીક્ષણ નિખાલસ, તટસ્થપણે કરવું જરૂરી છે. સંતાન પ્રત્યેનું તથા ભણતર પ્રત્યેના અભિગમનું પૃથક્કરણ કરવું અગત્યનું છે. નીચેના પ્રશ્નો પોતાની જાતને પૂછો તથા નિખાલસપણે એના જવાબ આપો.

અ. તમને જે ક્ષેત્રમાં ભણવા ન મળ્યું હતું એ ક્ષેત્રમાં તમારા સંતાનને એની મરજી જાણ્યા વગર ધકેલવા માંગો છો. જેથી તમારી દબાયેલી ઇચ્છા પૂર્ણ થાય?

બ. તમારી પ્રશંસા થાય એ માટે સંતાન પાસેથી એની ઇચ્છા વગર તમારું ધાર્યું કરાવો છો?

ક. સંતાનને તમારું પ્રતિબિંબ સમજી એની પાસેથી તમારું ધાર્યું કરાવો છો?

ડ. તમારી નકારાત્મક લાગણીઓનું (ચિંતા, ડર, ભય, હતાશા, નિરાશા, અસલામતી વગેરે) જાણે અજાણે તમારા બાળકમાં સિંચન કરો છો?

સંતાનના વ્યક્તિત્વ, રુચિ, જરૂરત પ્રમાણે એણે શું કરવું છે, આગળ શું ભણવું છે એ બાબત ચર્ચા કરો. એને પોતાની રીતે વિચારવાની તક આપો. જરૂરત પ્રમાણે માર્ગદર્શન આપો. છેવટનો નિર્ણય સંતાનને કરવા આપો. તમારા મંતવ્યો, નિર્ણયો સંતાન પર ઠોકી ન બેસાડો.

''૩ ઇડિયટ'' પિક્ચરમાં આ મુદ્દાની સુંદર છણાવટ કરેલ છે.

**૨. વાસ્તવિક્તા પ્રમાણે અપેક્ષા :**

તમારા સંતાનની ભણવાની ક્ષમતાનું પૃથક્કરણ (ભણવામાં રુચિ, વાંચવાની તથા ગ્રહણ કરવાની ક્ષમતા, આગળના પરીક્ષાના પરિણામો વગેરે) આ પદ્ધતિથી સંતાનની ભણવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરી, વાસ્તવિક્તા સમજી યોગ્ય અપેક્ષા રાખો. અપેક્ષા તથા વાસ્તવિક્તા વચ્ચે જેટલું અંતર ઓછું એટલો તણાવ ઓછો, એટલી નિરાશા ઓછી.

**૩. લક્ષ - ભણવા પર, પરિણામ પર નહીં :**

સંતાન ભણવા માટે મહેનત કરે એ માતાપિતાનું ધ્યેય / લક્ષ હોવું જોઇએ. કેટલા ગુણાંક (percentage) મળશે એ લક્ષ હોવું ન જોઇએ. જેવી મહેનત એવું પરિણામ. આજના સમયમાં ધ્યેય/લક્ષ બદલાઇ ગયા છે. આજે લક્ષ હોય છે કે આટલા ગુણાંક (૯૦% કે તેથી વધારે) યેનકેન પ્રકારે મળવા જોઇએ. માતાપિતાએ પોતાના સંતાનને સમજાવવું જોઇએ કે શૈક્ષણિક વર્ષની શરૂઆતથી યોગ્ય પદ્ધતિથી મહેનત કરી હશે તો અપેક્ષિત પરિણામ મળશે જ.

*ભગવદ્ ગીતામાં કહ્યું છે :*

***કર્મણ્યેએવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।***
***મા કર્મફલહેતુભૂર્મા તે સંગોઅસ્ત્વકર્મણિ ॥***

(ભાવાર્થ : કાર્ય કરવા પર મારો અધિકાર છે, કાબૂ છે, પરિણામ પર નહીં. પરિણામ હેતુ ન હોવો જોઇએ. કાર્ય ન કરવું (નિષ્ક્રિયતા) પણ ન હોવું જોઇએ.)

માતાપિતાએ પોતાના સંતાનને ભણવાની મહેનત કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઇએ. વર્ષની શરૂઆત થી જ યોગ્ય મહેનત કર્યા બાદ જે પરિણામ (ટકા) આવે એ સંતાન તથા માતાપિતા મનથી સ્વીકારે એવી મનની તૈયારી રાખવી જોઇએ. આ અભિગમથી ભણવાની મજા આવશે. તણાવ નહીં જણાશે. માતાપિતા ઉપર્યુક્ત અભિગમ અપનાવશે તો સંતાન પણ એજ પ્રમાણે અભિગમ અપનાવશે.

**૪. બીજા વિદ્યાર્થીઓ જોડે સંતાનની સરખામણી ટાળો :**

ઘણા માતાપિતાના મનમાં એવી ધારણા હોય છે કે પોતાના સંતાનની ભણવા બાબત બીજા વિદ્યાર્થી જોડે સરખામણી કરશું તો સંતાન વધારે મહેનત કરવા પ્રેરાશે તથા પરિણામ વધારે સારું આવશે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આ અભિગમ સત્યથી વેગળું છે. આવી સરખામણીથી સંતાનનું આત્મસન્માન (self-respect) ઘવાય છે, જેથી આત્મવિશ્વાસ (self-confidence) ઓછો થાય છે. સંતાનને પોતાની કાબેલિયત પર વિશ્વાસ રહેતો નથી. ભણવાની ક્ષમતા પર આ અભિગમથી (સરખામણીથી) નકારાત્મક અસર થાય છે.

સરખામણી (comparision) કર્યા વગર માતાપિતાએ હકારાત્મક પદ્ધતિથી આત્મવિશ્વાસ વધારી ભણવાની ક્ષમતા વધારવી જોઇએ. જેથી માનસિક તણાવ ઓછો થાય. આ ઉપરાંત (૫) કદર, (૬) પ્રોત્સાહન, (૭) હકારાત્મક વલણ, (૮) સંતાન-માતાપિતા વચ્ચે પ્રેમભર્યા, હૂંફભર્યા સંબંધો, (૯) અભ્યાસ કરવાની પદ્ધતિ, (૧૦) વાતચીતનો સેતુ જેવા અભિગમ વિશે આવતા લેખમાં ચર્ચા કરીશું.

પરીક્ષાના સમય દરમ્યાન માતાપિતાની વર્તણૂક વિશે પણ એ લેખમાં ચર્ચા કરીશું.

માતા-પિતા/વડીલો ઉપર જણાવેલ મનોવૈજ્ઞાનિક મુદ્દાઓને લક્ષમાં લઇ પોતાના વિચાર, વાણી, વર્તન, અભિગમમાં યોગ્ય ફેરફારો કરશે તો સંતાનમાં આત્મસમ્માનની ભાવના વધશે. જેથી ભણવાની ક્ષમતામાં વધારો થશે. ભણવાનો તણાવ યોગ્ય માત્રામાં રહેશે તથા ધારેલી સફળતા મળશે. ■

## વિનોબાજી

વિનોબાજીએ એક જગાએ લખેલ છે કે એકવાર એક ભાઇએ મને કહ્યું ''જરા આપની કુંડળી જોવી છે, મંગળ અને શનિની આપના પર શી અસર પડે છે તે જાણવું છે.''

મેં તેમને કહ્યું ''મારે જરા મંગળની કુંડળી જોવી છે કે તેના પર મારી શી અસર પડે છે, કારણ કે મંગળ તો જડ છે અને હું ચૈતન્ય છું.''

જે વાત વિનોબાજી સમજી શક્યા તે વાત આપણે ક્યારે સમજીશું?

***'સર્વોત્તમ કારકિર્દી માર્ગદર્શન' જુલાઇ-૨૦૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

**સમાજ દર્પણ**
**સાહિત્ય આચમન**

# 'અવિરત શોધ'ને પગલે પગલે ઇશ્વરનો સાક્ષાત્કાર

● ડૉ. કેશુભાઈ દેસાઈ ●

ફાધર વાલેસ ગુજરાતી સાહિત્યને એવું તો રળિયાત કરીને ગયા કે કાકાસાહેબની જેમ એમને આપણે સવાઇ ગુજરાતી કહેવા લાગ્યા. છેક સ્પેનથી આવેલા એક પાદરી પરભાષાને આટલી હદે આત્મસાત્ કરી શકે એને કાં તો ચમત્કાર ગણીએ અથવા પછી ઇશ્વરની કૃપા. એવો જ એક બીજો ચમત્કાર આપણને ફાધર વર્ગીસ પૉલ સ્વરૂપે મળે છે. કેરળમાંથી ગુજરાત આવીને તેઓ ગુજરાતી ભાષા સાથે એટલા તો ઓતપ્રોત થઇ ગયા કે ગુજરાતી દૈનિકોમાં એમની કટારો ચાલવા લાગી, સામયિકોમાં લેખો છપાવા લાગ્યા અને એથીયે મોટું કામ એમણે ગુજરાતી જેવી આર્ય ભાષાને મલયાલમ જેવી દ્રવિડ ભાષા સાથે જોડી આપવાનું કર્યું. પાદરી તરીકેની એમની કામગીરી પણ આવા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સેતુ રચવાની રહી છે.

છત્રીસ પુસ્તકોના સુખ્યાત લેખક 'અવિરત શોધ' શીર્ષકથી ગુજરાતી પ્રજાને એમનું ૩૭મું દિવ્ય પુસ્તક અર્પણ કરે છે. શીર્ષક જ એવું બળૂકું છે કે વાચક તરત જ પુસ્તકનાં પાનાં ફેરવવા પ્રેરાય. અવિરત શોધ એ માણસમાત્રની નિયતિ છે અને ઇશ્વર તરફની ગતિ છે. માનવજીવનની સાર્થકતા આખરે તો આ અવિરત શોધમાં સમાહિત છે. આ પુસ્તકના ૨૧ લેખો ફાધર વર્ગીસે અલગ અલગ સામયિકો અને દૈનિકો માટે લખેલા છે અને છતાં એ તમામમાં એકસૂત્રતા છે અને લેખકનું હળુહળુ વ્યક્તિત્વ એમાં પ્રતિબિંબિત થાય છે. એકવીસમી સદીના હતાશ માનવી માટે એમાં સાર્થક જીવનનો સંદેશ છુપાયેલો છે, બલકે એક ઇસુ સમર્પિત સાધુના પુણ્યવંતા આશીર્વાદ સમાયેલા છે. લેખોનાં શીર્ષક એની અંદર આવતી સામગ્રીને બહુ જ સ્પષ્ટ કરે છે અને વાચકને એ વાંચવા માટે પ્રેરે છે. લેખો ખૂબ જ ટૂંકા છે એટલે વાચક એકી બેઠકે એ વાંચી શકે છે અને કંઇક મેળવ્યાનો ઓડકાર લે છે અને દરેક લેખમાંથી કંઇક ને કંઇક પ્રેરક સંદેશ પ્રાપ્ત કરે છે, બલકે જીવન પ્રત્યેની એની શ્રદ્ધા દરેક લેખને અંતે બળવત્તર બને છે.

લેખકે 'અવિરત શોધ'ના આ લઘુ નિબંધોને પાંચ ખંડોમાં વિભાજિત કર્યા છે. પ્રતિબદ્ધ જીવન, જીવનઘડતર, સ્ત્રીશક્તિ, પ્રેમ પર્વ અને મૂલ્યબદ્ધ જીવન. આવા પાંચ જુદા જુદા વિભાગોએ જાણે કે ગદ્યમાં લખાયેલા એક પાદરીના પ્રેરક ગદ્યકાવ્યનાં પાંચ પર્વો બની રહે છે. આપણે 'પંચ ત્યાં પરમેશ્વર' એ કહેવતમાં માનીએ છીએ. અહીં તો લેખક પોતે ઇસુ અને ઇશ્વર પ્રત્યે પૂર્ણપણે સમર્પિત છે અને પ્રત્યેક કાર્યમાં એની 'અલ્ટિમેટ' માટેની અવિરત શોધ ચાલ્યા કરે છે.

પહેલા જ લેખ 'સુખદુઃખમાં સુખથી જીવવાની જડીબુટ્ટી' અંતર્ગત લેખકે આપણા આદિ કવિ નરસિંહ મહેતાના પ્રસિદ્ધ પદનો ઉલ્લેખ કર્યો છે :

*'સુખદુઃખ મનમાં ના આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;*
*ટાળ્યાં તે કોઈનાં નવ ટળે રઘુનાથનાં જડિયાં.'*

તો એની સાથે જ એમણે આપણા પ્રસિદ્ધ શાયર અમૃત ઘાયલના એક શેરનો પણ ઉલ્લેખ કર્યો છે :

*'ખૂબ અંદર બહાર જીવ્યો છું,*
*ઘૂંટે ઘૂંટે ચિક્કાર જીવ્યો છું.'*

લેખક કહે છે, 'સુખદુઃખ આવે ને જાય. પણ સુખ અને દુઃખ વચ્ચે પણ હું ભરપૂર મોજમસ્તીથી જીવન માણવમાં માનું છું.'

ફાધર ભારતના જ્ઞાતિવાદને ખૂબ જ સારી રીતે સમજ્યા છે. આજે જ્યારે દેશની વસતિ ગણતરી પણ જ્ઞાતિના ઉલ્લેખ સાથે કરવી પડતી હોય ત્યારે લેખકની આ સમજણ આપણે માટે આંખ ઉઘાડનાર બની રહે છે. તેઓ કહે છે કે, 'ભારતનો જ્ઞાતિવાદ એટલે પગે બંધાયેલી લોખંડની સાંકળ'. એક તરફ તેઓ હિંદુ ધર્મના જ્ઞાતિવાદની ટીકા કરે છે તો સાથે ખ્રિસ્તી ધર્મમાં પણ જે કેટલાક ભેદભાવો પ્રવર્તે છે એનો ઉલ્લેખ કરતાં અચકાતા નથી. એ દૃષ્ટિએ તેઓ સાચા અર્થમાં પોતાના ધર્મની પણ સમીક્ષા કરી શકે છે. તેઓ લખે છે, 'ખ્રિસ્તી લોકોની આ જીવનદૃષ્ટિમાં દરેક માણસે બીજા માણસને કોઇપણ પ્રકારના ધર્મ, જ્ઞાતિ, વર્ણ કે સંસ્કૃતિના ભેદભાવ વિના પોતાનાં ભાઇ કે બહેન તરીકે સ્વીકારવાનાં હોય છે.' ફાધરને ખબર છે કે આ ખ્રિસ્તી દૃષ્ટિ પણ કેવળ ખ્રિસ્તી લોકોનો ઇજારો નથી. ભારતીય સંસ્કૃતિમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની જે ભાવના છે તેનો જ આ અનુવાદ છે. આખરે તો માનવતાનું દાન એ જ સાચો ધર્મ છે. ખરો ધર્મ કે પ્રબુદ્ધ સમાજ કોઇ માણસને તુચ્છ ગણી ન શકે. ફાધરે એમના લેખનો અંત સુપ્રસિદ્ધ મંત્રોથી કર્યો છે :

*संगच्छध्वम् संवदध्वम्*
*संवो मनांसि जानताम्*
*समानो मंत्रः समिति समानी*
*समानम् मनसः चित्तमोषाम्*
*समानी वः आहुति समाना हृदयानी वः*
*समानमस्तु वो मनोः यथा वै सुसहासती ।*

*ભાવાર્થ :*

તમે બધા એક સાથે ચાલો, એક સાથે સંવાદ કરો, સાધુ જીવન સ્વીકાર્યા છતાં માણસ લોહીની સગાઇને વીસરી શકતો નથી, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. ફાધર વર્ગીસ પૉલ લીસીનું નામ પડતાં જ ઓળઘોળ બની રહે છે. વધુ નહીં તો વરસમાં એકાદ વાર તો એને મળવું જ એવો એમણે નિયમ કર્યો છે. લેખકે ઓગણીસમી સદીની અંગ્રેજી કવયિત્રી ક્રિસ્ટીના રોસેત્તી (૧૮૩૦-૭૪)ના શબ્દો ટાંકીને કહ્યું છે, 'સગી બહેન જેવી કોઇ મિત્ર નથી.'

લેખકે ધર્મ અને સમાજમાં સ્ત્રીઓના સ્થાન વિશે ઊંડું ચિંતન કર્યું છે. એ વિશેનો એમનો લેખ આપણા સમાજની આંખ ઉઘાડનારો છે. લેખકે માત્ર ધર્મ કરતાં સ્ત્રીની

*પોતાના કલ્યાણ માટે કોઈ નવી પરિસ્થિતિની જરૂર નથી. પ્રાપ્ત પરિસ્થિતિના સદુપયોગથી જ કલ્યાણ થઈ શકે છે.*

સામાન્ય સ્થિતિ અને શૈક્ષણિક સ્થિતિ ઉપર જ વિશેષ ધ્યાન આપવાનું સમજાવ્યું છે. એમણે છેક ઍરીસ્ટોટલ અને ફ્રોઇડથી લઇ આજની વર્તમાન પરિસ્થિતિ જેમાં ભારતે ઇન્દિરા ગાંધી જેવાં શક્તિશાળી વડાપ્રધાન, પ્રતિભા પાટીલ જેવાં રાષ્ટ્રપ્રમુખ કે સોનિયા ગાંધી જેવાં વિશ્વનેતા પેદા કર્યા એની વાત કરીને આપણા દેશમાં રહેલી સ્ત્રી સન્માનની ભાવના ઉજાગર કરવા પ્રયાસ કર્યો છે. લેખકને એ જ સમજાતું નથી કે જે દેશમાં સરસ્વતી વિદ્યાની દેવી તરીકે પૂજાય છે તેમાં સ્ત્રી શિક્ષણની અવગણના કેમ થતી હશે. સર્જનહાર ઇશ્વર આગળ સ્ત્રી અને પુરુષ સમાન છે. પરંતુ સ્ત્રી અને પુરુષમાં શારીરિક અને માનસિક રીતે ઘણો મોટો તફાવત છે. ભૌતિક ક્ષમતાની બાબતમાં સ્ત્રી, પુરુષ સમોવડી પુરવાર થઇ છે. લેખક કહે છે તેમ ઇસુના શિક્ષણથી ખ્રિસ્તી ધર્મે સ્ત્રી અને પુરુષના જાતિગત તફાવતનો નાશ કર્યો અને સ્ત્રી અને પુરુષને આધ્યાત્મિક અને ભૌતિક સમાનતા તથા એકતા બક્ષી. ભારતમાં સ્ત્રીની જે ઊતરતી સ્થિતિ છે તેને લેખકે ખૂબ ગંભીરતાથી અને ક્યારેક હળવાશથી કેટલાક દાખલાઓ આપીને રજૂ કરી છે. એમણે જે તારણ કાઢ્યું છે તે કેટલું સૂચક છે! 'પ્રકાશ અને વીણા રાજસ્થાનથી આવેલાં યુવાન ખ્રિસ્તી યુગલો છે. એમના ગ્રામીણ સમાજ અને સંસ્કૃતિમાં પતિનું નામ લેવાનો રિવાજ નથી. શહેરમાં રહેતા ખ્રિસ્તી યુગલો સામાન્ય રીતે સમાનતાના સંકેતરૂપે એકબીજાને નામથી સંબોધે છે. છતાં શહેરમાં પણ સમાનતાને બદલે હું ઘણીવાર કુટુંબમાં પતિનું વર્ચસ્વ અને પુરુષની એકહથ્થુ સત્તા જોઉં છું.'

લેખકની નજર સ્ત્રીના જીવનનાં વિવિધ પાસાંઓને આવરી લે છે. એમણે સરોગેટ મધર જેવા વિષય ઉપર પણ કલમ ચલાવી છે. અહીં એમનો અભિગમ કન્ઝરવેટિવ લાગે. પરંતુ એમાં એમની સ્ત્રીઓ પ્રત્યેની ઊંડી સંવેદના જોવા મળે છે. વંધ્યત્વની વેદના કેટલી તીવ્ર હોય છે તેનો આ ખ્રિસ્તી સાધુએ જાણે કે પરકાયા પ્રવેશ કરીને સ્વાનુભવ કર્યો છે. સરોગેટ મધરની બાબતમાં કે ઇન વેટ્રો ફર્ટિલાઇઝેશનમાં માનવ ગરિમા સચવાતી નથી, આવું એમનું સ્પષ્ટ મંતવ્ય છે. અને તેને તેઓ અમાનવીય અને અનૈતિક ગણે છે. બાળકને તેઓ ઇશ્વરનું અનેરું દાન સમજે છે અને ખલીલ જિબ્રાનના શબ્દો ટાંકીને કહે છે, 'તમારાં બાળકો તે તમારાં બાળકો નથી. પરંતુ તેઓ જીવનતત્ત્વનાં પુત્રો અને પુત્રીઓ છે.' લેખકને મન આ પ્રકારની સંતાનોત્પત્તિ કરતાં વંધ્યત્વની વેદનાને અનાથ બાળકને દત્તક લઇ ઉદારતાના આનંદમાં પલટી નાખવાનો વિકલ્પ વધુ સારો છે.

લેખક પોતે પત્રકારત્વના ઊંડા અભ્યાસી છે. એની સાથે સાથે તેમણે વિશ્વ સાહિત્યનો પણ ઊંડો અભ્યાસ કરેલો છે. નીતિશાસ્ત્ર બાઇબલમાં હોય કે મહાભારતમાં હોય આખરે તો એનો સાર એક જ હોય છે. લેખકે સંપાદક તરીકેનો લાંબો અનુભવ મેળવેલો છે. વિશેષપણે એમને 'દૂત'ના સંપાદનથી ઘણો વિશેષ અનુભવ મળેલો છે. તેઓ કબૂલ કરે છે કે 'દૂતે' મારું ઘડતર કર્યું છે. પોતે ખ્રિસ્તી સાધુ હોઇ એમના અભિગમમાં પરંપરાગત ધાર્મિક માન્યતાઓ પ્રગટ થતી રહે તે સ્વાભાવિક છે. લેખકને આ મુદ્દે કોઇ લઘુતાગ્રંથિ કે કોઇ છોછ પણ નથી. પોતે એક સંપ્રદાય વિશેષના પ્રવક્તા હોવાનો પોતાનો પરિચય તે ક્યારેય છુપાવતા નથી અને પ્રામાણિકપણે પોતાની દરેક વાતને શાસ્ત્રના માન્ય સિદ્ધાંતો દ્વારા પ્રતિપાદિત કરવા કોશિશ કરે છે. આમાં ક્યાંય પણ એક વકીલનું ચબરાકિયાપણું દેખાતું નથી. પરંતુ શબ્દે શબ્દે અને વાક્યે વાક્યે એમની ઇસુ અને ઇશ્વર પ્રત્યેની આસ્થા પ્રતિબિંબિત થાય છે. એ અર્થમાં આ પ્રેમ, સમર્પણ અને ત્યાગની ગૉસ્પેલ છે.

નાસ્તિકને પણ તેઓ એટલા જ પ્રેમથી સ્વીકારે છે, જેટલા પ્રેમથી સ્વધર્મી આસ્તિકને સ્વીકારતા હોય. એમની ઇશ્વરશ્રદ્ધા પેલા નાસ્તિકને જોઇને ડગી જતી નથી. ઊલટાની તે બેવડાય છે. અને એના તરફ પૂરા સન્માન અને અંતર્ગત પ્રેમ સાથે તેઓ એવી શ્રદ્ધા સાથે પેશ આવે છે કે સામેના નાસ્તિકને પણ જો કોઇ ધર્મ સ્વીકારવાનું મન થઇ આવે તો એ માત્ર ખ્રિસ્તી ધર્મ સ્વીકારે એવો એના જ મોઢે એકરાર કરે છે.

મારી દૃષ્ટિએ ફાધર વર્ગીસ પૉલ એક હરફનમૌલા સાન્તાક્લોઝ છે. 'અવિરત શોધ'માં તેઓ આપણને એકવીસ ચોકલેટોની સુંદર રૂપકડી છાબ ધરે છે. એમની પાસે એક સવાયા ગુજરાતી તરીકે ગુજરાતી વાચકો માટે પ્રેમ, ત્યાગ, માનવતા, સમર્પણ અને લાગણીની અમૂલ્ય ભેટો છે. એ આપીને તેઓ તો હળવા બને છે, પરંતુ સાથે કૃતજ્ઞ ગુજરાતી તરીકે આપણી પણ એ ફરજ બને છે કે એમની એ અવિરત શોધમાં આપણે પણ એમની સાથે બે ડગલાં ચાલીએ.

***(ફાધર વર્ગીસ પોલના પુસ્તક 'અવિરત શોધ'ની પ્રસ્તાવના)***

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ ૧૩૨, સૅક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

## મા તે મા

**(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)**

ન થાય એ માટે પણ એ પોતાની જિંદગી જોખમમાં નાખવા તૈયાર હતી.

સ્ટાફ સિસ્ટરે એને નવેસરથી સમજાવવાનું શરૂ કર્યું. ખૂબ જ હેતાળ અને માયાળુ શબ્દોથી એમણે એ બાઇનો થોડો ઘણો વિશ્વાસ સંપાદન કર્યો. એને સમજાવીને ટેબલ પર સૂવડાવી. એને બરાબર સમજાવીને એનો અંગૂઠો સંમતિપત્રક પર લીધો. એના બાળક માટે પણ એનું જીવવું ખૂબ જ અગત્યનું છે અને એના જીવતા રહેવા માટે એના પગની સારવાર ખૂબ જ જરૂરી છે તે વાત એના ગળે ઉતારવામાં સિસ્ટર આ વખતે સફળ થયાં. એણે જમણો હાથ લાંબો કર્યો. એનો ડાબો હાથ તો એના છોકરા ફરતો વીંટળાયેલો જ હતો. એના હાથમાં રહેલી સોયમાં ટૂંક સમય માટે દર્દીને બેહોશ બનાવવા માટેની દવાઓ દાખલ કરવામાં આવી. ધીમે ધીમે એ બાઇ બેહોશીમાં સરકી ગઇ. એના સંપૂર્ણપણે બેહોશ થઇ ગયા પછી સ્ટાફ સિસ્ટરે ધીમેથી એનો ડાબો હાથ ઊંચો કર્યો. બાળકની કમર પર બાંધેલ કંદોરાનો દોરો એ બાઇએ પોતાના હાથ સાથે જ બાંધી દીધો હતો. ભૂલમાં પણ એનું બાળક એનાથી અળગું ન થઇ જાય! એ દોરો કાપીને બાળકને સિસ્ટરે તેડી લીધું.

અમારા સાહેબ આ જોઇને એટલું જ બોલ્યા કે, 'ખરેખર! દરેક માતાને પોતાનું સંતાન આટલું બધું વહાલું હોતું હશે ખરું?' અને ત્યાર પછી એ સર્જરીમાં મશગૂલ થઇ ગયા.

***લેખકના પુસ્તક 'સાઇલન્સ પ્લીઝ!'માંથી સાભાર***

*અગાઉ ભણેલો માણસ જો તેના જીવનમાં મૂલ્યો ઉમેરવાનું બંધ કરી દે તો ભવિષ્યમાં તે અભણ બની જશે. - ડૉ. અબ્દુલ કલામ*

# મા તે મા!

• ડૉ. આઈ. કે. વીજળીવાલા •

'અરે બહેન! અમે બધાં છીએ ને! તારા બાળકને કંઇ પણ નહીં થાય. લાવ, મારા હાથમાં સોંપી દે!' સ્ટાફ સિસ્ટરે અત્યંત લાગણીપૂર્વક કહ્યું.

'ના હો! મારા સોરાને ના આલું!' એવું કંઇક બોલતી એ આદિવાસી સ્ત્રીએ પોતાના ત્રણથી ચાર મહિનાની ઉંમરના બાળકને કચકચાવીને પોતાની છાતી સાથે જકડી લીધું.

પણ તારી દશા તો જો! તારા પગમાંથી નીકળતા લોહીને જો. તને ચક્કર-બક્કર આવશે અને છોરો પડી જશે તો એને વાગી નહીં જાય? ઓપરેશન પછી તું ભાનમાં આવે ત્યાં સુધી હું એને મારા છોરાની જેમ સાચવીશ, બસ? તું ભાનમાં આવે ત્યારે એને મારી પાસેથી લઇ લેજે. એ પછી તું તારે કોઇને પણ ન અડકવા દેતી, બસ?!' અમારા બધા પર સો ટકા અવિશ્વાસ ધરાવતી એ બહેનને સમજાવવા માટે સ્ટાફ સિસ્ટર સતત પ્રયત્ન કરી રહ્યાં હતાં.

'ના હો! સોરો મારો હે!' બસ આવું જ કંઇક સંદિગ્ધ બબડતી એ સ્ત્રી પોતાના બાળકને કોઇ જરા પણ ન અડકી શકે એમ છાતી સરસું ચાંપી દેતી હતી.

એ આદિવાસી બહેનના જમણા પગનો પંજો કપાઇ ગયો હતો. શહેરમાં નવીસવી આવેલી એ સ્ત્રી ગભરાઇને રસ્તો ઓળંગવા જતાં કોઇ વાહનની અડફેટે ચડી ગઇ હતી. અમારી સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ (એસ.એસ.જી. હોસ્પિટલ) નો તાત્કાલિક સારવાર વિભાગ બરાબર નેશનલ હાઇવે નંબર-૮ ને અડકીને આવેલો હતો. એ બંનેને જુદા પાડતો એક અંદરનો નાનો રોડ અને એક દીવાલ જ બેઉની વચ્ચે આવેલાં હતાં. આખો દિવસ આ રોડ પર ખૂબ જ હેવી ટ્રાફિક રહેતો. ત્યારે હજુ વડોદરા બાયપાસ નહોતો બન્યો. એટલે હેવી વાહનો પણ આ રસ્તા પરથી જ પસાર થતાં. આવા જ કોઇ માતેલા સાંઢ જેવા વાહનની અડફેટે આ ગભરુડી બાઇ ચડી ગયેલી. ટક્કર લાગવાથી એ ઊછળીને દૂર પડી ગઇ પણ એનો જમણો પગ પાછળથી આવતા બીજા એક વાહન નીચે આવી ગયો હતો. ઘૂંટીથી નીચે બસ થોડાક માંસના લોચા અને જુગુપ્સા પ્રેરે તે રીતે તેમાંથી બહાર ડોકાતું એક હાડકું જ રહ્યાં હતાં. લોહી પણ સારું એવું વહી નીકળ્યું હતું. પણ આખા જ પ્રસંગમાં નવાઇની વાત એ જ લાગે કે આવો મોટો અકસ્માત થયા છતાં પેલી સ્ત્રીએ પોતાના બાળકને પોતાનાથી જરા પણ અળગું નહોતું થવા દીધું. બાળકને એક જરાક અમસ્તો ઉઝરડો પણ નહોતો થયો. એને એની માતાએ કેવું અદ્ભુત રીતે સાચવ્યું હશે એનો અંદાજ એના ઇજારહિત શરીર અને માતાના પગના નીકળી ગયેલા લોચાની સરખામણી કરીએ તો તરત જ આવી જાય. આપણા હાથમાં રહેલી કીમતી ચીજો પણ અકસ્માત દરમિયાન પડી જતી હોય છે, જ્યારે આ બાઇએ તો એનું બાળક નીચે અડકી પણ ન જાય તેનો ખ્યાલ બરાબર રાખ્યો હશે એવું લાગ્યા વગર ન રહે. એ બહેનના ઘામાંથી વહેલા લોહીને બંધ કરવા એના પર એક નાનકડું ઑપરેશન કરવું ખૂબ જ જરૂરી બની ગયું હતું. પણ એ બહેન નહોતી ટેબલ પર સૂવા તૈયાર થતી કે નહોતી એ પોતાના હાથમાં તેડેલ છોકરાને છોડવા તૈયાર.

શું કરવું એ અમને કોઇને નહોતું સૂઝતું. બાઇના કોઇ સગાવહાલાનો પત્તો પણ નહોતો. વડોદરા શહેરમાં આવીને બાંધકામના કામમાં લાગી જતાં આદિવાસી કુટુંબો આ સમયે નવરાં ન થયાં હોય એટલે હજુ બેએક કલાક સુધી આ બહેનને કોઇ શોધતું શોધતું આવે એવી શક્યતા પણ નહોતી. એ બહેનના જમણા પગને તો કદાચ ઘૂંટીથી નીચે કાપી પણ નાખવો પડે એવું લાગતું હતું. એના વહેતા લોહીને કારણે થોડા વખતમાં જ એના લોહીનું દબાણ ઘટવા માંડશે તે અમે જાણતા હતા. પણ આ બહેન સૂએ કે હાથ લાંબો કરે તો બાટલો ચડાવી શકાય ને? લોહીનો સેમ્પલ લેવાની વાત તો બાજુમાં રહી, એ તો સ્ટાફ સિસ્ટરને હાથ પણ અડાડવા નહોતી દેતી. બસ એ એક જ વાતનું રટણ લઇને બેઠી હતી કે 'સોરાને નહીં આલું!' એને કદાચ એ વાતની ફિકર હતી કે પોતે બેભાન થઇ જાય તો પોતાના છોકરાનું શું થાય? એને કોઇ લઇ જાય તો? આ ધાસ્તી સામે એને જમણા પગની પીડાની કે એમાંથી નીકળતા લોહીની કોઇ જ ફિકર નહોતી. અમને હવે થોડોક ગુસ્સો પણ આવતો હતો. એ અમારા આખા ઇમરજન્સી યુનિટનો સમય બગાડી રહી હતી. એ કેમ આમ કરતી હતી? શું એના છોકરાને અમે લઇ જવાના હતા? પણ આ બધા સવાલોની વચ્ચે એ પણ એટલું જ સત્ય હતું કે એને અમારા પર જરા પણ વિશ્વાસ નહોતો જ! પોતાની જીવલેણ ઇજાને પણ ભૂલીને એ પોતાના બાળકની ચિંતા કરતી હતી.

અમારી સમજાવટ છતાં એ ન જ માની. એક વાર તો એ ટેબલ પરથી ઊતરીને ચાલતી પણ થઇ. પણ જમણા પગનો પંજો હવે નથી એનો અહેસાસ એ પડી ગઇ ત્યારે જ એને થયો. એ વખતે પણ ડાબા હાથે એણે પોતાના બાળકને તો બરાબર પકડી જ રાખેલું. એ વખતે મને ઘણી બધી એવી સુધરેલી માતાઓ યાદ આવતી હતી કે જે પોતાના જરાક અમસ્તા દરદ માટે બાળકને સાસુ પાસે કે બીજા પાસે મૂકી દેતી હોય છે. સિઝેરિયન કરાવેલ પેટ પર બાળકનો જરાક અમસ્તો પગ અડકી જાય એટલીક વાતમાં તો એને ધાવણ છોડાવીને ઢોરના દૂધને હવાલે કરી દેનાર માતાઓની પણ કમી નથી જ. અહીંયાં તો આધુનિક સમાજથી ઊલટી ગંગા વહેતી અમે સૌ જોઇ રહ્યા હતા.

અહીયાં તો માતા પોતે ફના થઇ જવા તૈયાર હતી પણ પોતાના બાળકને કંઇપણ ન થવું જોઇએ. અરે! પોતાનાથી એ દૂર પણ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૬ ઉપર)**

*ભૌતિક સુખને ઓછું કરો, આત્મશાંતિ મળશે.*

મહિલા વિશ્વ

# રેસીપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## સૂપ

કહેવાય છે શિયાળો એ આખા વરસની શક્તિ સંચય કરવાની ઋતુ છે. તો આ સીઝનમાં વસાણાની સાથે-સાથે વેજિટેબલ્સનો પણ ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરવો જોઇએ અને સૂપ એ શાકભાજી ખાવા માટેનું હેલ્થી અને ટેસ્ટી સ્વરૂપ છે. ઠંડીમાં ગરમાગરમ સૂપનો બાઉલ તન અને મનને તાજગી તથા ગરમાવો આપે છે. આથી આ વખતે હું વૈવિધ્યસભર સૂપની રેસિપી આપી રહી છું.

સૌ પ્રથમ હું તમને વેજિટેબલ સ્ટોકની રીત આપું છું. જેનો બેઝ લઇને વિવિધ પ્રકારના સૂપ બનાવી શકાય છે. સૂપમાં પાણીના બદલે આ સ્ટોકનો ઉપયોગ કરવાથી વાનગીના સ્વાદ અને ન્યુટ્રિશિયલ વેલ્યૂમાં વધારો થાય છે તથા શાકભાજીના છોતરાં તથા ડાઠાંનો પણ ઉપયોગ કરી શકાય છે. આ સૂપ માટેની બેઝિક રેસિપી છે.

### ૧. વેજિટેબલ સ્ટોક

***સામગ્રી :*** કોબીના ઉપરના કાઢી નાખેલા પાન, ફ્લાવરના ડાઠા, કોથમીરના ડાઠા, વટાણાના છોતરાં, મકાઇનો દાણા કાઢેલો ડોડો, આદુંનાં છોતરાં.

***રીત :*** બધાં શાકભાજીના છોતરાંને સારી રીતે સાફ કરીને ૩ ગ્લાસ પાણીમાં મધ્યમ તાપે ૧૫-૨૦ મિનિટ સુધી ઉકાળવા. જેથી તેની ફ્લેવર આ પાણીમાં આવી જાય. હવે આ પાણીને ગાળીને સૂપ બનાવવા ઉપયોગમાં લેવું.

### ૨. હોટ એન્ડ સોર સૂપ

***સામગ્રી :*** ૧/૨ કપ લાંબી અને પાતળી સમારેલ કોબી, ૧/૨ નંગ કેપ્સીકમ ઝીણા સમારેલ, ૨ ચમચી ફ્લાવરના નાના ફૂલ, ૧ ચમચો કોથમીર બારીક સમારેલ, ૨ ગ્લાસ ક્લિયર વેજિટેબલ સ્ટોક, ૧ ચમચી સોયાસોસ, ૧ ચમચી ચિલી સોસ, ૨ ચમચી વિનેગાર, ૧/૨ ચમચી મરી પાવડર, મીઠું સ્વાદ અનુસાર, ૨ ચમચી કોર્નફ્લોર, ૨ ચમચી તેલ.

***રીત :*** એક પૅનમાં તેલને આકરા તાપે ગરમ કરવું. તેમાં બધા શાક ફાસ્ટ ગેસ પર ૧-૨ મિનિટ સાંતળવા. ત્યારબાદ તેમાં વેજિટેબલ સ્ટોક, વિનેગાર, સોયાસોસ, ચિલી સોસ, મરી પાવડર, મીઠું ઉમેરી ૨-૩ મિનિટ ઉકાળવું. હવે તેમાં પાણીમાં ઓગાળેલ કોર્નફ્લોર ઉમેરી મિક્સ કરવો અને ૨-૩ મિનિટ સતત હલાવતા રહી ઉકાળવું. તૈયાર છે હોટ એન્ડ સોર સૂપ. તેને કોથમીર છાંટી વિનેગરમાં નાંખેલા મરચાં, સોયાસોસ અને ચિલી સોસ સાથે ગરમાગરમ પીરસો.

### ૩. સ્વીટકોર્ન સૂપ

***સામગ્રી :*** ૪ કપ ક્લિયર વેજિટેબલ સ્ટોક, ૨ ચમચી કોર્નફ્લોર, ૧/૨ નંગ અમેરિકન મકાઇના દાણા, મીઠું સ્વાદ અનુસાર. બારીક સમારેલ ફણસી કેપ્સીકમ ૩ ચમચી.

***પીરસતી વખતે :*** વિનેગારમાં નાંખેલા લીલા મરચાં, ચિલી સોસ, સોયાસોસ

***રીત :*** એક પૅનમાં વેજિટેબલ સ્ટોક ઉકાળવો. તેમાં અમેરિકન મકાઇના દાણા, ફણસી અને કેપ્સીકમ ઉમેરી સરખી રીતે ઉકાળવું. તેમાં ૨ ચમચી પાણીમાં ઓગાળેલ કોર્નફ્લોર અને મીઠું ઉમેરી ખદખદાવો. (ગમે તો ચપટી મરી પાવડર ઉમેરવું). સૂપ બાઉલમાં લઇ તેમાં વિનેગર નાંખેલા લીલા મરચાં, સોયાસોસ અને ચિલીસોસ સાથે ગરમાગરમ પીરસો.

### ૪. કેબેજ પીસ આલ્મડ સૂપ

***સામગ્રી :*** ૨૫૦ ગ્રામ કોબી, ૧૫૦ ગ્રામ વટાણા, ૫૦ ગ્રામ બદામ, ૨ટી. સ્પૂન તેલ કે બટર, ૧/૨ ચમચી મરી પાવડર, મીઠું, ૧/૨ ચમચી ખાંડ, ૨ ચમચી છીણેલ ચીઝ

***રીત :*** વટાણા અને કોબીને ૧ ગ્લાસ પાણી ઉમેરી કૂકરમાં ૨ સીટી વગાડી બાફવા. કૂકર ઠંડુ પડે એટલે બ્લેડરમાં ક્રશ કરી ગરણીથી ગાળવું. બદામને ઉકળતા પાણીમાં ૨ મિનિટ રહેવા દઇ બહાર કાઢી તેના ઉપરના છોતરાં કાઢી લેવા. (આ પ્રક્રિયાને બ્લાન્જ કરવું કહેવાય.) હવે તેમાંથી ૪-૫ બદામ રહેવા દઇ બાકીનાને ક્રશ કરી પેસ્ટ બનાવવી. ૪-૫ બદામની કતરણ કરવી.

હવે એક પૅનમાં ૨ ચમચી બટર લઇ ગરમ થાય એટલે તેમાં ક્રશ કરેલ કોબી અને વટાણાનો પલ્પ ઉમેરવું. તેમાં જરૂર મુજબ લગભગ ૧/૨ ગ્લાસ પાણી ઉમેરી ખદખદાવવું. હવે તેમાં બદામની પેસ્ટ, મરી પાવડર, મીઠું, ખાંડ તથા ઝીણી સમારેલ બદામ ઉમેરી મિક્સ કરવું.

તૈયાર છે કેબેજ પીસ આલ્મંડ સૂપ. તેને છીણેલી ચીઝ તથા બદામની કતરણથી ગાર્નિશ કરી સર્વ કરો.

*એ/૩, નિર્માણ ફ્લેટ, વ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

*સુખી થવા માટે જીવનને સાદગી યુક્ત બનાવો. સાદગીમાં સાચું સૌંદર્ય છે. તમે જરા વિચારો કે તમારું જીવન સાદગી યુક્ત છે કે આધુનિકતાના રંગે રંગાયેલું? બને એટલા સામાન્ય બનો અને સાદગીને જીવનમાં અપનાવીને જુઓ કે કેટલી શાંતિ મળે છે.*

*આનંદ તો દરેક જગ્યાએ છે, પરંતુ તેનો સ્રોત આપણા હૃદયમાં છે.*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ જે નીચે જુકો મારવાડી ભાઈ રેંતા સે હકડે શેખજી જાન ભચાયેલા પંઢજો લુઈ ડેંને ને શેખ જી જાન ભચી વઈ તડેં શેખ અનકે હકડી મર્સીડીસ ગાડી ડેને વે ને મારવાડી ભાઈ બોરા રાજી રાજી થે વ્યાવા.

બઈવાર શેખ કે તકલીફ થઈ તેર પણ મારવાડી ભાઈ શેખકે લૂઈ ડેનાં ને શેખજી જાન ભચે વઈ. પણ શેખ અનકે બઈવાર અધ કિલો લડુ ડેને. અતરે મારવાડી બોરો ખારો થ્યે વ્યો. શે શેખ એડો કુલા કેં તેંજી તપાસ ત કર.

બચુડો : (તપાસ કે ને ચેં) તડેં ખબર પઈ ક મારવાડી ચેંવે બઈયાર મુંકે મર્સીડીઝ કુલા ન ડેને... તેર શેખચેં પુત્તર હુ મંજા હણે મારવાડી જો લૂઈ અચે વ્યો આય.

## ખિલજા મ ભલા

શિક્ષક : ચીન્ટુ, લેસન કેમ નથી લાવ્યો?

ચીન્ટુ : સાહેબ, લાઈટ નહોતી.

શિક્ષક : તો મીણબત્તી સળગાવવી હતી ને!

ચીન્ટુ : સાહેબ, માચીસ નહોતું.

શિક્ષક : અલ્યા, માચીસ પણ નથી રાખતા?

ચીન્ટુ : હતું ને પણ મંદિરમાં હતું.

શિક્ષક : તો મંદિરમાંથી લઈ આવવું'તું.

ચીન્ટુ : પણ નહાયો નોતો ને!

શિક્ષક : પણ કેમ નહાયો નહોતો?

ચીન્ટુ : સાહેબ, પાણી નહોતું.

શિક્ષક : પાણી કેમ નહોતું?

ચીન્ટુ : સાહેબ, મોટર ચાલુ નહોતી થઈ.

શિક્ષક : પણ મોટર કેમ ચાલુ નહોતી થઈ?

ચીન્ટુ : સાહેબ કહ્યું તું ને કે લાઈટ નહોતી!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : જે ત્રણ છોકરાના મારા માટે માંગા આવ્યા હતા તે ત્રણે આજે કરોડપતિ છે. જ્યારે તમે કડકાને કડકા રહ્યા.

પતિ : જો તું એ ત્રણમાંથી એક સાથે પરણી હોત તો આજે એ કડકો હોત અને હું કરોડપતિ હોત.

☺ ☺ ☺ ☺ ☺

જશભાઈ : ત્યાં કેવી કદરૂપી સ્ત્રી ઊભી છે.

યશભાઈ : એ મારી પત્ની છે.

જશભાઈ : હું એ નહીં એની બાજુની સ્ત્રી માટે કહું છું.

યશભાઈ : એ મારી પુત્રી છે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : હું રસોઈવાળા મહારાજને રજા આપી દઉં અને જાતે રસોઈ બનાવું તો તમે મને કેટલો પગાર આપશો?

પતિ : પગાર આપવાનો વારો જ નહીં આવે. મારી ઈન્સ્યોરન્સ પોલિસીની પૂરેપૂરી રકમ મળી જશે.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મને વિચિત્ર બીમારી થઈ ગઈ છે. મારી પત્ની બોલતી હોય તો મને કાંઈ સંભળાતું નથી.

ડૉક્ટર : આ બીમારી નથી. તમારા ઉપર અલ્લાહની રહેમત થઈ છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : જે બીજાને પોતાની વાત ન સમજાવી શકે તે ગધેડા હોય છે.

આદિત્ય : સાહેબ, તમે શું કહ્યું તે હું સમજ્યો નહીં.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : મારા પર ગુસ્સો આવે તો કન્ટ્રોલ કેવી રીતે કરે છે?

પત્ની : ટોઈલેટ સાફ કરીને.

પતિ : પણ એમાં કન્ટ્રોલ કેવી રીતે થયો?

પત્ની : તમારા ટુથબ્રશથી સાફ કરું છું.

☺ ☺ ☺ ☺ ☺

પોલીસ : (ચોરને) વચન આપ, તું આગળથી હવે પછી ખિસ્સું નહીં કાપે.

ચોર : સારું સાહેબ, વચન આપું છું કે હું હવે કાયમ પાછળથી જ ખિસ્સું કાપીશ.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ મોન્ટુ, અમેરિકા ક્યાં આવ્યું?


મોન્ટુ : સાહેબ, ખબર નથી.

શિક્ષક : ચાલ પાટલી ઉપર ઊભો થઈ જા.

મોન્ટુ : વાહ... પાટલી ઉપર ઊભો રહીશ તો દેખાઈ જશે?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*શબ્દો એ શસ્ત્રો છે. માટે જોખીને બોલવાનું રાખો.*




આપના "મંગલ મંદિર"નો અત્યંત સુંદર ૩૯૩મો અંક મળ્યો. આખું મેગેઝીન જોઇ ગયા પછી આ પત્ર લખું છું. આટલો સુંદર, અદ્ભુત માહિતીસભર અને ખાસ તો અત્યંત સુંદર અને સુઘડ છાપકામ વાળો અંક ઘરની લાઇબ્રેરીમાં સંઘરી રાખવા જેટલો સુંદર બન્યો છે.

વસિયતનામા જેવી અત્યંત ઉપયોગી માહિતી ખાસ્સી લોકભોગ્ય બને એવી છે. 'મંગલમંદિર'ની સફળ આગેકૂચને મારી દિલી શુભેચ્છા પાઠવું છું.

*દિનેશ પાંચાલ (પત્રકાર) - નવસારી*

• • • • •

મંગલમંદિરના જાન્યુ. અંકમાં 'તક્ષશિલા' વિદ્યાપીઠ પરના લેખમાં ઇ.સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં ઇરાનીઓ દ્વારા આક્રમણની વાત છે. ઇસ. પૂર્વેનો છઠ્ઠો સૈકો એટલે મહાવીર અને બુદ્ધનો સમય. એ સમય દરમ્યાન ઇરાન તરફથી કોઇ આક્રમણ આવ્યું હોય એવી નોંધ ઘણું કરીને ઇતિહાસમાં મળતી નથી. જોકે આ વિષયમાં મારી જાણકારી અલ્પ છે.

શ્રી શાંતિલાલ વ. શાહનો માતાપિતાના જીન્સ વિષયક લેખ ઉત્તમ અને સમયસરનો. સંતાન ઇચ્છુક દંપતી જરૂર એની ગંભીરતાથી નોંધ લેશે એમ આશા રાખી શકાય.

શ્રી મુરજી ગડાનો લેખ તો હંમેશની જેમ સર્વોત્તમ. છતાં ઘણા પ્રશ્નો અનુત્તર રહે છે જેની ચર્ચા ભવિષ્યમાં થશે એવી આશા. મુરજીભાઇ, જીવને કર્મ સ્વાતંત્ર્ય ન હોય અને છતાં એને કર્મબંધ થાય એ કેવી વિચિત્ર વાત? તમામ તિર્યંક જીવોને કર્મ સ્વાતંત્ર્ય નથી હોતું.

મંગલ મંદિરમાં માસ્ટરદા સૂર્યસેન વિશે વાંચીને ઘણો આનંદ થયો. સૂર્યસેન ઉપરથી જ શરદબાબુએ પોતાની નવલ 'શ્રીકાંત' માં સવ્યસાચીના પાત્રનું સર્જન કરેલું. લોકો માનતા કે તેનામાં કોઇ દૈવી શક્તિ છે. તે ક્યારે ક્યાંથી પ્રગટ થાય અને ક્યારે ગુમ થઇ જાય એની લોકોને સમજ પડતી ન હતી. અંગ્રેજોએ એને પકડવા ખૂબ મહેનત કરેલી પણ તેઓ અંગ્રેજો વડે પકડાયા ન હતા. છેવટે ઇતિહાસનું પુનરાવર્તન થયું, અંદરનો જ એક સાથી ફૂટી ગયો અને સૂર્યસેન પકડાઇ ગયા. અંગ્રેજોએ એમને ફાંસીની સજા કરેલી. અને દેવજીભાઇ સાલિયા સાહેબ, નિરાશ ન થજો. ભૂતકાળમાં પણ શ્રવણ તો માત્ર એકજ હતો. કૃષ્ણ ભગવાનની ઘડપણમાં શી હાલત હતી તેની તમને ખબર હશે. તેઓ ૨૬ વર્ષે દ્વારિકામાં પોતાના સંતાનો અને પરિવારથી ઉપેક્ષિત રહ્યા. છેલ્લે તો કોઇ તેમને પૂછતું નહીં ને ગણકારતું નહિ. એના જ દીકરા સામ્બના કારણે તમામ યાદવો આપસ આપસમાં લડીને કપાઇ મર્યા. આ વાત સતયુગની છે!

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

જાન્યુઆરી અંકમાં ભાઇશ્રી મુરજીભાઇએ મારા પ્રશ્નોના જવાબ આપવાની તકલીફ લીધી. આભાર.

સજીવને મશીન માનવાનો સવાલ હોય જ નહિ. તેમણે ચેતનાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે, જેને શ્રદ્ધાળુઓ આત્મા કહે છે.

સદીઓથી આત્માના અમરત્વની અને પૂર્વજન્મ તથા પુનર્જન્મની વાત લગભગ ધર્મોમાં એટલી રૂઢ થઇ ગઇ છે કે તર્કની દૃષ્ટિએ તેમની વાત સ્વીકારી શકાય એવી હોવા છતાં જ્યાં શ્રદ્ધાની વાત આવે ત્યાં તર્ક શ્રદ્ધાળુઓને સ્વીકાર્ય નથી જ થતો.

આવુંજ બાળકના જન્મ વિશે છે. શુદ્ધ તર્ક અને વિજ્ઞાનની દૃષ્ટિએ વિચારીએ તો તેમની વાત બરાબર છે, પણ અવતારવાદ તથા પૂર્વજન્મ, પુનર્જન્મ, પરાપૂર્વના સંસ્કારો વગેરેનું વળગણ છૂટવું બહુ મુશ્કેલ છે. આની કોઇ સાબિતી નથી અને કોઇએ જોયા નથી છતાં શ્રદ્ધાના નામે બધું ચાલે છે. આમ જોઇએ તો શ્રદ્ધા માત્ર અંધ છે. ખાસ કરીને ધાર્મિક બાબતોમાં જ્યાં કોઇ પ્રતીતિજનક બાબત ન હોય અને કોઇ પુરાવો પણ ન હોય ત્યાં શ્રદ્ધા રાખવાનું કહેવાય છે.

શક્ય છે કે ૫૦-૧૦૦ વર્ષમાં વિજ્ઞાન, સજીવની ઉત્પત્તિ સુધી પહોંચી જાય, છતાં નહિ માનવાવાળા હશે! પૃથ્વીને ગોળ ન માનનારા અને સૂર્યચંદ્રને દેવ માનનારા આજે પણ છે!

પાંચમા પેરેગ્રાફનું તેમનું લખાણ મહત્ત્વનું છે અને પૂર્ણપણે સ્વીકાર્ય બને એવું છે. આમ પણ જૈન માન્યતા મુજબ પાંચમા આરામાં (વર્તમાન કાળમાં) કોઇજ અવતારી વ્યક્તિની શક્યતા નથી. આજ સમયમાં વિજ્ઞાનના ક્ષેત્રે થયેલ પ્રગતિનું આજ કારણ હશે?

અહીં એક અન્ય બાબત યાદ આવે છે. આ સદીના મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ્સ જ્યારે એમ કહે છે કે બ્રહ્માંડના સર્જનમાં ઇશ્વર (અગર હોય તો) નો કોઇ હાથ નથી, ત્યારે તેઓએ જૈન માન્યતાની જ વાત કરી છે! ક્યાંયથી પણ જૈન ચિંતકો તથા સાધુ ભગવંતોએ તેમને ટેકો આપ્યો નથી. આમ કેમ?

અન્ય સામયિકોમાં છપાયેલા આપના લેખના અને મંગલ મંદિરમાં છપાયેલા એવાજ લેખના ભિન્ન પ્રતિભાવો હોવાનો યશ વાચકો ઉપરાંત તંત્રીઓને પણ આપવો જોઇએ. શરૂમાં અહીં પણ ઉહાપોહ થયેલો. ઉપરાંત એ કારણ પણ ખરું કે આપના લખાણોની ભાષા હંમેશાં સૌમ્ય રહી છે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

*હકારાત્મક વિચારવાની ટેવ પાડો. નકારાત્મક વિચાર કરનાર સુખમાં પણ દુઃખી રહે છે. કોઈપણ નકારાત્મક ઘટના ઘટે ત્યારે એમાં કંઈક સારું જોવાની કોશિશ કરો.*

*કલ્યાણ ક્રિયાથી થતું નથી, બલકે ભાવ અને વિવેકથી થાય છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### જાન્યુઆરી-૨૦૧૧

● **સોમવાર, તા. ૩-૧-૨૦૧૧**

☆ આર્કિટેક્ચરલ કૉલેજ માટે એક એકર જમીન, નવા કાયદા અનુસાર ચાલે તેમ ન હોવાથી અને તેના માટે ઓછામાં ઓછા ૨.૫ એકર જમીન જોઈએ. તેના કારણે આજે શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્ર મોરબિયા ભુજથી કુકમાની આજુબાજુના વિસ્તારમાં ત્રણથી ચાર સ્થળે અલગ અલગ જમીનો જોયેલ હતી. ત્યારબાદ શ્રી અશોક મહેતાએ શ્રી કમલેશ પ્રેમચંદ સંઘવી, શ્રી મુકેશભાઈ ઝવેરી તથા શ્રી મોહનભાઈ શાહને મળીને અલગ અલગ વિસ્તારની જમીનો અંગે ચર્ચા વિચારણા કરેલ હતી. સાંજના સમયે BMCB - ભુજ ખાતે શ્રી અશોક મહેતા, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા તથા ડૉ. કાંતિભાઈ ગોરે મિટિંગ કરી AICTE (ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન)ના આર્કિટેક્ચરલ કૉલેજ માટેના નીતિ નિયમો અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

● **મંગળવાર, તા. ૪-૧-૨૦૧૧**

☆ આજરોજ BMCB સ્કૂલ (સિટી સ્કવેર)ની બાજુની જમીન કે જે અંદાજિત ૮ એકરની છે, તે જમીન સન ડેવલપર્સના શ્રી ફિરોઝ ખત્રી અને શ્રી નીરજ વ્યાસે શ્રી અશોક મહેતાને આર્કિટેક્ચરલ કૉલેજ માટે બતાવેલ હતી.

● **બુધવાર, તા. ૫-૧-૨૦૧૧**

☆ આર્કિટેક્ચરલ કૉલેજના પ્લાનિંગ માટે આજે સાંજના શ્રી અશોક મહેતા, આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ, શ્રી પાર્થ તથા સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ શ્રી એન.કે. શાહ, શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા. ડિઝાઈનના પ્રશ્નો અંગે રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી.

● **સોમવાર, તા. ૧૦-૧-૨૦૧૧**

☆ આજરોજ એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા. આર્કિટેક્ચરલ કૉલેજ માટે ભુજમાં નિરીક્ષણ કરેલ વિવિધ જમીનો અંગેની જાણ ઉપસ્થિત સભ્યોને કરવામાં આવેલ હતી. ખર્ચની રીતે દરેક જમીન અંગે સરખામણી પણ કરવામાં આવેલ હતી.

● **બુધવાર, તા. ૧૨-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી બાબુભાઈ ઠક્કર સાથે શ્રી કચ્છી જૈન ભવન પર એક મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. કુકમા ગામની હદમાં સર્વે નંબર ૮૦, સર્વે નંબર ૯૧ વગેરે તેઓની જમીન છે કે જેની આર્કિટેક્ચરલ કૉલેજ માટે સંપાદિત કરવાની ચર્ચા કરવામાં આવેલ હતી. આપણે તેઓ પાસે સર્વે નંબર ૯૧ (અંદાજિત ૧૦ એકર)ની જમીન માંગેલ હતી કે જ્યારે તેઓ સર્વે નંબર ૮૦ની જમીન આપવા માંગતા હતા. ચર્ચા વિચારણાના અંતે તા. ૧૮-૧-૧૧ના કુકમા સાઈટ પર મળવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા. શ્રી રઘુરામ ઠક્કર જરૂરી કારણોસર ઉપસ્થિત રહી શકેલ ન હતા.

● **શુક્રવાર, તા. ૧૪-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી હંસરાજભાઈ કંસારાએ એક મિટિંગ કરી ઈતિહાસ આલેખન અંગે અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યવાહી પ્રત્યે સર્વગ્રાહી ચર્ચા કરેલ હતી અને આ કાર્ય વધુ સક્રિયપણે ચાલે તે માટે જરૂરી પગલાં લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ અંગે ભવિષ્યમાં જરૂરિયાત મુજબ ભુજમાં રોકાણ કરવા અંગે શ્રી હંસરાજભાઈએ તૈયારી દાખવેલ હતી.

● **મંગળવાર, તા. ૧૮-૧-૨૦૧૧**

☆ આજરોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ તથા શ્રી નરેન્દ્ર છ. શાહ એકત્રિત થયેલ હતા અને સિટી સ્કવેર તથા કુકમા વિસ્તારમાં આર્કિટેક્ચરલ કૉલેજ માટે વિવિધ જમીનોનું નિરીક્ષણ કરેલ હતું. ત્યારબાદ શ્રી બાબુભાઈ ઠક્કર તથા તેમની ટીમ સાથે સર્વે નંબર ૮૦ તથા સર્વે નંબર ૯૧ની જમીન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. એ મિટિંગ બાદ સર્વે સભ્યો અત્યારની સહજાનંદ સિટી ખાતે જે એક એકરનો કે.ડી.સી.નો પ્લોટ છે તેની બાજુની અંદાજિત ૮૦૦૦થી ૯૦૦૦ ચો.વાર એન.એ. થયેલ જમીન ખરીદવા અંગેનો સર્વાનુમતે નિર્ણય લીધો હતો.

● **શનિવાર, તા. ૨૨-૧-૨૦૧૧**

☆ ભુજ આર્કિટેક્ચરલ કૉલેજના સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ શ્રી એન.કે. શાહ તથા શ્રી અનલ એન. શાહ સાથે આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે

*તકવાદી બનશો તો સંબંધો તકલાદી બનશે.*

મિટિંગ કરેલ હતી. ખૂબ જ મોટા સ્પાનની સામે સ્ટ્રક્ચરલ કોસ્ટ કઈ રીતે ઘટી શકે તે અંગે મુખ્યત્વે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૨૫-૧-૨૦૧૧**

☆ આજરોજ ભુજ આર્કિટેક્ચરલ કૉલેજની સમજ આપવા શ્રી શાંતિભાઈ ગાલા - નવનીત સાથે મિટિંગ કરેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી હરખચંદ કુંવરજી સાવલાએ શક્ય એમાઉન્ટની, ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજ માટે બાર મહિનાની વગર વ્યાજની લોન આપવાનું સ્વીકારેલ હતું.

☆ મુંબઈના શ્રી ગુણવંત મગનલાલ શાહે શક્ય એમાઉન્ટની લોન આવતા ચારેક દિવસમાં ભુજની આર્કિટેક્ચરલ કોલેજ માટે મોકલી આપવાનું સ્વીકારેલ હતું. ■

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન-ભુજ

અંદાજિત ૬૫,૦૦૦ પશુઓના નિભાવ માટે સરકારી ગ્રાન્ટ કોઈપણ પાંજરાપોળ, ગૌશાળાના જટિલ પ્રશ્નો તેમજ દાતાઓ પાસેથી દાન મેળવવા જેવાં અનેક કાર્યમાં શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન એક માર્ગદર્શક અને સમગ્ર રીતે મદદરૂપ થવાની અનોખી ભૂમિકા ભજવી રહ્યું છે. આ રીતે કચ્છ જિલ્લાની લગભગ ૭૯ પાંજરાપોળ, ગૌશાળાનું પ્રતિનિધિત્વ કરતી એક જીવદયા સંસ્થા એટલે શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન.

એક વખત ખેતીલાયક જમીન ખરીદ કરી ખેડૂત કાયદેસર કલમ-૫૪ મુજબ ખાતેદાર બની શકે અને સંસ્થાઓને અબોલ પશુધનના નિભાવ કરવા ઘાસચારા વાવેતર માટેની ખેતીની જમીન ખરીદ કરવા વારંવાર પૂર્વ મંજૂરીની આવશ્યકતા ના રહે તેમજ કચ્છ જિલ્લાને ગ્રેવિટી કેનાલ મારફતે નર્મદાનું પાણી આપવા જેવા પ્રશ્નોની રજૂઆત સંગઠન દ્વારા ગુજરાત સરકાર સમક્ષ કરવામાં આવી છે.

## ભાવનગર કચ્છ સમાજની રજત જયંતી

ભાવનગર કચ્છ સમાજે પોતાના રજત જયંતી વર્ષ નિમિત્તે કચ્છની ભાતીગર કારીગરીની બેનમૂન ચીજ-વસ્તુઓના એક પ્રદર્શનનું ભાવનગર મુકામે એંકરવાલા સંકુલમાં આયોજન કર્યું હતું. જેનું ઉદ્‌ઘાટન તા. ૨૪-૧૨-૨૦૧૦ના રોજ ગુજરાત સરકારના રાજ્યમંત્રીશ્રી ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવનગરના ધારાસભ્યશ્રી સહિત અનેક આગેવાન વ્યક્તિઓની ઉપસ્થિતિ હતી.

ત્રણ દિવસ ચાલેલા આ પ્રદર્શનની સ્થાનિક કલેક્ટરશ્રી, મેયરશ્રી સહિત જૈન સમાજના અગ્રણીઓની મુલાકાત ખાસ આકર્ષણરૂપ રહી હતી. પ્રદર્શનમાં સમાજ પરિવારના સદસ્યો દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું અને કુલ રૂા. ૨૧ લાખની ચીજ-વસ્તુઓનું વેચાણ થયું હતું. આ માટે કચ્છ સમાજના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહે સમાજ પરિવાર અને સ્થાનિક પ્રજાએ આપેલ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રી વિદર્ભ કચ્છી વીસા ઓસવાલ સમાજ

શ્રી વિદર્ભ કચ્છી વીસા ઓસવાલ સમાજની વર્ષ ૨૦૧૦ની સાધારણ સભા સ્નેહ મિલનના કાર્યક્રમનું શ્રી દિગ્રસ કચ્છી વીસા ઓસવાલ-દિગ્રસના આમંત્રણને માન આપીને તા. ૨૫ અને ૨૬ ડિસેમ્બર, ૨૦૧૦ ના દિગ્રસ મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી લગભગ ૩૫૦ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે એક સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે જુદા-જુદા પ્રકારની સ્પર્ધાઓ અને રમતગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છ જિલ્લા સંબંધી ક્વિઝ ખાસ આકર્ષણરૂપ હતી.

ઉપરોક્ત પ્રસંગના આમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટીશ્રી રમણિકલાલભાઇ ગોસરે વિદિશાના શ્રી અમૃતલાલભાઇ સાવલા સાથે સભાના અતિથિ વિશેષનું સ્થાન શોભાવ્યું હતું.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

તા. ૯-૧-૨૦૧૧ના રોજ ભુજ મધ્યે, જિલ્લા પંચાયત સભાગૃહમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત કાર્યક્રમ દરમ્યાન, શ્રી પ્રભાશંકર ફડકે આલેખિત અને શ્રી હંસરાજ કંસારા સંપાદિત પુસ્તક "કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં"નું વિમોચન તેમજ કચ્છી ભાષા સમર્પિત ગુજરાતી સામયિક "કચ્છ કલામ" (૧૯૭૩-૮૪) (શ્રી માવજીભાઈ સાવલા સંપાદિત)ના ઈતિહાસ મૂલક અંકોની સી.ડી. સંસ્મરણનું લોકાર્પણ થયું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં ગુજરાતના મૂર્ધન્ય સાહિત્ય સર્જક અને ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ મહામાત્ર ડૉ. હસુભાઈ યાજ્ઞિકે કહ્યું કે, કચ્છી એ ગુજરાતી અને સિંધી જેટલી જ સ્વતંત્ર ભાષા છે. કચ્છના સ્થાનિક દૈનિક 'કચ્છ મિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ, પુસ્તકનું વિમોચન કરતાં કહ્યું કે, અમદાવાદના કચ્છી સમાજે, કચ્છી ભાષા સાહિત્યના પ્રોત્સાહન માટે જે કાર્ય કર્યું છે તેની ઐતિહાસિક નોંધ લેવાશે.

## શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૧-૨-૨૦૧૧ને સોમવારના રોજ **દાબડા પાર્ટી**નું આયોજન કરવામાં આવેલ છે.

***સ્થળ : પરીમલ ગાર્ડન, આંબાવાડી.***

***સમય : બપોરે ૩.૦૦થી ૫.૩૦***

***ખાસ નોંધ*** : (૧) આ પાર્ટીમાં ભાગ લેનાર બહેને પોતાના

*શ્રદ્ધા એ તર્કનો વિસામો છે.*

ઘેરથી નાસ્તો બનાવી લાવવાનો રહેશે અને બધાએ સાથે મળીને ખાવાનું રહેશે. (૨) આ કાર્યક્રમમાં બહેનોને જુદી જુદી ગેઈમ્સ રમાડવામાં આવશે અને ઈનામોથી નવાજવામાં આવશે.

*શ્રીમતી ચંદ્રિકા દેઢિયા - પ્રમુખ (ફોન : ૨૬૩૦૫૮૬૦)*

## ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ દ્વારા જાન્યુઆરી માસમાં ગેરકાયદે કતલખાને જતાં ૫૧ અબોલ જીવોને બચાવી અભયદાન અપાવેલ છે. તેમજ ઉત્તરાયણના પર્વમાં પતંગની દોરીથી ઘવાયેલ ૪૯૧ પક્ષીઓને સારવાર આપેલ છે.

ઉપરોક્ત જણાવ્યા મુજબ અબોલ જીવોને બચાવવાના જીવદયાના કાર્યમાં આપશ્રી તરફથી જે સાથ સહકાર મળ્યો છે તે બદલ અમારી સંસ્થા ખૂબ ખૂબ આભારી છે. આવો જ સાથ સહકાર ભવિષ્યમાં પણ મળતો રહેશે એ જ અભ્યર્થના.

## બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ - મુંબઇ રજતજયંતી વર્ષ

બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ, મુંબઈએ સફળતાપૂર્વક ૨૫ વર્ષ પૂરા કર્યા તેને અનુલક્ષીને રજતજયંતી વર્ષની ઉજવણી પ્રસંગના એક કાર્યક્રમનું આયોજન સંસ્થા દ્વારા તાજેતરમાં મુંબઇ મધ્યે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજ દ્વારા મહારાષ્ટ્ર રાજય વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી અરુણ ગુજરાતીને ચિત્રલેખા સાપ્તાહિકે હીરકજયંતી પૂરી કરી તે માટે તેનાં ચેરમેન મૌલિક કોટક અને સહસંસ્થાપક માધુરીબહેન કોટકને તેમજ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માએ ટી.વી. પર પાંચસો એપિસોડ પૂરા કર્યા તે અર્થે તેની ટીમના સભ્યોને ગુજરાતી ગૌરવ ઍવૉર્ડ-૨૦૧૦ અર્પણ કરીને બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ-મુંબઇ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## કચ્છી સાંસ્કૃતિક અસ્મિતાનું જતન

કચ્છી ભાષા, સાહિત્ય અને કલાને પ્રોત્સાહિત કરવાનાં હેતુસર છેલ્લા કેટલાક વર્ષથી આ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન પ્રદાન કરનારને "શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા ઍવૉર્ડ" સાહિત્યના ઉપાસક શેઠશ્રી વિશનજી હરશી ગાલા દ્વારા મુંબઈથી અર્પણ કરવામાં આવે છે.

એ રીતે કચ્છી ભાષાના પ્રેમીઓ તેમજ વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓની ઉપસ્થિતિમાં સાહિત્ય કલા પુરસ્કાર-૨૦૧૦ તાજેતરમાં યોજાયેલ એક સમારંભમાં નીચે પ્રમાણેના કલાકારોને આપવામાં આવ્યા હતા.

ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ', ડૉ. દર્શનાબહેન ધોળકિયા, શ્રી લક્ષ્મીચંદભાઈ ગોગરી અને શ્રી મોહનકુમાર ડોડેચા.

આ પુરસ્કારમાં રૂા. ૧૧,૦૦૦/- શાલ અને પ્રશસ્તિપત્ર દરેકને આપવામાં આવે છે. ■

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ડિસેમ્બર-૨૦૧૦ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. ગ્લોબલ વોર્મિંગ. વૃક્ષારોપણ પ્રવૃત્તિ. (પાના : ૩૦)

૨. દીનુભાઈ જોશી. એશિયાટિક લાઈબ્રેરી. (પાના : ૩૧-૩૨)

૩. સુલેમાન બાપા. કચ્છી રાગજી રોશનાઈ. ૩૦ માર્ચ, ૧૯૮૪ સાલ. ગૌરવ પુરસ્કાર. (પાના : ૪૭)

૪. હોમાય વ્યારાવાલા. ફોટોગ્રાફી માટે. (પાના : ૪૬)

૫. સંસ્કૃતના પ્રોફેસર મુસ્લિમ મહિલા મુમતાઝ બહેન. (પાના : ૮૩)

૬. આઠ એમિનો એસિડ. પૂર્ણ પ્રોટીન. દૂધ, દહીં, છાશ, પનીર અને ચીઝ જેવા પદાર્થો ભોજનમાં લેવા જોઈએ.(પાના : ૫૬)

૭. દક્ષિણ અમેરિકા. ૬,૯૯૨ કિ.મી. એમેઝોન. (પાના : ૮૮)

*ડિસેમ્બર-૨૦૧૦ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. શ્રીમતી વર્ષાબહેન પારેખ - અમદાવાદ
૨. શ્રીમતી મીનાક્ષીબહેન પારેખ - અમદાવાદ
૩. શ્રી પ્રતાપભાઈ દંડ - અમદાવાદ
૪. શ્રી રમણિકભાઈ ગોસર - અમદાવાદ
૫. શ્રીમતી મધુરીબહેન ગોસર - અમદાવાદ
૬. શ્રીમતી કામિની શેઠ - અમદાવાદ
૭. શ્રીમતી ઝરણા પારેખ - અમદાવાદ
૮. પદમણી મહેન્દ્ર ગોસર - વડોદરા
૯. શ્રીમતી નેહા બી. પારેખ - અમદાવાદ
૧૦. શ્રીમતી નયના એ. ગાલા - અમદાવાદ
૧૧. શ્રીમતી યોગિની સી. શાહ - અમદાવાદ
૧૨. શ્રીમતી મીનાક્ષી એ. માંકડ - અમદાવાદ
૧૩. શ્રીમતી અમી નીતિન શાહ - અમદાવાદ
૧૪. શ્રીમતી જ્યોત્સના એ. શાહ - અમદાવાદ
૧૫. શ્રીમતી મૈત્રી કે. શાહ - અમદાવાદ
૧૬. શ્રી જિતેન્દ્રભાઈ શાહ - અમદાવાદ
૧૭. શ્રીમતી દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૧૮. શ્રીમતી અલકા એ. સંઘવી - અમદાવાદ
૧૯. કુ. મૈત્રી જયેશભાઈ શાહ - અમદાવાદ
૨૦. શ્રીમતી શોભના દંડ - અંકલેશ્વર
૨૧. શ્રીમતી કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૨૨. શ્રી જયચંદ માણેકજી લોડાયા - ગદગ
૨૩. શ્રી અમરશી ઉમરશી રાંભિયા - નડિયાદ

★

માસ નવેમ્બર-૨૦૧૦ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. શ્રી લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર

★

★ **માસ જાન્યુઆરી-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. ખેમા દેદરાણીએ દેશની પ્રજાની કેવી સહાયતા કરી? એના બદલામાં રાજાએ પ્રજાને શાનો શિરપાવ આપ્યો?

૨. મુંબઈમાં પ્રથમ પગ મૂકનાર ભાટિયા કોણ હતા? ભારતની સૌ પ્રથમ 'સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની'ના મહિલા એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કોણ હતા? તેમનો જન્મ કઈ સાલમાં થયો હતો?

૩. કલોલ પાસે બંધાયેલા મધર મેરીના ખ્રિસ્તી દેવળને કયું નામ આપવામાં આવેલું છે? તેમાં મૂકેલ મૂર્તિને શું નામ કહે છે?

૪. પંક્તિ પૂરી કરો :
આવશે આવી ન વેળા ફરીને... પ્રેમ વધાવા દો.

૫. સુપ્રસિદ્ધ તત્ત્વ ચિંતનકારોમાં રોમારોલાંએ લખેલી બે લાઈન લખો.

૬. કોઈ અદાલતી દાવામાં વડાપ્રધાનને હાજર રહેવું પડ્યું હોય એવા પ્રથમ વડાપ્રધાન કોણ હતા? તેમ કોઈ રાજ્યના મુખ્ય પ્રધાનને અદાલતી કાર્યવાહીમાં ઉપસ્થિત થવું પડ્યું હોય એવા પ્રથમ મુખ્યપ્રધાન કોણ હતા?

૭. જિતેન્દ્ર રાંભિયા આપને કઈ સુવિધા આપે છે? (જા.ખ.)

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૨-૨૦૧૧ છે.***

***જવાબો મોકલવાનું સરનામું :***
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***આપના સહકાર બદલ ધન્યવાદ.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

## ઉમાશંકર જોશી

એક સવારે ઉમાશંકર જોશી પોતાને ઘેર લખવામાં પ્રવૃત્ત હતા. અચાનક ફોનની ઘંટડી રણકી ઊઠી. ઉમાશંકર ઊભા થયા, ફોન ઉપાડ્યો, થોડી મિનિટ રિસિવર પકડી ઊભા રહ્યા. પછી રિસિવર મૂકી દીધું અને ફરી લખવામાં પ્રવૃત્ત બની ગયા.

થોડીવારે ફરી ફોન રણક્યો. ફરી ઊભા થયા, ફોન લીધો. ફોનમાં બોલ્યા "જીવરાજભાઈને કહેજો કે બીજાને પણ કામ હોય. હવે સમય મળ્યે હું જ એમને ફોન કરીશ ત્યારે જો એમને અનુકૂળ હશે તો વાત કરીશું."

ફોનના સામે છેડે ગુજરાત રાજ્યના મુખ્ય સેવક (મુખ્યમંત્રી) ડૉ. જીવરાજ મહેતાના પી.એ. હતા.

આ હતા ઉમાશંકર જોશી.

આજે?

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*અહંકાર એ જ મોટામાં મોટું અજ્ઞાન છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*જાન્યુઆરી – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- પ્રા. સૂર્યકાંત ભટ્ટ — ભુજ, કચ્છ
- ભરત એલ. ભુજપુરિયા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
  મણિલાલ કે. છેડા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ

### ૩ વર્ષનું લવાજમ

- દિનેશ ભોગીલાલ ગાંધી — બાણશંકરી, બેંગ્લુરુ
- નવીનચંદ્ર મૂલચંદ શાહ — પાલિતાણા

### ૫ વર્ષનું લવાજમ

- કમલેશ એમ. મોતા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
  એમ.કે. મહેતા, C/o. જે.કે. ઈન્ડસ્ટ્રીઝ - કોચીન

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- દીપક હરિલાલ છેડા — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ
- ખુશાલ એલ. મહેશ્વરી — પૂના
- પ્રેમચંદ સી. મહેતા — ગાંધીધામ, કચ્છ
- વસંતભાઈ સંગોઈ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- મોક્ષદા પી. વ્યાસ — મણિનગર, અમદાવાદ
- રોહિત હેમચંદ શાહ — રામાણિયા, કચ્છ
- મહેન્દ્ર ત્રિકમદાસ શાહ — થાણા (વેસ્ટ), મુંબઈ

### ૩ વર્ષનું લવાજમ

- સુધીરભાઈ પંચાલ — ફોર્ટ, મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- હંસકુમાર એલ. છેડા — ભાંડુપ (ઈસ્ટ), મુંબઈ
- મહેશ લક્ષ્મીચંદ લોડાયા — થાણા (વેસ્ટ), મુંબઈ

### આજીવન

- ખુશાલ એલ. ગાલા — ભાંડુપ (વેસ્ટ), મુંબઈ

---

*ભોજનમાં સ્વાદ લો પણ સ્વાદના ગુલામ બનીને પેટની મર્યાદા ઓળંગો નહિ. તીખું તમતમતું ખાવાની ટેવ છોડો. જરા દસ દિવસ સાત્ત્વિક હળવો ખોરાક લઈને જુઓ કે કેટલો આનંદ આવે છે, શરીર કેટલું હળવુંફુલ બને છે.*

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી

જે જે ગ્રાહકોના લવાજમ પૂરાં થઈ ગયેલ છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે.

આથી નીચે મુજબના લિસ્ટના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે. અગર હવે પછી ડિસેમ્બર-૧૦ અને જાન્યુઆરી-૨૦૧૧માં પૂરા થતા લવાજમના ગ્રાહકો પોતાના લવાજમ રિન્યુ નહીં કરાવે તો તેઓના નામ ડિસ્પેચ લિસ્ટમાંથી કમી કરવામાં આવશે. માર્ચ-૨૦૧૧થી એ ગ્રાહકોને 'મંગલ મંદિર' મોકલવામાં નહીં આવે તેની સહુએ નોંધ લેવા વિનંતી.

## ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી અંકીબાઈ ઘમંડીરામ ગોવાણી ચેરિટેબલ ટ્રસ્ટ | પાલિતાણા |
| ૨. | એરીડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજીસ | ભુજ, કચ્છ |
| ૩. | હસમુખ ચમનલાલ શાહ | ભુજ, કચ્છ |
| ૪. | દીપ્તિ નિરંજન લોડાયા | નવા અંજાર, કચ્છ |
| ૫. | મહેન્દ્ર જેઠાલાલ વોરા | ગાંધીધામ, કચ્છ |
| ૬. | મુકુંદ કે. મહેતા 'અલ્પ' | આદિપુર, કચ્છ |
| ૭. | રજનીશ રાજકુમાર મુરારકા | ગાંધીધામ, કચ્છ |
| ૮. | હેમેન્દ્ર જેવતલાલ શાહ | માંડવી, કચ્છ |
| ૯. | રાધિકાબહેન મોદી | માણેકબાગ, અમદાવાદ |
| ૧૦. | મૂલચંદ શામજી સાવલા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૧૧. | રામજી ઠાકરશી દેઢિયા | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | દિનેશચંદ્ર કરમચંદ શેઠ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૩. | વિપુલ કલ્યાણજી દેઢિયા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | ભરત પી. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | દિનકર કે. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | ખીમજી હીરજી શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | નવીન નરશી સાવલા | ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ |
| ૧૮. | હીરજી શામજી શાહ | જબલપુર (મ.પ્ર.) |
| ૧૯. | હંસરાજ આર. રાંભિયા | બેંગ્લુરુ |
| ૨૦. | હિંમતલાલ શાહ | રૂરકેલા (ઓરિસ્સા) |

## જાન્યુઆરી-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | સંદીપ કાંતિલાલ દોશી | ભુજ (કચ્છ) |
| ૨. | ઠક્કર એન.પી.એન. સ્કૂલ | અંજાર, કચ્છ |
| ૩. | સોમચંદ ધરમશી નાગડા | ગાંધીધામ, કચ્છ |
| ૪. | સ્વાશ્રય મહિલા મંડળ | ગાંધીધામ, કચ્છ |
| ૫. | હીરેન ખીમજી વીરા | આદિપુર, કચ્છ |
| ૬. | મનીષ કે. મોરબિયા | મુંદ્રા, કચ્છ |
| ૭. | મનીષ ભીમજી મહેશ્વરી | મુંદ્રા, કચ્છ |
| ૮. | પ્રવીણચંદ્ર નાનચંદ બાવીસી | પાલડી, અમદાવાદ |
| ૯. | નરેન્દ્ર મગનલાલ શાહ | પાલડી, અમદાવાદ |
| ૧૦. | પ્રકાશ ઉમાકાંત ગાંધી | સેટેલાઈટ, અમદાવાદ |
| ૧૧. | જનકબહેન શૈલેષભાઈ ભાલાણી | વસ્ત્રાપુર, અમદાવાદ |
| ૧૨. | કાંતિલાલ ભારમલ સાવલા | કતારગામ, સુરત |
| ૧૩. | દિનેશ હંસરાજ રાંભિયા | કાલબાદેવી, મુંબઈ |
| ૧૪. | લીલાધર લખમશી વિસરિયા | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | શિવજીભાઈ એન. શાહ | મહાલક્ષ્મી, મુંબઈ |
| ૧૬. | વિનોદ હીરજી વોરા | ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૭. | લાલજીભાઈ આર. શાહ | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૮. | મહેશ રાઘવજી મૈશેરી | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ૧૯. | ભરતભાઈ ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૦. | કેસરબહેન પોપટલાલ ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૧. | મણિલાલ રામજી શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૨. | વસંતલાલ ડી. દેઢિયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૩. | તલકશી દેવજી ગોસર | મલાડ (ઈસ્ટ), મુંબઈ |
| ૨૪. | લીલાધર આસુ વીરા | થાણા, મુંબઈ |
| ૨૫. | તિલકચંદ કે. લોડાયા | ચીલપૌક, ચેન્નાઈ |

## ફેબ્રુઆરી-૨૦૧૧ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ભરતસિંહ ડી. જાડેજા | રાપર, કચ્છ |
| ૨. | વિનોદ કાનજી મોરબિયા | મુંદ્રા, કચ્છ |
| ૩. | નિર્મળાબહેન એમ. શાહ | સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ |
| ૪. | કિશોર ભવાનજી નાગડા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૫. | સૂર્યકાંત દેવશી વોરા | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ |
| ૬. | રાયચંદ શિવજી શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૭. | હીરાચંદ વેલજી છેડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૮. | કિશોરચંદ્ર કે. સંઘવી | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૯. | લક્ષ્મીચંદ વી. ગોગરી | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૦. | રમણિકભાઈ છેડા | બોરીવલી, મુંબઈ |
| ૧૧. | શાંતિલાલ ખીમજી સતરા | જલગામ (મહારાષ્ટ્ર) |
| ૧૨. | હરખચંદ ગાંગજી કારાણી | હૈદ્રાબાદ |

*તમે જ્યારે વ્યસ્ત હો ત્યારે વધુ સરળ લાગે છે. પણ જો તમે આળસુ હો તો કશું જ સરળ નથી. – વિવેકાનંદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો તેની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | ભેટ આપનારનું નામ |
|---|---|---|---|
| ૧. | ચાંદા મામા તાલી દો | નટવર પટેલ | ગૂર્જર પ્રકાશન - અમદાવાદ |
| ૨. | આઠે પહોર આનંદ રે | દર્શના ધોળકિયા | ગૂર્જર પ્રકાશન - અમદાવાદ |
| ૩. | કાલેલકરના લલિત નિબંધો | ચિમનલાલ ત્રિવેદી | ગૂર્જર પ્રકાશન - અમદાવાદ |
| ૪. | વન્સ મૉર | ડૉ. કમલેશ અવસત્થી | ગૂર્જર પ્રકાશન - અમદાવાદ |
| ૫. | પરલોકવાસીની પ્રીત | ચંદ્રહાસ ત્રિવેદી | ગૂર્જર પ્રકાશન - અમદાવાદ |
| ૬. | મણિ પુષ્પક | પ્રવીણ દરજી | ગૂર્જર પ્રકાશન - અમદાવાદ |
| ૭. | કચ્છી કવિતા - આસ્વાદના આલોકમાં | પ્રભાશંકર ફડકે | હંસરાજ કંસારા - અમદાવાદ |
| ૮. | પાવર ઑફ પોઝિટિવ થિન્કિંગ | નોર્મન વિન્સેન્ટ પીલ | કોકિલા જયંતીલાલ મહેતા - અમદાવાદ |
| ૯. | ફિટનેસ | ડૉ. મુકુંદ મહેતા | કોકિલા જયંતીલાલ મહેતા - અમદાવાદ |
| ૧૦. | કહેવત કહે કથા | માલતી દેસાઈ | કોકિલા જયંતીલાલ મહેતા - અમદાવાદ |
| ૧૧. | સ્વાસ્થ્ય દર્શન | ડૉ. સૂર્યકાંત તિલક | ડૉ. સૂર્યકાંત તિલક - ભુજ |
| ૧૨. | મારા પિતા | મણિબહેન ગાલા | મણિબહેન ગાલા |
| ૧૩. | સુખનું સરનામું | રોહિત શાહ | શ્રીમતી પ્રેમીલાબહેન જયંતીલાલ શાહ સાર્વજનિક ટ્રસ્ટ - અમદાવાદ |
| ૧૪. | લઘુ સંગ્રહ | પુષ્પદાન ગઢવી / નીતુભાઈ ઝીબા | પુષ્પદાન ગઢવી - ભુજ |

★ *માનવતા એક પવિત્ર નદી છે. તેમાં અવશ્ય વિશ્વાસ કરવો જોઈએ. જો નદીનું થોડું પાણી ગંદુ હોય તો આખી નદી ગંદી નથી હોતી.*

★ *જે શીખવાનું છોડી દે છે, તે વૃદ્ધ થઈ ગયો છે. ભલે તે ૨૦નો હોય કે ૮૦નો. શીખતાં રહેવાની પ્રવૃત્તિ તમને યુવાન બનાવી રાખશે.*

# સાર સમાચાર

૧. યુરોપમાં વહેતી ડાન્યુબ નદી યુરોપના કુલ્લે ૧૦ દેશો-જર્મની, ઓસ્ટ્રિયા, સ્લોવેકિયા, હંગેરી, ક્રોએશિયા, સર્બિયા, બલ્ગેરિયા, રોમાનિયા, મોલ્ડોવા અને યુક્રેઇનમાંથી પસાર થાય છે. આ તમામ દેશો વચ્ચે નદીના પાણી બાબત કોઇજ ઝઘડો નથી. (આપણે?)

૨. હૈદરાબાદ નજીક આવેલા 'અલકબીર' નામના કતલખાનામાં દર વર્ષે ૪૮ કરોડ લિટર પાણી વપરાય છે એના કારણે આજુબાજુના ગામોમાં પાણીની તંગી વર્તાય છે.

૩. મુંબઇના મલબાર હિલ વિસ્તારમાં શાકાહારીઓના પ્રભાવને કારણે ઇંડા-માછલી સહિત કોઇ માંસાહારી પદાર્થ વેચી શકાતા નથી. તે વિસ્તારની એક માંસાહારી પદાર્થ બનાવતી હોટેલ પણ ગ્રાહકોના અભાવે બંધ થઇ ગઇ છે. ત્યાંની સોસાયટીઓમાં માંસાહારીઓને સભ્ય તરીકે લેવાતા નથી.

૪. કપાસનો રંગ સફેદ હોય તે જાણીતી વાત છે. હવે રશિયાએ ખાખી રંગના કપાસનું ઉત્પાદન શરૂ કર્યું છે અને ઇઝરાઇલે જુદા જુદા રંગો ધરાવતા કપાસના છોડ પણ વિકસાવ્યા છે.

૫. ઇ.સ. ૧૮૫૭માં દેશમાં પ્રથમ યુનિવર્સિટીની સ્થાપના થઇ. એસ. ખરશેદજી નામના પારસી સજ્જને પોતાની પુત્રીને મેટ્રિકની પરીક્ષા આપવા યુનિ.ની સમિતિને વિનંતી કરી જે નકારવામાં આવી, કારણ? યુનિ.ના નિયમોમાં HE, HIS, HIM શબ્દો જ હતા SHE, HER વગેરે શબ્દોનો અભાવ હતો! પછી ઠેઠ ૧૮૭૭માં કલકત્તા યુનિ.એ તથા ૧૮૮૩માં મુંબઇ યુનિ.એ કન્યાના પ્રવેશને મંજૂરી આપેલી.

૬. શ્રી ધોન્ડો કેશવ કર્વેએ દેશમાં ૧૯૧૬માં દેશની પ્રથમ મહિલા યુનિવર્સિટીની સ્થાપના કરેલી.

૭. ભાનુ પ્રતાપ નામના ૧૦ વર્ષની જેલની સજા પામેલા સાબરમતી જેલમાં રહેલા એક કેદીએ જેલમાં રહી અભ્યાસ કરતાં કુલ્લે ૨૪ ડિગ્રીઓ મેળવી છે.

૮. વિપ્રોવાળા અઝીમ પ્રેમજીએ બે અબજ ડોલર એટલે કે ૮૬૦૦ કરોડ રૂા. દેશની પ્રાથમિક શાળાઓની પરિસ્થિતિ સુધારવા માટે ખર્ચવાનો નિર્ણય કરેલ છે.

૯. મોટર એક્સિડન્ટ ટ્રિબ્યુનલના એક જજ સાહેબે અકસ્માતમાં મૃત્યુ પામેલ ગુજરાતના ચમાર દિનેશભાઇ બળદેવભાઇના કિસ્સામાં ચુકાદો આપતાં જણાવેલ કે "એક ગરીબ દલિત કિશોરનું અવસાન થયું તો તેના કુટુંબ માથેથી એટલી જવાબદારી ગઇ" એમ કહીને વળતર આપવાનો ઇન્કાર કર્યો હતો.

૧૦. જૂનાગઢ કોર્ટમાં થોડા વર્ષ પહેલાં વર્ગ-૩ તથા ૪ ના કર્મચારીઓની ભરતી કરવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ જજ ઠાકરે સાહેબે ૩૨૮ અરજદારોની ભરતી કરી પણ તેમાં ૬૦% ટકા પોતાની જ્ઞાતિના માણસોને લીધા હતા.

૧૧. થોડા સમય પહેલાં ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન જૂલીઆ ગીલાર્ડ પર ત્યાંના કોઇ નાગરિકે ગુસ્સામાં આવીને ઇંડું ફેંક્યું. આ ઇંડું ગીલાર્ડ પર પડવાને બદલે એમની મહિલા અંગરક્ષક પર પડ્યું. ત્યારે ગીલાર્ડે પોતાના તે મહિલા અંગરક્ષકની જાહેરમાં માફી માગી. (આપણા દેશમાં....?)

૧૨. રાજ્ય પુનઃરચના વખતે ડાંગ અને ધરમપુરને જો ગુજરાતમાં સામેલ કરવામાં ન આવે તો સંગીતનો જીવનભર ત્યાગ કરવાની પ્રતિજ્ઞા સંગીત સમ્રાટ પંડિત ઓમકારનાથ ઠાકુરે લીધેલી.

૧૩. હાલમાં જ જેને શાંતિ માટેનું નૉબેલ પારિતોષિક આપવામાં આવ્યું તે ચીનના લી જીયોબોને ચીનની સરકારે માનવ અધિકાર માટેની ઝુંબેશના અપરાધ માટે જેલમાં પૂર્યા છે જેને મુક્ત કરવા માટે દુનિયાના ૩૬ દેશોના ૮૦૦ અગ્રણીઓએ ચીનને અપીલ કરી છે. પણ ચીને આ અપીલની ઉપેક્ષા કરી છે.

૧૪. દિલ્હીના નેશનલ મ્યુઝિયમને ૨૦૦ કરતાં પણ વધારે સંખ્યામાં સંગીતના દુર્લભ વાજિંત્રો એક જૈન મહિલા નામે શરન રાણીએ ભેટ આપેલ છે.

૧૫. પ્રાચીન કાળમાં સંસ્કૃતમાં રચાયેલા મહાકાવ્યોની સંખ્યા ૫ છે, જ્યારે વર્તમાનકાળે છેલ્લા ૧૦૦ વર્ષમાં સંસ્કૃતમાં રચાયેલા મહાકાવ્યોની સંખ્યા ૩૦ જેટલી છે.

૧૬. વર્તમાનકાળમાં લગભગ ૧૫૦ જેટલા સામયિકો સંસ્કૃતભાષામાં પ્રકાશિત થાય છે. આ બધામાં શ્રેષ્ઠ સામયિક તે 'નંદનવન કલ્પતરુ' છે જે ત્રણ જૈન મુનિમહારાજશ્રી પ્રકાશિત કરે છે. આ સામયિકમાં શબ્દની, જોડાણીની કે વ્યાકરણની એક પણ ભૂલ હોતી નથી.

૧૭. નેશનલ ક્રાઇમ બ્યુરોના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૦૯માં ૧૭૩૬૮ ખેડૂતોએ આત્મહત્યા કરી. અને ૧૯૯૭થી ૨૦૧૦ સુધીમાં ૨,૫૬,૯૪૯ ખેડૂતોએ આત્મહત્યા કરી છે, આપણા દેશમાં.

૧૮. ઔરંગાબાદમાં એક સાથે ૧૫૦ મર્સિડીઝ ગાડીઓ વેચાઇ. તે માટે સ્ટેટ બેંકે ખરીદનારાઓને માત્ર ૭%ના વ્યાજે લોન આપી. જ્યારે ખેડૂતોને ટ્રેક્ટર વગેરે ખરીદવા માટે સ્ટેટ બેંક ૧૨% વ્યાજ લે છે.

૧૯. નેશનલ ક્રાઇમ બ્યુરો અનુસાર માત્ર મહારાષ્ટ્ર રાજયમાં ૨૦૦૯માં ૨૮૭૨ ખેડૂતોએ આત્મહત્યા કરી. રાજ્ય સરકાર કહે છે કે 'ફક્ત' ૯૩૦ જ ખેડૂતો એ આત્મહત્યા કરી છે!

૨૦. મુંદ્રા SEZ (સેઝ)ની અદાણી કંપનીએ કાંઠાના સમુદ્રમાં લગભગ સાડા ત્રણ કરોડ ચેરિયા વૃક્ષોનું નિકંદન કાઢી નાખેલ છે.

***સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*અપેક્ષા વિનાનું દાન સંતોષ જ નહીં અપાર પુણ્ય પણ આપે છે.*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. મોટામાં મોટી શાર્ક (માછલી) ૨૦ ફૂટ લંબાઇ અને ૨૨૬૮ કિલોગ્રામ વજનની મળી આવેલી છે.

શાર્ક વિશ્વભરમાં પ્રવાસ કરે છે અને બધા મહાસાગરોમાં જોવા મળે છે. શાર્કના બચ્ચાં માતાના ગર્ભમાં હોય ત્યારે એકબીજાને ખાઇ જતાં હોય છે.

બચી ગયેલાં પાંચ ફૂટ લાંબા દસેક બચ્ચાં જન્મ લઇ શકે છે.

શાર્કની આંખો, કાન અને નાક ખૂબ જ શક્તિશાળી હોય છે. આંખો દ્વારા અનેક રંગો, કાન દ્વારા અવાજ અને નાક દ્વારા ઘણે દૂરથી લોહીની ગંધ પારખી શકે છે.

શાર્ક ૭૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે તરે છે.

શાર્ક માછલી ક્યારેય કોઇ રોગનો શિકાર બનતી નથી. કારણ કે તેની પાસે કેન્સર સહિતના મહત્ત્વના ગંભીર રોગોનો પ્રતિકાર કરનાર ઘટક તત્વો ઉપલબ્ધ છે.

ગ્રે વ્હેલ દર વર્ષે સ્થાનાંતર માટે ૧૨૫૦૦ માઇલનું અંતર કાપે છે.

૨. એશિયામાં પાલતુ પ્રાણી તરીકે ઘોડાનો ઉપયોગ કદાચ ૪૦૦૦ વર્ષ કરતાં પહેલાં થયો હતો.

ઘોડો એક દિવસમાં દશ ગેલન પાણી પી શકે છે.

ઘોડાનું બચ્ચું જન્મે ત્યારબાદ એકથી બે કલાકમાં તે ઊભું થઇને ચાલવા લાગે છે.

ન્યૂયોર્ક સિટીના એક પ્રદર્શનમાં થમ્બ્લીના નામનો ૧૭ ઇંચ ઊંચાઇનો ઘોડો જોવા મળ્યો હતો.

ઘોડાનું આયુષ્ય આશરે ૨૫થી ૩૦ વર્ષ સુધીનું હોય છે. સૌથી લાંબુ આયુષ્ય ભોગવનાર ઘોડાનું નામ "ઓલ્ડ બિલી" હતું. જે ૬૨ વર્ષ જીવ્યો હતો.

૩. કીડી પોતાના વજન કરતાં પચાસ (૫૦) ગણું વજન ઊંચકી શકે છે. કીડીનું શરીર એક મિલિમીટર જેટલું હોય છે અને વજન એક મિલિગ્રામ જેટલું.

૪. બિલાડીના શરીરમાં ૨૩૦ હાડકાં હોય છે અને બિલાડીની પૂંછડીમાં ૨૩ હાડકાં હોય છે જેના વડે તે સમતોલન જાળવી શકે છે.

બિલાડીના કાનના સંચાલન માટે ૩૨ સ્નાયુઓ હોય છે.

બિલાડીની મૂછમાં ૨૪ વાળ હોય છે. બન્ને તરફ ૪-૪ની લાઇનમાં મૂછોના વાળ સ્વતંત્ર રીતે દિશા બદલી શકે છે.

બિલાડીનું હૃદય મિનિટમાં ૧૪૦થી ૧૮૦ ધબકારા મારે છે.

સૌથી વધુ ઊંઘનારા પ્રાણીમાં બિલાડી એક છે. જે ૨૪ કલાકમાં લગભગ ૧૬ કલાક જેટલું ઊંઘે છે. પરંતુ એ ઘસઘસાટ ઊંઘતી હોય તો પણ સહેજ પણ અવાજ થતાં જ સફાળી બેઠી થઇ કૂદકો મારી નાસી જાય છે.

૫. ફ્લેમિંગો ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ઊડી શકે છે અને એક રાતમાં ૬૦૦ કિલોમીટર જેટલું ઉડાણ કરી શકે છે.

૬. ખિસકોલી ૩૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.

૭. વિશ્વનું સૌથી ઊંચુ પક્ષી ઉત્તર આફ્રિકાનું શાહમૃગ છે. તે ૨.૭૪ મીટર ઊંચુ હોય છે. તેની ડોક ૧.૪ મીટર લાંબી હોય છે.

વિશ્વનું સૌથી નાનું પક્ષી ક્યુબા-પેરૂમાં થતું હમિંગ બર્ડ છે. તે ૫૭ મિલીમીટર લંબાઇ (એટલે બે ઇંચથી થોડું વધુ) અને માત્ર ૧.૬ ગ્રામ વજનનું હોય છે.

વિશ્વમાં સૌથી લાંબી ચાંચવાળું પક્ષી ઑસ્ટ્રેલિયન પેલિકન છે, જેની ચાંચ ૩૪ સેન્ટીમીટર લાંબી (લગભગ ૧૩ ઇંચ) હોય છે.

૮. કોડિયાક રીંછ જે માત્ર અલાસ્કામાં જ જોવા મળે છે તે આઠ ફૂટ લંબાઇ ધરાવે છે અને ૧૭૦૦ પાઉન્ડનું (લગભગ ૮૫૦ કિલોગ્રામ) વજન ધરાવે છે.

૯. પેન્ગ્વિન એક પ્રકારનું પક્ષી છે પણ તે ઊડી શકતું નથી. પણ પાણીમાં પોતાની પાંખો વડે તરી શકે છે અને પાણીમાં ડૂબકી મારી શકે છે. સાથોસાથ તે જમીન ઉપર પણ ચાલી શકે છે. પેન્ગ્વિન સાધારણ રીતે ગ્રૂપમાં જોવા મળે છે. તેઓ પીવાના પાણી તરીકે સ્નૉ (બરફ) નો ઉપયોગ કરે છે. પેન્ગ્વિન બે ઇંડા મૂકે છે. નર ઇંડાનું સેવન કરે તે દરમિયાન માદા પેન્ગ્વિન ખોરાકની શોધમાં જાય છે.

## શબ્દ રમત-પદનો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉ | ત્ત | રા | ય | ણ | | સ | ર | ગ | મ | | અ | ફ | સ | ર |
| પ | | ખ | સ | મ | | રે | | જ | નો | ઈ | | રિ | | ચ |
| કા | મ | ણ | | ભ | | આ | સ્તે | | મં | દ | | યા | ચ | ના |
| ર | જા | | જ | લા | રા | મ | | ર | થ | | સ | દી | | |
| | ક | પા | ળ | | ખો | | ભ | જ | ન | | હે | | ગ | દા |
| બૂ | | | બં | ગ | ડી | | મ | | | મા | લ | મ | લી | દા |
| | બા | રો | બા | ર | | પ | રો | પ | કા | ર | | | પ | ગી |
| સા | ર | | કા | બો | | લં | | વ | ક | ફ | | | ચી | રી |
| | મો | ગ | ર | | સા | ગ | વા | ન | | ત | | વિ | | |
| અ | ચં | બો | | ઠ | ગ | | | | સ્વા | | સ | દા | વ્ર | ત |
| ભ | દ્ર | | કો | ઠા | રી | | વ | સ | મી | વિ | દા | ય | | લ |
| રા | મા | ય | ણ | | ત | ર | કી | બ | | વા | ચા | | જ | ગા |
| ભ | | થા | | ક | | તિ | લ | ક | | દ | ર | જી | | જ |
| ર | સ | મ | | રા | ચ | ના | | | મા | | | વ | ગ | ર |
| ણ | | તિ | મિ | ર | | થ | ડ | કા | રો | | આં | ત | ર | ડા |

*મેઘમાળાઓ વગર ઈન્દ્રધનુષ બની શકે નહીં.*

# શબ્દ રમત-૫૭

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ■ | ૮ | | ૯ | ■ | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | | | | ■ | | ■ | ૧૪ | ૧૫ | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | |
| ૨૨ | | | | ■ | | ■ | ૨૩ | ૨૪ | | ■ | | ■ | ૨૫ | |
| | ■ | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | | ■ | ૨૯ | ■ | ૩૦ | | ■ |
| | ■ | ૩૧ | | | | | ■ | ૩૨ | ૩૩ | ■ | ૩૪ | | | ૩૫ |
| ૩૬ | | | ■ | | ■ | ૩૭ | | | | ૩૮ | ■ | | ■ | |
| | ■ | ૩૯ | ૪૦ | | ૪૧ | | ■ | ■ | ■ | ૪૨ | ૪૩ | | ૪૪ | |
| ■ | ૪૫ | | | ■ | | ■ | ૪૬ | ૪૭ | | ■ | | ■ | | ■ |
| ૪૮ | ■ | ■ | | ■ | ૪૯ | | | | ■ | ૫૦ | | ૫૧ | | |
| ૫૨ | ૫૩ | ■ | ૫૪ | ૫૫ | | ■ | | ■ | ૫૬ | | | | ■ | ■ |
| ૫૭ | | ■ | ૫૮ | | | ૫૯ | | | ■ | ■ | ■ | ૬૦ | | ૬૧ |
| ૬૨ | | ૬૩ | ■ | | ■ | | ■ | ■ | ૬૪ | ૬૫ | | ■ | ■ | |
| | ■ | ૬૬ | ૬૭ | | ■ | ૬૮ | ૬૯ | ૭૦ | | | ■ | ૭૧ | ૭૨ | |
| ■ | ૭૩ | | | ■ | ૭૪ | | | | ■ | ૭૫ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૨-૨૦૧૧)*

## આડી ચાવીઓ

૧. રાજાની સમૃદ્ધિ - સાહ્યબી (૫)
૫. ખૂબ વિશાળ, અપાર (૩)
૮. મીઠું, પ્રિય (૩)
૧૧. બંધી, નિષેધ (૨)
૧૨. છટા, ખૂબી, શૈલી (૬)
૧૪. હાટ, ચૌટું (૩)
૧૬. સંદેહ, ભ્રમ (૩)
૧૮. ચલાયમાન, હાલતું (૨)
૧૯. સૌરાષ્ટ્રની એક નદી (૩)
૨૧. આદત, ટેવ (૨)
૨૨. વાસણ, ઠામ (૪)
૨૩. માનાર્થે વર કે વહુની મા (૩)
૨૫. --- પડવું, રુદન (૨)
૨૬. --- વેદ, ચારમાંનો એક વેદ (૨)
૨૮. દરજીનું એક ઓજાર (૩)
૨૯. પરોઢિયું (૧)
૩૦. શહેર, નગર (૨)
૩૧. ક્યારેક (૫)
૩૨. ધાક, અંકુશ (૨)
૩૪. મંત્રનું રટણ કરવું (૪)
૩૬. રસીલી સ્ત્રી, જીભ (૩)
૩૭. તમાસો કરનાર, જોનાર (૫)
૩૯. કોપરાના ખમણની એક મીઠાઈ (૫)
૪૨. સ્થાવર-જંગમ બધું, સર્વત્ર (૫)
૪૫. ૬૦ મિનિટ જેટલો સમય (૩)
૪૬. વેગ, ઝડપ (૩)
૪૯. બક્ષિસ પત્ર (૪)
૫૦. ઘરમાં વિધિપૂર્વક પ્રવેશ કરવો (૫)
૫૨. જમાનો (૨)
૫૪. અંદર દાણાવાળું એક ફળ (૩)
૫૬. માહિતી કે સમજ આપનારું (૪)
૫૭. મોલમાં સડો પડવો, પ્રતિકૂળ પવન (૨)
૫૮. પ્રતિજ્ઞા પાળવી (૬)
૬૦. કનકવો (૩)
૬૨. નાગલોકનો આગેવાન (૩)
૬૪. પ્રતિબંધ નહિ એવું (૩)
૬૬. મંદિરમાં પૂજા કરનાર પુરુષ (૩)
૬૮. ભૌતિક સુખ માટેની ઈચ્છાવાળો (૫)
૭૧. એકડો, યુનિટ (૩)
૭૩. જુલમ, અત્યાચાર (૩)
૭૪. દિલ હરી લે તેવું, સુંદર (૪)
૭૫. પ્રમાણસર, યથાસ્થિત (૫)

## ઊભી ચાવીઓ

૧. દશરથ પુત્ર (૨)
૨. પશુ, જાનવર (૪)
૩. ભલાઈ, સારાપણું (૬)
૪. ટેક, આબરૂ (૨)
૫. વહીવટ, અધિકાર (૩)
૬. તરડ, ફૂટ (૨)
૭. ટંકાવાથી થતો અવાજ (૨)
૮. સહાય (૩)
૯. પરમેશ્વર, પરવરદિગાર (૨)
૧૦. મારવાડનો રહેવાસી (૪)
૧૩. ... પૂંજો (૩)
૧૫. સાર્વજનિક છુટ્ટી (૫)
૧૭. સ્નેહ, ભાવ (૨)
૧૯. શાક લાયક કુમળા છોડ (૨)
૨૦. રક્ષણ, બચાવ (૨)
૨૨. કાઢી મૂકવું, રુખસદ આપવી (૫)
૨૩. છ અને આઠ વચ્ચેની રકમ (૨)
૨૪. પ્રસિદ્ધ અંધ ભક્ત કવિ (૪)
૨૭. કબ્રસ્તાન, રોજા (૪)
૨૮. વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
૩૦. પુત્રવધૂ, પુત્રની પત્ની (૪)
૩૧. એક પીણું (૪)
૩૩. એક જાતની ઘોડાગાડી (૨)
૩૫. ત્રણ કલાકનો સમય (૩)
૩૮. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૪૦. પકડા-પકડીની એક બાળ રમત (૫)
૪૧. પવિત્ર, શીલવાન (૫)
૪૩. હૃષ્ટપુષ્ટ, ગોળમટોળ (૪)
૪૪. એણે મને --- ચડાવ્યો, ફેરવ્યો (૩)
૪૬. સંગીતનો એક તાલ (૪)
૪૭. યોગ્ય, લાયક (૨)
૪૮. દૂધના માવા અને કાજુમાંથી બનતી મીઠાઈ (૫)
૫૦. નક્કર, ઘાડું (૨)
૫૧. સામર્થ્ય, કાંતિ, રુઆબ (૩)
૫૩. બાકુ, જાળિયું (૩)
૫૫. ડચ એવો અવાજ (૪)
૫૯. હજૂરિયો, નોકર (૪)
૬૧. એક વનસ્પતિના મૂળનું અથાણું થાય (૪)
૬૩. ખરાબ, નામ બોળે એવો પુત્ર (૩)
૬૪. ગુજરાતી જ્ઞાની કવિ (૨)
૬૫. ---ને દિવસે થતી મરણ પાછળ ક્રિયા (૩)
૬૭. પ્યાલો (૨)
૬૯. સાથે (૨)
૭૦. માદા, સ્ત્રી (૨)
૭૧. સંખ્યામાં પહેલું (૨)
૭૨. સાર, સત્ત્વ (૨)

*નિયમિત બનશો તો રોગ અને પીડાથી છૂટશો.*

**ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૫ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૩. | લક્ષ્મીચંદ વી. ધરમશી | બીજાપુર | બધા સાચા |
| ૪. | સરોજ અનુપ ચંદુરા | સુરત | બધા સાચા |
| ૫. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | બધા સાચા |
| ૬. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૭. | શાંતિલાલ વ. શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૮. | કિશોર જે. શાહ | ભુજ | ૧ ભૂલ |
| ૯. | મોના જિતેન્દ્ર શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૧૦. | નવીન શામજી લાલકા | ગદગ | ૧ ભૂલ |
| ૧૧. | રશ્મિકાંત એસ. સાવલા | ભુજ | ૨ ભૂલ |
| ૧૨. | રોહિત આર. ગાંધી | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૩. | વર્ષાબહેન આર. પારેખ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૪. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૫. | જ્યોતિ એલ. શાહ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૬. | રૂપલ કેયુર લોડાયા | વડોદરા | ૨ ભૂલ |
| ૧૭. | જયંતીલાલ વાલજી રાજગોર | ભુજપુર | ૨ ભૂલ |
| ૧૮. | કાંતિલાલ રતનશી સાયા | અમદાવાદ | ૩ ભૂલ |
| ૧૯. | ઉષા નીતિન હરિયા | સાંભરાઈ | ૫ ભૂલ |
| ૨૦. | ગીતા વિનોદ મહેતા | અમદાવાદ | ૫ ભૂલ |
| ૨૧. | શૈલેષ વી. બાકરણિયા | ભાવનગર | ૫ ભૂલ |

**જાન્યુઆરી-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૬ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૩. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | ૧ ભૂલ |
| ૪. | જયચંદ માણેકજી લોડાયા | ગદગ | ૨ ભૂલ |
| ૫. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | ૩ ભૂલ |
| ૬. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૪ ભૂલ |
| ૭. | નવીન શામજી લાલકા | ગદગ | ૪ ભૂલ |
| ૮. | રશ્મિકાંત સાવલા | ભુજ | ૫ ભૂલ |
| ૯. | રોહિત આર. ગાંધી | અમદાવાદ | ૫ ભૂલ |

## ભૂલ સુધાર

જાન્યુઆરી અંકમાં, એંકરવાલા અહિંસાધામવાળા લખાણમાં 'સ્વ. પ્રાણલાલભાઈ' એમ છપાયું છે પણ આ નામ **ભાઈ પ્રાણલાલ મોતીચંદ મહેતા** એમ વાંચવું.

ભૂલ બદલ ક્ષમસ્ય.

## ગુસ્સાની કિંમત

પતિ-પત્નીનાં લગ્નજીવનની સુવર્ણજયંતીની ઉજવણીને હજી એક વર્ષ પણ માંડ થયું હતું. તે વખતે મિત્રો, સ્નેહીઓએ સફળ લગ્નજીવનની ઉજવણી માટે એક નાનકડો સમારંભ પણ રાખ્યો હતો. પચાસ વર્ષના એકધારા, પણ શાંત અને પ્રસન્ન દાંપત્યજીવનનું રહસ્ય જાણવા ચાહ્યું હતું. પત્નીએ તો હળવું હસીને એનો જવાબ આપવાનું ટાળ્યું હતું, પણ પતિદેવથી બોલ્યા વિના ન રહેવાયું :

"અમે બંને એકબીજાને વિશ્વાસમાં લઈને જ દરેક કામ કરીએ છીએ. અસંમતિના પ્રસંગે વિચાર વિનિમય કરી નિર્ણય લઈએ છીએ. એકબીજાથી કોઈ વસ્તુ છુપાવતાં નથી. અમારી અતીતની ખાનગી વાતો પણ અમે એકબીજાને જણાવી દીધી છે અને સ્વીકારી લીધી છે."

પતિદેવે એક વાત તેમના સ્નેહીઓને નહોતી જણાવી. પત્નીના કબાટમાં લાકડાની એક પેટી હતી, જેને હંમેશાં તાળું લગાડેલું રહેતું. પત્નીએ પતિને કહ્યું હતું, આ પેટી ખોલવાનો ક્યારેય પ્રયત્ન કરવો નહીં, તેમ આમાં શું છે એવો પ્રશ્ન પૂછવો નહીં. પતિએ આ બાબતને ગંભીરતાથી લઈ પત્નીની ઈચ્છા અનુસાર એને વિશે ચુપકીદી સેવી હતી.

એકાએક પત્ની ગંભીર રીતે બીમાર પડી ગઈ. ડોક્ટરે જણાવી દીધું કે તેની બચવાની કોઈ આશા નથી. આ પછી બંને જણાએ એકમેકને કરવા જોઈતા બધા જ ખુલાસા કરી લીધા. પત્નીએ પતિને પેલી પેટી લઈ આવવાનું કહ્યું. તેની ચાવી જ્યાં સંતાડી હતી ત્યાંથી તે લાવીને પેટી ખોલવાનું કહ્યું. પતિએ તે ઉઘાડી તો તેમાં મોતીના ભરતકામવાળી બે સુંદર ઢીંગલીઓ હતી. તે ઉપરાંત પાંચ-દસ-સો રૂપિયાની નોટના થોકડા તથા મોટી સંખ્યામાં સિક્કા હતા. એકાદ કલાકની મહેનતને અંતે પતિદેવે એની ગણતરી કરી. તે પૂરા પંચાણું હજાર રૂપિયા ઉપરાંતની રકમ થતી હતી! તેણે બાવરા બનીને પૂછ્યું, "આ બધું શુ છે?"

પત્નીએ કહ્યું, "આપણાં લગ્ન થયાં ત્યારે મારી માતાએ કહ્યું હતું કે લગ્નજીવનને સફળ બનાવવું હોય તો ધણીની સામે દલીલ કરવી નહીં. જે કહે તે ચૂપચાપ સાંભળી લેવું. તને જો ગુસ્સો આવે તો ઢીંગલી ગૂંથવા બેસી જાવું."

પતિ આ સાંભળીને ગળગળા થઈ ગયા. બોક્સમાં બે ઢીંગલીઓ અકબંધ પડી હતી. મારી પત્નીને આટલાં વર્ષોમાં મારી પર બે વાર ગુસ્સો આવ્યો છે. તેને પોતાની જાત પર ગર્વ થયો. પછી તેણે પૂછ્યું, "આ આટલા બધા પૈસા આમાં કેમ છે?"

તેણીએ ઠંડે કલેજે જવાબ આપ્યો, "બાકીની બધી ઢીંગલીઓ મેં વેચી દીધી તેની જમા થયેલી આ રકમ છે."

*પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ*

*સફળતા અને આંતરિક શાંતિનું રહસ્ય, ઈશ્વરમાં રુચિ હોય અને સંસારથી વૈરાગ્ય હોય તો આનંદ જ આનંદ છે. પરીક્ષા કરી, જોઈ લેજો.*

*જીવનમાં માત્ર બુદ્ધિ હોવી એ પૂરતું નથી, વિશુદ્ધિ હોવી પણ જરૂરી છે.*

# સુડોકુ

*– હરખચંદ સાવલા (ફોન : ૨૭૯૧૧૮૦૦, ૨૭૯૧૨૦૦૦)*

*સુડોકુ ક્રમાંક-૧૦૧૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૨-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ માર્ચ-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** **૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
**૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૧૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૪ | | | | ૧ | |
| | ૭ | | ૫ | | ૧ | ૬ | | |
| | | ૨ | | ૩ | | | | ૯ |
| | | | ૩ | | | ૪ | | |
| | | ૮ | | ૬ | | ૯ | | |
| | | ૭ | | | ૫ | | | |
| ૭ | | | | ૫ | | ૩ | | |
| | | ૧ | ૭ | | ૯ | | ૨ | |
| | ૫ | | | | ૩ | | ૯ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૫ | | | ૬ | | | ૮ |
| | | | ૮ | ૧ | | ૪ | | |
| | | ૨ | ૭ | | | ૧ | | |
| ૩ | | | ૯ | | | | | |
| ૫ | | | | ૭ | | | | ૬ |
| | | | | | ૪ | | | ૨ |
| | | ૧ | | | ૮ | ૩ | | |
| | | ૪ | | ૫ | ૭ | | | |
| ૭ | | | ૧ | | | ૬ | | ૫ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૩ | ૮ | | | ૫ |
| | | ૩ | | | | ૧ | | |
| | ૨ | | ૧ | | | | | ૬ |
| ૨ | | | ૩ | | ૪ | | ૫ | |
| | | ૧ | | | | ૪ | | |
| | ૬ | | ૯ | | ૨ | | | ૩ |
| ૭ | | | | | ૩ | | ૪ | |
| | | ૮ | | | | ૩ | | |
| ૫ | | | ૨ | ૪ | | | | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૯ | | | | | |
| | | | ૩ | ૫ | | | ૨ | |
| ૭ | | ૪ | | | | | ૩ | |
| ૯ | ૧ | | ૨ | | | ૭ | | |
| | | ૬ | ૭ | | ૮ | ૯ | | |
| | | ૭ | | | ૪ | | ૮ | ૧ |
| | ૭ | | | | | ૮ | | ૪ |
| | ૮ | | | ૭ | ૬ | | | |
| | | | | | ૯ | ૨ | | |

*ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૨નો*
*સાચો ઉકેલ મોકલનારની નામાવલિ*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. ઉષા નીતિન હરિયા - વડોદરા
૩. જયંતીલાલ વાલજી રાજગોર - ભુજપુર
૪. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ
૫. ગીતા વિનોદ મહેતા - વડોદરા
૬. કાંતિલાલ રતનશી સાયા - અમદાવાદ
૭. મમતા જિતેન્દ્ર શાહ - અમદાવાદ
૮. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૯. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૦. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૧. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ

*૧ ભૂલવાળાની નામાવલિ*

૧૨. હર્ષિલ રસિક મહેતા - અમદાવાદ
૧૩. મોના જિતેન્દ્ર શાહ - અમદાવાદ
૧૪. સરોજ અનુપચંદ ચંદુરા - સુરત
૧૫. રૂપલ કેયુર લોડાયા - વડોદરા
૧૬. નવીન શામજી લાલકા - ગદગ

*જાન્યુઆરી-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૩નો*
*સાચો ઉકેલ મોકલનારની નામાવલિ*

૧. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ
૨. પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૩. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૪. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ

*૩ ભૂલવાળાની નામાવલિ*

૫. એ. જે. ભટ્ટ - અમદાવાદ

*હું સુખી છું કારણકે મારે કંઈપણ જોઈતું નથી,*
*હું દુ:ખી છું કારણકે મારે કંઈક જોઈએ છે.*

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

**ઉકેલ : ક્રમાંક - ૧૦૧૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ |
| ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૧ | ૨ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ |
| ૭ | ૧ | ૬ | ૩ | ૪ | ૨ | ૯ | ૮ | ૫ |
| ૩ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૪ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૮ | ૭ | ૯ | ૫ | ૩ | ૬ | ૧ |
| ૮ | ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૫ | ૪ | ૩ |
| ૬ | ૭ | ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૫ | ૪ | ૮ | ૯ | ૩ | ૨ | ૭ | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૨ | ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૫ |
| ૫ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ | ૬ | ૨ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૫ | ૨ | ૮ | ૯ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૯ | ૮ | ૫ | ૩ | ૨ | ૭ | ૬ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૯ |
| ૨ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૮ | ૨ | ૩ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૧ |
| ૯ | ૫ | ૧ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૫ | ૩ | ૯ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૫ | ૭ | ૧ | ૨ | ૯ | ૪ | ૬ |
| ૪ | ૯ | ૬ | ૫ | ૩ | ૮ | ૧ | ૨ | ૭ |
| ૨ | ૭ | ૧ | ૬ | ૯ | ૪ | ૮ | ૫ | ૩ |
| ૮ | ૨ | ૩ | ૧ | ૬ | ૭ | ૫ | ૯ | ૪ |
| ૧ | ૫ | ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ |
| ૭ | ૬ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૯ | ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૩ | ૧ | ૫ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૫ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૫ | ૩ | ૮ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૬ | ૯ | ૨ | ૧ | ૫ | ૮ | ૩ |
| ૨ | ૩ | ૯ | ૬ | ૮ | ૫ | ૪ | ૭ | ૧ |
| ૧ | ૮ | ૫ | ૭ | ૪ | ૩ | ૨ | ૯ | ૬ |
| ૭ | ૫ | ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ |
| ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૨ | ૯ | ૩ | ૫ |
| ૯ | ૨ | ૩ | ૫ | ૬ | ૪ | ૭ | ૧ | ૮ |
| ૩ | ૬ | ૧ | ૪ | ૫ | ૭ | ૮ | ૨ | ૯ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૭ | ૨ | ૩ | ૬ | ૧ | ૫ | ૪ |

*માનવીને પોતાની મૂર્ખાઈનો ખ્યાલ આવે ત્યારથી બુદ્ધિની શરૂઆત થાય છે.*

# આ જીવન સુધરે કે બગડે એ બાજી તારે હાથ છે

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

એક જ્ઞાની સંત હતા. સાધનાના પ્રતાપે તેમને વચન સિદ્ધિ વરી હતી. લોકો સ્વાર્થ મૂલક સવાલ પૂછતા તેના જવાબો પણ સંત કરુણા બુદ્ધિથી આપતા અને એ જવાબો અચૂક સાચા પડતા. બાબા મહાજ્ઞાની છે એવી વાતો વાયુવેગે ચારેય દિશાઓમાં પ્રસરી ગઈ અને લોકોના ટોળા પોતપોતાના પ્રશ્નો લઈ ઉમટવા લાગ્યા.

સંતની પ્રસિદ્ધિ અને સન્માન જોઈ એક યુવાનના પેટમાં તેલ રેડાયું. તે ઈર્ષ્યાથી બળવા લાગ્યો. સંતના છિદ્રો શોધવા, તેમને બદનામ કરવા તેનું મન કામે લાગી ગયું. અને આ વિચારોમાં તેની ઊંઘ હરામ થઈ ગઈ.

દરેક સમાજમાં આવા ઈર્ષ્યાળુઓની ઓછપ નથી. બીજાની આબાદી જોઈ આનંદ પામે એવા હૃદયોનો કારમો દુકાળ છે. કોઈ આગળ વધ્યો નથી કે ટાંટિયા ખેંચ શરૂ થઈ નથી. પોતાને માનતો મળે પણ પોતાના કરતા બીજાને થોડું વધારે મળે તો પણ ઈર્ષ્યા છોડતી નથી. પોતાને સ્થાન-પદ સમૃદ્ધિ મળ્યાના આનંદ કરતા બીજાને તેનાથી વધારે મળ્યાની ઈર્ષ્યા જીવને હતાશા અને નિરાશાની ગર્તામાં ધકેલી દે છે. સંતે યુવાનનું કશું બગાડ્યું નથી પણ યુવાન ઈર્ષ્યાથી સળગી ઊઠે છે સંતને બદનામ કરવાનો એક કીમિયો તે ગોતી કાઢે છે.

બંધ મુઠ્ઠીમાં એક પતંગિયાને પકડી તે સંત પાસે જાય છે. અને હજારોની હાજરીમાં સંતને પ્રશ્ન કરે છે, 'સંતજી, આ બંધ મુઠ્ઠીમાં રહેલું પતંગિયું જીવતું છે કે મરેલું?'

પતંગિયું જીવતું છે એમ સંત કહેશે તો મુઠ્ઠીમાં દબાણ આપી તેને મારી નાખીશ અને પતંગિયું મરેલું છે એમ સંત કહેશે તો તેને જીવતું કાઢીશ આમ સંત ખોટા પડશે - બદનામી થશે, લોકોનો વિશ્વાસ ઓછો થશે - યુવાને આવી મેલી મુરાદથી દ્વીધાભર્યો પ્રશ્ન કર્યો હતો.

સંતને યુવાનની ઈર્ષ્યા મિશ્રિત મેલી મુરાદનો ખ્યાલ આવી જાય છે. લોકોના જીવ પણ અદ્ધર થઈ જાય છે - બંને બાજુથી ફસાઈ ગયેલા સંત શું જવાબ આપશે? એ જાણવાની લોકોની ઉત્કંઠા આસમાને પહોંચી છે. કુતૂહલ અને જિજ્ઞાસાથી ધબકારા વધી ગયા છે. કારણ લોકો પણ ઈચ્છતા હતા કે સંતની આબરૂ ન જવી જોઈએ અને પતંગિયું પણ ન મરવું જોઈએ.

પતંગિયું મરે નહીં, વાણી મિથ્યા થાય નહીં અને યુવાનની ઈર્ષ્યા વૃત્તિ પણ શાંત થઈ જાય આ ત્રણે પાસાને નજર અંદાજ કરી સંતે કરુણાસભર હૃદયે કહ્યું, 'ભાઈ... તારી ઈચ્છા હશે તો પતંગિયું જીવતું હશે અને તારી ઈચ્છા હશે તો પતંગિયું મરેલું હશે. તારી ઈચ્છા હશે એવું પતંગિયું હશે.'

જવાબ સાંભળી યુવાન ભોંઠો પડી ગયો, હતપ્રત થઈ ગયો. આવા સચોટ ઉત્તરની તેને કલ્પના જ ન હતી. આખી મેદની પણ સ્તબ્ધ થઈ ગઈ. હવે પતંગિયાને મારે તો પોતાની આબરૂના ધજાગરા થાય. એથી પતંગિયાને જીવતું કાઢ્યું.

યુવકે સંતની ક્ષમા માંગી. સંતની વાત્સલ્યસભર દૃષ્ટિથી યુવકની ઈર્ષ્યાની આગ શાંત થઈ ગઈ. લોકો સંતની કરુણા અને બુદ્ધિને નમી પડ્યા.

આ દૃષ્ટાંતનો સાર તો એ છે કે આપણું જીવન પતંગિયાને સ્થાને છે. જીવન સુધરશે કે બગડશે, સફળ જશે કે નિષ્ફળ, બંને શક્યતાઓ છે. સંતો કહે છે ભાઈ તારી ઈચ્છા હશે એમ થશે. જીવનને સુધારવું એ તારા હાથમાં, બગાડવું તારા હાથમાં. બીજા તો નિમિત્ત માત્ર છે.

જીવનની દુર્લભતા સમજાય અને જીવનનું મૂલ્ય સમજાય તો જ જીવનની મહત્તા સમજાય

*અંતે...*

*ભીતરના ભાવિને કોણ પીછાણી શક્યું છે?*
*લખ્યા વિધિના લેખને કોણે ભાખી શક્યું છે?*
*છો ને વિઘ્નોતણી વણઝાર આવી પડે,*
*સાધકના અચલ મનને કોણ ડગાવી શક્યું છે.*

## સ્વેતલાના

"હે ભગવાન! ઘાસની પાંદડીઓવાળી અને ફૂલપાંદડીથી છવાયેલી આ પૃથ્વી કેવી મજાની છે? દુનિયામાં કેટલાક માણસો ગાંડા છે એ કેવી ભયંકર બાબત છે? એ લોકો પોતાના ઉદ્દેશો પૂરા કરવા માટે બીજા બધા મરી પરવારે તે વાતને પણ યોગ્ય ગણે છે. એક ગરીબ ખેડૂતની પત્નીને પણ સમજાય છે કે આવું ન થવા દેવાય. પરંતુ જે લોકો પોતાને સંસ્કારી કહેવડાવે છે તેઓ આ વાત નથી સમજી શકતા.

મને લાગે છે કે આપણા સમયમાં ઈશ્વરમાં શ્રદ્ધા એટલે સારાપણામાં શ્રદ્ધા.

મને નાનપણથી જ નાસ્તિકતા અને ભૌતિકવાદના સંસ્કારો પાડવામાં આવેલા. આમ છતાં આજે હું ૩૫ વર્ષની થઇ અને જીવનથી થોડી પરિચિત બની ત્યાં સુધીમાં તો હવે ભગવાન વિના રહી જ ન શકું તેવી બની ગઇ છું. એમ થયું તેનો મને આનંદ છે."

**- સ્વેતલાના**

***(રશિયન સરમુખત્યાર સ્ટાલિનની પુત્રી)***

***'નવનીત સમર્પણ' ઓગસ્ટ-૨૦૦૯ના અંકમાંથી***

આ સ્વેતલાના એક ભારતીયને પરણી હતી. તેના પતિનું મૃત્યુ થતાં પતિના અસ્થિફૂલ લઇને તે ભારત આવી હતી અને અસ્થિફૂલને ગંગામાં પધરાવેલા.

***શાંતિલાલ સંઘવી***

*જીવન સાફલ્ય માટે નિષ્ફળતાનો મહિમા પણ જરૂરી છે.*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ પલાંસવાની આજુબાજુ શિયાળાની શરૂઆત થતાં જ શિકારી પ્રવૃત્તિઓનો વધારો થયો છે. અહીં બેરોકટોક શિકારીઓ આવીને રોઝ તેમજ નીલ ગાયની હત્યાઓ કરે છે.

★ લખપતના ઐતિહાસિક ગુરુદ્વારા દ્વારા શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનકજીનો પ્રકાશ પર્વ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં શીખ સમુદાયના ૪૦૦૦ જેટલાં અનુયાયીઓએ દર્શન અને લંગરનો લાભ લીધો હતો.

★ ગુરુદ્વારા સમિતિના પ્રમુખે ગાંધીધામમાં મોટી સંખ્યામાં શીખ પરિવારો વસવાટ કરી રહ્યા હોવાથી લખપત એસ.ટી. બસ સેવા ચાલુ કરવા અથવા ગાંધીધામ નારાયણ સરોવરને વાયા લખપત થઈને રૂટ ડાયવર્ટ કરવા માંગણી કરી હતી.

★ કચ્છ યુવક સંઘ સંચાલિત બિદડાની બી.બી.એમ. હાઈસ્કૂલમાં છાત્રો દ્વારા તૈયાર કરાયેલ એક સાથે ૧૦ હસ્તલિખિત અંકોનું વિમોચન થયું હતું.

★ માંડવીમાં કેન્સર જન જાગૃતિ અને નિદાન શિબિરો ઉપર કેન્સર રિસર્ચ હોસ્પિટલ અને ડાયાલિસીસ સેન્ટર દ્વારા કેન્સરના રોગમાંથી મુક્તિ મેળવેલા ૩૦ દર્દીઓનું અભિવાદન જનકલ્યાણ સોસાયટી દ્વારા અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી વાસણભાઈ આહીર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શેઠ કનકસિંહે ૧૧ લાખનું દાન જાહેર કર્યું હતું.

★ અમરસન્સ ભવનના તેરમા જન્મ દિન પ્રસંગે મહાજનનું મામેરું યોજના અંતર્ગત અંસુબહેન શાંતિલાલ ગડાના હસ્તે દીપ પ્રગટાવીને રાહત દરે દવા માટે મેડિકલ સ્ટોર્સનું લોકાર્પણ વાડીલાલ રતનશીભાઈ સાવલાના હસ્તે કરાયું હતું.

★ સાંસદ સભ્ય પૂનમબહેન જાટે મુંબઈથી ભુજ ત્રીજી ટ્રેન અંગે કેન્દ્રીય રેલવે પ્રધાન મમતા બેનરજી તરફથી ખાતરી મળી હોવાની જાણકારી આપી હતી.

★ પશુઓની હોસ્પિટલના નિર્માણ માટે ડુંગરશીભાઈ ટોકરશીભાઈ વોરાએ એમના લગ્નનાં ૫૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે ૫૧ લાખના દાનની જાહેરાત કરી હતી.

★ ભચાઉ તાલુકાના આધોઈ ગામે સમસ્ત કચ્છ વાગડ વીસા ઓસવાળ ચોવીસી મહાજનના ઐતિહાસિક સંમેલન 'દેશના તેડા'ના સમાપન દિને જીવદયા માટે એક કરોડથી વધુના દાનની જાહેરાત કરવામાં આવી હતી.

★ બિદડા સર્વોદય ટ્રસ્ટ આયોજિત ૩૭મા મેગા કેમ્પને આજે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસદ અલકાબહેને પોતાની ગ્રાન્ટમાંથી પાંચ લાખ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી હતી.

★ અબડાસાના મુખ્ય મથક નલિયામાં અગ્નિશમન સેવા શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

★ અબડાસામાં દોઢ કરોડના ખર્ચે ૮૪ ગામોમાં ૧૧૪ વિકાસ કામોને મંજૂરી અપાઈ છે. આ કામોમાં શાળાના ઓરડા, કમ્પાઉન્ડ વોલ, સ્નાન ઘાટ, વીજળી કરતા સૉલર લાઈટ વગેરેને આવરી લેવામાં આવશે.

★ નખત્રાણાની જી.એમ.ડી.સી. પ્રાયોજિત કચ્છ વિદ્યા સંચાલિત રામાણી કૉલેજને દસ વરસના લાંબાગાળા બાદ આવતા વર્ષથી સરકારી ગ્રાન્ટ મળશે તેમ ધારાસભ્ય શ્રી જયંતીભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું.

★ મહાત્મા મંદિર ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમ્યાન ગુજરાતમાં બંદર, વીજ અને માળખાકીય ક્ષેત્રે રૂા. ૮૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ જાહેરાત કરી હતી અને કચ્છમાં ભદ્રેશ્વર ખાતે ૩૩૦૦ મેગાવોટનું વીજ એકમ ઊભું કરવા અદાણી જૂથે સમજૂતી કરેલ છે.

★ રિલાયન્સ જૂથે (અનિલ અંબાણી જૂથ) દ્વારા કચ્છમાં વિશાળ એકમ ઊભું કરવામાં આવશે તેમજ સુઝલોન એનર્જી દ્વારા ૬૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે.

★ ભુજમાં વીસા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ દ્વારા લાલચંદ ડોસાભાઈ ધર્મશાળાનું રૂપિયા ત્રણ કરોડના ખર્ચે રિનોવેશન કરીને લોકાર્પણ કરવામાં આવેલ હતું. આ યાત્રિક ભવનમાં ૧૨ એ.સી., ૧૬ નોન એ.સી. અને ચાર ડિલક્ષ રૂમની સગવડ ઉપલબ્ધ કરાઈ છે. આ ઉપરાંત રાહત દરે ડોરમેટરીની પણ સગવડ કરવામાં આવેલ છે.

★ કંડલા પોર્ટ ટ્રસ્ટે થોડાં વર્ષ પહેલાં તુણા બંદરે ઊભી કરેલી બાર્જ હેન્ડલિંગની સુવિધાના કારણે ખાનગી કંપનીઓ દ્વારા કોલસા તથા ટીમ્બરનું હેન્ડલિંગ કરાતાં આ બંદર કામકાજથી ધમધમી ઊઠ્યું છે.

★ વર્ષોથી પોતાના માલ સાથે સીમ અને વગડામાં વિચરતા રબારી સમાજે અન્ય ધંધાકીય ક્ષેત્રે હરણફાળ ભરી છે. નર્મદા યોજના કાર્યરત થવાથી તેઓ હવે યાંત્રિક વ્યવસાયમાં જોડાયા છે. સ્થાનિક કારખાનામાં પણ હિટાચી જે.સી.બી. ચલાવાઈ રહ્યા છે. આના કારણે આ લોકો કરોડો રૂપિયાના યંત્રોના માલિક બન્યા છે.

★ વાઈબ્રન્ટના કારણે કચ્છમાં નીચેના ઉદ્યોગપતિઓ પોતાના ઉદ્યોગ સ્થાપશે.

- મુકેશ અંબાણી જૂથ રૂા. ૪૦૦૦ કરોડના ખર્ચે ૫૦ લાખ ટન ક્ષમતાનો સિમેન્ટ પ્લાન્ટ સ્થાપશે. તે માટે રિલાયન્સ ટીમે જમીનની ખોજમાં કચ્છમાં ધામા નાંખ્યા છે. તેઓ અબડાસા અને લખપત તાલુકામાં જમીન ચકાસી રહ્યા છે.

*અસફળતા એ કોઈ મોટી મુસીબત નથી.*

- વેલસ્પન પોતાના સ્ટીલ પ્લાન્ટમાં રૂા. ૨૦૦૦ કરોડનું રોકાણ કરશે.
- વાડીનાર અને તુણા ખાતે રૂા. ૩૭૧૦ કરોડના ખર્ચે કંડલા પોર્ટ ટ્રસ્ટ ડ્રાય કાર્ગો અને ક્રુડ ઓઈલ જેટી બનાવશે.
- આશાપુરા પ્લસીસ દ્વારા ૬૦૦ કરોડના એમ.ઓ.યુ. કરાયા.
- મૂળ કચ્છના હાલ રાંચી (ઝારખંડ)ના તુલસી પટેલ દ્વારા સિમેન્ટ ક્ષેત્રે ૭૦૦ કરોડનું રોકાણ કરશે.

★ માંડવીમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં રાષ્ટ્રીય પક્ષી પ્રત્યે જાગૃતિ લાવવાની દિશામાં પ્રયાસ કરાયો હતો. આ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૧૬ દેશોના પતંગોમાં નાગ્રેચાના વિશ્વ શક્તિ મંડળ દ્વારા મોરની કલાકૃતિથી શોભતા પતંગે અનોખી ભાત પાડી હતી અને પક્ષીપ્રેમ બતાવ્યો હતો.

★ જિલ્લા મથકે છેલ્લા દોઢ બે વરસથી ઘટતી દિવાની તેમજ ફોજદારી અદાલતોના કારણે ન્યાય મેળવવામાં થતા વિલંબને કારણે હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રજૂઆતના પરિણામે હવે અહીં એક વધારાની ફાસ્ટ ટ્રેક કોર્ટને મંજૂરી સહિત બંધ પડેલી ત્રણ એસ.ડી. અને ચાર જે.ડી. એમ કુલ આઠ અદાલતો માટે ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવી છે.

★ ચોમાસામાં વરસાદના કારણે મોટાભાગના ખરાબ રસ્તાઓ ઉપર પણ કચ્છની એસ.ટી. બસોએ ડીઝલ બચાવીને રૂા. ૨૬,૦૦૦/- નું ઈનામ મેળવ્યું છે.

★ ટેબલ ટેનિસ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા લેવાયેલ રાષ્ટ્રીય અમ્પાયર્સની પરીક્ષામાં કિરીટ ધોળકિયા અને શિવકુમાર પસંદગી પામતાં તેઓ રાષ્ટ્રીય સ્તરે અમ્પાયરિંગ કરશે.

★ ફ્રાંસના એક પતંગપ્રેમી ડોમ માર્ટિને પતંગોત્સવમાં પ્રથમ સ્થાન પામી સ્પર્ધકોમાં મેદાન માર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મને મોર ખૂબ જ પ્રિય છે. તે મારું માનીતું પક્ષી છે અને કચ્છી કર્ણપ્રિય લોકસંગીતની મીઠાશ સમાન મોરચંગ મારું માનીતું વાદ્ય છે.

★ ભુજના તીર્થન ચેરિટેબલ ટ્રસ્ટ અને ભોપાલના ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલયના ઉપક્રમે ભુજમાં હિમાલયના રાજ્યો મણિપુર, આસામ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાંચલની જનજાતિઓના પરંપરાગત નૃત્યો પર આધારિત રંગારંગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

★ થોડા દિવસ પહેલા રણ ઉત્સવ ગજવી ગયેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રદેશ ભાજપ કારોબારીની મીઠાના રણ ધોરડો ખાતે મળેલ બેઠકમાં જણાવેલ કે સમુદ્રના મોજાંથી વીજળી ઉત્પન્ન કરવાનો એશિયાનો સૌથી મોટો પ્રોજેક્ટ કચ્છમાં આવી રહ્યો છે. કચ્છના વિકાસનો પરિચય કરાવતા જણાવ્યું કે આ ભોમકાને સમજવામાં, તેનો અભ્યાસ કરવામાં અડધી જિંદગી નીકળી જાય છે. આ પ્રોજેક્ટ એશિયામાં સૌથી મોટું યુનિટ બની રહેશે. તેના માટે બ્રિટિશની એટલાન્ટિક રિસર્ચ કોર્પોરેશન નામની કંપની આગળ આવી છે.

★ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ધોરડો ખાતે જણાવતા કહ્યું હતું કે કચ્છ ગુજરાતનું ટૂરિઝમ કેપીટલ તરીકે વિશ્વ પ્રવાસન ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરશે. અને તેમણે એવી આશા સેવી હતી કે ૨૦૧૧ના વર્ષમાં કચ્છમાં એક લાખ પ્રવાસીઓ રણની મુલાકાત લે.

★ ભૂકંપની દસમી વરસી ભણી આગળ વધી રહેલા સરહદી કચ્છ જિલ્લામાં થોડા સમયથી શરૂ થયેલ ધરતીકંપોના અવાજોથી લોકોમાં ભય અને ચિંતાની લાગણી પ્રસરી છે. છેલ્લે પાકિસ્તાનમાં રીક્ટર સ્કેલ ઉપર ૭.૨ના આવેલ ભૂકંપથી કચ્છી ધરા ધ્રુજી ઊઠેલ. જેનો લોકોએ ભય સહિત અનુભવ કરેલ. જેમાં ગુરુવાર, તા. ૨૦-૧ના રોજ સવારથી સાંજ સુધીમાં ભૂકંપના ત્રણ આંચકા નોંધાયેલ હતા. ખાવડા નજીક દિનારા ગામના લોકોએ જણાવેલ કે ભૂકંપનો આંચકો ખૂબ જોરદાર હતો.

★ દર વર્ષની જેમ ચાલતા બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શા. કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ ખાતે ૩૭મા મેગા મેડિકલ કેમ્પમાં નેત્ર - દંતયજ્ઞમાં દસ હજારથી વધુ દર્દીઓએ લાભ લીધો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર કચ્છમાં ૨૬ જેટલા આંખ અને દાંત તપાસ કેન્દ્રો રાખવામાં આવ્યા હતા. જેમાં નિષ્ણાત તબીબોની ૪ ટીમોએ વિવિધ સેન્ટરોની મુલાકાત લઈ ૬ હજારથી વધુ દર્દીઓને દવા અને ટીપાં આપવામાં આવેલ હતા.

★ આરોગ્યની દૃષ્ટિએ પછાત ગણાતા વાગડ પંથકમાં ૨૨ વર્ષથી સેવાની જ્યોત પ્રજ્વલિત રાખનાર વાગડ કલા કેન્દ્રએ યોજેલ ૨૫મા મેડિકલ સર્જિકલ કેમ્પમાં મુંબઈથી આવેલ નિષ્ણાત તબીબો દ્વારા વિવિધ દર્દોના, દિવાળીબહેન વીરજી હંસરાજ ગાલા પરિવારના સહયોગથી ૫૧ જેટલા ઑપરેશન કરેલ હતા અને ૨૧૮ દર્દીઓને તપાસ્યા હતા.

★ વાઈબ્રન્ટ ગુજરાતના સ્વર્ણિમ વર્ષમાં રૂા. ૩૫૫ કરોડના ખર્ચે કચ્છ સૌરાષ્ટ્રનું વીજમાળખું સુદ્રઢ બન્યું છે. માત્ર ૩૬ મહિનાના ટૂંકાગાળામાં આ કામગીરી સંપન્ન કરવામાં આવેલ છે. જેના કારણે પછાત કચ્છ વિસ્તારમાં જ ૨૦૦ કે.વી.ની ૧૦૦ કિ.મી. અને ૪૦૦ કે.વી. ક્ષમતાની ૨૪૦ કિ.મી. લાંબી પ્રવહન વીજ લાઈનો કાર્યાન્વિત કરવામાં આવી છે.

★ ભુજ ખાતે આવેલ વિજયરાજજી પુસ્તકાલયને સ્વ. ભાસ્કરરાય વિજયશંકર પંડ્યા તથા સ્વ. નિર્મળાબહેન ભાસ્કરરાય પંડ્યાના સ્મરણાર્થે જયંતભાઈ ભાસ્કરરાય પંડ્યા તરફથી વોટર કુલર તથા વોટર ફિલ્ટર અર્પણ કરેલ હતા.

★ લાકડિયા અજરામર સ્થાનકવાસી જૈન સંઘના આંગણે પૂ. નેમિચંદ્રજી સ્વામિ પૂ.પ્રકાશચંદ્રજી સ્વામિ આદિ ઠાણા-૮ના સાનિધ્યમાં તેલુબહેન નાનજી ગાલાની પુત્રીઓ મુમુક્ષુ નિમિષાબહેન તથા મુમુક્ષુ અમૃતાબહેનનો ભાગવતી દીક્ષા મહોત્સવ ઉજવાયો હતો. જેમાં ઉછામણીમાં રૂા. ૯૪ લાખ એકત્રિત કરાયેલ હતા.

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

*સગુણ, નિર્ગુણ ભક્તિ હોય ત્યારે જ જીવ શિવત્વ પામે.*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી





| | | | |
|---|---|---|---|
| ઉમેદવારનું નામ : | **મમતા** | **હિમાની** | **નીતિન** |
| પિતાશ્રીનું નામ : | જિતેન્દ્રભાઈ | નવીનચંદ્ર | શાંતિલાલ |
| માતાશ્રીનું નામ : | મધુબહેન | | શીલાબહેન |
| અટક : | શાહ | મહેતા | દંડ |
| જન્મ તારીખ : | ૦૩-૦૫-૧૯૮૨ | ૨૮-૧૦-૧૯૮૬ | ૧૦-૧૦-૧૯૮૩ |
| ઉંમર : | ૨૮ વર્ષ | ૨૪ વર્ષ | ૨૭ વર્ષ |
| ઊંચાઈ : | ૫'૪" | ૫' | ૫'૮" |
| વજન : | ૬૮ કિ.ગ્રા. | ૪૫ કિ.ગ્રા. | ૭૦ કિ.ગ્રા. |
| વર્ણ : | ગોરો | ગોરો | ઘઉંવર્ણ |
| બ્લડ ગ્રૂપ : | B+ | O+ | B+ |
| કુંડળીમાં માનો છો? : | હા | હા | હા |
| મંગળ કે શનિ છે? : | મંગળ છે. | નથી | શનિ છે. |
| ચશ્માં છે કે નહીં? : | ચશ્માં છે | નથી | ના |
| કોઈ ખોડ હોય તો તેની વિગત : | — | — | — |
| શોખ : | રીડિંગ, પઝલ્સ સોલ્વિંગ | પ્રવાસ, સંગીત | વાંચવાનો, મ્યુઝિક |
| ખાસ પસંદગી : | ઓછામાં ઓછું ગ્રેજ્યુએટ | | સંસ્કારી, સારું ભણેલી |
| અભ્યાસ : | બી.કોમ. | | એમ.કોમ. |
| વ્યવસાય/નોકરી કરતા હો તો વિગત : | – | — | વ્યવસાય |
| વાર્ષિક આવક : | — | — | — |
| પિતાજીના વ્યવસાય/નોકરીની વિગત : | — | નોકરી | વ્યવસાય |
| પિતાજીના ફોન નંબર : | ૨૬૬૪ ૧૭૪૮ | ૩૦૫૨૮૪૨૦ | ૮૮૬૬૧ ૧૬૬૨૦ |
| મોસાળ પક્ષનું (નાના કે મામા)નું નામ : | ગિરીશભાઈ કાંતિલાલ શાહ | દેવાંગ ભોગીલાલ દેસાઈ | ઓમપ્રકાશ જૈન |
| કચ્છમાં ઉમેદવારના પોતાના ગામનું નામ : | ભુજ | માંડવી | સાંધવ |
| તાલુકો : | ભુજ | માંડવી | અબડાસા |
| હાલનું પૂરું સરનામું : | ૨૧/૨૨૩, પૂજન એપાર્ટમેન્ટ, જીવરાજ મહેતા હોસ્પિટલની બાજુમાં, અમદાવાદ-૩૮૦ ૦૦૭. | ૨૦૩, પારસ એપાર્ટમેન્ટ્સ, જૈન દેરાસર પાસે, ભાઈકાકા નગર, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯. | ૩૦૭, નવનીત ભવન, આણંદજી કલ્યાણજી જૈન બ્લોક, બહેરામપુરા પોલીસ ચોકી સામે, બહેરામપુરા, અ'વાદ-૨૨. |
| ફોન નંબર : | | ૩૦૫૨૮૪૨૦ | |
| મોબાઈલ નંબર : | ૯૯૨૫૫ ૦૫૧૯૯ | ૯૬૮૭૪૮૫૮૬૪ | ૯૩૨૭૦ ૫૪૬૩૫ |
| ઉમેદવાર સાથે રહેતી વ્યક્તિઓના નામ: | માતા, પિતા, ભાઈ, ભાભી | માતા, પિતા. (૧ કુંવારા ભાઈ) | માતા, પિતા. (૧ કુંવારા ભાઈ) |

*ઈશ્વરની ઉપાસનાથી જીવન સફળ બને.*

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| **ઉમેદવારનું નામ** | : | **ચિરાગ**  | **હેપીન**  |
| **પિતાશ્રીનું નામ** | : | મુકેશકુમાર | ધીરજલાલ |
| **માતાશ્રીનું નામ** | : | દીપાબહેન | રસીલાબહેન |
| **અટક** | : | સંઘવી | રાંભિયા |
| **જન્મ તારીખ** | : | ૧૬-૧૦-૧૯૮૬ | ૨૦-૧૦-૧૯૮૪ |
| **ઉંમર** | : | ૨૪ વર્ષ | ૨૬ વર્ષ |
| **ઊંચાઇ** | : | ૫'૧૦" | ૫'૧૦" |
| **વજન** | : | ૬૫ કિ.ગ્રા. | ૧૦૦ કિ.ગ્રા. |
| **વર્ણ** | : | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| **બ્લડ ગ્રૂપ** | : | O+ | O+ |
| **કુંડળીમાં માનો છો?** | : | ના | હા |
| **મંગળ કે શનિ છે?** | : | નથી | નથી |
| **ચશ્માં છે કે નહીં?** | : | નથી | નથી |
| **કોઈ ખોડ હોય તો તેની વિગત** | : | — | — |
| **શોખ** | : | સ્પોર્ટ્સ, કોમ્પ્યુટર | |
| **ખાસ પસંદગી** | : | | સંસ્કારી કન્યા |
| **અભ્યાસ** | : | બી.કોમ., એમ.બી.એ. | ધોરણ-૧૨ |
| **વ્યવસાય/નોકરી કરતા હો તો વિગત** | : | વ્યવસાય | વ્યવસાય |
| **વાર્ષિક આવક** | : | ૬ લાખ રૂપિયા | ૧ લાખ |
| **પિતાજીના વ્યવસાય/નોકરીની વિગત** | : | વ્યવસાય | વ્યવસાય |
| **પિતાજીના ફોન નંબર** | : | ૦૬૬૧૨૪૦૦૦૬૫ | ૦૨૬૯૨-૨૭૪૪૬૮ |
| **મોસાળ પક્ષનું (નાના કે મામા)નું નામ** | : | આસિતકુમાર રમણિકલાલ શાહ | કલ્યાણજી ખેતશી વોરા (બિદડા) |
| **કચ્છમાં ઉમેદવારના પોતાના ગામનું નામ** | : | મુંદ્રા | નાગલપુર |
| **તાલુકો** | : | મુંદ્રા | માંડવી |
| **હાલનું પૂરું સરનામું** | : | જે/૩, સિવિલ ટાઉનશિપ, રાઉરકેલા, ઓરિસ્સા. | "રત્નકુંજ", ૧૬/બી, જયપ્રકાશ સોસાયટી, એલ.જી. નગરની બાજુમાં, નિઝામપુરા, વડોદરા-૩૯૦ ૦૦૨. |
| **ફોન નંબર** | : | ૨૫૧૦૫૭૨ | ૬૫૩૪૫૫૬ |
| **મોબાઈલ નંબર** | : | ૦૬૬૧૨૪૦૦૦૬૫ | ૯૭૨૫૯ ૪૬૭૬૯ |
| **ઉમેદવાર સાથે રહેતી વ્યક્તિઓના નામ** | : | દાદા-દાદી, માતા-પિતા, ૧ કુંવારી બહેન | માતા, પિતા. (૨ કુંવારા ભાઈ) |

## દ્રઢતા

આપણે ઈશ્વરના બાળક છીએ. આપણામાં અનેક શક્તિ ભરેલી પડી છે. આપણે જે પણ ધારીએ તે કરી શકીએ છીએ એટલી શક્તિ આપણામાં ભરેલી છે. આ વાત આપણે કદી પણ ન વિસરીએ. આપણે અનેકવાર નિષ્ફળ થયા હોઈએ તો તેનું કારણ એ છે કે કાર્ય કરવાની આપણી પદ્ધતિમાં કંઈક ભૂલ છે - હશે. આપણે ફરીથી પ્રયત્ન કરીએ તો સફળતા આપણને જરૂરથી મળશે. આ જીવન એક સંગ્રામ છે. લડવાને માટે આપણે હંમેશાં તૈયાર રહેવું જોઈએ. મનની સાથે અનેક સંજોગોની સામે લડાઈ કરવા આપણે સદાય તૈયાર રહેવાનું છે. આ યુદ્ધમાં આપણે જીતવાનું છે, હારવાનું નથી. જીવન સંગ્રામને જીતવા માટે આપણામાં દ્રઢતાનો ગુણ હોવો જરૂરી છે. જે આંખ નીચી નમતી નથી, જે વિચાર ભ્રમણામાં પડી જતો નથી, તેનો વિજય અવશ્ય છે.

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

## ફોર્ડ અને ગાંધીજી

ફોર્ડ મોટર કંપનીના માલિક હેનરી ફોર્ડના નામથી આપણે સૌ પરીચિત છીએ. ફોર્ડ યુદ્ધ વિરોધી હતા અને ગાંધીજીની લડત અંગે જાણકારી ધરાવતા હતા. ફોર્ડે ગાંધીજીને પત્ર લખ્યો, ને જણાવ્યુંકે પોતે ગાંધીજીના જીવનના અને સંદેશના પ્રશંસક છે. ગાંધીજીએ પણ ફોર્ડ વિશે સાંભળ્યું હતું. ફોર્ડનો પત્ર વાંચીને ગાંધીજીએ પ્રસન્ન થઇ જવાબમાં પોતાના હસ્તાક્ષરવાળો રેંટિયો ભેટ મોકલ્યો. ફોર્ડને રેંટિયામાં રહેલી યાંત્રિક સાદગી ખૂબ ગમી ગઇ તથા એની સાથે જોડાયેલી નૈતિક જીવનદષ્ટિ એવી તો સ્પર્શી ગઇ કે એમણે 'આર્થિક સ્વાવલંબનના પ્રતીક' જેવા ગાંધીના રેંટિયા પર સૂતર કાંતવાનું શરૂ કરી દીધું! ફોર્ડ રેંટિયો ચલાવતા થઇ ગયા!

***- ગુણવંત શાહ***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*સંસારમાં કોઈ અજ્ઞાન શક્તિ સતત કાર્ય કરી રહી છે જેને આપણે જાણતા નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમની તસવીરી ઝલક




















## તા. ૯-૧-૨૦૧૧ના રોજ યોજાયેલ અવયવ અને બ્લડ ડોનેશન કેમ્પની તસવીરી ઝલક...






## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત
## પ્રજાસત્તાક દિન, તા. ૨૬-૧-૨૦૧૧ના રોજ યોજાયેલ ધ્વજ વંદનના કાર્યક્રમની તસવીરી ઝલક...
(ધ્વજવંદન કરાવતા ટ્રસ્ટી શ્રી શાંતિલાલ છગનલાલ શાહ)



## તા. ૨૬-૧-૨૦૧૧ના રોજ બ્લડ ડોનેશન સમિતિ દ્વારા આયોજિત રક્તદાન શિબિરની ઝલક




# વયસ્ક સમિતિ દ્વારા આયોજિત પિકનિક



સરિતાની મજા માણતા વયસ્કો



સરિતા સ્નાન કરીને હર્ષોલ્લાસ કરતાં સમિતિના વડીલો.



જળ દેવતાને અંજલિ અર્પણ કરતા વયસ્ક શ્રી મણિલાલ ગોસર



રમત ગમતની મજા માણતું વયસ્ક સમિતિનું મહિલા વૃંદ



શ્રી પદમશી ડાયા અને શ્રીમતી મધુરીબહેન પદમશી ડાયાનું બહુમાન કરતા વયસ્ક સમિતિના સભ્યો



શ્રીમતી પ્રભાબહેન સૂરજલાલ મહેતાનું બહુમાન કરતા વયસ્ક સમિતિના સભ્યો



શ્રી ભોગીલાલ છગનલાલ શાહ અને શ્રીમતી નિર્મલાબહેન ભોગીલાલ શાહનું બહુમાન કરતા વયસ્ક સમિતિના સભ્યો



ગળતેશ્વર ખાતે ભોજન અને નિવાસની સુવિધા પૂરી પાડનાર મહંત શ્રીનું સન્માન કરતા વયસ્ક વડીલાગ

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **નવીન જેઠાભાઈ લાલકા**
  ૨૩૧/૨૭૬૬, સત્યમ એપાર્ટમેન્ટ,
  સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩.
- **જયંતીલાલ જીવરાજ મહેતા**
  ૨૦૧, કનક રેસિડન્સી-૨, વિકાસગૃહ સામે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : (૦૭૯) ૨૬૬૨૧૫૨૪

## શરણાઈ

- **રવિવાર, તા. ૨૮-૧૧-૨૦૧૦**
  **સંજય રતનબહેન અરવિંદ પ્રેમજી દેઢિયા (તલવાણા - કલોલ)**
  **નમીતા યોગિનીબહેન (ડો.) હરીશભાઈ શાંતિલાલ ગાયવાળા (જંબુસર)**
- **બુધવાર, તા. ૧૨-૧-૨૦૧૧**
  **ફોરમ કલ્પનાબહેન હરખચંદ નાનજી પોલડિયા (તલવાણા - અમદાવાદ)**
  **મિહિર શોભનાબહેન મહેશભાઈ હિંમતલાલ શાહ (દાબલા - અમદાવાદ)**

## અભિનંદન

કલાકારો પોતપોતાની વિશિષ્ટ કલાશૈલીઓ અને કલા સમૃદ્ધિનો એક આગવો ખજાનો છે. દરેકની આગવી સૂઝ, વૈવિધ્યસભર દૃષ્ટિકોણ, મૌલિકતા તથા નવીનતા સહ સ્પર્ધાત્મક અભિગમ સાથે ચતુર્થ કલા પ્રદર્શનમાં ૨૪૪ કલાકારોની ૩૭૭ કલાકૃતિઓ ગુજરાત કલા પ્રતિષ્ઠાન, સુરતને મળી હતી. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય **સંગીતાબહેન વિશાલભાઈ ગડા**ને શ્રેષ્ઠ મહિલા કલાકૃતિ વિભાગમાં રૂા. ૫,૦૦૦/-નું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. તે બદલ હાર્દિક અભિનંદન.

## નવું સાહસ

સમાજના સભ્ય **ડો. કેતન ઈન્દુભાઈ શાહ**ના બીજા દવાખાનાનું શુભ ઉદ્‌ઘાટન તા. ૨૩-૧-૨૦૧૧ના રોજ હતું, જે પ્રસંગે શુભેચ્છકોએ મોટી સંખ્યામાં હાજર રહી શુભેચ્છા પાઠવી હતી.

*શુભ સ્થળ* :
ડૉ. કેતન ઈન્દુભાઈ શાહ
રણછોડજીની ચાલીના નાકે, અસારવા આચાર્યજીની બેઠકની સામે,
અસારવા માધ્યમિક સ્કૂલ સામે, અમદાવાદ-૩૮૦ ૦૧૬.

## સાભાર સ્વીકાર

શ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ દેઢિયા (તલવાણા - અમદાવાદ)ના સુપુત્ર ચિ. સંજયના તા. ૨૮-૧૧-૨૦૧૦ના રોજ થયેલ શુભ લગ્ન પ્રસંગે, શ્રી અરવિંદભાઈ તરફથી રૂા. ૨૫૧/- શ્રી કચ્છી જૈન સેવા સમાજને તથા રૂા. ૨૫૧/- મંગલ મંદિરને ભેટ મળેલ છે. જેનો સમાજે સાભાર સ્વીકાર કરેલ છે.

## કોઈપણ ઉંમરે પોતાનો સ્વભાવ બદલી શકાય છે

બધું જ ભૌતિક સુખ હોવા છતાં ઘણીવાર એ પ્રશ્ન થતો હોય છે કે મારા અસ્તિત્વનું ખરેખર શું પ્રયોજન છે? આવી ભાવના ત્યારે થતી હોય છે જ્યારે આપણી નજીકના લોકો દ્વારા અવગણના થવા લાગે છે. જીવનમાં આધ્યાત્મિક દૃષ્ટિનો અભાવ હોય છે ત્યારે કેવળ ભૌતિક સુખથી સંતોષ નથી મળતો. આ આધ્યાત્મિક દૃષ્ટિ કેવળ ધાર્મિક જ હોય તે જરૂરી નથી પરંતુ પોતાને જે મળ્યું છે તે માટે આભાર માનવાની વૃત્તિ કેળવો તથા બીજાઓને એમની વર્તણૂક માટે માફ કરવાની શક્તિ મેળવો. પરિવર્તનો નાટ્યાત્મક જ હોય તે જરૂરી નથી. એક નાના પગલાંરૂપે કોઈપણ ઉંમરે પોતાનો સ્વભાવ બદલી શકાય છે. દરેક વાતમાં આપણે સાચા છીએ તે દુરાગ્રહ છોડો. જીવનમાં સુધારો લાવવા માટે સૌથી મોટી અડચણ આપણું મન છે. મનને મનાવી વાસ્તવિક્તાનો સ્વીકાર કરતાં શીખો. કોઈ બાળકથી ભૂલ થઈ જાય તો આપણે માફી આપી દઈએ છીએ તો મોટાઓ સાથે આ વ્યવહાર કરતાં કેમ ખચકાટ થાય છે? બદલો લેવાની ભાવના છોડશો તો સંતોષની લાગણી થશે. ધ્યાન (મેડિટેશન) ખોટા વિચારોને દૂર કરી વર્તણૂક બદલી શકે છે. તમને ગમતી પ્રવૃત્તિ કરવાથી નવી ઊર્જાનો સંચાર થશે. તમે એમાં એટલા વ્યસ્ત થઈ જાઓ કે ખોટી ચિંતાઓ માટે સમય જ ના રહે.

પોતાના મનની આબોહવાની આગાહી કરતાં શીખો. તોફાનનો અણસાર જાણતાંની સાથે જ તેને દબાવવાનાં પગલાં લેવા માંડો. સમસ્યા અને વિકલ્પોને કાગળ ઉપર ઉતારવાથી એક નવી દૃષ્ટિ અને શક્તિ મળશે. જેમ સુખ પસાર થઈ જાય છે તેમ દુઃખ પણ કાયમી નથી રહેતું એ સત્યને સ્વીકારી લો. જીવન એક એવી પરીક્ષા છે જ્યાં એક ભૂલથી નિષ્ફળ નથી થવાતું. પણ એમાંથી બોધ લઈને આગળ વધવાનું હોય છે. આળસ એક એવો શત્રુ છે જેની શક્તિની ક્યારેય અવગણના ના કરો. એ તમને નિષ્ક્રિય કરીને તમારા હેતુથી દૂર લઈ જશે. આ પ્રશ્નો તમારા જીવનમાં પણ આવી શકે છે. જ્યારે આવા બનાવો બને ત્યારે ધીરજ અને શાંતિ રાખો. મનને ઉદ્યમી ન બનાવો.

***સાભાર : 'પરિત્રાણ'***
***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*જ્યાં પરાધીનતા છે ત્યાં સર્વ બાબતમાં દુઃખ જ દુઃખ છે. સ્વાતંત્ર્યની પરિસ્થિતિમાં સુખ જ મળે છે.*

# લગ્નની સુવર્ણ જયંતી

ખુશાલીને શબ્દોમાં રજૂ કરવાનું સહેલું નથી. આનંદને અક્ષરસઃ અંકિત કરવાનું કામ અઘરું છે. આસોપાલવના તોરણ બંધાયા હોય, ધ્રિબાંગ ધ્રિબાંગ વાગતો ઢોલ જે પ્રસંગને ગજવતો હોય, બહેનાનાં કંઠે બેઠેલી કોયલ મધુર ગીતો દ્વારા સૂર રેલાવી સાખ પૂરતી હોય એવા અવસરનું નામ આપણે પાડીએ કે ન પાડીએ, સ્વયં સમજાઈ જાય – એનું નામ વિવાહ લગ્નનો સમય.

ઉપર મુજબ ખુશી - આનંદનો માહોલ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ કે. દેઢિયા અને તેઓશ્રીના પત્ની એટલે સમાજના એક અનન્ય કાર્યકર, એક અચ્છા કલાકાર શ્રીમતી ચંદ્રિકાબહેનના તા. ૧૭-૧૨-૧૯૬૦નાં રોજ શુભ લગ્ન પ્રસંગે સંપન્ન થયું હતું. આ રીતે તા. ૧૭-૧૨-૨૦૧૦નાં રોજ આ યુગલે લગ્નજીવનના સુવર્ણ જયંતી વર્ષમાં પ્રવેશ કર્યો છે.



ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા અને શ્રીમતી ચંદ્રિકાબહેન ચંદ્રકાંત દેઢિયા

તેઓના પરસ્પર પ્રેમનું પૂજન, ઉમળકાનો ઉભરો અને હોંશની હેલી રેલાવતા સફળતાપૂર્વક લગ્ન જીવનના યાદગાર ૫૦ વર્ષ પૂરા થયાનો અવસર એટલે ગોલ્ડન જ્યુબિલી વર્ષ. તે શુભ પ્રસંગે ૫૦ વર્ષ પૂરાં કર્યા છે. આ ગોલ્ડન પળોની ઉજવણી તેઓશ્રીના પરિવારજનની ઉપસ્થિતિમાં તાજેતરમાં મુંબઈ મધ્યે થઈ હતી. સમાજસેવાના રંગે રંગાયેલા આ અડીખમ જાજરમાન દંપતીને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન.

આવા પ્રસંગોએ સામાન્ય પ્રણાલી મુજબ કોઈ ભેટસોગાદ કે પુષ્પગુચ્છ લાવતા હોય છે. તેનાં બદલે એક નવો ચીલો પાડવા, સમાજ તરફથી તરછોડાયેલ વિચરતી જાતિના ઘરબાર વગરના ભટકતા સમુદાયોને સ્થાયી કરવા અને તેમના ઉત્થાન માટે કાર્યરત "વિચરતા સમુદાય સમર્થન મંચ"ને આર્થિક અનુદાન આપવા માટે, આ યુગલના પરિવારજનોને અપીલ કરવામાં આવી હતી. જેને ઉમળકાભેર પ્રતિસાદ મળ્યો હતો અને જેના પરિણામે રૂા. ૧,૫૦,૦૦૦/- (રૂપિયા દોઢ લાખ) જેટલી રકમ "વિચરતા સમુદાય સમર્થન મંચ"ને મોકલી આપવામાં આવી છે.

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે શ્રી ચંદ્રકાંતભાઈ અને તેમનાં જેવા અન્ય સાથી કાર્યકરોના પ્રયાસથી જ શ્રી કચ્છી જૈન સમાજનું નામ અમલમાં આવ્યું અને તેનાં પરિણામ સ્વરૂપે સંસ્થાનું કાર્યફલક વિસ્તૃત થયું. આ સંસ્થાને તેમના પરિવાર દ્વારા ડોનેશન પણ તેટલા પ્રમાણમાં મળતા રહે છે. તેનાં કારણે આ સેવા ભવનનું નામ તેમનાં માતુશ્રીના નામે છે. સમયાંતરે શ્રી કચ્છી જૈન ભવન, સાંસ્કૃતિક કેન્દ્ર, અતિથિ ભવન, મેડિકલ ચેક-અપ સેન્ટર, વિશ્રામ ગૃહ વગેરે સ્થાપિત કરવામાં તેઓશ્રીનો અગ્રીમ હિસ્સો છે અને આ સંસ્થાને પોતાની માતૃસંસ્થા બનાવી દીધેલ છે.

તેવીજ રીતે તેમનાં પત્ની શ્રીમતી ચંદ્રિકાબહેન પણ છેલ્લાં કેટલાય વર્ષોથી સમાજની સેવા કરવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. 'ભક્તિ મંડળ'ની સ્થાપના તેઓએ કરાવેલ છે. શ્રી કચ્છી મહિલા સમાજ, તેઓના પ્રમુખપણા હેઠળ વર્ષોથી કાર્યરત છે. 'મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ'ના નેજા હેઠળ સમાજની મહિલાઓ વિવિધ કાર્યક્રમો માટે નિયમિત એકત્ર થાય છે. આ સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'ના સંપાદિકા તરીકે સતત ૨૨ વર્ષ સુધી કામગીરી તેઓશ્રીએ સફળતાપૂર્વક બજાવી ચૂક્યા છે.

'મંગલ મંદિર' આ સેવાભાવી યુગલનું, તેમના લગ્નજીવનની ગોલ્ડન જ્યુબિલીના અવસરે ભાવભર્યું અભિવાદન કરીને સર્વે શુભકામના પાઠવે છે.

***– દિનેશ મહેતા***

*ઉપરોક્ત અવસર નિમિત્તે યુવા વિકાસ સમિતિ આયોજિત નોટબુક તથા બુક્સ વિતરણ કાર્યક્રમમાં તેઓશ્રીના નીચે જણાવેલ પરિવારજન દ્વારા રૂા. ૫૧,૦૦૦/-ની માતબર ભેટ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પ્રાપ્ત થઈ છે.*

*શ્રી મયૂર ચંદ્રકાંતભાઈ દેઢિયા અને શ્રીમતી અનિલાબહેન મયૂર દેઢિયા, ડૉ. બીનાબહેન અનિલ શાહ અને ડૉ. અનિલ કસ્તુરચંદ શાહ, શ્રીમતી ફાલ્ગુનીબહેન હીરેન શાહ અને શ્રી હીરેન કે. શાહ*

*સર્વેને હાર્દિક અભિનંદન સાથે ખૂબ ખૂબ આભાર.*

# મોતિયા માટે નિદાન કેમ્પ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા આંખના મોતિયા માટે નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં મોતિયાની તકલીફ ધરાવતા દર્દીઓનું નિદાન કરી ઑપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને રાહત દરે ફેકો પદ્ધતિથી ઑપરેશન કરી આપવામાં આવશે. આ કેમ્પમાં આંખના રોગોના નિષ્ણાત સર્જન ડૉ. દેવલભાઈ શાહ તથા ડૉ. લીનાબહેન કોઠારી સેવા આપશે. જરૂરિયાતવાળા કોઈપણ દર્દીઓએ લાભ લેવા વિનંતી છે.

***તારીખ** : તા. ૧૩-૨-૨૦૧૧, રવિવાર*

***સમય** : સવારે ૯ થી ૧૨*

*સ્થળ* : શ્રી કચ્છી જૈન મેડિકલ ચેક-અપ સેન્ટર,
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

**નોંધ :**

૧. કેમ્પનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓએ પોતાના નામ તા. ૧-૨-૨૦૧૧થી ૧૨-૨-૨૦૧૧ સુધીમાં મેડિકલ ચેક-અપ સેન્ટરના રૂમ નં.-૩૧૦માં નોંધાવી જવા.
૨. આ કેમ્પમાં આંખના નંબરની તપાસ કરી આપવામાં આવશે નહીં.
૩. આંખ સંબંધી અગાઉ કોઈ તબીબી તપાસ કરાવેલ હોય તો તેનાં પેપર્સ સાથે લાવવા જરૂરી છે.

***ડૉ. હેમેન્દ્ર પુરોહિત, દક્ષાબહેન રામાવત***

*જે વ્યક્તિ પોતાના ગુણો અંગે ઓછું જાણતો હોય છે તેને લોકો તેટલો જ પસંદ કરતા હોય છે.*

# સ્વર્ગસ્થ આપ્તજનોને શ્રદ્ધાંજલિ અર્પવાનો એક અનોખો કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારના જે આપ્તજનોએ વર્ષ ૨૦૦૯ દરમ્યાન દુઃખદાયી વિદાય લીધી હતી, તેઓને સમૂહ પ્રાર્થના દ્વારા હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પવાના એક કાર્યક્રમનું તા. ૧૦-૧-૨૦૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે સમાજ પરિવારના આપ્તજનો આ સંસારમાંથી કાયમી વિદાય લે છે ત્યારે તેમના પરિવારજનોની જેમ સમાજ પણ તેમના દુઃખમાં સહભાગી થાય તે સ્વાભાવિક હોય છે. તે કારણસર સમાજે એક નવી પ્રણાલી ઊભી કરીને આ પ્રકારના કાર્યક્રમનું પ્રતિવર્ષ આયોજન કરવા એક અનોખો નિર્ણય કર્યો હતો.

આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે કાર્યક્રમોની શૃંખલામાં ગત વર્ષથી પોતાની આગવી ઓળખ ઊભી કરીને એક નવો ચીલો પાડ્યો છે, જે અન્ય સમાજ માટે પણ અનુકરણીય થઇ શકે છે.

તે નિર્ણયને અનુલક્ષીને વર્ષ ૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્ય પરિવારોમાંથી જે આપ્તજનોની અણધારી વિદાય થઇ, તેઓને ભક્તિ સંગીતના માધ્યમથી નમ્ર અંજલિ અર્પવા દ્વિતીય સભાનું આયોજન રવિવાર, તા. ૯-૧-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન મધ્યે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કરતાં, સમાજના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અશોકભાઇ મહેતાએ સંસ્થાની આછી રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ તેનાં સર્વે સભ્યોના કુટુંબોને એકજ પરિવાર તરીકે ગણતરી કરીને હંમેશાં પરસ્પર સહયોગની ભાવનાથી આગળ વધી રહ્યું છે.

ત્યારબાદ વર્ષ દરમ્યાન અવસાન પામેલ ૧૪ સ્વર્ગસ્થના પરિવારજનોએ પોતાના આપ્તજનોની સ્મૃતિને યાદ કરતાં તેઓની તસવીરો સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને નત મસ્તકે ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પેલ હતી. સમાજનાં અન્ય સભ્યોએ લાગણીવશ થઇને તેમાં સાથ પુરાવ્યો હતો.

સંગીત ક્ષેત્રે ગોલ્ડ મેડલ સાથે પીએચ.ડી.ની ઉપાધિ હાંસલ કરનાર અને આરાધના સંગીત એકેડેમીના ડાયરેક્ટર ડૉ. મોનીકાબહેન શાહનો પરિચય આપતાં શ્રી હીરેનભાઇ શાહે જણાવ્યું હતું કે, તેઓશ્રીએ સંગીત પ્રવાહમાં ગૌરવ પુરસ્કાર, સંગીત શિરોમણિ, આર્ટ એન્ડ કલ્ચર અને સુરમણિ જેવાં અનેક ઉચ્ચ ઍવૉર્ડ્સ પ્રાપ્ત કર્યા છે.

ત્યારબાદ ઉદ્‌બોધક શ્રીમતી સુધાબહેન ભટ્ટે પોતાની આગવી શૈલીથી ભક્તિ સંગીતના કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. આરાધના સંગીત એકેડમીના વૃંદે પ્રસંગને અનુરૂપ સંગીત રેલાવ્યું હતું. જેના સંગાથે ડૉ. મોનીકાબહેને અન્ય સાથી ગાયક કલાકારોની સાથે સ્તુતિ, ભક્તિ ગીત અને સ્તવનો પોતાના મધુર સૂરમાં રજૂ કરીને શ્રોતાઓના નયન અશ્રુભીના કર્યા હતાં. તે સમયે સમગ્ર હોલનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ કાર્યક્રમમાં નીચે મુજબની વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

૧. માતુશ્રી હીરબાઈ હીરજી ઘેલાભાઈ વોરા
૨. કીર્તિલાલ ગેલચંદ સંઘવી
૩. નવીનચંદ્ર લહેરચંદ સંઘવી
૪. કેસરબહેન દામજી હીરજી શાહ
૫. કાતાંબહેન ઠાકરશી લોડાયા
૬. નાનાલાલ પ્રેમચંદ કોરડિયા
૭. રતિલાલ કલ્યાણજી હીરજી શાહ (મોતા)
૮. વસંત કાંતિલાલ વિશનજી સંઘવી
૯. નરેન્દ્ર અમરચંદ શામજી શાહ
૧૦. હરીશકુમાર નેમિદાસ શાહ
૧૧. સોનબાઈ ભાણજી મૈશેરી
૧૨. લીલાવંતી વાલજી શામજી દૌલત
૧૩. નટવરલાલ ઝવેરીલાલ શાહ
૧૪. ધર્મેશ દેવેન્દ્ર ડુંગાણી

***પ્રસ્તુત કાર્યક્રમના મુખ્ય સૌજન્ય દાતાશ્રીઓ હતા :***

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર | ૧૧,૦૦૦/- |
| ૨. | શ્રી વસંતલાલ કાંતિલાલ સંઘવી પરિવાર | ૧૧,૦૦૦/- |
| ૩. | શ્રી રતિલાલ કલ્યાણજી હીરજી શાહ પરિવાર | ૧૧,૦૦૦/- |

***સૌજન્યમાં સહયોગ આપનાર દાતાશ્રીઓ***

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ સાવલા | ૫,૦૦૧/- |
| ૨. | શ્રી દેવેન્દ્ર હંસરાજભાઇ ડુંગાણી પરિવાર | ૨,૧૦૧/- |

કાર્યક્રમમાં સદ્‌ગત આપ્તજનોના સગાસંબંધીઓ ઉપરાંત સમાજ પરિવારો સાથે સમાજના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં વિદાય લીધેલા આપ્તજનોને યાદ કરીને કાર્યક્રમને સમાપ્ત થયેલો જાહેર કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમની સાથે સમાજની સંબંધિત સમિતિ દ્વારા ગુજરાત કેન્સર સોસાયટી અને રેડ ક્રોસ સોસાયટીના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. તે સાથે, દેહદાન અને અવયવદાન સંબંધી સ્વૈચ્છિક પત્રકો સારી માત્રામાં મેળવવામાં આવ્યાં હતાં.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત ઉપરોક્ત કાર્યક્રમની શ્રોતાઓએ પ્રશંસા કરી હતી.

***સુગંધ મૂકી જવાનું, જગતના આંગણામાં,***
***કદીએ ન વાત ભૂલશો, અમર નથી રહેવાનું,***
***એકલાંજ આવ્યાં મનવા એકલાં જવાનાં.***

***દિનેશ મહેતા***

*માનવ ધર્મથી મોટો બીજો કોઈ ધર્મ નથી.*

## રક્તદાન કેમ્પ

કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ દ્વારા તા. ૯-૧-૨૦૧૧, રવિવારના રોજ સવારમાં એક રક્તદાન કેમ્પનું આયોજન કરેલ હતું, જેમાં નીચે મુજબના સભ્યોએ રક્તદાન કરેલ હતું.

૧. પાયલ કે. શાહ (એક માત્ર મહિલા બ્લડ ડોનર)
૨. ભાવેશ કિરીટભાઈ દંડ
૩. વિજય ભવાનજી દેઢિયા
૪. નવીન જેઠાભાઈ લાલકા
૫. વિમેશ ગુલાબચંદ શાહ
૬. ગૌતમ પ્રદીપ દૌલત
૭. નરેશ કે. ભટ્ટ
૮. રાજેશ ખીમચંદ ધરમશી
૯. સંદીપ નવીનચંદ્ર મોતા
૧૦. પારસ કિશોરભાઈ શાહ
૧૧. જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી
૧૨. જસ્મીન નગીનદાસ શાહ
૧૩. કમલેશ એસ. શાહ
૧૪. ભાવિક વોરા
૧૫. ગુલાબચંદ ડુંગરશી સાવલા
૧૬. વીર કિરીટભાઈ સંઘવી
૧૭. અમન સંઘવી
૧૮. હીરેન વિશનજી ગડા
૧૯. કમલેશ બાબુભાઈ શાહ
૨૦. પરાગ એમ. સોની
૨૧. હિમ્મત આર. વાઘેલા
૨૨. અજય એ. રાણા
૨૩. મહેન્દ્ર એમ. જાદવ
૨૪. લાલસીંગ રાજપૂત
૨૫. લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી
૨૬. જિગર નરેન્દ્રભાઈ શાહ

નીચે મુજબના સભ્યોએ રક્તદાન કરવાની ભાવના દાખવેલ પરંતુ હિમોગ્લોબીનની ઊણપના કારણે રક્તદાન કરેલ ન હતું.

૧. પારૂલ જસ્મીનભાઈ શાહ
૨. જશવંતભાઈ એચ. મફટા
૩. હીરેન અમૃતલાલ શાહ
૪. તિમિર એમ. ખોના

*કન્વીનર - દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ*

## ભવન સમિતિ

તા. ૯-૧૨-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ભુજના શ્રી સુરેશભાઈ ચમનલાલ શાહ રૂમ નં.-૪૧૫ પર ઉતર્યા હતા. જ્યારે રૂમ ચેક આઉટ કરી ચાવી સોંપ્યા બાદ ભવનના કર્મચારી શ્રી નીરવ જાદવ રૂમ સાફ કરવા ગયા ત્યારે એમને પલંગ ઉપર મંગળસૂત્ર પડેલું મળ્યું. તે તેમણે તરત જ કાઉન્ટર પર જમા કરાવી દીધું. શ્રી સુરેશભાઈનો ભુજ સંપર્ક કરી તેઓને જાણ કરવામાં આવતાં તેઓએ તેમના અમદાવાદ સ્થિત સંબંધીને સુપરત કરવા જણાવેલ. તે મુજબ સંબંધીને સુપરત કરી આપેલ. શ્રી સુરેશભાઈએ શ્રી નીરવ જાદવની નિષ્ઠાને બિરદાવી આભાર માન્યો હતો.

*મણિલાલ ગોસર - કન્વીનર, ભવન સમિતિ*

## યુવા વિકાસ સમિતિ

*આયોજિત*

### નોટબુક તથા ચોપડા વિતરણ કાર્યક્રમ

યુવા વિકાસ સમિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨થી નોટબુક તથા ચોપડા વિતરણની યોજનામાં આગળ વધવાનું નક્કી કરેલ છે. આ યોજના હેઠળ સારા એવા કન્સેશનના દરથી (લગભગ ૪૦થી ૫૦ ટકા) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના, અમદાવાદ તથા ગાંધીનગર સ્થિત સભ્યોના બાળકોને જરૂરિયાત મુજબ નોટબુક / ચોપડાનું વિતરણ નવા સત્રની શરૂઆતથી કરવામાં આવનાર છે.

સમાજના દરેક સભ્ય પરિવારને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

ધોરણ-૧થી ૭ સુધીમાં અભ્યાસ કરતા બાળકોને ૧૪૪ પાનાની નોટબુક દરેક બાળકના હિસાબે વધુમાં વધુ અઢી ડઝન આપવામાં આવશે.

ધોરણ-૮થી ઉપર અભ્યાસ કરતા શાળાના બાળકોને અને કૉલેજના વિદ્યાર્થીઓને ૧૪૪ પાનાના ચોપડા દરેક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ અઢી ડઝનના હિસાબે આપવામાં આવશે.

ધોરણ-૧થી ૭ના ૧૨૫ વિદ્યાર્થી અને ધોરણ-૮થી ઉપરના ૨૦૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકશે. વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરવામાં આવશે. નોંધણી, લેખિતમાં ફોન - મોબાઈલ નંબર સાથે કરાવવા વિનંતી.

*કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ,*
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ,
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ-૬.

બાળકનું નામ, કયા ધોરણમાં અભ્યાસ કરે છે અને નોટબુક અથવા ચોપડા કેટલા જોઈએ છે તેની વિગતવાર માહિતી દરેકે મોકલી આપવાની રહેશે.

*નવીન લાલકા (૯૩૭૭૭ ૪૨૪૨૧)*
*કન્વીનર, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*શ્રદ્ધા એ ઈશ્વર સુધી જવાનાં પગથિયાં છે.*

## યુવા વિકાસ સમિતિ યોજે છે....

### શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ સ્પર્ધા

તા. ૨૪-૪-૨૦૧૧ને રવિવારના સવારે ૧૦.૦૦ વાગે શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈનું આયોજન, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક, શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાના નામ તા. ૨૦-૪-૧૧ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવા જરૂરી છે.

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*હીરેન શાહ : ૯૮૨૫૪ ૦૩૬૦૦*

આ સ્પર્ધામાં નીચે મુજબ ગ્રૂપ રાખવામાં આવશે. સ્પર્ધા માટેના વિષયો આગામી મંગલ મંદિરના અંકમાં આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ગ્રૂપ-એ | : | ૧૨થી ૧૮ વર્ષ |
| ગ્રૂપ-બી | : | ૧૯થી ૪૦ વર્ષ |
| ગ્રૂપ-સી | : | ૪૧ વર્ષથી ઉપર |

### શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ સ્પર્ધા (ક્વીઝ કોન્ટેસ્ટ)

તા. ૨૪-૪-૨૦૧૧ને રવિવારના સવારે ૧૦.૦૦ વાગે શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુલજી સાવલા જનરલ નોલેજ હરીફાઈનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ પોતાના નામ તા. ૨૦-૪-૧૧ સુધી નીચે જણાવેલ કાર્યકરો પાસે લખાવવા જરૂરી છે.

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬ ૩૬૪૮*

આ સ્પર્ધામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના ૧૩ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યો જ ભાગ લઈ શકશે.

**ઉપરોક્ત બંને સ્પર્ધાઓ માટેના નિયમો :**

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો જ આ બંને સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.

૨. નિયત તારીખ સુધીમાં આપના નામ / ફોન નંબર / ઉંમર લખાવવા જરૂરી છે.

૩. નિર્ણાયકોનો નિર્ણય સર્વે સ્પર્ધકોને બંધનકર્તા (માન્ય) રહેશે અને તે નિર્ણય આખરી ગણાશે.

૪. ઉપરોક્ત બંને સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ આગામી મંગલ મંદિર (એપ્રિલ-૨૦૧૧)માં આપવામાં આવશે.

૫. ઉપરોક્ત સ્પર્ધાઓના સમય અને તારીખમાં સંજોગો મુજબ જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા આયોજિત ૧૨ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકો તથા તેમના મા-બાપ તેમજ વાલીઓ માટે અલગ અલગ યોજાયેલ વર્કશોપનો અહેવાલ :

સમાજના પાલડી ભવન ખાતે રવિવાર તા. ૫-૧૨-૧૦ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ દરમ્યાન પ્રખ્યાત સાયકોલોજિસ્ટ ડો. નિમ્રત સિંઘ દ્વારા ૧૨થી ૧૫ વર્ષની ઉંમરના બાળકોના મા-બાપ તેમજ વાલીઓ માટે પેરન્ટલ કેર અંગે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈશવમાંથી યુવાનીમાં ડગ માંડતા બાળકો સાથે કેવી રીતે મિત્ર તરીકે વર્તી સમયને અનુરૂપ માહોલ કેળવી તેમના વ્યક્તિત્વને રૂંધાવા દીધા વગર તેમની પ્રતિભા વિકસાવવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે ડૉ. સિંઘ દ્વારા વિવિધ ઉદાહરણ, સ્લાઈડ્સનું પ્રેઝન્ટેશન, ગ્રૂપ ડિસ્કશન, અનુભવોની વહેંચણી વગેરે વિવિધતાસભર પ્રયત્નો દ્વારા ખૂબ જ સરળ ભાષામાં સમજણ આપવામાં આવી હતી જેને હાજર દરેક વડીલોએ ખૂબ વખાણી હતી અને વારંવાર આવુ માર્ગદર્શન જરૂરી છે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

ઉપરના વર્કશોપના બીજા ભાગ રૂપે તા. ૧૨-૧૨-૧૦ને રવિવારે સવારે ૧૦.૩૦થી ૧.૩૦ દરમ્યાન ૧૨ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોનો એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉત્સાહસભર ૬૩ બાળકોએ હાજર રહી ચાર ચાંદ લગાવી દીધા હતા. સરળ ભાષામાં બાળકોને યુવાનીમાં પ્રવેશતી વખતે ઊભી થતી મુશ્કેલીઓ, મૂંઝવણો વિશે માર્ગદર્શન તેમજ મા-બાપ તથા વાલીઓની અપેક્ષાઓ, પ્રયત્નો, અભિલાષાઓ, તથા મિત્રો વચ્ચે કેવી રીતે સમન્વય સાધવો અને દબાણોનો પડકાર ઝીલી લેવો તે અંગે ડૉ. નિમ્રત સિંઘ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. બધા અભિપ્રાયને અહીં સ્થાન આપવું શક્ય ન હોવા છતાં નીચેના અભિપ્રાય બાળકોના મનની વાત ખૂબજ સારી રીતે કહી જાય છે.

★ "આ કાર્યક્રમથી હું મારા જીવનમાં મારા માતા-પિતાને જાણી શકી છું" - *મૈત્રી ગડા*

★ "બીજાના જોડામાં પગ નાખવાથી કેવું લાગે છે સમજાયું" - *દેવવ્રત મહેતા*

★ "માતા-પિતાની લાગણીઓ વિશે ઘણું બધું જાણવા મળ્યું" - *દિશાંત શાહ*

★ "મારી આંખો ખૂલી અને મારી લાગણીઓ વિશે વધુ સમજાયું." - *વૈશાલી*

★ "પ્રકાશ ફેલાવનાર પ્રોગ્રામ" - *નીરાલી જે. શાહ*

★ "હૃદયને પીગળાવી દેનાર પ્રોગ્રામ" - *વિપાંશી*

*કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

**વિશ્વાસના વહાણમાં તિરાડ પડે ત્યાંથી શંકાનો પ્રવેશ થતો હોય છે.**

*સકારાત્મક વિચારોથી શાંતિ, સુખ અને સફળતા મળે છે.*

## ચેસ અને કેરમના શોખીનો આનંદો...

આગામી વેકેશન દરમ્યાન યુવા વિકાસ સમિતિએ ઉપરોક્ત બંને રમત – ચેસ અને કેરમની સ્પર્ધાનું આયોજન કરેલ છે. જો શક્ય હશે તો આ રમતો ખાસ કરીને ચેસની નાનકડી વર્કશોપનું આયોજન કરીને ત્યારબાદ સ્પર્ધા રાખવામાં આવશે. તો થઈ જાવ તૈયાર, તમારા મગજ અને હાથની આંગળીઓની કમાલ બતાવવા માટે.

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે તા. ૨૧-૧-૨૦૧૧ના રોજ શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલાના સૌજન્યથી શ્રી કચ્છી જૈન ભવન મધ્યે 'લૉ કેલેરી જૈન ફરસાણ વાનગી' સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ૧૦ બહેનો ઉત્સાહપૂર્વક સામેલ થયા હતા. નિર્ણાયક શ્રીમતી અલ્પાબહેન શાહે નીચે પ્રમાણે વિજેતા જાહેર કર્યા હતા. પ્રથમ ક્રમાંકે શ્રીમતી ભાવના નિમેષ ગોગરી (પૌંઆ પાલક અમીરી ખમણ), દ્વિતીય ક્રમાંકે શ્રીમતી જયશ્રી વિજય ભારાણી (મોગલાઈ વેજ. સ્ટફ સમોસા) અને તૃતીય ક્રમાંકે શ્રીમતી ચેતના સંજય મોતા (સ્ટફ ખાંડવી).

### આગામી કાર્યક્રમ

**શ્રી રામજી વેલજી સાવલા મિષ્ટાન્ન વાનગી સ્પર્ધા (શાકભાજી અથવા ફ્રુટમાંથી મિષ્ટાન્ન)**

સ્પર્ધકોએ વાનગીની વિગત બે નકલમાં રજૂ કરવાની રહેશે.

**શ્રીમતી વિમળાબહેન શિરીષભાઈ કોરડિયા મેંદી સ્પર્ધા (અરેબિક મેંદીની)**

મેંદી સ્થળ પર આવીને અડધા કલાકની સમય મર્યાદામાં પોતાના અથવા અન્ય વ્યક્તિના એક હાથ ઉપર લગાડવાની રહેશે.

**બંને કાર્યક્રમ**

- *દિનાંક :* શનિવાર, તા. ૧૯-૨-૨૦૧૧
- *સમય :* બપોરના ૩.૦૦ કલાકથી (૩.૧૫ પછી આવનાર ઈનામને પાત્ર રહેશે નહીં.)
- *સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
- *નામોની નોંધણી :* તા. ૧૭-૨-૨૦૧૧ સુધી ફોન નંબર ૨૬૬૪૧૬૯૦ (પ્રફુલાબહેન), ૨૭૪૧૩૭૪૬ (માલાબહેન), ૨૬૭૬૩૬૪૮ (સ્મિતાબહેન)
- *ચાર્જિસ :* નિ:શુલ્ક.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કોઈપણ કચ્છી જૈન બહેનોને સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ છે.

*કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ*

## શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળને ભેટ

★ શ્રીમતી નીશાબહેન જિગ્નેશભાઈ પુષ્પકુમાર શાહ તરફથી શ્રીમતી અલકાબહેન પુષ્પકુમાર શાહની સમ્મેત શિખર યાત્રા નિમિત્તે મંડળને રૂા. ૧૫૧/-ની ભેટ આપવામાં આવેલ છે.

★ શ્રીમતી અનિલા - મયૂર દેઢિયા, ડૉ. બીના અનિલ શાહ તથા અ.સૌ. ફાલ્ગુની હીરેન શાહ તરફથી શ્રીમતી ચંદ્રિકાબહેન તથા ડૉ. ચંદ્રકાંતભાઈની ૫૦મી લગ્નતિથિની ઉજવણી નિમિત્તે મંડળને રૂા. ૧૧૧૧/-ની ભેટ આપવામાં આવેલી છે.

★ શ્રીમતી પ્રભાવતીબહેન સૂરજલાલ મહેતા તરફથી એમની દોહિત્રી અ.સૌ. કેશા (પીંકી)ને ત્યાં પુત્ર જન્મની ખુશાલીમાં મંડળને રૂા. ૧૦૧/-ની ભેટ આપવામાં આવેલી છે.

★ માતુશ્રી નાનબાઈ નાનજીભાઈ રવજી પોલડિયા પરિવાર તરફથી ચિ. ફોરમ તથા ચિ. રાકેશના લગ્ન ગીત નિમિત્તે મંડળને રૂા. ૧૦૦૧/-ની ભેટ આપવામાં આવેલ છે.

★ શ્રીમતી ચંદનબહેન કુંવરજી પાશ્વીર નાગડા તરફથી એમની પૌત્રી ચિ. સુજલના લગ્ન નિમિત્તે મંડળને રૂા. ૫૦૧/-ની ભેટ આપવામાં આવેલ છે.

શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ ઉપરોક્ત સર્વે ભેટોનો સાભાર સ્વીકાર કરે છે.

*શ્રીમતી ચંદ્રિકા દેઢિયા*
*પ્રમુખ, શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ*

## અવયવ દાન સમિતિ

કચ્છ ગામ મેરાઉના (હાલે મુંબઈ) સુરેશ શામજી ગાલા (ઉંમર વર્ષ ૫૭)ને બ્રેઈન હેમરેજ (મગજમાં રક્તસ્રાવ) થતાં તાકીદે હોસ્પિટલમાં દાખલ કરી તેમને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ. દરમ્યાન મગજને નુકસાન થઇ ચૂકેલ હતું અને ડોક્ટરોના અભિપ્રાય મુજબ બચવાની આશા નહિવત હતી.

આપણી અવયવ દાન સમિતિના એક સભ્ય શ્રી (શ્રી ટોકરશી કેશવજી શાહ) એ પરિવારના સભ્યોને આપેલ માર્ગદર્શન મુજબ, પરિવારજનો સંમત થતાં, સુરેશભાઇના દેહાવસાન પહેલાં, સમયસર તેઓની બેઉ કિડની અને લીવરનું દાન કરેલ તેમજ ચક્ષુદાન પણ કરેલ છે. આમ શરીરના અમૂલ્ય એવા અવયવો, અગ્નિદાહમાં બાળીને ભસ્મ કરવાને બદલે, આ પુણ્યશાળી આત્માના અવયવો, કેટલાક લોકોના જીવન બચાવવા માટે ઉપયોગી થયા છે. સદગત્‌ના પરિવારજનોની અનુમોદના.

*કન્વીનર - દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ*

**જેમણે સંઘર્ષને પોતાના જીવનના અભિન્ન ભાગરૂપે સ્વીકાર્યો છે તેઓ સદા જીવન યુદ્ધમાં વિજેતા બન્યા છે.**

*સાચું માર્ગદર્શન એ અંધારા જંગલમાં નાના દીવડાનું કામ કરે છે.*

## ગૃહ ઉદ્યોગ સમિતિ

- ★ પાલડી ભવન અને શાહીબાગ ભવન ખાતેના વેચાણ કેન્દ્ર પરથી પોતે બનાવેલ વસ્તુઓના વેચાણ માટે કોઈપણ જાતની સહાય માટે શ્રી રજનીભાઈ પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક કરવો.
- ★ એસ.ટી. વિશ્રામગૃહ અને નવનીત ભવન ખાતે સમાજના સભ્યને વેચાણ કેન્દ્રની સુવિધા આપવાની યોજના છે. તો રસ ધરાવનારે શ્રી રજનીભાઈ પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક કરવો.
- ★ ગૃહ ઉદ્યોગના લાભાર્થીઓની એક મિટિંગ તા. ૧૯-૨-૨૦૧૧ના રોજ રાત્રે ૮ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે. તો સર્વેને હાજર રહેવા નમ્ર વિનંતી.

*રજનીભાઈ પારેખ, કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## કંઠનું આભૂષણ સત્ય અને હાથનું આભૂષણ દાન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ મધ્યે તા. ૧-૧૨-૨૦૧૦થી કચ્છ બિદડાના શ્રી એલ.ડી. શાહ પરિવારના માતબર દાનથી "શ્રી જલારામ અન્નક્ષેત્ર" શરૂ થઈ ગયું છે. આ અભિયાનના મુખ્ય હેતુ અનુસાર તબીબી સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં, કચ્છથી પધારતા જરૂરિયાતવાળા દરેક દર્દી તથા તેમની સાથે આવેલા સગાં-સંબંધીઓને વિના મૂલ્યે જમાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૧-૧૨-૨૦૧૦થી દૈનિક ૧૦થી ૧૫ વ્યક્તિઓ આ યોજનાનો લાભ ઊઠાવે છે. જેનો અંદાજિત ખર્ચ પ્રતિદિન રૂા. ૧૫૦૦/- જેવો છે. આ યોજનાની પ્રથમ જાહેરાત સાથે અન્ય દાનવીર વ્યક્તિઓને અપીલ કરવામાં આવી હતી કે તેઓ પણ આ યોજનામાં પોતાનું શક્ય દાન મોકલાવી આપે, જેથી ભંડોળના અભાવે આ પ્રવૃત્તિ અટકી ના જાય. આ અપીલને માન આપીને....

**કચ્છ નાના ભાડિયાના હાલ અમદાવાદ નિવાસી માતુશ્રી કંકુબહેન મગનલાલ ધનજી ગડા હ. શ્રી બંસીલાલ મગનલાલ ગડા દ્વારા રૂા. ૧,૦૮,૦૦૦/-નું દાન ઉપરોક્ત યોજનામાં પ્રાપ્ત થયું છે.** તેમને તથા તેમના પરિવારને ધન્યવાદ સાથે ખૂબ ખૂબ આભાર!

આ રીતે અન્ય દાતાશ્રીઓ પણ તેમનો આર્થિક સહયોગ આ ભવ્ય યોજનામાં આપશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

"આપેલું દાન કદી વ્યર્થ જતું નથી. એ જરૂર ક્યારેક ઊગી નીકળે છે. વળી વહેતું ધન માનવ ધર્મ સમાન છે."

*પ્રતાપ નારાણજી દંડ*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

### અન્ય જાહેરાત

*શ્રી બંસીલાલભાઈ ગડા તરફથી જણાવવામાં આવ્યું છે કે ઉપરોક્ત યોજનામાં રૂા. ૧,૦૮,૦૦૦/- વાળા અગર ૧૦૮ દાતાશ્રીઓના નામ શ્રી કચ્છી જૈન સેવા સમાજ મેળવશે તો તેઓશ્રી તે ઉપરાંતના ૧૨થી ૧૫ નામો મેળવી આપશે.*

*માનવંતા દાતાશ્રીઓ... જરા વિચારી જોશો અને આગળ વધવા પ્રયત્ન કરશો તેવી નમ્ર વિનંતી છે.*

## વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા તા. ૧૩-૧-૨૦૧૧ના રોજ રાસ્કા ગલતેશ્વર મુકામે એક પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી સવારે ૭ વાગે સર્વે વડીલોને લઈને બસે પ્રસ્થાન કર્યું ત્યારે શ્રી રમણિકભાઈ ગોસર નવકાર મંત્રની ધૂન, ભક્તામર, રત્નાકર પચ્ચીસીથી સર્વેને ધાર્મિક માહોલમાં લઈ ગયા હતા.

રાસ્કા - મિનિ સમ્મેત શિખરના દર્શન, સામૂહિક ચૈત્યવંદન અને નવકારશીનો લાભ લઈ સૌએ ગલતેશ્વર તરફ પ્રયાણ કર્યું હતું ત્યારે બસમાં વિવિધ જોક્સ અને પ્રશ્નોત્તરી સાથે રજનીકાંત પારેખે સૌનું મનોરંજન કર્યું હતું.

ગલતેશ્વરમાં ચા-પાણી કરી સર્વે નદીકાંઠે આવી, કેટલાકે નદીના પાણીમાં છબછબિયા કર્યા, તો કેટલાકે સરિતા સ્નાન પણ કર્યું અને જળ દેવતાને આચમન કરી પૂજા કરી.

બપોરે ૧ વાગે ભોજનનો આસ્વાદ માણ્યો. ત્યારબાદ રજનીભાઈએ મેજિક મનીજાર, મિનિ શેરબજાર અને હાઉસી રમાડીને સૌને આનંદિત કર્યા હતા.

બપોરે ૪ વાગે ચા-પાણી પીને સૌએ અગાસ આશ્રમ તરફ પ્રયાણ કર્યું હતું. ત્યાં શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમની મુલાકાત લઈ ધ્યાન કેન્દ્ર અને દેરાસરની મુલાકાત લીધી હતી.

રસ્તામાં એક વડીલ દ્વારા કચ્છી અડદિયા અને ગાંઠિયાનું ભાતું આપવામાં આવેલ હતું.

અગાસ આશ્રમની મુલાકાત લઈ વળતા બસમાં જૂના-નવા ગીતોની અંતાક્ષરી રમતા રમતા સૌ પાલડી ભવન પરત ફરીને ભાજીપાંઉનું ભોજન લઈ પોતાના નિવાસ સ્થાને પરત ફર્યા હતા.

આ કાર્યક્રમ માટે નીચેના વડીલો તરફથી સ્પોન્સરશિપ મળેલ હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | રૂા. ૧,૫૦૦/- |
| ૨. | શ્રી ભોગીલાલ છગનલાલ શાહ | રૂા. ૨,૦૦૦/- |
| ૩. | શ્રીમતી પ્રભાબહેન સૂરજલાલ મહેતા | રૂા. ૨,૦૦૦/- |
| ૪. | એક સદ્‌ગૃહસ્થ તરફથી | રૂા. ૧,૫૦૦/- |

ઉપરોક્ત વડીલશ્રીઓનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું.

### આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી આગામી કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૮-૩-૨૦૧૧ને મંગળવારના રોજ બપોરે ૪.૦૦ વાગે યોજવામાં આવેલ છે. તો સર્વ વડીલોએ હાજર રહેવા વિનંતી.

### નાગેશ્વર યાત્રા અંગે ખાસ સૂચના

પૂરતા યાત્રાળુ ન થવાથી આ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવેલ છે. તેથી જે વડીલોએ યાત્રામાં જોડાવા માટે પૈસા ભરેલ છે તેમણે પહોંચ બતાવી કાઉન્ટર પરથી પૈસા પરત મેળવી લેવા વિનંતી.

*રજનીભાઈ પારેખ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

*સંબંધોમાં જોડે રહેવાથી નહીં પરંતુ એકબીજાને સમજવાથી આધાર મળે છે.*

## 'સંકલ્પ'
## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### *"સંકલ્પ" દ્વારા અવનવો કાર્યક્રમ "ભગવાન એક વરદાન આપી દે..."*

૨૦૧૦ના વર્ષની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વકલ્યાણની ભાવના સાથેના વર્ષ ૨૦૧૧ના આગમનને ભાવભર્યો આવકાર આપવા યુવાન મંડળ 'સંકલ્પ' દ્વારા ૩૧-૧૨-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન મધ્યે એક અવનવા કાર્યક્રમનું આયોજન થયું હતું.

વિશ્વભરના લોકોની સાથે 'સંકલ્પ' ગ્રૂપે નવા વર્ષ ૨૦૧૧ને ભાવભર્યો આવકાર આપવા ભવ્ય લાઈટના ઝગમગાટ અને ગીત-સંગીતના તાલે સભ્યોએ રંગેચંગે ડાન્સ પાર્ટી મનાવી હતી. ડાન્સ કાર્યક્રમના સમયે ગીત-સંગીત તરફ સૌનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. ધમાકેદાર સંગીતથી મઢેલા ગીતો એક પછી એક રજૂ થઈ રહ્યા હતા અને યૌવન નાચી ઉઠતા હતા. રસપ્રદ વાત એ હતી કે યૌવનની સાથે નાની-મોટી વયની તમામ વ્યક્તિઓએ આ ન્યુ ઈયર ઈવ ડાન્સમાં ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કારણે આખા હોલમાં એક અનોખો માહોલ સર્જાઈ ગયો હતો. જ્યારે નવા વર્ષને વધાવવાની ઘડી નજદીક આવી હતી. તેની થોડી મિનિટો અગાઉ દરેક સભ્યોના હાથમાં પ્રગટાવેલ મીણબત્તી મૂકવામાં આવી હતી અને તે સાથે "તું મને ભગવાન એક વરદાન આપી દે...." વાળા મધુર સ્તવનને પ્રસારિત કરીને નવા વર્ષ ૨૦૧૧ના વધામણા કરવામાં આવ્યા હતા. એક અનોખી રીતે નવા વર્ષનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સભ્યોએ ૨૦૧૧નું વર્ષ સુખરૂપ પસાર થાય એવી પ્રાર્થના કરીને પરસ્પર 'હેપ્પી ન્યુ યર' કર્યું હતું. આ કાર્યક્રમ વખતે અંદાજિત ૨૦૦ સભ્યોની હાજરી ધ્યાનાકર્ષકરૂપ હતી. દિલ ડોલાવે તેવા ગીત-સંગીત કરનાર હતા જિનય ભરતભાઈ અને ધારિણી ચંદ્રકાંતભાઈ. જ્યારે શ્રી પંકજભાઈ કે. શાહ પરિવાર તથા ડૉ. કેતનભાઈ આઈ. શાહ દ્વારા આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ મળ્યો હતો.

### 'સંકલ્પ'ના આગામી કાર્યક્રમ

★ તા. ૧૭-૧૮/૦૩/૨૦૧૧ : પાલિતાણા છ ગાઉ જાત્રા (તગડી, અયોધ્યાપુરમ, સાળંગપુર, વલ્લભીપુર, કીર્તિધામ, સોનગઢ થઈને)

ચાર્જ : રૂા. ૩૦૦ પ્રતિ વ્યક્તિ (પાંચ વર્ષ સુધીના બાળક નિઃશુલ્ક)

તા. ૧૪-૩-૨૦૧૧ સુધી નામ નોંધાવી શકાશે.

***પ્રયાણ*** : તા. ૧૭-૩-૨૦૧૧ સવારના ૬.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી અને તા. ૧૮-૩-૨૦૧૧ રાત્રિના પરત.

પ્રવાસ વખતે કિંમતી માલસામાન સાથે રાખશો નહીં.

વધુ વિગત માટે ડૉ. કેતન આઈ. શાહ (૯૮૨૫૬ ૮૭૭૪૧) અને શ્રી પીયૂષભાઈ પારેખ (૯૮૨૫૦ ૨૯૬૯૮)નો સંપર્ક કરવો.

★ તા. ૨૦-૩-૨૦૧૧ને રવિવારના રોજ સવારના ૧૦થી ૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સભ્યો માટે ધૂળેટી કાર્યક્રમ. કાર્યક્રમ માટે કોઈપણ પ્રકારનો રંગ કે કેમિકલ્સ લાવવાના નથી. તે માટે 'સંકલ્પ' દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. કાર્યક્રમના અંતે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

***પ્રમુખ / મંત્રી – 'સંકલ્પ'***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર – ૨૦૧૦ / જાન્યુઆરી – ૨૦૧૧

- **તા. ૨૫-૧૨-૨૦૧૦**

☆ શ્રી કે.ડી. શાહ અને શ્રી રજનીભાઈ પારેખ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ અને એસ.ટી. ભવનની મુલાકાત લીધી હતી અને જરૂરી રિપેરિંગ અંગે હાઉસકીપર સાથે ચર્ચા કરી અને જરૂરી સૂચનાઓ આપી.

- **તા. ૨૮-૧૨-૨૦૧૦**

☆ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મણિલાલ ગોસર, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીભાઈ પારેખ પાલડી પર ભવન સમિતિની મિટિંગમાં હાજરી આપી હતી. આ ત્રણે ભવનોમાં ટી.વી.ની સગવડો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત શાહીબાગ ખાતે કબૂતરોની અડચણ માટે જાળી બનાવવાનો ઓર્ડર આપવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ હતા.

- **તા. ૩૦-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર ભવન સમિતિની મિટિંગ પાલડી ભવન પર મળી હતી. આ મિટિંગમાં ભવન માટે ચાદરો મંગાવવા માટે નયનાબહેન સાથે મિટિંગ કરવામાં આવેલ હતી અને ભવનની જરૂરિયાત પ્રમાણે ચાદરોના સેમ્પલ મંગાવવામાં આવ્યા હતા.

- **તા. ૩૧-૧૨-૨૦૧૦**

☆ આજરોજ ભવન સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી બચુભાઈ રાંભિયા ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં બચુભાઈ રાંભિયા સાથે ત્રણે ભવનોની સિક્યોરિટી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

- **રવિવાર, તા. ૨-૧-૨૦૧૧**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની મિટિંગ મળેલી હતી. અંદાજિત ૨૦ સભ્યો આ મિટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. વિવિધ સમિતિઓની ખર્ચ અંગે આવેલ દરખાસ્ત પર ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતાં. તા. ૯-૧-૧૧ ના યોજેલ ભક્તિ સંગીત અંગેના કાર્યક્રમની વિગતવાર રૂપરેખા નક્કી કરવામાં આવેલ હતી. શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ તા. ૧૦-૧-૧૧થી શરૂ કરવામાં આવનાર સાયકોલોજી વિભાગ અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ ઉપરોક્ત કારોબારી સમિતિની મિટિંગ બાદ ટ્રસ્ટ મંડળની મિટિંગ મળેલ હતી કે જેમાં લગભગ ૧૭ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. કચ્છ આર્ટ ગેલેરી સમિતિની રૂા. ૧૦ લાખ કરતાં વધુ ખર્ચ અંગેની આવેલ દરખાસ્ત પર તેના વિગતવાર અહેવાલ આવી ગયા બાદ તેની આવતી મિટિંગ પર ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. સમાજના સભ્યોને જરૂરિયાત મુજબ તેના વ્યવસાયિક કામકાજ અંગે બેંકમાંથી લોન અપાવવાની દરખાસ્તને મંજૂર કરવામાં આવેલ હતી. સંસ્થાના સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે નવેમ્બર-૨૦૧૦ સુધીનું અંદાજિત સરવૈયું ઉપસ્થિત સભ્યો સમક્ષ રજૂ કરેલ હતું.

☆ એન્જિનિયરિંગમાં પોસ્ટ ગ્રેજ્યુએશન અંગે GATEની લેવાતી એન્ટ્રન્સ ટેસ્ટ અંગે ટ્યુશન ક્લાસ શરૂ કરવા અંગે આજે બપોરના કેટલાક સભ્યોએ એકત્રિત થઈ ચર્ચા કરેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી હીરેન કે. શાહ, શ્રી હરખચંદ કુંવરજી સાવલા, શ્રી કિરીટ નંદુ તથા શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ ઉપસ્થિત રહેલ હતા.

- **બુધવાર, તા. ૫-૧-૨૦૧૧**

☆ યુવા વિકાસ સમિતિના કન્વીનર શ્રી નવીનભાઈ લાલકા સાથે શ્રી અશોક મહેતાએ આગામી 'નોટબુક યોજના' અંગે ચર્ચા કરેલ હતી.

- **ગુરુવાર, તા. ૬-૧-૨૦૧૧**

☆ આજરોજ રાત્રે ૯.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા. ડેન્ટલ વિભાગના નવા ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ઈ.એન.ટી. વિભાગ માટે ઓટોસ્કોપ મશીન, લેબોરેટરી વિભાગ માટે સેલ કાઉન્ટર મશીનની ખરીદી કરવા જરૂરી કાર્યવાહી કરવા નિર્ણય લેવાયેલ હતો. ડૉક્ટરોના સ્ટાઈપન વધારાની ચર્ચા આવતી મિટિંગ પર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. આપણા મેડિકલ સેન્ટરના ચાર્જિસ અન્ય સંસ્થાઓના ચાર્જિસ સાથે સ્ટેટમેન્ટ બનાવી સરખાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. મેડિકલ સમિતિને રૂા. ૨૫૦૦૦/- સુધીના ખર્ચની મંજૂરી જે

ટ્રસ્ટ મંડળ દ્વારા મળેલ છે તેની જાણ ઉપસ્થિત સહુ સભ્યોને કરવામાં આવેલ હતી.

☆ યુવા વિકાસ સમિતિ આયોજિત વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટેની નોટબુક યોજના રૂા. ૫૧૦૦૦/- ના દાનની જાહેરાત ડૉ. ચંદ્રકાંત દેઢિયાના પરિવારજનો દ્વારા ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાના ૫૦ વર્ષના લગ્નની ઉજવણી નિમિત્તે યુવા વિકાસ સમિતિના કન્વીનર શ્રી નવીનભાઈ લાલકાને કરવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૮-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી શાંતિભાઈ સાવલા તથા શ્રી કે.આર. શાહે કચ્છમાં ભુજપુર ગામની મુલાકાત લીધેલ હતી. ભુજપુરના સરપંચ શ્રી મહેન્દ્રભાઈ ગઢવી સાથે રહી ભુજપુરની વિકાસ યોજનાઓનું તેઓએ નિરીક્ષણ કરેલ હતું. બપોર પછી 'એંકરવાલા અહિંસાધામ'ના કાર્યક્રમમાં આ ટીમ ઉપસ્થિત રહેલ હતી. શ્રી શાંતિલાલ મુળજી સાવલાએ આ પ્રસંગે અહિંસાધામને રૂા. ૨.૨૫ લાખના દાનની જાહેરાત કરેલ હતી.

● **રવિવાર, તા. ૯-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર વર્ષ ૨૦૧૦ દરમ્યાન અવસાન પામેલ સમાજના ૧૪ આપ્તજનોને સમૂહ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. અંદાજિત ૧૫૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. પ્રાર્થનામાં સૂર ડૉ. મોનિકાબહેન શાહ તથા અન્યોના રહેલ હતા.

● **તા. ૧૦-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી હીરજી પાસુભાઈ શાહે નવનીત આવાસ યોજનાની મુલાકાત લઈ તેમની પાણીની અને અન્ય ફરિયાદો સાંભળી હતી તેમજ નયનાબહેન શાહની મુલાકાત લઈ ભવન માટે ચાદરોનો ઓર્ડર આપ્યો હતો.

● **તા. ૧૧-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને રમણિકભાઈ ગોસરે એસ.ટી. ભવનની મુલાકાત લીધી હતી અને પાણીના બોર માટે શ્રી ચીમનભાઈ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી હતી.

● **તા. ૧૨-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી ભોગીભાઈ શાહ અને પ્રતાપભાઈ દંડે વયસ્ક સમિતિ વતી યોજવામાં આવેલ ગલતેશ્વર ખાતે પિકનિક અને નાગેશ્વર ખાતેના યાત્રા પ્રવાસની ચર્ચા કરી હતી.

● **તા. ૧૩-૧-૨૦૧૧**

☆ વયસ્ક સમિતિ દ્વારા આજરોજ યોજાયેલ ગલતેશ્વર રાસ્કા અને અગાસ આશ્રમની પિકનિકનો ૫૫ જેટલા વયસ્કોએ આનંદ માણ્યો હતો.

● **શુક્રવાર, તા. ૧૪-૧-૨૦૧૧**

☆ આજે સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર એક કપલ સાથે શુભેચ્છા મિટિંગ યોજવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી મયૂર દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

● **તા. ૧૫-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી આણંદજીભાઈ વીરાએ એસ.ટી. ભવનની મુલાકાત લઈ કેન્ટીનના વોટર કુલર અંગે ચર્ચા કરી હતી.

● **તા. ૧૬-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી કે.ડી. શાહે સિક્યોરિટી અંગે કંપનીવાળા સાથે વાતચીત કરી હતી.

● **તા. ૧૭-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી ભોગીલાલ શાહે વયસ્ક સમિતિ દ્વારા યોજાયેલ નાગેશ્વર પ્રવાસ અંગે ચર્ચા વિચારણા કરી હતી.

☆ શ્રી મણિલાલભાઈ ગોસરે આજરોજ શાહીબાગ ભવનની મુલાકાત લીધી હતી અને આર્ટ ગેલેરીવાળા ખંડને હોલમાં ફેરવવા અંગે માહિતી આપી હતી અને ત્યાં સુધી જરૂરી હોય તો ડોરમેટરી તરીકે ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.આર. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી પ્રતાપભાઈ દંડે શ્રી ટેકનોવા વાળા જોડે લિફ્ટ રિપેરિંગનું ફાઈનલ કરીને ફેબ્રુઆરીના પ્રથમ વીકમાં કામ ચાલુ કરવાનું નક્કી કર્યું હતું. આ બાબત મેડિકલ કમિટીને પણ જાણ કરાઈ હતી.

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી પરાશરભાઈ વ્યાસ અને રજનીભાઈ પારેખે પરમ ઈન્ડોટેકના જિગ્નેશભાઈ સાથે ત્રણે ભવનના કોમ્પ્યુટરના પ્રોગ્રામ અંગે ચર્ચા કરી હતી.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રી પરાશર વ્યાસે એસ.ટી. ભવનની મુલાકાત લઈ બોરના કામનું નિરીક્ષણ કર્યું હતું અને બોરની દીવાલ અંગે ચર્ચા કરી હતી.

● **બુધવાર, તા. ૧૯-૧-૨૦૧૧**

☆ આજરોજ ભદ્રેશ્વરવાળી ૭ એકર જમીન

પર શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી કે.આર.શાહ તથા ભુજપુરના સરપંચ શ્રી મહેન્દ્રભાઈ ગઢવી એકત્રિત થયેલ હતા. આ જમીન સર્વે કરાવવા અંગેની કામગીરી શ્રી મહેન્દ્રભાઈ ગઢવીને સુપરત કરવામાં આવેલ હતી.

☆ આજરોજ શ્રી પરાશર વ્યાસ અને શ્રી સતીશભાઈ શાહે એસ.ટી. ભવનની મુલાકાત લઈ ત્યાંના હાઉસ કિપીંગ અંગે ચર્ચા કરી હતી.

● **તા. ૨૦-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ અને પરાશર વ્યાસે એસ.ટી. ભવનની મુલાકાત લઈ બોરના ૨૦ ફૂટના ડ્રિલીંગ કામ અંગે માહિતી મેળવી હતી તેમજ ત્યાં આવતી પાણીની ટેન્ક માટે ચર્ચા કરી હતી.

☆ આજરોજ શાહીબાગ ખાતે બોરના રિપેરિંગ અંગે શ્રી મણિલાલભાઈ ગોસરે ચર્ચા કરી હતી તેમજ બીજા માળે અને ત્રીજા માળે કોમન બાથરૂમ તોડી બનાવેલ રૂમ અંગે ચર્ચા કરી હતી.

☆ આજરોજ ભવન સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી બાબુભાઈ મહેતા, શ્રી હીરજીભાઈ શાહ, શ્રી નવીનભાઈ હરિયા અને શ્રી રમણિકભાઈ ગોસર હાજર હતા. આ મિટિંગમાં પાલડી ભવનના લીકેજ કામ અંગે તેમજ શાહીબાગ ભવનના હોલ માટે ભાડા અંગે ચર્ચા વિચારણા કરી ટ્રસ્ટ મંડળની મિટિંગમાં રજૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

☆ આજરોજ સામાજિક સુરક્ષા સમિતિની મિટિંગ મળી હતી. તેમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી સૂરજલાલ મહેતા હાજર હતા. મેડી ક્લેઈમની આવેલ ૧૩ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ હતો તેમજ મેડિકલ ટ્રીટમેન્ટ માટેના ઑપરેશનના ચાર્જ અંગે સંશોધન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૨૧-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ અને શ્રી રજનીભાઈ પારેખે એસ.ટી. ભવનની મુલાકાત લીધી હતી અને બોર અંગે નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત કેન્ટીનના ધાબા ઉપર રિપેરિંગ અંગે અનિલભાઈ કોન્ટ્રાક્ટર સાથે વાતચીત કરી હતી.

● **તા. ૨૩-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસરે શાહીબાગ ભવનની મુલાકાત લઈ ત્યાં આવેલા દર્દીઓ જોડે તેમને મળતી સગવડો અંગે વાતચીત કરી હતી.

☆ આજરોજ શ્રી મણિલાલભાઈ ગોસર અને શ્રી બચુભાઈ રાંભિયાએ શાહીબાગ ભવનની મુલાકાત લીધી હતી અને બાકીના કામકાજ અંગે ચર્ચા કરી હતી.

● **તા. ૨૪-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી પ્રતાપભાઈ દંડે પાવર સેવર અંગે કેર એન્ટરપ્રાઈઝના નિખિલ મોદી સાથે ચર્ચા કરી બોર અને લિફ્ટના યુનિટમાં પ્રાયોગિક ધોરણે ૧૫ દિવસ માટે પાવર સેવર લગાડવાનો નિર્ણય લીધો હતો.

☆ આજરોજ શ્રી રજનીભાઈ પારેખે શ્રી અજિતભાઈ અજરામરભાઈ દોશી અને શ્રી પ્રીતિદાબેન અજિતભાઈ દોશી સાથે લીંબુ મરચાં અને કાચા શાકના અથાણા બનાવવા અંગે અને ગૃહ ઉદ્યોગના કાઉન્ટર પર મૂકવા અંગે નિર્ણય લીધો હતો.

● **મંગળવાર, તા. ૨૫-૧-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર બેંગ્લોર વિસ્તારમાંથી લિંગાયત સંપ્રદાયના બે સાધુજી તેમના ત્રણ ચેલા સહિત પધારેલ હતા. તેઓએ તેમના તા. ૩૧-૧-૨૦૧૧ ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપેલ હતું. ■




*એ ઝાડમાં ચોક્કસ "ભૂતનો વાસ" હોવો જોઈએ!! એની છાયામાં બેસનારાં તદ્દન "આળસુ અને કૂથલી ખોર" બની જતાં જોવામાં આવે છે."*

*સવારે કચરો એકઠો કરવાને બદલે આરામ કરવા સખી મંડળની બહેનો બેસતી હોય છે. સાંજે તમારું મહિલા મંડળ તેની નીચે બેસી આખાં ગામની....*




*ગાર્ડ સાહેબ, "ડ્રાઈવર"ની છોકરીને છોકરાવાળા જોવા આવવાના હોવાથી તેઓ સ્ટેશન આવતાં ટ્રેન પડતી મેલીને ઘેર ચાલ્યા ગયા છે. હવે ગાડી તમારે ચલાવી આગળ લઈ જવી પડશે.*

***સારા સંસ્કાર એ જીવનની પારસમણિ છે.***